# મેલા મનનું માણસ

## લેખક : જયંતીભાઈ પટેલ



J. D. PATEL

શ્રી જયંતીભાઈ પટેલઃ

શ્રી જયંતીભાઈ પટેલ આણંદ તાલુકાના બાકરોલ ગામના વતની છે.એમને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે લગાવ.

એમની સાત નવલકથાઓ પ્રસિધ્ધ થયેલી છે. એમાંની ‘વસમા ઓરતા’ની ત્રણ આવૃતિઓ થયેલી છે, જ્યારે ‘મેલા મનનું માણસની’ બે આવૃત્તિયો થઈ છે પણ અત્યારે અપ્રાપ્ય છે.

આ સિવાય એમની પચાસ જેટલી ટૂંકી વાર્તાઓ પણ ગુજરાતનાં વિવિધ સામયિકોમાં પ્રસિધ્ધ થયેલી છે.

આજે એ એમની જ નવલકથાઓથી આ સર્વજનિક ગુજરાતી પુસ્તકાલયની શરૂઆત કરે છે એ આનંદની વાત છે. એનાથી પરદેશમાં વસેલા સાહિત્યપ્રેમીઓને સારું સાહિત્ય વાંચવા મળશે.

એમની આ પ્રવૃતિ વધુ ને વધુ વિકસે એવી આશા સહ-

જે. એમ. પટેલ.

(સાન હોઝે, કેલીફોર્નિયા)

## મારે જે કહેવાનું છે :-

હમણાં થોડા દિવસ પહેલાં જ મારા એક વાંચકે મારી નવલકથાઓના વસ્તુમાં એકરૂપતા હોવાની વાત દાખલા દલીલો સાથે કરી ત્યારે જ મારા ખ્યાલમાં એ વાત આવી. મારી નવલકથાઓમાં બધું સારું જ કેમ હોય છે અને મોટાભાગની નવલકથાઓમાં મુખ્ય પાત્રો પરદેશ જઈને સુખી થયાની વાત જ કેમ વધારે પ્રમાણમાં આવે છે ને કાયમ ગામડાની પૃષ્ઠભૂમિ હું વધારે પસંદ કરું છું એવું તેમનું કહેવું હતું. અને તે સાચું પણ છે.

દરેક ખરાબ વ્યક્તિમાં કશીક તો સારપ છુપાઈ હોય છે એમ હું માનું છું અને એ શોધવાનો ને એને રજૂ કરવાનો પ્રયાસ હું કરું છું. કદાચ ઉંમરનું કારણ પણ હોય. વળી મેં ગામડાની ધરતીની સોડમાં પંચાવન વરસ કાઢ્યાં છે એટલે મને ગામડાના જે અનુભવો હોય તેટલા શહેરના ન જ હોય એ સ્વાભાવિક છે. આ કારણેય મારી નવલકથાઓમાં ગામડું વિશેષ જોવા મળતું હશે.

પરદેશમાં જઈને જ માણસો સુખી થાય છે ને દેશમાં એમને સુખી થવાની તકો નથી હોતી એમ હું માનતો નથી પણ વાર્તાના વસ્તુને વેગ આપવા અને છેલ્લાં પંદર વરસના મારા પરદેશના અનુભવોને વાર્તામાં વણી લેવા હું પ્રયત્ન જરૂર કરું છું. જે લોકો પરદેશ જઈ શકતા નથી એવા માણસોને આ રીતે પરદેશની વાતો જણાવવાનો મારો આશય હોય છે. જેમ અત્યારની મોટાભાગની ફિલ્મોમાં પરદેશમાં શૂટિંગ કરાય છે એની પાછળ પણ એવો જ આશય છે. જે લોકો એ પરદેશ જઈને માણી શકતા નથી એવી મોજ એમને ફિલ્મમાં જોવા મળે એવો આશય નિર્માતઓનો હોય છે ને સામે બોક્સ ઓફિસ પર પણ એનો પડઘો પડે છે.

મારી આ નવલકથા અગાઉ પ્રસિધ્ધ થઈ હતી. પછી છેક ૨૦૦૨માં એની બીજી આવૃત્તિ થઈ છે. એમાં ગામડું કેન્દ્રસ્થાને વળી પાછું છે. વધારામાં ચરોતરની બોલીની થોડીઘણી લાક્ષણિકતાઓ પણ એમાં દર્શાવી છે. કયાંક કૌંસમાં શુધ્ધ ગુજરાતી પર્યાય પણ પહેલી એકાદબે વખતે આપ્યા છે. પછી તો વાચકો એને સમજી જશે માની કાયમ પર્યાયો આપવા યોગ્ય ગણ્યા નથી.

મારી વેબસાઈટ અથવા મારી નવલકથાઓ કે વાર્તાઓ અંગે આપનાં કોઈ પણ સૂચનો હોય તો વિના સંકોચે મોકલી આપશો. મારી આ વેબસાઈટ પર હવે તો Guestbook માં આપનો અભિપ્રાય દર્શાવી શકો છો. અથવા નીચે જણાવેલા ઈમેઈલ એડ્રેસ પર ઈમેઈલ પણ કરી શકો છો. મારું ઈમેઈલનું સરનામું આ મુજબ છે : jd4books@yahoo.com

__ જયંતીભાઈ પટેલ

## અનુક્રમણિકા

જે પ્રકરણ વાંચવું હોય તેના નામ પર કલીક કરો


૧. ઠીંકરિયાનો ગેંદાલો

૨. હરખા ને ગેંદાલ

૩. ગોકળની મૂંઝવણ

૪. પાઘડી આવી

૫. ઘૂઘરમાળ

૬. મીંઢળ બાંધ્યું મોત

૭. હરખાએ બદલો લીધો?

૮. અવગતિયો જીવ

૯. ગોકળે જાણ્યું

૧૦. સવલી

૧૧. મેલાજી ભૂવો

૧૨. હરખા પાછી આવી?

૧૩. મુખીએ જાણ્યું

૧૪. ગેંદાલ ફરી પરણ્યો

૧૫. ભટકતો જીવ

૧૬. અદાની અદાવત

૧૭. મુખી હરૂભરૂ થયા

૧૮. અપહરણ

૧૯. રઘવાયો મકનો

૨૦. સવિ ગઈ

# ૧. ઠીંકરિયાનો ગેંદાલો

રુખડા પીરને મેળે જવા તૈયાર થતાં ગેંદાલ મનમાં જ મલકાઈ રહ્યો હતો. આમ જોવા જઈએ તો એને મન મેળાની કાંઈ નવાઈ ન હતી. આજ પહેલાં એ આવા કેટલાય મેળામાં ઘૂમી વળ્યો હતો. અરે, વીસ વીસ ગાઉની મજલ કાપીનેય એ મેળામાં ગયા સિવાય નહોતો રહેતો ને ! ને આ તો હતો રુખડાજીનો _ ઘરનો - ઘરઆંગણાનો મેળો. ગેંદાલ એમાં ગયા સિવાય રહે ખરો? ને વખત છે ને એ મેળામાં જવામાં ઢીલું બોલે તોય એના ગોઠિયા એને મેળામાં લઈ ગયા સિવાય રહે ખરા? જો કે આજના એના આ મલકાટનું કારણ આ મેળો નહોતો પણ મેળાનાં લાલપીળાં ભાતીગર પોતની ભાત્ય જેવી હરખા હતી.

હરખા પરમેસરિયા (પરમેશ્વરિયા)ના મથુર મુખીની એકની એક દીકરી. હરખાની બહારની ઓળખ ગેંદાલને બસ આટલી જ હતી. હા, હૈયાંની ને નેણાંની ઓળખની વાત કાંઈક ઓર જ હતી. એ નેણાંની ને હૈયાની ઓળખ ન હોત તો ગેંદાલના શા ભાર કે એ મથુર મુખીની છોડીનો વિચાર સરખોય કરી શકે?

મથુર મુખી એટલે પરમેસરિયાનો આગેવાન અને ફરતાં પંદરેય ગામમાં જેની શેહ પડે એવો જણ. અરે, સરકારી માણસ પણ એની નજરે પડવા કરતાં ચીલો ચાતરી જવામાં જ ડહાપણ સમજતા એવો એ માણસ.

રુખડાજી, ડેમારી અને પરમેસરિયાની સીમ જ્યાં ભેગી થાય ત્યાં ગોચરમાં પચીસત્રીસ આંબાનાં ઝાડ. એમાંના એક આંબાના ઝાડ નીચે મથુર મુખીની એક મઝાની ઝૂંપડી. આ ઝૂંપડીમાં મથુર મુખીનાં ચાંદીના તારથી મઢેલાં હોકો ને ચલમ બારે ને ચારે કાયમ સાવ સૂનાં પડ્યાં રહે.

જેમ ત્રણ ગામની સીમ ત્યાં ભેગી થાય એમ ત્રણ ગામના મારગ પણ ત્યાં મળે. કોણ જાણે કેટલાય માણસો ત્યાંથી પસાર થાય. અરે, રુખડાજીનો મેળો ભરાય ત્યારે તો આ રસ્તાઓ પર માણસોની જાણે કે લંગાર લાગે. આમાં સારા માણસોય હોય, ખરાબ માણસોય હોય, ગરીબડાય હોય ને માથાભારે માણસોય હોય. આમ છતાં આજે વીસ વીસ વરસથી મથુર મુખીનાં એ હોકો ને ચલમ ત્યાં આમ સૂનાં પડયાં રહે છે. કોઈ માથાભારે માણસેય એની સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત કરી નથી. આવી છે આ મથુર મુખીની છાપ.

ને આવા મથુર મુખીની એકની એક દીકરી આ હરખા. દીકરી ગણો તો દીકરી અને દીકરો ગણો તો દીકરો, જે ગણો તે એકમાત્ર સંતાન. એની સામે ઠીંકરિયાના એક સામાન્ય ખેડૂત ગોકળ અમરસંગનો દીકરો ગેંદાલ નજરો નોંધવાની હિંમત પણ શેં કરી શકે? પણ પેલું હૈયું ને પેલાં નેણાં એમ મથુર મુખીની શેહમાં દબાઈ જાય ખરાં?

ગેંદાલના ગામનું નામ ઠીંકરિયા. ઠીંકરિયાને પાદર રૂપાળી વાત્રક નદી વહી જાય. વાત્રક તો જાણે ગામની જનેતા. એનાં અમૃત જેવાં પાણી ગામનાં માણસો ને ઢોરઢાંખરની તરસ છીપાવે, એનાં કોતરોમાં લીલુંછમ ઘાસ થાય. આખા ગામનાં ઢોરાંની એ ભૂખ ભાંગે. એનાં પાણીની ધાર પાસે ભઠામાં તડબુચ, બટાકા ને સકરટેટી પણ થાય.

ઠીંરિયાથી દોઢ ગાઉ છેટે નદીની સામી પાર રુખડા પીરનું થાનક. આ થાનકથી આથમણી તરફ એકાદ ગાઉ જાઓ એટલે પરમેસરિયા આવે. ઠીંકરિયા અને પરમેસરિયા વચ્ચે આમ જોવા જઈએ તો બહુ અંતર નહીં. પગદંડી પકડો તો : ‘નદી ઊતર્યા કે ઢાળ ચઢ્યા,’ એટલું જ અંતર તાય આ બે ગામ વચ્ચે. ગાઉને માપે માપવું હોય તો એક ગાઉ તો અધધ થઈ જાય. હા, ગાડા મારગ લાંબો ખરો. ગાડાને રસ્તે જવું હોય તો રુખડાજીને થાનક થઈને જ જવું પડે.

પરમેસરિયા ને રુખડાજીની વચ્ચેનો મારગ સારો ને રુખડાજી ને ઠીંકરિયાનો મારગ પણ સારો પણ પરમેસરિયાથી ઠીંકરિયાનો ગાડામારગ કોતરોને કારણે કાઢવો શકય જ નહીં.

ઠીંકરિયાની મુખ્ય વસતિ કોળી લોકોની. ગામની વસતિ બધી મળીને તો બારસો માણસની થવા જાય. આમાં સોએ એંશી તો કોળી જ. બીજી બધી કોમો બાકીના વીસમાં આવી જાય અને લઘુમતિથી  સભાન રહીને, નમીને જીવી ખાય. જો કે એમાંય કેટલાક માણસો એવા ખરા કે વખત આવ્યે એમનાં વેણનું વજન પડે. પાંચ માણસનું પંચ ભેગું કરવું હોય તો એમને ટૌકો કર્યા સિવાય ચાલે નહીં ને એમને ટૌકો કરો એટલે એ આવ્યા સિવાય રહે પણ નહીં.

આવા માણસોમાં પહેલો નંબર આવે કસ્તુરચંદ શેઠનો. આ કસ્તુરચંદ શેઠ એટલે ગામના મોભી. કહેવાતું કે કસ્તુરચંદ શેઠના વડવાઓ પોણોસો વરસ પહેલાં આ ગામમાં આવેલા. શેઠનો આજનાં ભભકો અને સુખસાહ્યબી જોતાં માનામાં ન આવે છતાં એટલી જ સાચી વાત છે કે શેઠના એ વડવા એ વખતે દોરી લોટો લઈને ગામમાં આવેલા. સાથે લાવેલા એમના જૈન ધરમના આચારવિચાર, એમનાય વડવા તરફથી વારસામાં મળેલી જૂની કસબી પાઘડી ને એમાં ખોસેલી પૈસાની પાંચવાળી બરુની એક કલમ પણ ખરી.

કહેવાતું હતું કે એ ભર ચોમાસે ને અડધી રાતે ગામમાં આવેલા એટલે એક હાથમાં ચચ્ચાર થીંગડાંવાળી છત્રી અને બીજા હાથમાં એક જૂનું ફાનસ પણ ખરાં. પછી –

– પછી તો જેમ દીકરીને ને ઉકરડાને વધતાં વાર નથી લાગતી એમ એમના પથારાને વધતાં પણ વાર લાગેલી નહીં. વરસવંટોળમાં તો શેઠે ગામમાં એક સરસ મઝાની હાટડી જમાવી દીધી હતી ને એમના મોટામસ ચોપડામાં એમણે ગામના પાંચપંદર માણસોના ડાબા હાથના અંગૂઠાની છાપોય પડાવી લીધી હતી.

પછી તો મોરનાં ઈંડાં કાંઈ ચિતરવાં પડે! કસ્તુરચંદના બાપ પૂનમચંદ અને તેમના પછી કસ્તુરચંદ એ લીલા વિસ્તારતા જ ગયેલા. આજે તો આખા ઠીંકરિયા ગામમાંથી જેના અંગૂઠાની છાપ એમના એ ચોપડામાં ન હોય એવો જણ ગોતવો જ મુશ્કેલ હતો.

પૂનમચંદ શેઠે ગામમાં મેડીવાળું મકાન બંધાવ્યું હતું અને પાડાની કાંધ જેવી પચીસ વીઘાં જમીન ઘેર કરી હતી. એમ તો બીજીય કેટલીક જમીન શેઠને ઘેર કયાં નહોતી? ખેડનારા ખેડતા, મહેસૂલ ભરતા ને શેઠ લણણી કરી લેતા હતા. પેલા ચોપડામાં આવા માણસોના અંગૂઠાની છાપો ઉપર આવાં ખેતરોનાં નામ અને સરવે નંબર શેઠની કાળી શ્યાહીમાં લખાયેલાં હતાં.

કસ્તુરચંદ તો વળી એમના બાપ પૂનમચંદનેય ટપી ગયા હતા. એમણે ગામમાં સિમેન્ટના ધાબાવાળું મકાન બંધાવ્યું હતું ને પેલી પચીસ વીઘાં જમીનમાં બીજી વીસ વીઘાં જમીન ઉમેરી હતી. એમાં કેટલીક જમીન તો આજુબાજુનાં ગામનીય હતી. શેઠે આ જમીનમાં બાર હાથ પહોળો પાકો કૂવો કરાવ્યો હતો ને એના પર એંજિન પંપ ગોઠવ્યો હતો.

વખતોવખત શેઠ કહેતાય ખરા કે એમના એ કૂવાને અને ધાબાવાળા મકાનને કારણે આખી કોળીની નાતમાં આ ગામ સુખી ગણાતું હતું ને પાંચમાં પુછાતું પણ થયું હતું. ને એમના એંજિન પંપથી ગામની ખેતી પણ સુધરી હતી. અરે, ગામપરગામના લોકો વચ્ચે શેઠ કદીક કહેતાય ખરા કે બીજાં ગામને હિસાબે ઠીંકરિયાના લોકો ઘણી વાતે સુખી હતા. હા, એમને આ વાણિયો આંખમાં કણાની માફક ખૂંચતો હતો એવું એમને મોંએ કોઈ કહેતું ન હતું.

એટલે કેટલાકની આંખમાં કણાની માફક ખૂંચતો હોવા છતાં આ વાણિયો ગામમાં પાંચમાં પુછાતો હતો.

ગામમાં બીજો નંબર આવે શ્રીધર મહારાજનો. શ્રીધર મહારાજના વડવાને ગામલોકો ઠાકોરજીની પૂજા કરવા લઈ આવેલા. એમને   પ્રતાપે આજે ગામમાં ઠાકોરજીનું એક પાકું મંદિર બંધાયું હતું. એ મંદિર અને એના પૂજારીની જિવાઈ માટે ગામે પંદર વીઘાં જમીન કાઢી આપી હતી. આ જમીનનું ઉત્પન્ન શ્રીધર મહારાજ લેતા અને બદલામાં એ ઠાકોરજીની પૂજા કરતા ને વારતહેવારે લોકોને આશીર્વાદ આપતા. આ સિવાય એ લોકોને મૂરત કાઢી આપવાનું, પરણાવી

આપવાનું, જન્માક્ષર બનાવી આપવાનું, સરાવી આપવાનું ને દાણા જોઈ આપવાનું એવાં બીજાં કામ પણ એ કરતા ને કામ જોગી દક્ષિણા કમાઈ લેતા હતા.

શ્રીધર મહારાજની ઉંમર અત્યારે પચાસનો આંકડો વટાવી ગઈ હતી, પરંતુ જોનારને તો એ ચાલીસની આસપાસના જ લાગતા હતા. ખાધેપીધે સુખી અને બેઠી દડીનું શરીર એમની ઉંમર વર્તાતી ન હતી.

એ બહુ ભણેલા નહીં પણ અષ્ટમ્‌પષ્ટમ્‌ કરવા જેટલું થોડું ઘણું શિક્ષણ એમણે એમના બાપ પાસેથી મેળવી લીધું હતું. ને થોડુંક સસ્તી મળતી ચોપડીઓમાં માથું મારતાં જીભે ચઢી ગયું હતું. એથી વધારે જાણવાની એમને જરૂર જણાઈ ન હતી કે નહોતી જરૂર જણાતી એમના યજમાનોને.

અત્યારે એમની પાસે બધી મળીને ચાલીસ વીઘાં જમીન હતી એટલે એ એક ચાકર રાખતા હતા ને વખત પડ્યે ચાકરની સાથે ચાકર બનીને વૈતરું કૂટી લેતા હતા. ગામમાંથી કસ્તુરચંદ શેઠના ચોપડામાં એક એમનું જ નામ બાકી હતું. અને એ બાકી રહે એ બાબતમાં મહારાજ સજાગ હતા. જે થોડું એ ભણ્યા હતા એમાંથી એટલી શિખામણ તો એમણે ગાંઠે બાંધી જ હતી.

કોળીની આખી નાતમાંથી કોઈ આગેવાન ગણાતા હોય તો એ અદા જ. નાના મોટા સૌ કોઈ એમને અદા જ કહીને બોલાવે અને વડીલ ગણીને માન આપે. નામ તો એમનું શંકરભાઈ પણ ગામનાં છોકરાંને તો જાણે એમના નામની ખબર જ નહીં. એ તો કહેશે કે અદા એટલે અદા; એમનું વળી બીજું નામ કેવું? અરે! નાનાં છોકરાંની શી વાત કરવી? મોટી ઉંમરના માણસને સાક્ષી કે જામીનમાં એમનું કદીક નામ લખાવવાનું થાય તો એમનેય અદાનું નામ શંકરભાઈ, એ યાદ કરતાં વખત લાગી જતો હતો ને!

અદા ગામના મોટા જમીનદાર અને સુખી ઘરના વડીલ. ગામનું મુખીપણું પણ એમને ઘેર. કસ્તુરચંદ શેઠના ચોપડામાં આખી કોળીની નાતમાંથી એક એમનું જ નામ બાકી.

આવું આ ઠીકરિયા ગામ અને એ ઠીકરિયા ગામના એક સામાન્ય ખેડૂત ગોકળ અમરસંગનો દીકરો આ ગેંદાલ. ઉંમર તો એની કોણે ગણી હતી પણ એના બાપ કહેતા હતા કે મોટી રેલ વખતે એનો જનમ એટલે એ હિસાબે ગણીએ તો ગેંદાલ અત્યારે સત્તર અઢાર વરસનો તો ખરો જ. જો કે જોનારને તો એ પચીસ વરસથી ઓછી ઉંમરનો લાગે જ નહીં એવું એનું કાઠું.

આજે એણે પહેલી જ વાર કેસરી સાફો બાંધ્યો હતો. ખાસ કાળજીથી ધોયેલું કેડિયું ને ડબલ કાછડીએ પહેરેલું ધતિયું એની જોવનાઈને છતી કરી રહ્યાં હતાં. શરમાતી શરમાતી ઊગી નીકળેલી પેલી મૂછોને એણે મીઠા તેલનો હાથ મારીને ચમકતી કરવા પ્રયત્ન કર્યો હતો ને હજુ ચપટીની પકડમાં ન આવતા એના આંકડાને વળ ચઢાવવાનો પ્રયાસ પણ એણે કરી લીધો હતો. તેલ પાયેલા અને અડધો ગાઉથી ઓળખાઈ જાય એવા ચૈડકારા બોલાવતા જોડા એણે પહેર્યા હતા.

તૈયાર થયા પછીય એણે ખાપના સંતાડી રાખેલા એક ટુકડામાં ફરીથી એક વખત મોં જોઈ લઈને ખાતરી કરી લીધી કે વરણાગીમાં કશી ખામી તો નથી રહી ગઈ ને! ને પછી સંતોષના સ્મિત સાથે એ બહાર નીકળ્યો.

એ ભાગોળે પહોંચ્યો ત્યારે એના ગોઠિયાઓ એની રાહ જોતા જ ઊભા હતા. એને જોતાં જ એક જણ બોલી ઊઠ્યો : 'વરરાજો તો એની મહેલાતમાંથી હજુ હમણાં હજુ અવડે (હમણાં) નેંકરે સે (છે) ને આપણે તો પગે પાણી ઊતર્યાં.

'ભલા માણસ, વૈણાગીમાં વાર તો લાગે જ ને! પણ એ જાણે ફુલેકું ચઢાવવાનું હોય એવો દીપે સે ને!' બીજાએ કહ્યું ને આંખ ફાંગી કરી ને બધા હસી પડ્યા.

'લે હોંડ હવે છાનોમાનો, તેંય વૈણાગી ચ્યાં ઓછી કરી છે?' કહેતાં ગેંદાલ મોખરે થયો ને

બધા એની પાછળ વહેતા થયા. પોતાને તૈયાર થતાં બહુ વાર લાગી હતી એનો એને ખ્યાલ હતો જ એટલે એના પગ જોરમાં ઊપડતા હતા. ને એની સાથે રહેવાના પ્રયત્નમાં મિત્રોનેય ઉતાવળે ચાલવું પડતું હતું તો કેટલાક અબદાલ જુવાનિયાને તો એની પાછળ દોડવું જ પડતું હતું.

અને એટલે તો એક જણ બોલી ઊઠ્યો : 'તું મોડો આયો એનું હાટુ વાળવા ઉતાવળો હેંડતો હોઈશ પણ અમારે તો તારી પાછળ દોડવું પડે છે હોં.'

તો કોઈક બીજાએ હોઠને ખૂણેથી વહેતું મૂકયું : 'તે ભૈ, એની વાટ્ય જોતી તાં (ત્યાં) કોઈક અડધી અડધી થઈ જતી હશે ત્યાં એ ધેમો હેંડે એ વાતમાં જ શો માલ?' ગેંદાલે આ સાંભળ્યું. બધાના મનમાં એમ હતું કે ગેંદાલ પેલાના જવાબમાં કશોક મમરો મૂકયા વગર નહીં રહે, પણ ગેંદાલ કાંઈ બોલ્યો નહીં. એ તો પેલી વાટ્ય જોતી હરખાની કલ્પનાથી જ મનમાં હસુ હસુ થઈ રહ્યો.

રોજ બંડી અને વેહરાભેર રખડતો ગેંદાલ આજે 'વરરાજો' બની ગયો હતો. પોતાને આવા વેશમાં જોઈ હરખા કેવી મલકાઈ ઊઠશે એવો વિચાર એને આવ્યો ન આવ્યો ને એની વિચારમાળાનો રસ્તો ફંટાઈ ગયો : હરખાય ઓછી રોજ પહેરતી હતી એવાં મેલાંઘેલાં લૂગડાંમાં ત્યાં આવી હશે! એને તો નવાં નકકોર લૂગડાં પર લાલચટક ઓઢણી ઓઢી હશે, મથુર મુખીની છોડી છે તે એના ઘરને શોભે એમ બનીઠનીને જ આવી હશે ને! એ વિચારોમાં અટવાઈ રહ્યો.

ગમે તેમ પણ એની હેંડછામાં તો ફેર પડી જ ગયો. એનાં પગલાં ધીમાં ને ટૂંકાં થયાં. જો કે હૈયું તો એનું વાયુવેગે જઈને મેળો ખૂંદી રહ્યું હતું ને હરખાના વરણાગને એ વારેવારે વિચારને ત્રાજવે ચઢાવી વારેવારે બદલતું રહેતું હતું.

હરખાની ને એની ઓળખાણ સમયની ગણત્રીએ માપીએ તો બહુબહુ તો ચારેક મહિનાની ગણાય. ગેંદાલ જ્યારે ઓઘરાળિયે ખેતરે આંટો દેવા જાય ત્યારે હરખા ઢોરાંને ડંગોરતી ત્યાં જ ફરતી હોય. એના આ ઓળખાણની શરૂઆત એક તરફી હતી. ગેંદાલ ઓઘરાળિયે હોય એ આખો વખત હરખાની આંખો એના પર મંડાયેલી રહેતી. પહેલાં તો ગેંદાલને આની જાણ ન હતી. એક દિવસ અચાનક જ તેણે હરખાની એ નોંધાયેલી નજરોને પકડી પાડી. હરખાની નજરો ઢળી ગઈ પણ ગેદાલની નજરો એ ઊઘડતી કળીશા દેહ પરથી હઠી ન શકી. નફ્ફટ થઈ એણે હરખાની સામે તાકયા જ કર્યું. એમ કરતાં એને લાગ્યું કે તેણે હરખાને ત્યારે જ નહોતી જોઈ પણ વર્ષોથી એ તેને ઓળખતો હતો.

હરખાએ બેત્રણ વખત નજરો ઉપકવા પ્રયત્ન કરી જોયો પણ બધીય વખત ગેંદાલને નફ્ફટ બનીને પોતાની સામે તાકી રહેલો જોઈને શરમાઈ જઈ ઢોરાંને ડંગોરતી બીજી તરફ ઊતરી ગઈ.

તે દિવસે તો વાત જાણે એટલેથી જ પતી ગઈ, પણ પછી ગેંદાલના ઓઘરાળિયાના આંટા વધી પડ્યા. હરખાની પેલી શરમાતી નજરો હવે શરમાઈને ઢળી જવાને બદલે કાંઈક કુતૂહલથી અને કાંઈક અહોભાવથી આ સુડોળ દેહધારી જુવાનને તાકી રહેવા લાગી. તો ગેંદાલ પણ હરખાની એ નજરો દ્વારા એના હૈયાને ઓળખવા મથવા લાગ્યો.

હરખાના આવતી યુવાનીની છડી પોકારતા અર્ધવિકસિત અંગોવાળા દેહને અને તેમાંય ખાસ કરીને પેલી અણિયાળી ચંચળ આંખોને તે બેશરમ થઈને તાકી રહેવા લાગ્યો. હરખા જો કે પહેલાંની માફક હવે શરમાતી ન હતી પરંતુ બેમાંથી કોઈની જીભ હજુ ખૂલી ન હતી.

એવામાં એક પ્રસંગ બની ગયો. વાત એમ બનેલી કે હરખાની એક જોટડી (પહેલી વખત વિયાયેલી ભેંસ) ગેંદાલના ખેતરમાં પેસી બાજરીના ઊભા પાકમાં ભેલાણ કરી રહી હતી. આ જોઈ ગેંદાલની જીભ સરવળી ઊઠી. નદીનાં પાણીમાં છબછબિયાં કરતી હરખાની પાછળ જઈ એ બોલી ઊઠ્યો : 'એ છોડી, તારી જોટડી મારી ઊભી બાજરી ભેલાડે છે ને તું અહીં પાંણીમાં છબછબિયાં કર છ?'

સાવ નજીકથી આવેલા આ અજાણ્યા અવાજથી એક વખત તો હરખા ચમકી જ ગઈ. ખૂલ્લા પગ પર ચણિયો ખેંચતી તે ઊભી થઈ ગઈ પણ ગેંદાલની જીભની ખંજવાળ હજુ ઓછી થઈ ન હતી. તેણે કહ્યું : 'તે મીકું ( મેં કહ્યું) તારે જો ભેલાણ જ કરાવવું હોય તો આમ ઊગતાં કરહણ શું કા કૈડાવ છ? નેંધલાયા પછે ભેલાડજે કે એના પેટમાંય બે દાણા આવે. અને તોય તારું મન ના ભરાતું હોય તો જા, તારે ત્યાં બેમણ બાજરી હું પાકયે નાંખી જઈશ, પછે છે કાંઈ?'

આ ટાણો સાંભળી એક વખત તો હરખા ડઘાઈ જ ગઈ, પણ બીજી જ પળે એનું સ્વમાની મન પોકારી ઊઠ્યું : 'તું તો બે મણની વાત કર છ પણ તારી આ નુકસાનીના બદલામાં મારા બાપ તારે ત્યાં કોઠી ભરાય એટલા દાણા નાખી જાય એવા ટેકીલા છે, હોં.' કહેતાં એ એની જોટડીને બાજરીમાંથી બહાર કાઢવા દોડી ગઈ. ગેંદાલ એને દોડી જતી જોઈ રહ્યો.

'અરર, તેં અહીંથી ઊડી જઈને જે ભેલાણ કર્યું છે એના કરતાં તો એ જોટડીનું ભેલાણ ભલું.' એનું હૈયું આક્રંદ કરી ઊઠ્યું. એય હરખાની પાછળ ઊપડ્યો. જોટડીને બહાર કાઢીને ખેતરમાંથી બહાર નીકળતી હરખા ને ગેંદાલ બેય છીંડામાં જ સામસામાં આવી ગયાં. 'તારા બાપ કોઠી ભરાય એટલા દાણા તો આપી જશે પણ એના રોટલા ઘડશે કુણ?' એ પૂછી બેઠો.

'ઘડશે તારી જે હશે એ. લે, હવે રસ્તો મેલ્ય, ભૂંડો લાગ છ.' કહેતાં હરખા સ્હેજ સંકોડાઈને ને સ્હેજ ગેંદાલને હડસેલીને છીંડાની બહાર નીકળી ગઈ ને ઊડી ગઈ ઢોરાંની પાછળ.

જો કે એ દોડી જતી હરખાને સંભળાય એવા મોટા અવાજે ગેંદાલે કહ્યું : 'મારી તો અત્તારે જે ગણો તે તું જ છો.' પેલીએ આ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું પણ ગેંદાલને ખાતરી જ હતી કે એણે એ સાંભળ્યું જ હતું. અરે, થોડી વાર પછી પાછા ફરતા ગેંદાલને ઢોરાંની આડશ પાછળથી પેલી બે આંખો કોઈ નવા જ ભાવથી જોઈ રહી હતી એય ગેંદાલથી અજાણ્યું રહ્યું ન હતું.

પછી તો વાર જ શી? એમની એ નેણાંની ઓળખાણ એક મહિનામાં તો હૈયાં સુધી પહોંચી ગઈ હતી. હા, એ હૈયાંના લીધા-દીધાની ચોખવટ હજુ કોઈએ કરી ન હતી.

હજુ ગઈ કાલે જ રોગિયા ધરા પર ગેંદાલ મેળામાં પહેરવાનાં કપડાં ધોઈ રહ્યો હતો ત્યારે તેની પાછળ ગૂપચૂપ આવી પહોંચેલી હરખા જોસભેર ધરામાં કૂદી પડી હતી. તેના પછડાટથી ઊડેલી પાણીની છાલકથી ગેંદાલ લગભગ ભીંજાઈ ગયો હતો. ને ઊભો થઈ જતાં એ ગુસ્સાથી બરાડી ઊઠ્યો હતો : 'તારી જાતની વંઠેલ.' પણ હરખા એ સાંભળવા રોકાઈ હોય તો ને!

એક વખત તો એની પાછળ કૂદી પડીને એને પકડીને બેચાર ડૂબકાં ખવડાવી મઝા ચખાડવાનો વિચારેય ગેંદાલને આવી ગયો હતો પણ એ એને અમલમાં મૂકે તે પહેલાં હરખા ઘણે દૂર નીકળી ગઈ હતી. સામે પાર નીકળી હરખાએ એને ડીંગો બતાવ્યો અને દાંતિયાં કર્યાં ત્યારે તો એનો ગુસ્સો હદ વટાવી ગયો હતો. એણે ઘાંટો પાડી કહ્યું હતું : 'કાલે મેળામાં તને જોઈ લઈશ.'

હરખાએ તે સાંભળ્યું જ હતું. અને એટલે તો એણે ગેંદાલને વળી પાછો ડીંગો બતાવ્યો હતો ને. એ ડીંગાની પાછળ પેલીના મનમાં કેવા ભાવ હશે એનું પૃથક્કરણ કરવા જેટલું ગેંદાલ ભણ્યો ન હતો છતાં એની પાછળ હસતું ને હૂંફાળું હૈયું હતું એટલું તો એ સમજી જ ગયો હતો.

એનું મન કહેતું હતું કે હરખા મેળામાં જરૂર આવશે. પણ મેળામાં એ એની વાટ્ય જોતી બેસી રહી હશે એ વાતની એને પત્ય પડતી ન હતી. હા, ગેંદાલ એને શોધી કાઢ્યા વગર રહેવાનો ન હતો એ વાત એટલી જ સાચી હતી.

મેળામાં પહોંચતાંની સાથે જ ભીડમાં માથું મારતાં તેણે ઝડપથી પગ ઉપાડવા માંડ્યા. કોઈને કોણી વાગી તો કોઈ અડફેટમાં આવીને પડતુંય રહી ગયું. અરે એક જામફળવાળીનો ટોપલોય એની અડફેટમાં આવી ઊંધો પડી ગયો. બબડતી ને ગાળો ભાંડતી એ ટોપલાવાળીનો એક અક્ષરેય ગેંદાલને કાને પડ્યો હોય તો હરામ. ગમે તેમ પણ આમ કરીને તેણે પોતાના ગોઠિયાઓથી તો પીછો છોડાવી જ દીધો.

ગોઠિયાઓથી છૂટ્યા પછી એની નજર હરખાને શોધતી શેરડીનાં કોહલાં, આઈસક્રૂટની લારીઓ, બંગડીઓની દુકાનો અને છેવટે ગરબાને કુંડાળેય ફરી વળી. પણ એમાં કયાંય હરખા જણાઈ નહીં. એક વખત તો એને મનમાં એમ પણ થઈ ગયું કે હરખા મેળામાં આવી જ નહીં હોય કે શું? પણ એની એ શંકા પૂરી મન સુધી પહોંચે તે પહેલાં તો ચકડોળના પાંજરા પાસે ચાલતી જીભાજોડી એને કાને પડી. તેની નજરો એ તરફ મંડાઈ. ત્યાં હરખાનો અણસાર પકડાતાં જ એ ચકડોળ તરફ ચાલ્યો.

ચકડોળનું નીચેનું પાંજરું હમણાં જ ખાલી થયેલું જણાતું હતું અને એ પાંજરામાં હરખા ચઢી રહી હતી. એની કોઈ બેનપણી એની સાથે બેસવા જતી હતી તેને હળવો હડસેલો મારી બાજુ પર ખેસવી દઈ ગેંદાલ પાંજરામાં હરખાની બાજુમાં ગોઠવાઈ ગયો. પેલી સહેલી સ્હેજ છોભીલી પડી ગઈ. કદાચ ગુસ્સે પણ થઈ હશે. પણ એ એનો ગુસ્સો પ્રદર્શિત કરે તે પહેલાં તો ગેંદાલે ચકડોળવાળાના હાથમાં પાવલી સરકાવી દીધી એટલે એમનાવાળું પાંજરું ઉપર ચઢી ગયું,

હરખાએ ગેંદાલને ઓળખ્યો. તેને હૈયે સ્હેજ ધરપત વળી પણ બધાની વચ્ચે ગેંદાલ એની સાથે બેસી ગયો એનો લોકો કોણ જાણે કેવોય અર્થ કરે એમ જાણી એ ગુસ્સે થઈ ગઈ. ‘આટલાં બધાં માણસની સામે મારી હાર્યે બેહી જતાં તને લાજેય ના આઈ?’ હરખાનો ગુસ્સો બોલી ઊઠ્યો.

‘લાજ તો તમને બૈરાં માણહને આવે, મરદને વળી લાજ કેવી?’ હરખાને શોધી કાઢવાના કે એની હાર્યે બેસી વાત કરવાના કે એક પડીકામાંથી ઊનાઊના ગોટા ખાવાના વિચાર કરતાંય ગેંદાલ ભડકી જતો હતો ત્યાં ચકડોળના આ બે હાથ પહોળા પાંજરામાં અડોઅડ બેસવાની તક મળી ગઈ હતી, પછી એ બોલ્યા સિવાય રહી શકે ખરો?

‘તને તો લાજ ના હોય પણ બીજાંને તો હોય ને! કોક જુએ તો__?’ આમતેમ જોતાં હરખા બોલી ઊઠી. એ ખરેખર ગભરાઈ ગઈ હતી. આ મેળામાં ગેંદાલને ઓળખનારા તો જાણે બહુ ન હોય પણ મથુર મુખીની છોડીને કોણ ના ઓળખે?

‘કોક કહેશે જુગતે જોડી મળી છે.’ ગેંદાલે નફ્ફટ બનીને કહ્યું. ને પાંચમું ચકકર પૂરું કરીને ચકડોળ ઊભો રાખવા જતા પેલા માણસ તરફ એક બીજી પાવલી ફેંકી કે એમનાવાળું પાંજરું નીચે આવ્યું ન આવ્યું ને પાછું ચઢી ગયું ઉપર.

‘તું બહુ નફ્ફટ છે હોં. મારા બાપને ખબર પડશે તો તારી ખેર નથી.’ હરખા બોલી. એના ગુસ્સાની લાલીમા શરમની લાલીમામાં ભળી ગઈ હતી. ગેંદાલ એના લાલલાલ થઈ ગયેલા મોં સામે તાકી રહ્યો. એને હરખાનું એ લાલચટક મોં જ લોભાવી ગયું. પછી એને કયાંથી ખબર પડે કે એ લાલીમા ગુસ્સાની હતી કે શરમની? અને આમેય ગેંદાલ જેવા બેફિકરા માણસને એવું બધું જાણીને કામેય શું? એ તો છેલ્લા બે મહિનાથી મેળાના દા'ડા ગણતો હતો ને જ્યારે જ્યારે એ મેળાના વિચાર કરતો હતો ત્યારે હરખા એનાં નેણાં સામે જાણે આવી જ જતી હતી.

એટલે તો એ પાછું એવું જ કાંઈક બોલ્યો ને : ‘એમાં મારો શો વાંક? હું તો કહીશ કે તમારી છોડીને કહો કે મેળામાં લાલપીળાં લૂગડાં પહેરીને ના આવે. લાલ લૂગડું જુએ એટલે આખલો તો ભડકે જ ને!’

‘મારા બાપએ તારા જેવા બહુ આખલાને નાથીને બળદિયા બનાવી દીધા છે, હોં.’ હરખાએ તેને સામો ટોણો માર્યો.

‘બળદિયા બનાયા હોય એનો વાંધો નહીં પણ હજુ કોઈને જમઈ નથી બનાયો ત્યાં હુધી વાંધો નહીં.’ ગેંદાલે આંખ ઉલાળતાં કહ્યું ને ચકડોળ ઊભો રહેતાં આંકડી ખોલી એમાંથી નીચે કૂદી પડ્યો. ઊતરવું કે નહીં એનો વિચાર કરતાં અટવાતી હરખાનો હાથ પકડી પોતાની પાછળ ખેંચી પાડતાં ગેંદાલ એ હાથ પકડીને હરખાને મેદની વચ્ચેથી ખેંચતો મેળાની ધાર તરફ ઊપડ્યો. ને પેલા હાથની પકડમાંથી પોતાનો હાથ છોડાવી લેવાનો નિષ્ફળ પ્રયત્ન કરતી હરખા એની પાછળ

ખેંચાતી ચાલી.

એમની પીઠ પાછળ કોઈક બોલ્યુંય ખરું : 'લગડું જામ્યું છે તો બરોબરીનું.'

તો કોઈક જુવાનિયે બીજાના કાનમાં કહેવાનો ચાળો કરતાં કહ્યું તો મોટેથી જ : 'એવાંયે બે આજે કોકની ચ્યારો બાજરી ના ગોલી નાખે તો કહો એ હારી જાઉં.' ને એના બોલવામાં રહેલા અશ્લીલ ઈશારે કેટલાયનાં મોં મલકાઈ રહ્યાં. તો ત્યાં ઊભેલી બેચાર યુવતીઓ પેલા બોલનાર સામે મોં મચકોડતી દૂરેય સરી ગઈ. પણ આ વાતની ચહલપહલ એટલેથી જ ન અટકી.

'જુવાનિયો લાગે છે તો માથાભારે હોં.' કોઈકે કહ્યું.

'એ વગર મથુર મુખીની છોડીનો હાથ ઝાલે ખરો?' કોઈક બીજું બોલ્યું ને બધા ચાલતી ગાડીએ ચઢી બેઠા.

'તું મારો હાથ તો મૂક લોક જુએ છે એનું તો ભાન રાખ.' ખેંચાતી જતી હરખા ગેંદાલને કહી રહી.

'એમને કહીશું કે ફેરા ફરીએ છીએ.' હાથની પકડ છોડ્યા સિવાય જ ગેંદાલે કહ્યું. તે આજે ગંભીર થઈ શકે તેમ ન હતો. એ તો હરખાને ખેંચતો જ ગયો. આખરે એક ખેતરાળુ નળીને છેડે આવેલા ખળા પાસે એ થોભ્યો.

હરખાના જીવનમાં આવો વિચિત્ર પ્રસંગ આજ પહેલાં કદી આવ્યો ન હતો. અરે કલ્પનામાંય કયાં આવ્યો હતો? હૈયું તો એનું ક્યારનુંય ફફડી રહ્યું હતું. એ ફફડાટ હવે ગુસ્સો થઈને બહાર આવી ગયો. 'આમ રાભ્ભાની પેઠે મને ખેંચી લાયો એમાં મોટી ધાડ મારી હોય એમ મલકાછ શાનો? તારે તો જાણે કાંઈ નહીં પણ મારે તો માથે બાપનું આબરૂવાળું ઘર છે. તને તો આખા મેળામાં કોઈ ઓળખતું ન હોય પણ મને, મથુર મુખીની છોડીને તો આખી દુનિયા ઓળખે. તારી હાર્યે મને કોઈ આમ જુએ તો મારા બાપાની આબરૂ જાય.' તે બોલી ઊઠી. તેના હાથ પર ગેંદાલના હાથની મજબૂત પકડની નિશાનીઓ અંકાઈ ગઈ હતી તેના પર હરખા બોલતાં હાથ ફેરવી રહી હતી.

તેના આમ બોલવાથી ગેંદાલ ચમકી ગયો. અત્યાર સુધી તો એ એમ જ સમજતો હતો કે હરખા શરમ અને સંકોચની મારી વિરોધ કરી રહી હતી. પણ હવે તેનો એ ભરમ ભાગી ગયો હતો. કાંઈક ઉતાવળિયું કે અજુગતું થઈ ગયાના ભાનથી એ શિયાવિયા થઈ ગયો. કોઈ જોઈ જાય કે મથુર મુખીને કહી દે એની એને કશી પડી ન હતી. એ કોઈથી બીતો પણ ન હતો. અરે, જો હરખાની મરજી હોય તો એ બધાંની નજર સામે એને ઉપાડી જતાંય પાછી પાની કરે તેમ ન હતો. પણ ખુદ હરખા જ આમ કહેતી હોય તો?

એણે ખેદથી કહ્યું : 'મેં તને દૂભવી છે એનું ભાન મને અબઘડી જ થયું. હું તારો ગુનેગાર છું. અત્તારલગણ હું મૂરખો એમ માનતો હતો કે તારું મારા પર દિલ છે પણ તું શરમની મારી ના ના કર છ. મારો એ ગુનો તારા મનમાં વસ્યો હોય તો માફ કરી દેજે. મારી જ ભૂલ થઈ કે હું એમ માની બેઠો કે તું મને પ્રેમ કર છ અને એટલે _' બોલતાં અટકીને એ આડું જોઈ ગયો. એની આંખોને ખૂણે આવી ગયેલાં આંસુને એણે મહાપ્રયત્ને રોકી રાખ્યાં.

હરખા આ નિખાલસ જુવાન સામે તાકી જ રહી. ગેંદાલની પાંપણ આડે રોકાઈ ગયેલાં પેલાં આંસુએ હરખાના ગુસ્સાને ધોઈ નાખ્યો. હરખાને પોતાની ભૂલ સમજાઈ. ગેંદાલ માની બેઠો હતો તેમ હરખાના દિલમાં એને માટે અભાવો આવી ગયો ન હતો.એ તો ગેંદાલના આ વગર વિચાર્યા અડપલાંથી ગભરાઈ ગઈ હતી અને એ ગભરાટે એને ગુસ્સે કરી હતી.

એ બોલી : 'મારું કહેવું એવું નથી. આટલાં બધાં માણસ જોતાં હોય ને તું મને આમ ઢહૈડી લાવે તો કોઈ આમ વાત કરે ને કોઈ તેમ વાત કરે. વખત છે ને મારા બાપાય ઊંધું સમજી બેહે (બેસો) તો? એટલે મારું કહેવું એમ હતું કે પ્રેમ કરવો એમાં આવો દેખાડો કરવાની શી જરૂર?'

ને ગેંદાલની આંખો હસી ઊઠી. એ બોલ્યો : 'તો પછે હ્નાતાંય શું કા (કામ) રે'વું? જેના પેટમાં દાઝતું હોય એના પેટમાં છોને દાઝતું. તારો ને મારો રાજીપો હોય તો પછે દુનિયા આખી ઝખ મારે. બોલ, તારા મનમાં તો કશો વસવસો નથી ને?'

'એમ હાવ વચાર્યા વના તો ચ્યમ(કેમ) કહેવાય?' શરમાતી સૂરતને પરાણે કાબૂમાં રાખતાં હરખાએ કહ્યું.

'તો વચાર કરીને કહે, હું આ બેઠો. જો તારો રાજીપો હશે તો વચમાં વખત છે ને ઉપરવાળો આવશે તોય હું એને ભરી પીશ. ને જો તારો નન્નો હશે તો _ તો _'

'મારો નન્નો હશે તો? બોલ ને કોમ અટકી ગયો? મારો નન્નો હશે તો શું?'

ગેંદાલ ગૂંચવાઈ ગયો. જો હરખનો નન્નો હોય તો શું? ને જાણે પોતાના મનને જ જવાબ આપતો હોય એમ કાળજું કઠણ કરીને બોલી ઊઠ્યો : 'જો તારો નન્નો હશે તો હું બે બાપનો હોઉં તો તને રસ્તેય કદી સામો મળું.' તેની આંખોમાં મકક્મ નિર્ધાર રમતો હતો પણ હરખાના જવાબ પર તેની આયખાની દોરી લબડતી હોય એમ હરખાના જવાબ માટે એ સામે તાકી રહ્યો. તેની આંખોના એ ભાવ હરખાની નજર બહાર ન રહ્યા. એ ઘડીભર તો આ ઘેલા જુવાનિયા સામે તાકી જ રહી.

પણ બીજી જ પળે એની આંખોમાં ટીખળનાં સાપોલિયાં સરવળ્યાં. ગેંદાલના કાન પાસે મોં લાવી એ બોલી : 'તો જા મેં ના કહી.'

એક વાર તો ગેંદાલને એના કાન પર જાણે વિશ્વાસ જ ન બેઠો. હજુ ઘડી પહેલાં એણે જે સાંભળ્યું હતું, જે જોયું હતું ને અનુભવ્યું હતું એની સાથે હરખાનો આ જવાબ જરાય બંધબેસતો થતો ન હતો. એને તો પોતાનાં બારેય વહાણ ડૂબી જતાં લાગ્યાં. ત્યાં પેલા બે નાજુક હોઠ કાન પાસેથી ખસીને ગાલ પર આછો બૂચકારો બોલાવી ગયા.

ઉષ્માભરી ભીનાશ, ફૂલ-પાંદડી શો મીઠો-નાજુક સ્પર્શ, એક હળવો બૂચકારો અને દોડી જતી હરખાનાં પગલાંનો તાલબધ્ધ અવાજ.

ગેંદાલના સૂનાસૂના થઈ ગયેલા હૈયામાં પાછી વસંત મહોરી. તે ઊભો થઈ જતાં બોલ્યો : 'તારીની જુઠ્ઠી.' ને તે હરખાની પાછળ દોડ્યો. એની ઘડી પહેલાંની નિરાશાને પેલા ઉષ્માભર્યા હોઠના વહાલભર્યા સ્પર્શે કયાંય ભગાડી મૂકી હતી પછી હરખાના શા ભાર કે એ ના પકડાય? એણે હરખાને પકડીને છાતી સરસી ચાંપી.

'જુઠ્ઠો તો તું છો.' એના હાથમાંથી છૂટવાનો પ્રયત્ન કરતાં હરખા બોલી.

'હું શાનો જુઠ્ઠો?' એ બોલ્યો.

'હમણાં તો તું જ કહેતો હતો કે હું જો ના કહીશ તો તું મને મારગમાંય સામો નહીં મળે.'

'પણ તેં ના કહી છે જ ચ્યારે?'

'મેં ના જ કહી હતી ને! ને હવે ફરીથી ના પડું છું. તારા જેવાને મારા બાપા ચાકરીએય ન રાખે, સમજ્યો?' તે બોલી.

'તો પછે મારો ગાલ શું કા એંઠો કર્યો?'

'એંઠો થયો હોય તો લાવ લૂછી નાખું.' કહેતાં હરખાએ ગાલ પર બીજો એક બૂચકારો કરી લીધો.

ને હાથની પકડ હળવી કરવાનો વિચાર પડતો મૂકીને ગેંદાલે કહ્યું : 'આવી રીઝેલી જાણતો હોત તો ચોમાસા પહેલાં જ ના પૈણી જાત!

‘તારું મોઢું જો મોટો પૈણનારો ના જોયો હોય તો?’

‘મારું મોઢું જેવું હશે એવું ખરું પણ એકજણી તો એના પર મોહી પડી છે એ વાત સાચી.’ કહેતાં ગેંદાલે એને વધારે ચપસીને છાતી સરસી ભીડી.

ગભરાઈ જતાં હરખા બોલી : ‘ઓ નાલાયક છોડ મને. કોઈક જોઈ જશે તો મારે બાપાને જવાબ આલવો ભારે પડશે.’

‘જોનાર ભલો માણસ હોય તો રાજી થાય ને મેલા મનનો હોય તો દાઝી જાય, આપણે શું? અને બાપાને જવાબ આલવાનું તો મારે તને થોડું શિખવાડવાનું હોય? મથુરમુખીની છોડી છું તે વધારે નહીં તો બેચાર ચોપડીઓ ભની જ હોઈશ ને! હું તો સાવ અભણ મૂઓ છું.’

‘મહેમદાવાદ રહીને બે ચોપડીઓ ભણેલી. પણ મારી બા પાછી થઈ એટલે બાપાએ મને ઘેર પાછી બોલાઈ લીધી. તોય તારા જેવા ગમાર કરતાં તો વધારે જ ભણેલી ને!’ આંખો નચાવતાં હરખાએ ટોણો મારી લીધો.

‘જો, પાછી આડું બોલી.’

‘આડું નહીં પણ સીધું. મારા બાપા જાણે કે તું તું સાવ અભણ છો ને મારી પાછળ પડ્યો છું તો એ શું કરે, ખબર છે?’

‘હા, તરત દાન ને મહાપુન્ય, બીજું શું? આજે વિવાહ ને કાલે લગન.’ ગેંદાલ હવે ગંભીર થઈ શકતો જ ન હતો.

થોડી વાર શાંત રહ્યા પછી ગેંદાલે કહ્યું : ‘હરખા, એક વાત કહું?’

‘હં.’

‘આ આખું ચોમાસું એકલે પંડે નહીં જાય હોં.’

‘ના જાય તો હુંઢલ કરી લે.’ મૂંગા હાસ્યને વહેતું મૂકતાં હરખાએ ભળતું જ કહ્યું. પણ એની પેલી અણિયાળી આંખો ને શરમથી લાલ થઈ ગયેલા ગાલ પર ગેંદાલની નજરો બેશરમીથી તાકી રહી હતી એ જોતાં એ વધુ શરમાઈ રહી.

‘હુંઢલ તો જાણે હમણાં કરી લઉં પણ હાંમેવાળી માને તો ને?’

‘તો હાંમેવાળીનો વાયદો બહુ આઘો નથી. દેવ ઊઠ્યા કેડ્યે તું કહે તારે, બસ?’

‘એ તો છે જ ને. પણ તાં હુધી?’

‘તાં હુધી તું તારે ઘેર ને હું મારે ઘેર.’

‘પણ કોક દા’ડો મન બગડી બેહશે તો?’ તેણે જે કહેવું બાકી મૂકયું હતું એ જ એનાથી છેવટે કહેવાઈ ગયું.

‘આવડા નાના મનનો શું થતો હોઈશ! આખો અવતાર ખમ્યાં તો બે મહિના વધારે નહીં ખમાય?’ હરખાએ કહ્યું.

ગેંદાલ એની સામે તાકી જ રહ્યો. છેવટે એણે કહ્યું : ‘તું કહેશે તો બે શું પણ બાર મહિનાય ખમાશે, બસ?’

પછી સૂરજ નમતો હતો એટલે બેય જણાં ઊઠ્યાં ને પોતાને રસ્તે પળ્યાં.

અનુક્રમ ➔

## ૨. હરખા ને ગેંદાલ

ત્યાર પછી બે મહિના કયાં ગયા એનીય એમને ખબર ન હતી. રોજ સવારે હરખા ઢોરાં લઈને નદીના ભાઠામાં આવતી ને ગેંદાલ પણ લગભગ એ જ વખતે ઓઘરાળિયે આંટો મારવા આવી પહોંચતો. ને ઢોરાંને પડતાં મૂકીને હરખા ગેંદાલ પાસે પહોંચી જતી. કદીક હરખાને ઢોરાં પજવતાં હોય તો ગેંદાલ તેની પાસે પહોંચી જતો ને ઢોરાંને કાબૂમાં કરવા લાગતો. ગમે તેમ પણ દિવસના લગભગ એ આખાય ગાળામાં એ બે જણાં રહેતાં તો ભેળાં જ.

વાતો તો એમની જાણે પાયા વગરની જ રહેતી. એમાંનું કોઈ ઝાઝુ ભણેલું ન હતું એટલે એમની વાતોમાં આવતાં ઢોરઢાંખર, ઘર, ખેતર, લગન, માબાપ ને છોકરાં. હા, છોકરાંય એમની વાતોમાં આવતાં હતાં ખરાં.

'છોકરાં ચેટલાં(કેટલાં) થશે આપણને કે' જોય?' એક દિવસ ગેંદાલે હસતાં પૂછ્યું. હરખા એવી તો શરમાઈ ગઈ કે ન પૂછો વાત.

પણ થોડી વાર પછી નજર ઉઠાવ્યા વગર જ એણે પૂછ્યું : 'કહું?'

'હા, કહે જોઈએ, બહુ મોટી ભકતાણી થા છ તે.' ગેંદાલે કહ્યું અને ઊંચી થવા જતી હરખાની આંખો પાછી નીચી ઢળી જતાં શરમનું આવરણ ઓઢી ગઈ. પણ સ્હેજ વાર રહી પોતાના ડાબા હાથની હથેળીની ધાર પરની રેખાઓ-કળચલીઓ ગણવા માંડી. નાનપણથી જ કામમાં વળગી ગયેલા એ હાથ પર એટલી તો કળચલીઓ પડી ગઈ હતી કે એમાંની કઈ સાચી ગણવી ને કઈ ખોટી એની મથામણમાં એ પડી ગઈ.

એટલે જવાબ વાળવાને બદલે એ પૂછી બેઠી : 'કહું?'

'લે, ભટ ભણે સે કે ચોપડાં ફાડે સે? હું ચ્યારનો તારી હાંમે મોઢું ફાડીને બેઠો છું ને તુ પૂછ છ કે કહું?' ગેંદાલે ગુસ્સે થવાનો ચાળો કર્યો.

ને જાણે ખાસ અંગત વાત કરતી હોય એમ હરખા બોલી : 'કહું, જેટલાં આપડા નસીબમાં હશે એટલાં સોકરાં(છોકરાં) થશે, બસ?' ને આટલું બોલતાંય એ એવી તો શરમાઈ ગઈ કે ગેંદાલ હસી પડ્યો. એ આ ભોળી છોકરી સામે તાકી જ રહ્યો.

પછી ગેંદાલ કહે : 'હું કહું આપડો ચેટલાં સોકરાં થશે એ?' ને જવાબની રાહ જોયા વગર જ એણે કહેવા માંડ્યું : 'ચાર સોકરાં થશે આપડે. બે છોકરા ને બે છોડીઓ. ને છોડીઓ તો બરાબર તારા જેવી જ. લાંબું અણિયાળું નાક, દલડું વેંધીને આરપાર નીકળી જાય એવી આંખ્યો ને ખેંચવાનું મન થાય એવા લાલ લાલ ગાલ અને છે તે__'

'લે, રહેવા દે. તું તું સોકરાંની વાત કર છ કે મારી?' શરમાતી હરખાએ એને બોલતો અટકાવ્યો.

'બેયની, બોલ, શું કહેવું છે તારે?' આંખ ઉલાળીને ગેંદાલે પૂછ્યું.

'માથું તારૂં. તું અવડે(હમણાં)નો બહુ નફ્ફટ થવા માંડ્યો છું. કાલથી હું અહીં આવવાનું જ બંધ કરી દેવાની છું ને.' હરખાએ કહ્યું. આવીયે મશ્કરી કરતી હશે કે પછી સાચું કહેતી હશે એવી અવઢવમાં ગેંદાલ એની સામે તાકી જ રહ્યો.

'ચ્યમ?' હરખાએ કશી ચોખવટ ન કરી એટલે આખરે એ પૂછી બેઠો.

'કોક જાણે તો અમે વગોવાઈએ, તારે શું?'

'અરર, મારી હાર્યે (સાથે) વાતો કરતાં તું વગોવાઈ જતી હોઈશ તો જ્યારે પૈણીને આઈશ તારે ચેવી વગોવાઈ જઈશ?'

'પૈણીને આવીએ તારે કોઈ વગોવતું હશે? બધાં તારા જેવાં ગમાર ઓછાં હોય! પણ અત્તારે તો આપડી વાત સીધી ને સટ છે કે કાલ્યથી હું અહીં આવવાની નથી. પછી કહેશે કહ્યું નહીં.' કહેતાં હરખા ઢોરાંની પાછળ દોડી ગઈ અને ગેંદાલ હરખા કાલ્યથી આવવાની ન હતી એની ચિંતામાં ઘડી ભર તો એમ જ બેસી રહ્યો. હરખા ગેંદાલના હૈયા પર જાણે કળશીનો પાણો મૂકી ગઈ હોત એમ એ શૂનમૂન થઈ ગયો.

એ આખી રાત એ ઊંઘી ન શક્યો. હરખાના મનની ગલીએ ગલીના ભોમિયા હોવાનો દાવો કરતું એનું હૈયું હરખાની ગઈ કાલની વાતનો તાગ પામી શકતું ન હતું. ઘડીક એને વિચાર આવતો કે લોકોની કુથલીના ડરથી હરખાએ જ નહીં આવવાનું નક્કી કર્યું હશે તો પછી એના મનમાં બીજીય શંકા ઊઠતી કે એ પોતાની હાર્યે ને હાર્યે રખડતી હતી એટલે કોઈએ મુખીના કાન ભંભેર્યા હશે? જો મુખીએ જ એને આ તરફ આવવાની બંધી ફરમાવી હશે તો? ને એનું હૈયું બેસી જતું.

અને એટલે તો બીજે દિવસે પૂરો પ્હો પણ નહોતો ફાટ્યો ને એ તૈયાર થઈને ઓઘરાળિયે ઊપડ્યો. એ ખેતરમાં પહોંચ્યો ત્યારે સૂરજદાદો હજુ હમણાં કોતરોમાંથી ઊંચો આવતો હતો. માળે બેસી એણે દેવતા સંકોર્યો ને બીડી સળગાવી. બીડીના ધુમાડાની, ઊડતી અને હાથ-બેહાથ જઈને વિખરાઈ જતી સેરમાંથી એનું અસ્વસ્થ મન અનેક આકૃતિયો ઉપસાવવા માંડ્યું. બેચાર પ્રયત્ન પછી એને મનગમતી, નાજુક વળાંક અને નમણી દેહલતાવાળી એક આકૃતિ ઉપસી ન ઉપસીને પવનની એક ઝાપટે હવામાં ભળી ગઈ.

એનું મન જાણે ઠરી ને ઠીકરું થઈ ગયું. પછી ન તો એણે બીડીનો કસ ખેંચ્યો કે ન તો મોંમાંની પેલી કડવી ધુમાડીને જોરની ફૂંક મારી આકૃતિ ઉપસાવી. એની નજરો પેલી વિખરાઈ ગયેલી આકૃતિને ફંફોસતી જાણે તાકી જ રહી. છેવટે થાકીને એની હતાશ નજરો પરમેસરિયાની પેલી પગદંડી તરફ મંડાઈ.

માણસનું મન પણ કેવું વિચિત્ર છે? એક તરફ એ હરખા નથી જ આવવાની એમ માનીને ચિંતામાં ડૂબી જાય છે ને બીજી તરફ એ જાણે આવવાની હોય એમ એની પગદંડી પર આંખો પાથરી રહે છે!

પણ એ કેડી પર પથરાયેલી આંખો થાકીને ઢળી ગઈ તોય હરખા ન જ આવી. એ થકેલી આંખોની સાથે એનું હૈયુંય વાસ્તવિકતાને શરણે ગયું. પેલી હોલવાઈ ગયેલી બીડીને એણે યંત્રવત ફરી સળગાવી ને બે હોઠની વચ્ચે ખાલી પકડાઈ રહેલી એ બીડી જાણે પોતાની ઉપેક્ષા સહન ન થતી હોય એમ ફરીથી હોલવાઈ ગઈ. ને બધી ચિંતાઓને જાણે હડસેલી મૂકતો હોય એમ એણે બીડીને ફરી સળગાવી. આ વખતે એણે ઉપરાઉપરી કસ લેવા માંડ્યા પણ ધુમાડાના એ ગોટામાં એણે હરખાની આકૃતિને શોધવાનો કોઈ પ્રયત્ન ન કર્યો.

પવન પણ જાણે ગેંદાલને ચિઢવવા જ હોય તેમ ધીમો પડી ધુમાડીના એ ગોટામાં અવનવી આકૃતિયો રચી રહ્યો. પણ ગેંદાલ હવે એમાં હરખાની છબી ઉપસાવવા પ્રયત્ન કરતો ન હતો. એના મનમાંની હરખાની છબી સાથે એ યાદોની સાતતાળી રમી રહ્યો હતો.

હરખા ઢોરાં લઈને આ તરફ ન આવે તો બીજે ક્યાં જાય? એ મનમાં ત્રણેય ગામનાં કોતરો ને ગોચરના નકશાને ખૂંદી રહ્યો.

નદીની સામી પાળ તો સૂકી ધરતી ને કોતરોવાળો ખરાબો હતો એટલે એ તરફ તો કોઈ ઢોરાં ચારવા જતું જ નહીં. હા, રુખડા ગામનું કેટલુંક ભાઠું સારું હતું ખરું પણ રુખડા તો રુખડા પીરનું ઈનામી ગામ એટલે એમાં તો કોઈ બહારનાને તો ઢોરાં ચારવા જવાની બંધી હતી. હા

નદીની આ તરફ આવવું ન હોય તો ડેમારીના ગોચરમાં જઈ શકાય ખરું પણ ડેમારીનું એ ગોચર તો રુખડા, ડેમારી અને પરમેસરિયા એ ત્રણ ગામની સીમ જ્યાં ભેગી થાય ત્યાં આવેલું હતું એટલે જાણે એ તો નધણિયાતું હોય એમ એમાં ત્રણેય ગામનાં ઢોરાં ચરતાં એટલે એમાં તો ઢોરાંને ચરવા જેવું ઘાસ હોય જ શાનું?

ગેંદાલ આવા વિચારોમાં અટવાયેલો હતો ત્યાં એના પેલા જુવાન લોહીએ ઉછાળો માર્યો : 'એ ગમે ત્યાં ગઈ હોય પણ આજે તો એ કઈ તરફ ગઈ છે એનો તાગ લીધા વગર હું રહેવાનો નથી.' એ બબડ્યો ને લાકડી ખભે નાખતોક ને ઊભો થઈ ગયો. એણે છીંડા તરફ ભાગ્યે જ બેચાર ડગલાં ભર્યાં હશે ને એને ખ્યાલ આવ્યો કે હજુ તો સૂરજદાદોય કોતરોમાંથી હમણાં ડોકું બહાર કાઢતો હતો. હજુ તો ઢોરાં છોડવાની વેળાય થઈ ન હતી. એના પગ થંભી ગયા ને એ પાછો માળા પર બેસી ગયો. પોતાની અધિરાઈ પર એ મલકાઈ રહ્યો.

એ ભગ્યે જ કલાકેક બેઠો હશે ત્યાં પરમેસરિયાની કેડી પરથી ઢોરાંને ડંગોરતી હરખા આવી. ગેંદાલનું ધ્યાન એ વખતે તાપણી સંકોરીને દેવતા પાડવામાં રોકાયું હતું એટલે એનું એ તરફ લક્ષ્ય ન હતું. એણે દેવતા પાડી હોકલી ભરી ને માળા પર બેસી હોકલી ગગડાવવા માંડી. ત્યાં હરખા પાછળથી આવી એક જ ઠેકડે માળા પર ચઢી ગઈ ને ઊભડક બેઠેલા ગેંદાલ પર પડી. લથડીને ગેંદાલ જમીન પર પડ્યો ને એની ઉપર હરખા.

ગેંદાલ આ અચાનક થયેલા હુમલાથી પહેલાં તો ચમક્યો. પડતાંની સાથે એણે સાવધ થઈ જઈ ઊભા થઈ જવાનો એક જોરદાર પ્રયત્ન કર્યો. નદીનાં કોતરોમાં કદીક સાવજની બૂમ ઊઠતી હતી એટલે તેનું આમ ચમકવું સ્વાભાવિક હતું. પ્રયત્ન કરવા છતાં એનાથી એકદમ ઊભા થઈ શકાયું નહીં ને પછી તો સવજને બદલે હરખા પોતાની ઉપર પડી હતી એ જાણતાં એને ઊભા થવામાં જાણે રસ જ ન રહ્યો. એણે દૂખતા ગોઠણને ભૂલીને હરખાને સામી બાથ ભરી લીધી. હરખાએ તેની પકડમાંથી છૂટી ઊભાં થવા પ્રયત્ન કર્યો પણ ઊભાં થવા જમીન પર ટેકવાયેલા હાથને ગેંદાલે એક હળવો હડસેલો માર્યો કે હરખાની કાયાનું આખું જ ખોરડું પાછું ગેંદાલ પર બૂરેહાલ ફસડાઈ પડ્યું. ને ગભરાવાનો ચાળો કરતાં ગેંદાલે હરખાને પોતાની સાથે જડી દીધી.

'ઓ ગમાર છોડ મને; કોઈ જોઈ જશે તો_' ગભરાટની મારી હરખા બોલી ઊઠી.

'મારે શું? મારો કોઈ વાંક છે? ઊલટાની તું મારી ઉપર પડી છો. કોઈક જોશે તો કહેશે કે આ તો ભૈ ઊંધું _'

ને એ વધારે કાંઈ બોલે એ પહેલાં તો હરખાએ તેના મોં પર હાથ દઈ દીધો હતો. 'તું પાછો બગડવા માંડ્યો.' તે બોલી ઊઠી.

'એ તો ભૈ જેવી સોબત એવી અસર. તને મલ્યા પછી જ હું બગડ્યો છું. બધું પાપ તારા માથે.'

'જો તું આવા ને આવા ચાળા કરવાનો હોઉં તો કાલથી હું આ બાજુ ઢોરાં લઈને આવવાનું જ બંધ કરી દઈશ હોં.'

'તે એ તો તું આજેય આવવાની ન હતી તે ચીધું ચ્યમ આવવું થયું?' હાથની પકડ જરાય ઢીલી કર્યા વ્ગર ગેંદાલે કહ્યું.

'તોય આવી. મને થયું કે _' કહેતાં એ આગળ બોલતાં અટકી ગઈ.

'શું?'

'પહેલાં તું મને છોડ, પછી કહું.'

'ના પહેલાં કહે, પછી તને છોડું.'

'ના, પહેલાં મને છોડ પછી કહું.'

'હું કહું છું કે પહેલી કહે નહીં તો પછી પડી રહે આંમ ને આંમ.' કહેતાં ગેંદાલે આંખ ઉલાળી.

'કહીશ તો પછી આવું મોઢું નહીં રહે હોં.' એ બોલી ને ગેંદાલ ચમકયો. પણ એ પોતાની ચમક બહાર દેખાવા દે એવી છછરો ન હતો. અને એટલે તો હરખાને પૂરું કરવું જ પડ્યું : 'મારા બાપા કાલે મારી હાતર છોકરો જોવા જવાના છે.'

'હેં! ચ્યાં! ચ્યારે?' બોલતાં ગેંદાલને પરસેવો વળી ગયો. એ પરસેવાવાળા હાથની ઢીલી પકડમાંથી છૂટીને હરખા ઊભી થઈ ગઈ.

'મેં તને પહેલેથી જ કહ્યું હતું કે હાંભળ્યા પછી આવું મોઢું નહીં રહે.'

ને હસવું કે રડવું એ નકકી ન કરી શકાતા ગેંદાલે કહ્યું : 'તું મને કહે તો ખરી કે ચ્યાં છોકરો જોવા જવાના છે!'

'બાપ છે, ભૈ ઓછા મને પૂછીને જાય? આ તો કાલ્યે જવાના છે એટલી મને ખબર પડી છે.'

'તુંય હવે દાદ્ચમાં બોલતાં શીખી ગઈ છું. મને આમ રઘરઘાય નહીં; મને ક્હે ને કે _' કહેતાં ગેંદાલ શિયાવિયા થઈ ગયો.

'મારી સહિયર છે ને ઝમકુડી, એણે મારા બાપને એક ઠેકાણું બતાયું છે. તે એ જવાના છે.'

'ચિયું ઠેકાણું? ચ્યાંનું?'

'છે તો કોઈક તારા જ ગામનું, પણ મને નામની ખબર્ય નથી.' હરખાએ એ જ ઠાવકાઈથી કહ્યું.

ને માળાનાં બે પગથિયાં ચઢવાનાય ગેંદાલનામાં હોશ ના રહ્યા. માળાની થાંભલીને ટેકે બેસતાં ખ્સડાઈ પડતાં એણે પૂછ્યું : 'મારા ગાંમનું?' પૂછતાં એ ઝીણી નજરે ઠીંકરિયા ગામના બીજા ઘરની ખોજ કરી રહ્યો. હરખાએ કશો જવાબ ન વળ્યો એટલે એણે પાછું પૂછ્યું : 'પણ તું શું કરવાની?'

'શાનું?'

'શાનું તે લગનનું. તારા બાપ મારા ગામમાં કોક ઠેકાણું જુએ ને વખત છે ને એમને મનમાં ગોઠી જાય તો તું શું કરવાની?'

'બીજું તો શું થાય? બાપા કે' એમ કરવું જ પડે ને! તું જ કે' હું બીજું શું કરું?'

'પછી આપણું શું? આપડા (આપણા) કૉલનું શું? ભૂંડી તેં મારી હાર્યે પૈણવાનો મને કૉલ આલ્યો છે એનું શું?'

'તું મારા બાપને ઓળખતો નથી. જો હું એમની ઉપરવટ જઈને તારી હાર્યે પૈણું તો મને તો મને પણ ભેગો તનેય ઝટકાવી નાખે.' કહેતાં તે વચમાં સ્હેજ અટકી ને પછી આગળ બોલી : 'પણ મનેય મનમાં થાય છે કે મારી માના પાછા થયા પછી બાપાએ મારા મોં સામે જોઈને દા'ડા કાઢ્યા છે એટલે એ દૂભાય એવું મારાથી ના કરાય. હું જો એમને દુભવું તો ભગવાનેય મારા પર રહેમ ના રાખે.' તે બોલી.

ને ગેંદાલનાં તો જાણે બારેય વહાણ ડૂબી ગયાં. હજુ કાલ્યે તો આ છોડી લગન અને છોકરાંની એની હાર્યે વાતો કરતી હતી ને આજે સાવ ફરી બેઠી હતી. કશુંક બીજું દબાણ એના પર કરાયું હોવાનું ગેંદાલને લાગ્યું.

તેના મનમાં વિચારો ઝડપથી ઘૂમરિયો ખાવા માંડ્યા. હરખાની પાછળ જીવ દેતાંય પોતે પાછો પડે તેમ ન હતો પણ હરખા બી જે પરણે ને તેય પોતાના જ ગામના કોક જુવાન હાર્યે પૈણે?

પોતાની નજર સામે જ રહે. રોજ દેખવું ને રોજ દાઝવું! સીમશેઢે ભેગાં થઈ જવાય. મોઢું મલકાવ્યા વગે રહેવાય નહીં ને મોઢું મલકાવતાં, લોકોની જીભે ચઢી જવાય ને વગોવાઈ જવાય.

પોતે તો મરદ હતો એટલે પોતાને બહુ વાંધો ન આવે પણ હરખા અસ્ત્રીની જાત. એને તો સાસરે કોઈ ઊભીય ન રહેવા દે. અને માનો કે બધુંય ચલાવી લઈએ પણ રાત્ય-દા'ડો સામે મોંએ રહેવાનું. હૈયાંનો શો ભરોંસો? કાલ્યે ઊઠીને બગડી બેસે તો _? ના ના એવું _ પણ હરખાની સામે જોતાં એને એની આંખોમાં એવી કોઈ ઉદાસીની છાંય ન જણાઈ. કદાચ સુખનાં સપનાંય જોતી હશે એ મનમાં જ બબડી રહ્યો.

'હરખા તું કદાચ સુખનાં સપનાંય જોતી હોઈશ પણ મારી સામેય ઘડીક નજર નાખી લેજે. હું તો જનમથી ઢેખાળામાં ઉછર્યો છું ને ઢેખાળાની જેમ લોકોની લાતો ખાઈને જીવ્યો છું ને મારું કાળજુંય ઢેખાળા જેવું થઈ ગયું છે. પણ તોય મારાથી આ નહીં જીરવાય.' પોતે મનમાં જે કાંઈ વિચાર્યું હતું એના અનુસંધાનમાં હોય એમ એ બોલી ઊઠ્યો. બોલતાંય એનો અવાજ ગળગળો થઈ ગયો.

'શું નહીં જીરવાય?' હરખાએ પૂછ્યું ને ગેંદાલ ભાનમાં આવ્યો.

એણે કહ્યું : 'મને એક વચન આલ્ય.'

'શાનું વચન?'

'એ જ કે તું ગમે ત્યાં પૈણીશ પણ મારા ગામમાં તો નહીં જ પૈણું. બસ, એટલું વચન આલ્ય.' કહેતાં એને ગળે ખરખરી બાઝી ગઈ. એ ઊભો થઈ ગયો ને ધસી આવતાં આંસુને છુપાવવા આડું જોઈ ગયો.

હરખા તેની આવી દશા પારખી ગઈ. એણે કહ્યું : 'વચન તો આલું પણ કહે છે કે ઠેંકરિયામાં ગોકળ અમરસંગનું ઘર હારુ ગણાય છે ને છોકરોય કે' છે _'

'શું કહ્યું? કોનું ઘર?' તેને અટકાવતાં ગેંદાલ બોલી ઊઠ્યો. જે નામ એણે સાંભળ્યું હતું એ અજાણ્યું ન હતું કે ન સમજાય. પણ પાંપણ આડે આવીને અટકી ગયેલાં પેલાં આંસુ માની ન શકે એવું એ નામ હતું.

છતાં ચોખવટ કરતી હોય એમ મોં ઠાવકું રાખી હરખાએ કહ્યું : 'ગોકળ અમરસંગનું ઘર અને છોકરોય એમનો ને તોય તું કહેતૌ હોય તો આલું વચન કે ઠેંકરિયે _' ને હસી રહેલી એની આંખોને એના હોઠ પણ હવે તો સાથ આપી રહ્યા.

એવીયે સાચું કહેતી હતી કે પાછી મશ્કરી કરતી હતી એ જાણવાની હવે ગેંદાલને જરૂર જ રહી ન હતી. એનું હૈયું આનંદની છોળોમાં નાહી રહ્યું હતું. તોય પેલાં રોકી રાખેલાં આંસુ તો બહાર આવ્યા સિવાય ન જ રહ્યાં. હરખાના ખેળામાં મોં સંતાડી એ ખાસ્સુ રડ્યો. વચમાં હરખાએ બોલવાનો પ્રયત્ન બેચાર વખત કર્યો પણ તેનો અવાજ ગેંદાલના કાન સુધી જાણે પહોંચતો જ ન હતો.

'તેં તો મારો જીવ લેવાનું જ બાકી રાખ્યું હતું.' રડીને હૈયું હળવું થયા કેડે ગેંદાલે કહ્યું.

'તું આટલો બધો પોચો હોઈશ એવું હું જાણતી ન હતી.' હરખાએ હસતાં ટોણો માર્યો.

એના બોલવાને જાણે ગેંદાલે સાંભળ્યું જ નહોય એમ એણે પૂછ્યું : 'બોલ હવે, છોકરો જોવાની શી વાત છે?'

'ચેવો છોકરો ને ચેવી વાત? એવી કશી વાત જ ચ્યાં છે?' બોલતાં તેની ટીખળરંગી આંખો ગેંદાલના આંસુરંગ્યા ગાલ પર સાતતાળી રમી રહી.

'જો, પાછી તેં મશ્કરી કરવા માંડી.'

'મશ્કરી નથી કરતી. છોકરો તો મારા બાપાએ જોએલો જ છે. આ તો નારિયેળ આલવાની જ વાત છે.' હરખાએ સ્હેજ ગંભી થતાં ફોડ પાડ્યો.

'ચ્યારે જોયો મને?'

'તે દન મેળામાં આપણને જોઈ ગયા હશે તે ઘેર આઈ ઝમકુડીને પૂસી લીધું હશે.'

'પછી?'

'કહે છે કે છોડીવાળા કાલ્યે છોકરાવાળાને ત્યાં કાલે પાકું કરી પાઘડીનો દા'ડો નકકી કરવા જવાના છે.' ને ગેંદાલને આંખો લૂછતો જોતાં એણે ઉમેર્યું : 'લે, હવે વેવલો થયા વગર બીજી વાત કર.'

'ના, હરખા, મને એક વચન આલ્ય કે _'

'લે, આલ્યું વચન કે બીજે ગમે ત્યાં પૈણીશ પણ તારા ઠોંકરિયામાં નહીં _'

'હવે તો તું ના શું પૈણતી 'તી! હાચું કહું છું. હવે તું જરાય મોળું બોલું તો તને ઊપાડીને ઉતરી જાઉં મલક પાર.'

'લે, રહેવા દે બધી વડાઈ. હમણાં તો રડવા બેઠો હતો સ્હેજ મશ્કરી કરી એટલામાં.'

'પણ મને એક વચન તો આલ્ય કે હવે પછી આવી મશ્કરી નહી કરું.' ગેંદાલે કહ્યું ને ફરીથી આંખો લૂછી.

પછી હરખાએ એને એવું વચન આલ્યું કે નહીં એની તો કોઈનેય ખબર નથી પણ ઊંચા ચઢેલા સૂરજદાદાની ગરમીથી હોય કે પછી હરખાના હૂંફાળા હૈયાની હૂંફે હોય પણ ગેંદાલની આંખોમાંથી પેલી ભીનાશ ઓસરી ગઈ હતી એનાં સાક્ષી તો પેલાં વગડાનાં ઝાડવાંય હતાં.

મોડી બપોરના પાછા ફરતા ગેંદાલનાં પગલાંમાં તે દિવસે મેળામાં જતાં જે થનગનાટ હતો એનાથીય બમણો થનગણાટ વર્તાતો હતો.

મનની વાત બાપાને કેમ કરવી એની કેટલીય મથામણ છતાં ગોકળને વાત કરતાં ગેંદાલની જીભ ન જ ઊપડી. છેવટે એણે મન મનાવ્યું કે કાલે વાગતું વાગતું ટોચે આવશે ત્યારે એમને ખબર પડવાની જ છે ને!

અનુક્રમ ➔

## ૩. ગોકળની મૂંઝવણ

મંગારાતનાં પગલાં પડતાં જ ગોકળના ઘરમાં જાણે ચેતનાનો સંચાર થઈ ગયો. ગોકળે એક વખત તો ગામમાંથી ગેંદાલને તેડી મંગાવ્યો. ગેંદાલ આજે સવારથી જ ભેરુઓના ટોળામાં જામી પડ્યો હતો. એણે કોઈને ચોખવટથી કાંઈ કહ્યું ન હતું પણ આજે એ બધાનાં મોઢાં મીઠાં કરાવવાનો હતો એવો આડકતરો ઈશારો એણે ભેરુઓને કરી દીધો હતો.

ગોકળે જાણે માગું તો સ્વીકારી લીધું પણ એના મનમાં ગડભાંજ થવા માંડી. એને થયું કે વાત નહીં વંટોળ નહીં ને બરોબાર વાળંદની સાથે પાઘડીનો સંદેશો અને તેય મથુર મુખીને ત્યાંથી! મુખી જેવો માણસ ઘર તો ભૂલે નહીં ને ગામમાં બીજો કોઈ ગોકળ હતોય નહીં. પણ તોય કશુંક એમાં ખૂટતું હતું. પણ જ્યારે મંગારાતે ચોખવટ કરી કે મુખી જાતે જ આવવાના હતા પણ ગામમાં એક મરણ થઈ ગયું એટલે એમનાથી નીકળાય એવું ના રહ્યું એટલે મંગારાતને પાઘડીનો દા’ડો જણાવવા માટે જ મોકલ્યા હતા. ત્યારે ગોકળને મનમાં થોડી ધરપત થઈ છતાં એને લાગ્યું કે પોતે રૂબરૂ મુખીને મળીને ચોખવટ કરી લેવી સારી.

એણે મંગારાત માટે કંસારનું આધણ મુકાવ્યું ને ડેમારીથી એની બેન જીતાને તેડી લાવવા માણસેય મોકલી દીધો. તો બીજી બાજુ ગેંદાલના દોસ્તો તો જાણે પોતે ઉઘલવાના હોય એવા રંગતમાં આવી ગયા. પોતાના દોસ્તના વિવાહ થતા હતા ને તેય કોઈ હાલી મવાલીને ત્યાં નહીં પણ મથુર મુખી જેવા ભડ ને આબરૂદાર મોભીને ત્યાં પછી એમને પોરસ ચઢે એની શી નવાઈ?

કંસાર ખાઈ, ડાંપા જેવી ખરચી લાભી મંગોરાત પરમેસરિયાને રસ્તે પડ્યો. ને અત્યાર સુધી અતિ આનંદમાં રઘવાયું થઈ ગયેલું ગોકળનું મન મંગારાત ગયે સ્હેજ નવરું પડ્યું કે તરત જ નકકર વાસ્તવિકતામાં ડૂબી ગયું.

મથુર મુખીના ઘરનું માગું ગોકળ અમરસંગને ત્યાં આવે એ વાત ગોકળને તો શું પણ આખા ગામનેય આશ્ચર્યમાં નાખી દેવા માટે પુરતી હતી. હા, ગેંદાલ અને એના ભેરુઓને એમાં કોઈ નવાઈ લાગતી ન હતી. સવારથી જ ગેંદાલે પોતાના બધા ગોઠિયાઓને ખેતીનાં કામ પડતાં મુકાવી પોતાની સાથે જકડી રાખ્યા હતા ને ઉપરથી બધાનાં મોં મીઠાં કરાવવાની મોઘમ વાત કરી રાખી હતી એટલે એમણે જ્યારે આ જાણ્યું ત્યારે વગર ગોળેય એમનાં મોં જાણે મીઠાં થઈ ગયાં હતાં.

ગેંદાલના એક દોસ્ત રઘલાએ તો ગોકળને રઘવાયેલો થતો જોઈને કહ્યુંય ખરું : ‘કાકા, તમને આજે ખબર પડી પણ અમને તો મહિનાથી ખબર હતી. અમે તો ક્યારનાય વધામણીના છેંદાની વાટ્ય જોતા હતા.’ પણ એમની વાતથી ગોકળના મનને શાંતિ થાય એમ ન હતી. વળી લગનની વાતમાં એમની નાતમાં પહેલી ચોખવટ પલ્લાની કરવાની હોય. મુખીએ પલ્લાની કશી ચોખવટ કરી ન હતી એટલે એ કરી લેવા અને મુખ્ય તો આ વાત સાચી છે કે ખોટી એ નકકી કરી લેવાનું એને અગત્યનું લાગતું હતું.

એટલે એણે ગેંદાલના કાનમાં ફૂંક મારી ને પરમેસરિયાનો મારગ પકડ્યો. આખે રસ્તે જતાં એના મનમાં પેલી શંકા ઘૂટાયા કરતી હતી કે વાત સાચી નહીં હોય કદાચ. મથુર મુખી જેવા કશી આગોતરી વાતચીત વગર પોતાના જેવા એક સામાન્ય માણસને ઘેર ગાડું છોડે એ વાત કેમે કરી એના માન્યામાં આવતી ન હતી. અને જો કદાચ વાત સાચી નીકળી તો પોતે મુખીના ઘરને હિસાબે શું પલ્લું ચઢાવવું એનો વિચાર કરતાં એ કોણ જાણે કેટલીય ગણતરીઓ કરતો ને ગૂંચવાઈ જતો હતો.

ગોકળ પરમેસરિયા પહોંચ્યો ત્યારે મથુર મુખી ઘેર જ હતા. ગોકળને પોતાને આંગણે જોતાં જ તેમનું મન આંચકો ખાઈ ગયું. હજુ હમણાં જ મંગોરાત માગું સ્વીકરાયાની વધામણી ખઈને ગયો હતો ને તેની પાછળ જ જાણે એનાં પગલાં દબાવતો હોય એમ ગોકળ આવ્યો હતો. કાંઈક નવાજૂની હોવાની શંકા મથુર મુખી જેવાના મનમાંય થડકો જન્માવી ગઈ. પણ એ શંકા મનમાં ઊઠી ન ઊઠીને ગોકળના હસતા મોં સામે જોતાં વિખરાઈ ગઈ.

'આવો, આવો, ગોકળજી, મંગોરાત હમણાં જ વધાઈ ખાઈને ગયો.' મુખીએ કહ્યું. ગોકળે એમને રામરામ કર્યા ને મુખીએ એને પોતાની સાથે પાટ પર બેસાડી, માણસને ઘરમાંથી પાણી લાવવા મોકલ્યો.ગોકળને તો હવે વાત કેમ શરૂ કરવી એની જ મથામણ થઈ પડી. કેટલાય વિચાર કરીને એણે પરમેસરિયા આવવાનું નકકી કર્યું હતું ને આવતાં રસ્તામાંય અનેક વિચારો કર્યા હતા પણ અત્યારે એને એમાંનું કશું યાદ આવતું ન હતું.

મુખીએ એની મૂંઝવણ પામી જતાં કહ્યું : 'બોલો, કેમ પધારવું થયું? અમારા જોગું કાંઈક કામકાજ?'

'આમ જાણે કામ કે કાજ કશું નહીં પણ તમારા જેવા મોટા ઘરનું માગું આવ્યું એટલે હું ગૂંચવાઈ ગયો. માગું તો જાણે સ્વીકારી લીધું પણ મનમાં થયું કે ગામમાં વાત બહાર પડે એ પહેલાં મુખીને રૂબરૂ મળ્તો આવું. વાત નહીં વતેસર નહીં ને સીધી પાઘડીની વાત આવી એટલે મન ઝાલ્યું ના રયું.' ગોકળે ગૂંચવાતાં કહ્યું.

મુખી હસી પડ્યા. ગોકળને એ કાંઈ આજે પહેલી જ વાર મળતા ન હતા, પણ આજનો આ ગૂંચવાતો ગોકળ એમને જુદો જ લાગ્યો. હસતાં હસતાં જ એમણે કહ્યું : 'અહોહો, ભલે આવ્યા. તમારે જે વાતો કરવી હશે એ સાંજે વાળુ કરીને બેસીશું ત્યારે નિરાંતે કરીશું. ચા પીને વાડીએ આંટો મારતા આવીએ ત્યાં સુધીમાં ખાવાનું પણ તૈયાર થઈ જશે. પછી રાત આપડા બાપની છે.'

'અરે, એવો આગ્રહ ના કરશો. મારે તો રાત થોડી ને વેશ ઝાઝા જેવો ઘાટ થવાનો છે. પણ અહીં આયા વગર ચેન ના પડ્યું એટલે તરત જ આયો. મને મનમાં થયું કે મુખી ઘર તો ના ભૂલે પણ વાળંદની ભૂલ થઈ હોય તો પાછળથી શરમાવાનું થાય. ને મારા કરતાં તમારા જેવા મોભીને વધારે લાગે.'

મુખી વળી પાછા હસી પડ્યા : 'મુખીને પંથક અજાણ્યો ખરો ને કે એ ઘર ભૂલે! તમારે માટે વાત નવી હશે પણ હું તો બે મહિનાથી નકકી કરીને બેઠો હતો. આ દેવ ઊઠ્યાની જ વાટ જોતો હતો. ને વાત કરવા આવવાનોય હું હતો પણ ગામમાં એક મરણ થઈ ગયું. આમ તો મારે કશું સ્નાન સૂતક નહીં છતાંય એક આગેવાન તરીકે મારાથી તો ન જ નીકળાય ને. એટલે મંગારાતને મોકલી આપ્યો કે તમનેય પાઘડીની તૈયારી કરવામાં ઉતાવળ ન કરવી પડે.'

મુખી ઘર ભૂલ્યા હોવાની પોતાની શંકા તો નિર્મૂળ થઈ ગઈ હતી પણ હજુ એક ચિંતા તો ગોકળની ઊભી જ હતી. 'તમારી સામે પલ્લાનો કશો ફોડ પડાયો ન હતો એટલે —' લોચા વાળતાં ગોકળે કહ્યું.

'આ તો તમારે બદલે હવે મારે ચોખવટ કરવાની થઈ. પણ જો મારું વેણ પાછું ઠેલવાનું ન હોય તો ફોડ પાડું. નહીં તો તમને ઠીક લાગે એમ વે'વાર વરતજો.'

'તમે કહો એ સવાવીસ. એમાં પૈસાભારેય ફેરફાર નહીં, થયું?' ગોકળે કહ્યું. મુખીનું મન જાણવા તો પોતે અહીં સુધી આવ્યો હતો. એના મનમાં એમ હતું કે પોતે પોતાના ગજા પ્રમાણે પલ્લું ચઢાવે ને મુખીને પોતાના મોભાને હિસાબે ઓછું લાગે તો સંબંધને માથે કાળી ટીલી લાગી જાય અને કાયમ મન ઊંચાં રહે. એના કરતાં જો મુખી પોતાને મોંએ ફોડ પાડી દેતા હોય તો બસો પાંચસોનો વધારાનો ઘસારો વેઠીનેય ગોકળ એમના કહ્યા મુજબનો વહેવાર વરતવા તૈયાર હતો.

'જુઓ, હું એક વખત ફોડ પાડીશ પછી એમાં જરાય વધારે કે ઓછું નહીં ચલાવી લઉં.

એટલે મારી પાસે ફોડ પડાવવાને બદલે તમને જે ઠીક લાગે એ વહેવાર કરજો ને. ફોડ પડાવીને શું વધારે છે?' મુખીએ મોં મલકાવતાં કહ્યું.

આ બાજુ ગોકળનું મન તો મુખી જેવા મોભાદારની છોડી પોતાના ઘરમાં આવવાની વાતથી એવું તો પોરસાઈ રહ્યું હતું કે પોતાના ગજાની મર્યાદા ઓળંગીને, કાંઈક વધારે ખરચ કરવો પડે તોય કરવા તૈયાર થઈ ગયું હતું. પરમેસરિયા આવતાં આખે રસ્તે એણે એનો જ વિચાર કર્યા કર્યો હતો ને.

એનું મન કહેતું હતું : એક વરસથી દેવામાંથી છૂટ્યા છીએ અને ચારસો પાંચસોની રોકડેય ભેગી કરી છે. મુખીના કહ્યા પરમાણે કરતાં વખત છે ને હજાર રૂપિયાનું દેવું થઈ જાય તોય શું? આવનારી ઘર હાચવશે ને બપોરનો રોટલો ખેતરમાં પહોંચાડશે તો થોડું વૈતરું વધારે કૂટી લઈશું. ક્યાં કોના ખેતરમાં મજૂરી કરવાની છે? ભગવાન કરશે તો વરહવંટોળમાં દેવામાંથી છૂટા થઈ જઈશું.

અને એટલે જ એણે કહ્યું ને : 'મુખી, આજે તો તમારે મોઢે જ ફોડ પડાવવો છે. વખત છે ને બસેં પાંચસેં વધારે થાય તોય વાંધો નહીં.'

મુખી આ સીધા સાદા માણસ સામે તાકી જ રહ્યા. 'ત્યારે સાંભળો, જેટલી તમારી પાસે તેવડ હોય એટલાનું જ પલ્લું કરજો. કોકને ત્યાં ખાતું પાડીને કશું કરાવવાનું હોય તો મારે વાલની વેંટીય ન ખપે. તમારું ને મારું બેયનું હારું દેખાય એટલી જણસો હું અહીંથી ઘડાઈ લઈશ, જાવ.'

જે સાંભળ્યું એ ન માનવાને કારણ ન હતું છતાં ગેકળને મુખીની આ વાત ગળે કેમેય ઊતરી નહીં. એણે કહ્યું : 'મુખી, સાવ એમ તે હોય! તમારા ઘરને હિસાબે તો મારે પલ્લુ ચઢાવવું જ પડે ને!'

'એ વાતની તો ક્યારનીય પૂરી થઈ ગઈ. હવે બીજી કોઈ વાત કરો. તમે ચોખવટ કરાવી એટલે મેં ચોખવટ કરી. હવે એમાં વાલેય વધારે કે ઓછો નહીં ચાલે. જો ખાતું પાડીને એક વાલેય ઘડાયેલો જાણીશ તો પછી એ બધીય જણસો મારે મન માટી બરાબર.' મુખીએ કહ્યું.

'આ તો પેલી મીંયાંવાળી વાત થઈ લેને ગઈ પૂત ઓર લે આઈ ખસમ. મેં કહ્યું મુખીનું મન જાણી આવું. એમના ઘરને હિસાબે બે તોલા વધારે કહેશે તોય વાંધો નહીં. બે વરસ વધારે મજૂરી કરી લઈશું. પણ તમે તો મારે બોલવા જેવું જ ના રાખ્યું.' ગોકળે હોકાના છેલ્લા બે દમ મારી લેતાં ઉમેર્યું : 'હું અવે ઊઠું, વેળા છતાં ઘેર પહોંચી જવાય.' કહેતાં તેણે ઊઠવા કર્યું પણ મુખીએ એને હાથ પકડી ખેંચી પાડ્યો.

'એમ વાળું કર્યા વના તે જવાતું હશે! વેવાઈને નાતે તમે આજે મરે ઘેર પહેલી વખત આવ્યા છો તે એમ મોં મીઠું કર્યા વગર જવાતું હશે?'

'મોઢું તો મુખી તમ જેવા વેવાઈ મલ્યા તારથી મોંઠું થઈ જ ગયું છે. પણ મારેય પાછી તૈયારીઓ કરવાની ને. એટલે આજે તો તાણ ન કરો તો જ સારું.' ગોકળે કહ્યું.

'તમારી એ વાત સાચી છે એટલે તમને આજે બહુ નહીં રોકું પણ એમ વાળુ કર્યા વના જવાય નહીં દઉં. આપણે વાડી હુધી આંટો મારતા આવીએ ત્યાં લગણ ખાવાનું તૈયાર થઈ ગયું હશે. પછી વાળુ કરીને તમે નીકળો. મારી ઘોડી લઈ જજો એટલે દીવા થતા મોર્ય તમે ઠેંકરિયે.' હવે ગોકળને ના કહેવાપણું રહ્યું જ ન હતું.

વાડીએથી પાછા વળતાં ગોકળે કહ્યું : 'ઘોડીની કશી જરૂર નથી. હજુ તો ભગવાનની દયાથી પગ હબધા છે.'

'પગ તો ઘરની ભેંસોનાં દૂધઘી ખાતા હોઈએ એટલે હો વરહ હુધીય હબધા રહે પણ પગ હબધા હોય એટલે ઘોડે ના બેહાય એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે?'

‘શાસ્તર તો મુખી તમ જેવા ભણેલાને ખબર્ય હોય. આપડી તો સીધી વાત છે મારે ઘોડે ચઢવું પડે એવું મોડું થવાનું નથી. હું તમારી ઘોડી લઈ જાઉં ને કાલે બપોર હુધીમાં પાછી આવે ત્યાં સુધી તમારું કામ ખોટી થાય, એવું શું કા કરવું?’

‘પણ કાલે બપોરેય ઘોડી પાછી મોકલવાની શી જરૂર છે? મારા મનથી એમ કે તમે ઘોડી લઈ જાઓ તો કામની ધમાલમાં જમઈને દોડાદોડમાં કામ લાગે. મારે ત્યાં તો બેઠી બેઠી ચણા ખુટાડે છે.’ મુખીએ કહ્યું.

‘ના, ના, એવી કશી જરૂર નથી. અને એમાંય મારાથી તમારી ઘોડી ના લઈ જવાય.’

‘કેમ ના લઈ જવાય?’

‘મારું મન પાછું પડે છે.’

‘ભલા માણસ, હું તમને મારું ઘોડું મહિના માસ માટે આપું છું, કાંઈ કાયમ માટે આપી નથી દેતો. અને કદાચ આપી દઉં તોય મને અને તમને ઘટારત છે.’ મુખીએ કહ્યું.

‘તોય ના, તમે કે’નારા કહી રહ્યા?’ કશો જવાબ ન સૂઝતાં ગોકળે નન્નો વાસવામાં જ સાર જોયો.

‘ટીક તમારું મન ન માનતું હોય તો એમ રાખો. ઘોડું છેક ઘર હુધી ના લઈ જશો, ભાગોળેથી ગળે લગામ વીંટીને પાછું તગડી મૂકજો. એ સીધું અહીં આવતું રે’શે.’

‘પણ એવું જોખમ લેવાની શી જરૂર? ક્યાંક આઘું પાછું જાય કે કોકની નજર બગડે તો —’

‘એમાં જોખમ શાનું? મથુર મુખીનું ઘોડું કોઈ ના હંઘરે. તમતમારે એવી કશી ફકર્ય ના કરશો.’ મુખીએ સ્વમાનના રણકાર સાથે કહ્યું. ગોકળથી એ ક્યાં અજાણ્યું હતું?

પછી ઘર આવતા સુધી ગોકળ કે મુખી વચ્ચે કશી વાત ન થઈ. આખે રસ્તે ગોકળ મુખીના સ્વભાવના ને મુખી ગોકળની નિખાલસતાના વિચારો કરતા રહ્યા.

એ સાંજે વાળુ કર્યા પછી ભાગોળ સુધી વળાવવા આવેલા મુખીને ગોકળે કહ્યું : ‘મુખી, આપણો નાતો કાયમ આવો મેઠો રે’ એટલા હાટુ, મારી કદીક ભૂલ થતી હોય તો મને ટોકજો પણ આ મેંઠાશ —’

‘એ મેંઠાશ તો મેંઠાશ જ રહેશે. ઉંમરમાં તો તમે મારાથી મોટા છો. તમારે મને ટોકવાનો હોય. લ્યો, ત્યારે આવજો વેવાઈ. ને મારું માનો તો ઘોડું પાછું ના મોકલશો. આ કાંમની ધમાલ્યમાં—’ મુખીએ કહેવા કર્યું.

‘જ્યારે મારો હક થતો હશે તારે હું ના નહીં પાડું. પણ આજે તો નહીં જ. આવજો.’ ગોકળે કહ્યું ને ઘોડીને એડી મારી.

હવે ઘર તરફ પાછા વળતાં પેલા ચિંતા કરવા ટેવાયેલા મનને બીજી ચિંતા પજવતી હતી : દેવું કર્યા વગર શું થઈ શકે?’

અનુક્રમ ➔

## ૪. પાઘડી આવી

ને પછી તો જાણે ગોકળના પગમાં વીજળીનો સંચાર થયો. ડેમારીથી તેની બહેન જીતાય આવી ગઈ. જીતા તો ભાઈના વિવાહની વાત જાણીને દોડતી જ આવી પહોંચી હતી. ભાઈ ભત્રીજો હાથે રોટલા બાળી ખાતા હતા એ જોઈ એનું તો કાળજુ ચિરાઈ જતું હતું પણ થાય શું? એને ત્યાંય પચીસ વીઘાં જમીન અને દશ માણસનું કુટુંબ અને એટલાં જ બીજાં ઢોર-ઢાંખરનું ટંટળ હતું. એ એના એ ટંટળમાંથી નવરી થાય તો ભાઈ-ભત્રીજાના દુઃખમાં ભાગ પડાવે ને!

આવતાંની સાથે જ એણે ઘરમાં સાફસૂફી શરૂ કરી દીધી હતી. જીતા આવતાં પાડોશમાંથી મંછી ને ચંચીય આવી ગયાં હતાં ને બધાં જે હાથ લાગ્યું એ કામ લઈને વળગી પડ્યાં હતાં. ને એક જ દિવસમાં ઘરની તો જાણે સૂરત જ પલટાઈ ગઈ હતી.

બીજે દિવસે હજુ સવારેય નહોતી પડી ત્યાં શીવોરાત ને એની વહુ શકરીય વગર બોલાવ્યે આવી પહોંચ્યાં હતાં ને પોતાને લાયક કામમાં વળગી પડ્યાં હતાં.જે કોઈ કામમાં લાગ્યાં ન હતાં એમણેય ગોકળને કહેવડાવ્યું તો હતું જ કે એમનું કોઈ કામ હોય તો અડધે સંદેશે આવી પહોંચશે.

ચાર દિવસમાં તો ગોકળ ગામમાં લગભગ બધાં જ ઘર ફરી વળ્યો હતો. બધાંને એણે પાઘડી ટાણે આવવાનાં નોતરાં આપી દીધાં હતાં તો કોઈકને એને લાયક કામ પણ વળગાડી દીધું હતું.

સૌથી પહેલાં એ અદાને ત્યાં ગયો હતો : 'અદા, આપડા ગેંદાલાની પાઘડી આવવાની છે તે _' કહેતાં ગોકળ અચકાયો. ગામડાના આ સામાજિક જીવનમાં આવો આમંત્રણ આપવા જેવો શહેરી વહેવાર હજુ પ્રવેશ્યો ન હતો અને કદાચ હોય તોય ગોકળ આવા ઔપચારિક વહેવારમાં ઘણું ઓછું આવ્યો હતો એટલે એ વહેવાર એને કોઠે પડ્યો લાગતો ન હતો. એટલે બધાને કેમ કહેવું ને શું કહેવું એ હજુ એને સમજાતું ન હતું.

તેની મૂંઝવણ પારખી જતાં અદાએ કહ્યું : 'એટલે એ દા'ડે હવારથી જ મારે તારે ત્યાં ડેરા નાખવાના છે એમ જ ને! હેંડ, તારા ને ગેંદાલાના નસીબમાંથી ચૂલો ફૂંકવાનું ટળ્યું. અલ્યા કોને ઘેરથી પાઘડી આવવાની છે?' જે વાતની ગામ આખાને ખબર હતી એ વાતની અદાને જ કાબર નહોતી. એ ચોતરે બેસતા ન હતા કે કોઈ એમને કહે એવો દોસ્ત પણ ન હતો કે એમને ખબર પડે.

નામ કહેતાં ગોકળનું મોં હસી ઊઠ્યું : 'પરમેસરિયાના મથુર મુખીને તાંથી. તમારે તો એ ઘર હાર્યે વરસોનો નાતો એટલે તમારાથી એ કંઈ અજાણ્યું છે? તમે તો એ છોડીને જોઈએય હશે.'

ગોકળનું બોલવું સાંભળતાં જ અદા એક વખત તો ગમ ખાઈ ગયા. એમને એક વખત ફરીથી નામ પૂછીને ખાતરી કરી લેવાનો વિચારેય મનમાં આવી ગયો પણ પછી તરત જ સ્વસ્થ થઈ જતાં એમણે કહ્યું : 'મથુર મુખીનું ઘર! અલ્યા, તારા જેવો નસીબદાર કોણ? ને છોડીય ઘરમાં અજવાળું કરે એવી છે. આવડી અંગૂઠા જેવડી હતી ત્યારથી હું એને જાણું ને. એની મા પાછી થયા પછી મુખીએ બીજું ઘર નથી કર્યું પણ આ છોડીએ આખુ ઘર હાચવી લીધું છે.' અદાએ કહેવા ખાતર મોઢા પર કહ્યું તો ખરું પણ એમના મનનો એક અજ્ઞાત ખૂણો ચણચણી ઊઠ્યો.

એમને આમ થાય એની પાછળ ઘણાં કારણો હતાં. એમાંનું પહેલું અને મુખ્ય કારણ તો એ હતું કે મુખીએ એમને પૂછ્યા વગર જ ઠીંકરિયામાં ઘર ગોત્યું હતું. બીજું કારણ એ કે ગોકળ છેલ્લાં બે વરસથી સ્હેજ તરતો થયો હતો એ એમનાથી દેખ્યું ખમાતું ન હતું. ત્રીજું કારણ એ કે મથુર મુખી જેવા વગદાર માણસની છોડી એમના ગામમાં આવે એ વાત એમને ગોઠતી ન હતી.

ને એમના મનને છાને ખૂણે ડોકિયું કરીને કોઈ જુએ તો ખબર પડ્યા સિવાય ન રહે કે એ

છેલ્લાં બે વરસથી એ પોતાના દીકરા લક્ષ્મણ માટે મુખીનું ઘર વિચારતા આવ્યા હતા. પણ એમની એ વાતમાં જાણે ચોથો પાયો જ ન હતો એટલે એ વાત એમણે મનને એક ખૂણે જ દબાવી રાખેલી હતી.

'તારે હું ઊઠું હવે.' કહેતાં ગોકળ ઊઠ્યો. અદાના હૈયાની તપતી લોઢી પર પાછો છમકારો થયો.

પણ સાત વાણિયા ભાગીને ભગવાને જેને ઘડ્યો હતો એવો આ માણસ મનના ભાવ મોં પર આવવા દે ખરો? મોઢું મલકાવીને એમણે કહ્યું : 'હા, હવે તો તારેય કામની ધમાલ પહોંચવાની. અહીંથી તારે જે કાંઈ જોઈએ એ શરમાયા વગર મંગાવી લેજે. તારેય વધારે નહીં તોય મથુર મુખીના નામ પ્રમાણે ખરચપાણી કરવાં પડશે ને!'

'તમારી દયા છે. કાંઈ જોઈતું હશે તો માગી જઈશ.' ઊઠતાં ગોકળે કહ્યું. ને અદાની ડેલીની બહાર નીકળી એ કસ્તૂરચંદ શેઠની દુકાન તરફ ચાલ્યો.

શેઠના ચોપડામાંથી એણે બે વરસ થયાં નામ કઢાવી નાખ્યું હતું. શેઠે તો એને બહુએ કહ્યું હતું કે લેવડદેવડનો વહેવાર તો પેઢીગત સંબંધ કહેવાય અને એને બંધ ના કરાય, પણ ગોકળ માન્યો ન હતો ને એણે હિસાબ ચૂકતે કરી એ પેઢીગત વહેવારનું ખાતું બંધ કરી દીધું હતું. ને કચવાતે મને શેઠે એ ખાતા પર ચૂકતેનો શેરો માર્યો હતો. ને શેઠની દુકાનનાં પગથિયાં ઊતરતાં ગોકળ મનમાં જ બોલ્યો હતો : 'હવે આ જનમમાં તમારા ચોપડામાં ગોકળ અંગૂઠો પાડે એ વાતને હો(સો) ગાઉનાં છેટાં.'

આ આખોય પ્રસંગ જાણે હજુ કાલે જ બન્યો હોય એમ ગોકળ અનુભવી રહ્યો. મથુર મુખીએ એને જો વચને ન બાંધ્યો હોત તો ગોકળ ગજા ઉપરવટ જઈને પલ્લુ કરત અને એ ખર્ચને પહોંચી ન વળાતાં કસ્તૂરચંદ શેઠના એ ચોપડામાં પાછો અંગૂઠો ચાંપી આવ્યો હોત. આ બધ્ધું વિચારતાં ગોકળ મલકાઈ ઊઠ્યો. મથુર મુખીની વહાલભરી શરતથી એનું મન મહેંકી ઊઠ્યું.

ગમે તેમ તોય અત્યારે એ શેઠની દુકાનનાં પગથિયાં આજે ચઢી જ રહ્યો હતો. હા, એક ગરજાઉ ખાતેદાર તરીકે નહીં પણ વહેવારુ માણસ તરીકે.

શેઠ ખોળામાં તકિયો રાખી એના પર ચોપડો મૂકી ધોળા પર કાળું કરી રહ્યા હતા. ગોકળને જોતાં જ એમનું મોં હસી ઊઠ્યું. એના આવાવાનો હેતુ એમણે મન ગમતો જ કલ્પી લીધો. ને મોં પરના હાસ્યને બેવડાવતાં એમણે ચોપડાની માયા સંકેલી લીધી.

તકિયો એક તરફ મૂકતાં એ બોલ્યા : 'આવ, આવ, ગોકળ બહુ દા'ડે આ ગરીબ વાણિયાને યાદ કર્યો. કહે કોઈ કામ છે મારા જોગું?' ને ગોકળને નીચે બેસવા જતો જોતાં એમણે મીઠાશ વહેતી મૂકી. 'અરે, આવ અહીં ગાદી પર બેસ. તારે માટે તો જગ્યા કરી.' કહેતાં તેમણે એક તરફ ખસવાનો દેખાવ કર્યો. ગોકળની જગ્યાએ કોઈ બીજો માણસ હોત તો એના ધ્યાન પર એ વાત આવી જ ગઈ હોત કે આઘા ખસવાના એ દેખાવ પછીય શેઠ ગાદી પર એક તસુય આઘા ખસ્યા ન હતા. પણ આજે ગોકળ એ જોવા જેટલો નવરો ક્યાં હતો?

'શેઠ, આપડા ગેંદાલાની પાઘડી આવવાની છે તે _'

'ગેંદાલાની પાઘડી! અલ્યા ક્યારે?' શેઠે ગોકળનું બોલવું પૂરું થાય તે પહેલાં જ પૂછી નાખ્યું. એમના મનમાં થઈ ગયું કે ગોકળના અંગૂઠાની છાપ એમના ચોપડામાં જાણે આવી જ ગઈ.

'ગુરુવારને દા'ડે હવારની વેળામાં. તે હું તમને એ કહેવા આયો હતો કે તમારે એ દા'ડે હવારથી જ મારે ત્યાં ધામા નાખવાના. કોક આવેજાય તોય તમારા જેવા મોભી હાજર હોય તો રૂડું દેખાય ને મારા જેવા ગરીબનો અવસર દીપે.'

'લે, રાખ મોટો ગરીબ ના જોયો હોય તો! તારે ને મારે કાંઈ આજકાલનો વહેવાર છે. તારા

દાદાના લગનમાંય મારા દાદા ખડે પગે ઊભા રહ્યા હશે ત્યારનો આપણો સંબંધ એટલે તેં ના કહ્યું હોત તોય મારાથી આવ્યા વગર રહેવાત? મને કાલ્યે જ ખબર પડી ગઈ હતી. મુખીને ત્યાંથી પાઘડી!' શેઠે પૂછ્યું. ગોકળ ખરેખર ગરીબ નહોતો એ વાતે શેઠના મનમાં થોડો કોદ પેદા કર્યો. પણ મનની એ વાત શેઠના મોં પર દેખાય ખરી?

'હા, પરમેસરિયાના મથુર મુખીને ઘેરથી.' ગોકળે કહ્યું. મથુર મુખીનું નામ બોલતાંય ગોકળનું મોં હસુ હસુ થઈ રહેતું હતું એને મહાપરાણે એ કાબૂમાં રાખી રહ્યો હતો. એની એકલાની જ ક્યાં વાત હતી? જે કોઈ આ સંબંધની વાત જાણતા એ બધા ગોકળ ને ગેંદાલના સદ્નસીબની વાત કર્યા સિવાય ક્યાં રહેતા હતા?'

'તેં તો કમાલ કરી. મથુર મુખીના જેવું ઘર! તારો ગેંદાલો મારો વા'લો નસીબદાર તો ખરો.'

'ઉપરવાળે બેલાં બાંધ્યાં હોય એમ થાય.' ગોકળે જવાબ ન સૂઝતાં તત્ત્વજ્ઞાન ઉચ્ચાર્યું.

'તો મથુર મુખીને ત્યાંથી પાઘડી આવશે. જો આવો અવસર ફરી નથી આવવાનો. ને તારે તો છોડી ગણો કે છોકરો આ એક જ છે. સામે મથુર મુખીના જેવું ઘર છે એટલે વે'વાર કરવામાં કશી કસર ના રાખતો. એમના ને તારા બેય ઘરને શોભે એવો વેવાર કરજે.'

'એમાં તમારે કાંઈ કહેવું નહીં પડે, પણ —'

'અરે, પણ ને બણ. વખત છે ને તારે પાંચ હજાર રૂપિયાની જરૂર પડે તોય મારી પાસેથી લઈ જજે. પછી છે કાંઈ? તેં પેઢીગત ખાતું બંધ કરાવીને વહેવાર બંધ કર્યો પણ અમારાથી કાંઈ તારા જેવા થવાય છે? અમારે તો વહેવાર જાળવવાનો જ ધરમ. બાકી પાંચ-પચીસ રૂપિયા વત્તા કે ઓછા ખાતે ચાલતા હોત તો એમાં કંઈ દોકડાનાં વ્યાજ ચઢી જવાનાં હતાં? પણ ભૈ, તું અમારું માને તો ને!'

'એ તો થવાકાળ થયા કરે છે, શેઠ. એ વખતે મનમાં એમ ઊગી ગયેલું કે હવે ઊંમર થઈ એટલે જેટલું થાય એટલું ઓછું કરેલું હારું. મનખા દેહનો કંઈ ભરોંસો છે?'

'લે, બેસ હવે મોટો ઊંમરવાળો ના જોયો હોય તો! તું તો મારાથીય બેચાર વરસ નાનો હોઈશ.'

'તોય શેઠ હું ખખડી ગયો છું ને તમે —! પણ એ તો હૌહૌના પુન્યના પરતાપ છે. લ્યો, હવે હું ઊઠું. પણ તમારે ગુરુવારને દા'ડે હવારથી જ મારે ત્યાં ધામા નાખવાના છે એ ભૂલશો નહીં. આવાં કામમાં તમને વધારે હમજણ પડે.' કહેતાં ગોકળ ઊભો થયો.

ઉંમર અને કાઠાની સરખામણીમાં આજે એનું મન ઊતરી શકે તેમ ન હતું, નહીં તો એને લાગ્યું જ હોત કે પેલું પેઢીગત વહેવારનું ખાતું ચૂકતે થયું એ પહેલાં ગોકળે પોતાના આયખામાંનાં ઓછામાં ઓછાં પાંચ વરસ શેઠને ત્યાં વ્યાજ પેટે જમા કરાવી દીધાં હતાં.

'એ તો હું આવીશ જ ને. પણ તુંય ખાતરી રાખજે કે આ પેઢીનાં બારણાં તારે માટે કાયમ ખૂલ્લાં જ છે. તું મારે મન પારકો નથી. તારે જે કાંઈ જોઈતું હોય એ બેધડક મંગાવી લેજે. જરાય અચકાતો નહીં.' શેઠે ગોકળને પોરસાવ્યો. એમના ચપડામાં ગોકળનો અંગૂઠો આવી જવાની ખાતરીનો જ આ ઉમળકો હતો.

આમ છતાંય દૂકાનનાં પગથિયાં ઊતરતાં ગોકળને લાગતું હતું કે શેઠના જેવું ભલું માણસ આખી દુનિયામાં શોધ્યુંય જડે એમ ન હતું.

આ તરફ ગોકળ ઘેરઘેર ફરીને બધાને પાઘડી ટાણે આવવા આમંત્રણ આપી રહ્યો હતો ને બીજી તરફ અદાનો જીવ કળિયે કપાતો હતો. એવામાં એમનો દીકરો લક્ષ્મણ કાંઈક પૂછવા આવી ચઢ્યો.

એનું પૂછવાનું તો બાજુએ રહ્યું ને અદાએ એને જ પૂછ્યું : 'તે તું આમ જ મુખીપણું કરવાનો

કે? 'લ્યા પેલા ગોકળિયાના ગેંદાલાની પાઘડી આવે છે એની તો તને ખબર્ય છે ને?'

'હોવે, ના કેમ જાણું? મથુર મુખીને ત્યાંથી આવવાની છે.' ભોળા ભાવે લક્ષ્મણે કહ્યું.

'એની તો મનેય ખબર છે. આપણી હાર્યેના આટલા બધા મેળ છતાંય મુખી આપણે કાને વાત નાખ્યા વગર આપણા ગામના કોઈકના ઘરનું પાણી પીવે અને આપણને વાત પણ ન કરે તો તું મુખીપણું કરી ર'યો, ગગા.'

'પણ અદા આ વાત જ હમણાં બહાર આવી. વાત નહીં વતેસર નહીં ને મુખીએ એકદમ આમ કેમ કર્યું એની તો મનેય ગડભાંજ હતી. તમે કહેતા હો તો હું હમણાં જ પરમેસરિયે જઈને એમને પૂછી જોઉં કે _'

'જોજે ચડભડતો નહીં. કળેકળે વાત કઢાવજે. વચમાં મારું નામ ઘાલીશ નહીં ને વખત છે ને ઘાલવું પડે તો એટલું જ કહેજે કે અદાએ આ વાત હજુ જાણી નહીં હોય નહીં તો એ પંડ્યે જ તમારી પાસે આવ્યા હોત.' અદાએ છેલ્લી શિખામણ આપી ને સ્વગત બબડ્યા : 'આ છોડી આ હવેલીમાં વહુ થઈને આવત જો આ મૂરખાએ મને વેળાસર ચેતવ્યો હોત તો.'

એમના આ ચડભડાટના કેટલાક શબ્દો લક્ષ્મણને કાને પડ્યા ને એના હૈયામાંથી એક નિસાસો નીકળી ગયો. મોટી મોટી ડાંફો ભરતો એ તબેલામાં પહોંચ્યો ને બીજી જ પળે ઘોડો દબડાવતો એ પરમેસરિયાને મારગે ઊપડ્યો.

એ પરમેસરિયે પહોંચ્યા ત્યારે મથુર મુખી ઘેર હતા. બીજા બેચાર કુટુંબીઓ પણ હોકા ગગડાવતા એમની પાસે બેઠેલા હતા. એ બધા અદા ને લક્ષ્મણને ઓળખતા હતા. લક્ષ્મણને જોતાં જ મથુર મુખી હસી ઊઠ્યા : 'આવ, બેસ. કાંઈ બહુ દા'ડે આ મુખીકાકો સાંભળ્યો!'

'આ બાજુ નીકળ્યો હતો તે થયું લાવ, મુખીકાકાના ભણી થતો આવું. ને તેમાંય હરખાના વિવાહની વાત જાણી એટલે થયું કે તમારી હરુભરુ થતો આવું.'

'હારૂં થયું કે તું આવી ગયો. હું અદાને હેંડો મોકલવાનો જ હતો કે કાલ્યે પાઘડીમાં અમારા તરફથીય તમે બેય હાજે રહેજો.' મુખીએ કહ્યું. લક્ષ્મણ વિચારમાં પડ્યો. વાત કેમ આગળ વધારવી એની જ એને વિમાસણ થઈ પડી.

છતાં એણે મોં ઠાવકું રાકીને કહ્યું : 'પહેલાં તો મને થયું કે વાત કદાચ સાચી જ નહીં હોય. નહીં વાત નહીં વંટોળ ને _'

'વરહ આખાથી અદાને કાને વાત નાખી હતી કે કોઈ હરું ઠેકાણું હોય તો બતાવો, પણ તમારી ઊંઘ ના ઊડી. પછી મારે_'

'પણ એમ આંધળિયાં કરાતાં હશે? અદાની ઊંઘ નહોતી ઊડી એમ નહીં પણ મથુર મુખીના બરનું ઘર હોધતા હતા.'

'તારે હવે મને એ કહો કે ગોકળ અમરસંગના ઘરમાં શી ખામી છે? દસબાર વીઘાં ભોંય છે. ગામમાં ઘર છે ને બે પાંદડેય ખરો. ને મૂરતિયો તો આખા પંથકમાં બતાવો મને બીજો એના જેવો.' મુખીએ ગુસ્સાને કાબૂમાં રાખતાં કહ્યું. આજનો લક્ષ્મણ તેમને નહોતો સમજાતો.

'એ તો બધું બરાબર પણ અમારી નજર નીચે _ કોક દિવસ તમારે જ અમને કહેવાનું થાય કે _ હાચું કહું છું, અદાએ હજુ વાત જાણી નહીં હોય નહીં તો એ પંડ્યે જ અહીં તમને મલવા આવ્યા હોત.' લક્ષ્મણે અદાનું નામ વટાવવા કર્યું.

મુખીની નજરો ઝીણી થઈ. એક વખત તો એમના મનમાં થઈ ગયુંય ખરૂં કે લક્ષ્મણને રોકડું જ પરખાવી દે. પણ પોતાના ને અદાના ઘર વચ્ચેના નાતાને યાદ કરી એ ગમ ખાઈ ગયા. એમણે પૂછ્યું : 'પણ એનું કોઈ કારણ તો હશે ને!'

'કારણ તો બીજું કંઈ નહીં પણ એ ઘર અમારી નજરમાં વસતું નથી.' લક્ષ્મણે કહ્યું. અદાની હવેલી એમની નજરમાં વસતી હતી એ વાત કહેવાની તો એની હિંમત જ કેમ ચાલે? એ પોતેય ક્યાં મનથી એવું માનતો હતો? પણ અદાની ટકોરે એને એવું વિચારતો કર્યો હતો.

મનની એ વાત જો કરી હોય તો મુખી શું કહે એના કરતાં અદા શું કહે એ પ્રશ્ન એને ડરાવી રહ્યો. ને એણે એ વાત મનમાં જ દાબી દીધી.

'તમારા મનમાં ના વસતું હોય તો હવે વસાવજો. મથુર મુખીનો સંબંધ હશે ને અદાનો ભાવ હશે તો એ ઘર વરહવંટોળમાં પાંચમાં પુછાતું થઈ જશે.' મુખીએ કહ્યું.

'ધણીને જૂઝયું એ ઢાંકણીમાં. પણ આ તો અમને તમારું ગઝે એટલે વાત કાઢી. બાકી અમારા ગામની વાત કરતા હો તો એ ઘર આમારા પછી બીજે નંબરે આવે એ વાત હાચી.' લક્ષ્મણે જીભ કચરી.

'અને બહાર?'

'બહાર તો એની બરોબરીનાં બહુએ ઘર _'

'ને વર? ગેંદાલની બરોબરીનો કોઈ છોકરો છે તારી કે અદાની ધ્યાનમાં?'

'એમાં તો મારાથી બીજું બોલાય એવું નથી. એના જેવો છોકરો તો ફરતાં ગામમાં બીજો દેખાતો નથી.' કહેતાં લક્ષ્મણે કાનની બૂટ પકડી.

'તારે, ભાઈ, જોવા પૂરતું ઘર જોઈએ એ બરાબર છે, પણ છોડી પૈણાવાની છે તો મૂરતિયા હાર્યે ને! ઘર આપડા મોભા પરમાણેનું નહીં હોય તો કંઈક આપડા સંબંધથી ઊંચું આવશે ને બાકી હશે એ છોકરાની લાયકાતથી. અદાને કહેજો કે હું એમની લાગણી હમજુ છું પણ છોકરો મારી નજરમાં વસ્યો છે એટલે _'

_ ને લક્ષ્મણ ઊઠ્યો. એના મનમાં મુખીની વાતથી ઝેર તો એવું વ્યાપી ગયું હતું કે એક વખત તો એને એમ પણ થઈ ગયું કે એ મુખીને કહી દે કે જો એમની ઉપરવટ જઈને એમના ગામમાં સંબંધ બાંધશે તો અદાને ને એમને પછી સારાવાટ નહીં રહે. પણ એવું સામે મોંએ કહેવાની એનામાં હિંમત નહોતી.

ઘેર જઈ એણે અદાને બધી વાત કરી તો અદાએ પણ એનો ઊધડો લીધો.એનો એમાં વાંક હોય કે ના હોય પણ અદાએ તો હરખાના આ વિવાહ માટે એને જવાબદાર ગણ્યો ને ઝાટક્યો.

આમ તો લક્ષ્મણને હરખા ને ગેંદાલના આ વિવાહમાં કશું અજુગતું લાગ્યું ન હતું. જો અદાએ પેલો મમરો ના મૂક્યો હોત તો એને એક આબરૂનો અવસર ગણાવીને એણે ગેંદાલને અભિનંદન પણ આપ્યાં હોત.

પણ અદાએ એને જે રીતે વાત કરી અને ઝાટક્યો એનાથી એને પોતાની કાયરતાનું ભાન થયું. મુખીએ ટીકરિયામાં એમને પૂછ્યા સિવાય સંબંધ બાંધ્યો એ અદાના ગુસ્સાનું મુખ્ય કારણ હોય પણ એ છોડીને આ હવેલીમાં વહુ તરીકે લાવવાના એમના મનોરથથી જાણે લક્ષ્મણ મનોમન પોરસાઈ રહ્યો ને એ તક હાથમાંથી નીકળી જતાં એમાં એને પોતાની જ ભૂલ દેખાવા લાગી. જે આજ સુધી સ્વપ્નેય વિચાર્યું ન હતું એ એના વિચારમાંથી હવે ખસતું ન હતું ને એનાથી એને પોતાના પર ગુસ્સો આવતો હતો.

અનુક્રમ ➔

## ૫. ઘૂઘરમાળ

આખું ઠીંકરિયું ગામ ગેંદાલના લગનની ધમાલમાં પડી ગયું હતું. એક તો ગોકળ ગામ આખાને ભાવતો માણસ હતો ને ગેંદાલ એના જુવાનિયા ટોળાનો મોભી હતો, અને એથીય મોટી વાત તો એ હતી કે ગેંદાલની જાન બીજા કોઈને ત્યાં નહીં પણ પરમેસરિયાના મથુર મુખીને ત્યાં જવાની હતી. પછી ગામના દરેક જણને એમાં પોરસ ચઢે એ વાતની શી નવાઈ!

અલબત્ત અદાની ને લક્ષ્મણની સમજણમાં ફેર હતો. અદાએ લક્ષ્મણને મુખીની આ છોકરી માટે લાયક ગણ્યો જ ન હતો. એમના આવા વલણ પાછળ ઘણાં કારણ હતાં. એક તો લક્ષ્મણ ઉંમરમાં હરખાથી લગભગ બમણી ઉંમરનો હતો. બીજું એ કે એ બીજવર હતો અને એને ઘેર હરખા જેવડી તો દીકરી હતી. પછી મથુર મુખી જેવો પહોંચતો માણસ આવા આધેડ અને બીજવર સાથે પોતાની દીકરી ન જ પરણાવે એ વાત મનમાં રાખીને અદાએ આજ સુધી મુખીને આ અંગે ખાલી ઈશારોય કર્યો ન હતો.

પણ એમણે મુખીની પાસે પોતાના લક્ષ્મણ માટે હરખા માગી ન હતી અને મુખીએ એની ના પાડી ન હતી એટલે આજે અદાને મુખીનું ઘર હાથમાંથી સરકી જતું લાગ્યું હતું. એટલે જ આજે તેમને લાગતું હતું કે ગોકળનું ઘર મુખીના ઘરની તોલે ન જ આવે. હા એમની હવેલી મુખીના ઘરની તોલે આવે એ વાત એ મનમાં વાગોળ્યા સિવાય રહી શકતા ન હતા. પણ હવે તેમનાથી કોઈ રીતે ઉઘાડા ઉઠાય એવું રહ્યું ન હતું.

લક્ષ્મણને તો બે વાતનું દુઃખ હતું. એક તો હરખા જેવી છોડી હાથમાંથી ગઈ એ વાતનો એને રંજ હતો તેમાં અદા એને ટોણાં મારતા હતા એય એનાથી વેઠાતાં ન હતાં. અદાની ને એની ઉપેક્ષા કરીને મુખીએ ઠીંકરિયામાં ઘર ગોત્યું હતું. લક્ષ્મણ આનો બદલો કેવી રીતે લેવો અને અદાની નજરમાં પોતાની છાપ પાછી ઊભી કેમ કરવી એની મથામણમાં ગૂંચવાઈ રહ્યો હતો. એના મનમાં કેટલીય યોજનાઓ ઘડાતી હતી અને ભંગાતી જતી હતી.

કસ્તૂરચંદ શેઠ આજે બમણા ઉત્સાહમાં હતા. ગોકળે પાઘડી વખતે તો પૈસા માગ્યા ન હતા પણ એમને મનમાં ખાતરી જ હતી કે લગન ટાણે એ અડધી રાતેય ચોપડો ચિતરાવ્યા વગર રહેવાનો ન હતો. એટલે હાથમાંથી સરકી ગયેલો અસામી હાથવેંતમાં ચોપડે ચઢી જવાનો હતો એ વાતે એ ઉત્સાહમાં હતા.

પણ એના કરતાંય વધારે ઉત્સાહ એમને એ માટે હતો કે એમની ઘૂઘરમાળને મુખીને ઘેર ઘી પાવાનો અવસર આવ્યો હતો. વાત એમ હતી કે એમણે બે મહિના પહેલાં જ નાઘોરી બળદોની એક જોડ લીધી હતી. ઠેઠ પાટણ જઈને શેઠે એ જોડને મૂલવી હતી ને ફાંટ ભરીને એના રૂપિયા આપ્યા હતા. કેટલાક તો કહેતાય હતા કે શેઠ ફાંટ આપીને આખું ગાડું જ ભરી લાવ્યા હતા.

ને એ જોડ હતી પણ એવી જ. વેંતવેંતની ઘાટદાર શિંગડીઓ, મદથી ઝૂકી ગયેલી કાંધો, રેશમશી સુંવાળી અને બરફશી સફેદ રૂંવાટી. જોડનાં બેયના આખા ડીલ પર એક રૂંવાડુંય કાળું કે રાતું ના મળે. પૂરી પાંચ હાથની તો બેયની કાયા હતી. ને ચાલ પણ એવી કે અમથાં ચાલતાં હોય તોય વેંતની દોઢ તો ખરી જ. ને ઘાટસિકકોય એવો કે બેમાંથી એકને જુદું તારવવું હોય તો અજાણ્યો માણસ તો ગોથું જ ખાઈ જાય.

શેઠે એ જોડના પંદરસો રૂપિયા આપેલા. પછી એ જોડના પ્રમાણેના શણગાર પણ એમણે પાટણનું સોની બજાર ખૂંદીને લીધેલા. બશેર બશેરની પીત્તળની સાંકળીઓ, મોતીએ ભરેલી મથરાવટી, અરે સવાશેર ચાંદી તો શેઠે એ બળદોની શિંગડીઓ મઢાવવામાં જ વાપરી નાખેલી.

અને આ બધાથી ચઢી જાય એવી એમણે બનાવરાવી હતી ઘૂઘરમાળ.

એક એક ઘૂઘરમાળમાં ચડતાઊતરતી બાવીસબાવીસ તો ઘૂઘરીઓ. ચાંદીથીય વધારે ચમકતી પૉલીશ કરેલી. દરેકનો રણકાર પણ નોખોનોખો. શેઠનું ગાડું કે હળલાકડું રસ્તેથી પસાર થાય તો એમ લાગે કે જાણે યુવતીઓનું આખું ટોળું ઝાંઝર ઝણકારતું સરી જતું ન હોય!

હા, એક મકના ઘાવેડુને એ જોડ ગમી ન હતી. એણે તો જોડને જોતાંની સાથે જ કહી દીધું હતું કે જોડયનાં બેઉ વાળણિયાં હતાં. (વાળણિયો એટલે એવો બળદ કે જેના પૂછડાના વાળ છેક જમીનને અડકતા હોય. આવો બળદ સુખસાહ્યબી વાળીને લઈ આવે કે પછી વાળીને લઈ જાય એવી માન્યતા ખેડૂતોમાં બહુ પ્રચલિત છે. મોટાભાગના ખેડૂતો એને ખોડ ગણે છે ને આવો બળદ ખરીદતા નથી.) શેઠના એકબે હજુરિયાએ એની આ વાત હસી કાઢતાં કહ્યું હતું : 'એ વાળણિયાં હશે તો શેઠને ત્યાં વાળીને લઈ આવશે.'

ગમેતેમ પણ આખું ગામ એ જોડનાં વખાણ કરતાં થાકતું ન હતું. અરે, કેટલાકે તો પેલી ચમકતી ઘૂઘરમાળને લઈને એ જોડને ઘૂઘરમાળ કહેવા માંડી હતી. પછી તો એ જોડનું નામ જ પડી ગયું હતું. સૌ એ જોડને હવે ઘૂઘરમાળ જ કહેતા હતા.

આજનો શેઠનો ઉત્સાહ હતો આ ઘૂઘરમાળને કારણે. ઘૂઘરમાળને ગામની બીજી જોડ્યોની સામે હોડમાં ઉતારવાનો મોકો શેઠને આજે પહેલી વાર મળવાનો હતો. અને તેય પાછો મથુર મુખીને જેવાને ત્યાં ઘી પાવાનો. જેનું ઘરેઘર કસ્તૂરચંદ શેઠને ઓળખતું હતું એવા પરમેસરિયાને પાદર ઘૂઘરમાળનો ડંકો વગાડવાનો. પછી શેઠનો ઉત્સાહ અછતો રહે ખરો?

શેઠનો તો શેઠનો પણ ગામને ચૌટે બેસીને તડાકા મારતા ગામલોકોનો ઉત્સાહેય ઘૂઘરમાળનાં વખાણમાં દેખાઈ જ આવતો હતો. હા, ગામના કેટલાક જુવાનિયાને ઘૂઘરમાળનાં આ વખાણ ખટકતાં હતાં. જેમને ઘેર ઘરઉછેરના બળદોની જોડ હતી, ફરકડી જેવું ગાડું હતું અને જેમને પોતાના બળદો ઘરનાં છોકરાં જેટલા જ વહાલા હતા એવા કેટલાય જુવાનિયા મનમાં કલ્પનાના ઘોડા દોડાવતા હતા. પણ ગેંદાલના દોસ્ત રઘલાના મનમાં આજે તરેહતરેહની યોજનાઓ આકાર લઈ રહી હતી. એને કલ્પનાના ઘોડા દોડાવવામાં રસ ન હતો. એને તો રસ હતો પોતાની ઘરઉછેરની જોડની દોડમાં.

કોઈને ત્યાં લગન લેવાય, છોકરાનાં લગન લેવાય એટલે વરનો બાપ ગામમાં વહેવાર પ્રમાણે, જાનમાં આવવાનું કહેવરાવી દે. પછી અંદાજ માંડે ને જાનમાં જેટલાં માણસ થવાનાં હોય એને હિસાબે ગાડાં જોડવાનું પણ ગામમાં કહેવરાવી દે. ગાડાં પણ જાનમાં આવનારા એ જાનૈયાઓનાં જ હોય. બધો જ ઉછીનો વહેવાર. જાનમાં જવું ને જાનમાં લઈ જવાં. જમવું અને જમાડવું. ગાડાં જોડવાં ને જોડાવવાં.

જાનમાં જોડાનાર બધાં ગાડાં વરપક્ષના ગામેથી એક સાથે જ રવાના થાય. પછી રસ્તામાં પોતપોતાનાથી બનતી ઝડપ કરી, એકબીજાની હરીફાઈ કરે. આમાં કન્યા પક્ષને ઉતારે જે ગાડું પહેલું પહોંચે એ ગાડાના બળદની જોડને કન્યાપક્ષ તરફથી ગામની વિજેતા જોડ તરીકે સ્વીકારવામાં આવે અને તે જોડના બેય બળદોને બબ્બે નાળો ભરીને ઘી પાવામાં આવે. બાકીના બધા બળદોને એકએક નાળ ઘી પાવામાં આવે ખરું પણ એ તો માત્ર વહેવાર પૂરતું જ ગણાય.

પછી બીજી જાન જોડાય નહીં ને બીજી કોઈ જોડ વિજેતા બને નહીં ત્યાં સુધી ગામની એ પહેલા નંબરની જોડ ગણાય અને એ જોડનો માલિક વટમાં છાતી ફુલાવીને ફરે.

રઘલાને આંગણે પણ ઘર ઉછેરની મઝાની જોડ હતી. પહેલાં રઘલાના બાપ ભગતે અને છેલ્લા એક વરસથી તો રઘલાએ એમને જાણે હથેળીમાં દાણ ખવડાવીને સાચવી હતી. એ જોડના બળદો હતા પણ એવા. જો ઘૂઘરમાળ ન હોય તો _

_પણ એ ઘૂઘરમાળ જાનમાં જોડાવાની જ હતી એમાં કોઈને શંકા ન હતી. ગામના લગભગ

બધાએ મનથી જાણે માની જ લીધું હતું કે આવખતનું ઘી ઘૂઘરમાળના નસીબમાં જ લખાયેલું હતું. હા, એક રઘલો છેલ્લા ચાર દિવસથી રઘવાયો થઈને ફરતો હતો. ઊંઘમાંય એને ઠીંકરિયાથી પરમેસરિયાનો પેલો રસ્તો દેખાતો હતો.

ઠીંકરિયાથી નદી સુધીનો લગભગ અડધો ગાઉ જેટલો રસ્તો પહોળોય ખરો ને વધારે વપરાશને કારણે સારોય ખરો. પછી આવે નદીનો પટ. એ પટમાં કડબ અને સાંઠી દબાવીને ગામલોકોએ બનાવેલો રસ્તો એક જ ગાડું પસાર થઈ શકે એટલો જ પહોળો. રસ્તાની બેય તરફ જાણે રેતીનો દરિયો. એક વખત ચીલો કાપવાની મમતમાં કોઈ એમાં ફસાય તો બળદોની સાથે ગાડામાં બેઠેલા બધા ઊતરીને ધકકા મારે ત્યારે ગાડું પરાણે બહાર કાઢી શકાય. ભલભલા બળદોનેય એમાં મોઢે ફીણ વળી જાય.

પછી આવે પાણીનો સોએક ડગલાંનો પટ. સામે પાર પાછો એવો જ સાંઠી ને કડબ દાબીને બનાવેલો એક માર્ગી રસ્તો. ને ત્યાંથી આગળ માત્ર સાંકડી નેળ જ આવે. હા, રુખડાજીને પાદર થોડી મોકળાશ ખરી. કોઈને ચીલો કાપી આગળ નીકળવું હોય તો એ જગ્યા બહુ મોકાની. રુખડાજી ચૂકયા એટલે તો પછી જે આગળ એ આગળ ને જે પાછળ એ પાછળ.

ને એમ ને એમ લગનનો દા’ડો આવી પહોંચ્યો. જેમનાં ગાડાં જોડાવાનાં હતાં એ બધાને એક વખત ફરીથી તેડાં કરાઈ ગયાં. સાંજના ચાર વાગતામાં તો એક શેઠના સિવાય બધાનાં ગાડાં ગામની ભાગોળે આવી ગયાં. જાનમાં જનારા પણ જાનમાં જવાના ઉત્સાહ અને ઘૂઘરમાળની વિજયયાત્રામાં સામેલ થવાના બેવડા ઉત્સાહ સાથે વહેલા જ આવી ગયા હતા.

બધાની આંખો ગામ તરફ મંડાઈ હતી.હજુ ઘૂઘરમાળ જણાતી ન હતી. ગોકળ પણ, કોઈ રહી તો જતું નથી ને, એની ખાતરી કરવા ને અદાને તથા શેઠને બોલાવવા ગયો હતો એય હજુ આવ્યો ન હતો.

થોડી જ વારમાં ઘૂઘરીઓ ઘમકી અને શેઠનું ગાડું આવી પહોંચ્યું. શેઠ ને અદા એમાં બેઠેલા હતા. એનો હાંકેડુ મગનો ખાંટ, જાણે પોતે ઊઘલવાનો હોય એમ તૈયાર થઈને ઘૂઘરમાળના અછોડા પકડીને તૈયાર બેઠો હતો. ને કેમ ન બેસે? આજે તો એની ઘૂઘરમાળને ને એને બેયને જશ ખાટવાનો અવસર હતો.

એમનું ગાડું બીજાં ગાડાંની હરોળમાં આવીને ઊભું રહ્યું એટલે શેઠે બીજાં ગાડાંમાં બેઠેલા પોતાના મળતિયાનેય પોતાના ગાડામાં બોલાવી લીધા. ગાડામાં હાંકેડુ સાથે આઠ માણસો થઈ ગયા. એવામાં ગોકળ પણ ગામમાંથી બધે તપાસ કરીને આવી પહોંચ્યો. ગોકળને આવતો જોયો ત્યારે જ શેઠને પોતાની ઉતાવળ માટે મનમાં કચવાટ થયો. બીજા બધાને બોલાવીને ગાડું ભરી ન દીધું હોત તો ગોકળનેય પોતાના ગાડામાં બેસાડાત અને બધાની સાથે એને મોંએ પણ વાહ વાહ કહેવડાવાત ને!

ગોકળે આવી બધાં ગાડાંમાં નજર કરી લીધી. બધા આવી ગયા છે એની મનોમન ખાતરી કરી લીધી ને એ એક ગાડામાં બેસવા જતો હતો જતો હતો ત્યાં રઘલાના ગાડામાંથી એક જુવાનિયો બોલી ઊઠ્યો : ‘અરે, કાકા, ઘૂઘરમાળનો પરચો જોવો હોય તો શેઠકાકાના ગાડામાં જ બેસો ને.’

હવે શેઠથી બોલ્યા સિવાય ન રહેવાયું : ‘હા, હા, ગોકળ આવી જા. અદાય અહીં છે ને તારા જેટલી જગ્યા તો થઈ જશે.ને ગકળ પણ શેઠના ગાડામાં ચઢી બેઠો. પછી ગોકળ વતી અદાએ જ બધાં ગાડાં ઉપાડવાની સૂચના આપી. ને એક સામટા દસબાર ડચકારા સંભળાયા કયાંક કિલકારિય થઈ તો કયાંક પરુણા પણ વીંઝાયા. શરૂઆતનો રસ્તો પહોળો ને સમથળ હતો એટલે બધાને પોતાનું પાણી બતાવવાનો પૂરતો અવસર હતો. ખરેખરની રસાકસી જામી. નદીના પટમાં પહોંચતાં સુધીમાં તો ઘૂઘરમાળે પહેલો નંબર મેળવી લીધો હતો. કેટલાંક ગાડાં તો હજુ નદીના રેતીના પટમાં પેઠાંય ન હતાં. હા, રઘલાનું ગાડું જાણે ઘૂઘરમાળને પૂજેઠિયે વળગ્યું હોય એમ એનાં પગલાં દબાવતું આવતું હતું ખરું.

નદીના પટમાંના સંકડા રસ્તા પર આવતાં બધાં ગાડાં એકબીજાની પાછળ એક હરોળમાં આવી ગયાં. હજુ છેલ્લું ગાડું નદીના પડમાં પેઠુંય ન હતું ત્યાં તો શેઠની ઘૂઘરમાળના પગ પાણીમાં છબછબિયાં રમવા લાગ્યા. રઘલે પોતાના ગોઠિયાઓ સામે જોયું, ને ડાબીનો અછોડો તંગ કરતાંક ને કિલકારી કરી. શાંત લાગતા બધા ભેરુઓ જાણે જાગી ગયા. બીજા કોઈને કશો અણસાર આવે તે પહેલાં તો રઘલાનું ગાડું નદીના આવતા વહેણ તરફથી ચીલો કાપીને શેઠના અડધા ગાડાની હરોળમાં આવી ગયું હતું. શેઠ કાંઈક કહે કે મગનો ખાંટ પરણો વીંઝે એ પહેલાં તો રઘલાના કોઈક ગોઠિયાઓ છત્રી ઉઘાડી બળદોની પીઠ પર હળવા ઘા કરી લીધા હતા. છત્રીનું કાળું કપડું માથા પર જોતાં બળદો ભડકયા ને ચાર પગે થઈ એકીશ્વાસે રાશેકવા આગળ નીકળી ગયા. આ ધમાસાણમાં ઊછળેલી રેતી ઘૂઘરમાળના પગમાં અટવાઈ, ગાડામાં પૈડાંમાં અટવાઈ અને આગળ નીકળી ગયેલા રઘલાના ગાડામાંની ઉઘાડી છત્રીઓથી એ થોડા ભડકયા પણ ખરા. ને —

—ને નદીનો સામી પારનો પટ વટાવતાંમાં તો રઘલાનું ગાડું ઘૂઘરમાળ કરતાં રાશેકવા આગળ નીકળી ગયું. હવે આગળ રૂખડાજીની ભાગોળ સુધી તો જાણે વાંધો ન હતો. ત્યાં જરા સાચવા જેવું હતું. રઘલે પાછો પરણો વીંઝ્યો પાછી કિલકારીઓ થઈ અને પાછી છત્રીઓ ખૂલી. ઘૂઘરમાળના હાંકેડુ મગના ખાંટની કારમી કિકિયારિયો અને સપાટાને કારણે જાણે ઊડતી આવતી હોય એવા ઘૂઘરમારના રણકારા છતાં રઘલાની જોડ્યે એક તસુય અંતર ઘટવા ન દીધું.

પછી તો રઘલાની ઘરઉછેરની જોડ્ય અને ઘૂઘરમાળ વચ્ચે બરાબરની રસાકસી જામી. ઘૂઘરમાળે બહુ ગાતર કર્યું. શેઠની સાથે એમના મળતિયાઓએ પણ ખૂબ કિલકારિયો કરી. અરે, શેઠના હોકા પરથી ચાંદીના તારથી મઢેલી ચલમેય ઊડીને પડી ગઈ પણ ઘૂઘરમાળની દોડને ઉતાવળી બનાવવાના પ્રયત્નમાંથી કોઈ પાછા ન પડ્યા. અલબત્ત એમના આ બધા પ્રયત્નોને અંતે જ્યારે રૂખડાજીથી પરમેસરિયા જવાની નેળમાં ગાડાં પેઠાં ત્યારે કાંઈ ઘૂઘરમાળ આગળ નહોતી થઈ ગઈ. હા, પહેલાં રાશવા અંતર હતું તે હવે અછોડાવા રહ્યું હતું.

પણ જ્યારે ગાડાં નેળમાં પેઠાં ત્યારે શેઠ અને તેમના મળતિયા હિંમત હારી બેઠા. આઘું તો હજુ લગભગ દોઢ ગાઉ જેટલું હતું પણ એમાં ચીલો કાપવાની મોકળાશ ન હતી. અને કદાચ પરમેસરિયાની ભાગોળની મોકળાશમાં ચીલો કાપવો હોય તોય જ્યાં સુધી ઘૂઘરમાળ રઘલાના ગાડાને પૂંજેઠિયે પહોંચે નહીં ત્યાં સુધી એનો કશો અર્થ ન હતો. અદાએ અને ગોકળે શેઠને આશ્વાસન દેવા માંડ્યું, શેઠે એમના હાંકેડું મગના ખાંટ પર ગુસ્સો ઠાલવવા માંડ્યો ને મગને ઘૂઘરમાળ પર. પણ તોય —

— પણ તોય રઘલાનું ગાડું પરમેસરિયાને પાદર પહોંચ્યું ત્યારે ઘૂઘરમાળનો અવાજેય ત્યાં સંભળાતો ન હતો. રઘલે પરમેસરિયાના બજારમાં જઈને ગાડું ઊભું રાખ્યું. બધા જુવાનિયા ગાડામાંથી કૂદી પડ્યા. રઘલો પણ અઢા પરથી કૂદીને નીચે ઊતરી આવ્યો. બળદો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. એમનાં નાક અને મોંમાંથી ફીણના ગોટા નીકળી રહ્યા હતા ને છાતી તો એમની જાણે ધમણની જેમ ઊંચી-નીચી થતી હતી.

'જુવાન બહુ ગાતર કર્યું.' ઓટલા પર ખાટલી ઢાળીને બેઠેલા એક વૃધ્ધે રઘલાને બિરદાવ્યો.

'તમ જેવાને પરતાપે મહેનત લેખે લાગી.' રઘલે કહ્યું.

ત્યાં સામેની દૂકાનમાંથી કોઈ મહાજનનો ટૌકો સંભળાયો : 'ને ઘૂઘરમાળ?' પણ એનો જવાબ વાળવાને બદલે રઘલે માથેથી ફેંટો ઉતારી બળદોનાં મોં પરથી ફીણ લૂછવા માંડ્યાં. પછી એ જ ફેંટાથી એણે બેય બળદોનાં ડિલ પરથી પરસેવો લૂછવા માંડ્યો.

આ બધું આનંદપૂર્વક જોઈ રહેલા પેલા વૃધ્ધે મહાજનને કહ્યું : 'તારા એ કસ્તૂરચંદ શેઠને પૂછજે કે કદી પરસેવો લૂછયો છે એણે એની ઘૂઘરમાળનો કે કદી હથેળીમાં દાણ ખવડાવ્યું છે એને?'

પેલા મહાજને કશો જવાબ ન આપ્યો. એવામાં ઘૂઘરમાળનો અવાજ સંભળાયો. બધાની નજરો એ તરફ મંડાઈ, ત્યાં શેઠનું ગાડું દેખાયું.

ગાડું આવી પહોંચતાં શેઠ એમાંથી ઊતર્યા અને રઘલાના ગાડા તરફ એક નજર નાંખી ન નાખી ને સીધા જ પેલા મહાજનની દુકાનમાં પેસી ગયા.

પેલા વૃધ્ધનો અવાજ તોય એમના કાન સુધી પહોંચી જ ગયો : ‘પંદરસોની ઘૂઘરમાળને પંદર પૈસાની કરી નાખી અને શેઠને આખે મારગે ધૂળ ફકાવી.’ એ સાંભળી શેઠ મનમાં સમસમીને રહી ગયા.પેલો મહાજન શેઠને આશ્વાસન આપતાં આમ કેમ બન્યું એ પૂછી રહ્યો હતો.

ત્યાં મુખી અને ગામના દસપંદર આગેવાનો જાનને વધાવવ આવી પહોંચ્યા. આવેલા જાનૈયાઓને હેતે મળી એમણે રઘલાની સામે જોયું. એમનેય વાત તો મળી જ ગઈ હતી કે શેઠની ઘૂઘરમાળને એક જુવાનિયો તળ રાખીને આવ્યો હતો. મુખી આ છોકરડા જેવા લાગતા જુવાનિયાને હેતથી ભેટ્યા. એમણે એને ઓળખ્યો હોય એમ લાગ્યું નહીં.

‘તેં તો આખી નાતનું નામ રાખ્યું જુવાન. કોની જોડ્ય આ?’ તેમણે પૂછ્યું.

‘એને ન ઓળખ્યો મુખી? એ તો ગોવિંદ ભગતનો રઘલો.’ ને ગોવિંદ ભગતનું નામ પડતાં જ બધી આંખો ભાવથી એના તરફ તાકી રહી.

‘અમરતલાલ શેર ચાંદીની બે મથરાવટીઓ આજે ને આજે ઘડી આલો.’ મુખીએ સોનીને કહ્યું.

‘ત્યાં તો પેલા વૃધ્ધ બોલી ઊઠ્યા : ‘અરે, મથરાવટીની ર્ચ્યાં માંડો છો. એ જુવાનિયે એના બળદોનાં ડિલ લૂછવામાં આખું ફાળિયું બગાડી નાખ્યું છે એનું શું?’

ને મુખીય હસી પડ્યા. એમણે સામેની દુકાનમાં ટૌકો કરતાં કહ્યું : ‘દીપચંદ શેઠ, આ જુવાનને સારામાં સારું ફાળિયું બંધાવી આલો.’ ને શરમાતાં ના પાડવા જતા રઘલાને હળવો હડસેલો મારતાં ઉમેર્યું : ‘એમાં શરમા છ શું? જા અને જાતે જ પસંદ કરી લે, જેવું તારે જોઈએ એવું.’

ને ના પાડવાનો વિચાર પડતો મુકીને રઘલો મહાજનની દુકાનમાં પેઠો. ને એના ફેંટાની પસંદગી કરવા જતા હોય એમ એના ભેરુઓ પણ એની પાછળ દુકાનમાં પેસી ગયા. એમને બધાને શેઠનું ઊતરી હાયેલું મોં જોવું હતું.

બધા ગયા એટલે મુખીએ ગોકળ તરફ ફરતાં કહ્યું : ‘જોયા આ તમારા નામરાશિ? પાઘડી એમને બંધાવવી છે ને ફાળિયું મારી પાસે બંધાવડાવે છે.’

ને પેલા વૃધ્ધનો ચહેરો ખીલી ઊઠ્યો : ‘તો તો તમારા મોંમાં સાકર. જો એ ઘર ને એ વર મલતાં હોય તો આપડે બાંમણને પૂછવાય જવું નહીં. આજથી જ એ કામ તમને સોંપ્યું. તમને ઠીક પડે એમ ગોઠવી આલો.’

ને ગોકળ પણ હસી રહ્યો. મુખીને કામ ભળવ્યું હોય એટલે રઘલોય આ લગનસરામાં પૈણી જ જવાનો એની ગોકળને ખાતરી થઈ ગઈ. જેમ ગેંદાલ અને રઘલાને દોસ્તી હતી એવી જ દોસ્તી ગોકળ ને ગોવિંદ ભગતને પણ હતી.

અનુક્રમ ➔

## ૬. મીંઢળ બાંધ્યું મોત

લક્ષ્મણને આજે જરાય ચેન પડતું ન હતું. ગઈ કાલે એણે ગેંદાલની જાનમાં જવાનું તો તબિયતનું બહાનું કાઢીને ટાળ્યું હતું, પણ અદાને તો ગયા સિવાય ચાલે જ નહીં ને.

ગઈ કાલે જાનમાં જતા પહેલાં એનો દોસ્ત લલવો ગોફણિયો એની પાસેથી હંટર માગી ગયો હતો. જતા પહેલાં એણે લક્ષ્મણને જાનમાં સાથે લઈ જવા ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ લક્ષ્મણે તબિયતનું બહાનું કાઢી મહાપ્રયત્ને એને ટાળ્યો હતો. લલવાને બધી વાતની ખબર ન હતી એટલે એણે એની વાત સાચી માની લીધી હતી. એટલે જાનમાંથી પરત આવતાંની સાથે હંટર પછું આપવા ને લક્ષ્મણની તબિયત જોવા દોડતો આવ્યો હતો. જો કે આ તો માત્ર બહાનાં હતાં. એના આવવાનું ખરું કારણ તો જાનનો આંખે દેખ્યો અહેવાલ આપીને લક્ષ્મણ આ જાનમાં ન આવીને કેટલો લ્હાવો લેવાનું ચૂકી ગયો એ જણાવવાનું હતું.

'તું ના આયો પણ જાનમાં તો ભૈ ખરી મઝા આવી ગઈ. અરે, કસ્તૂરચંદ શેઠની પંદરસોની જોડ્ય ને મકના ખાંટ જેવો હાંકેડું તોય ગોવિંદ ભગતની જોડ્યે એમને આખે રસ્તે ધૂળ ફકાવી. બજાર વચ્ચે ગાડું છોડ્યું ને બેય બળદોને બબ્બે નાળો ઘી પાયું. આખી બજારેય જાણ્યું કે ઠેંકરિયામાં ઘૂઘરમાળનેય ટપલી મારે એવી જોડ્ય છે. મુખીએ પણ વડાઈ કરી દેખાડી.રઘલાની જોડ્ય માટે તાબડતોબ શેર ચાંદીની મથરાવટી ઘડાઈ આલી ને રઘલાને અગિયાર રૂપિયાનો તો ફેંટો બંધાઈ આલ્યો. હાચું કહું છું આજ પહેલાં આપણા ગામમાંથી આવી જાન કોઈ દા'ડો જોડાઈ નથી કે જોડાવાની નથી. મને તો _'

પણ તેને આગળ બોલતો અટકાવી લક્ષ્મણે વચમાં જ કહ્યુંઃ 'તારે તો બધું ના દીઠાનું દીઠા જેવું છે. ભલા માણસ, બોલવામાં કંઈક તો કસર રાખ નહીં તો પછી હસન ગપ્પી જેવો ગણઈ જઈશ.' લક્ષ્મણનો કચવાટ બહાર આવી ગયો.

પણ લલવો આજે એમ બંધ થાય એમ ન હતો. 'તું ના માનતો હો તો હમણાં અદા આવે એટલે એમને જ પૂછી જોજે ને.' હજુ તો લલવાના મોંમાં અદાનું નામ હતું ને અદા હવેલીમાં પેઠા. કાંઈ પણ બોલ્યા સિવાય એમણે લલવાની સામે એવી તો કરડાકીભરી નજર નાખી કે લલવો સીધો જ હવેલીની બહાર ભાગ્યો.

અદા કાંઈ પણ બોલ્યા સિવાય પણિયારા તરફ ગયા ને પાણી પીને પોતાના ઓરડામાં ચાલ્યા ગયા. એમની આ ચૂપકીદી શાને કારણે હતી એ લક્ષ્મણથી ક્યાં અજાણ્યું હતું! પણ હવે એનો કશો ઉપાય પણ ન હતો. નજીવી વાતને એ બેય જણા મોટું સ્વરૂપ આપી રહ્યા હતા.

અદા માનતા હતા કે મથુર મુખી જેવો માણસ એમની સાથેના આટલા જૂના નાતા છતાંય ઠીંકરિયામાં સંબંધ બાંધે અને એમાં એમને પૂછેય નહીં એ તો એમનું ચોખ્ખું અપમાન જ ગણાય. લક્ષ્મણને આ અપમાન કરતાંય વધારે લાગી આવતું હતું અદાનાં કટાક્ષયુક્ત વચનોનું. આ એક જ બનાવે કરીને એ અદાની નજરમાં ઊણ ઊતરી ગયો હતો.

આનો બદલો લેવા અને અદાની નજરમાં પોતાનું સ્થાન પાછું બરાબર કરી લેવા તેનું હૈયું તરફડી રહ્યું હતું, પણ એનો કોઈ ઉપાય એને જડતો ન હતો. હરખાને જેમ આજ સુધી એ માત્ર મથુર મુખીની છોડી તરીકે જ જોતો હતો એમ જોતો હોત તો તો એને જાણે કશું જ ન લાગત. પણ અદાની મનશા જાણ્યા પછી એની દૃષ્ટિય બદલાઈ ગઈ હતી.

એ આખો દિવસ પોતાના ઓરડામાં જ પુરાઈ રહ્યો. હવે શું કરવું ને શું ન કરવું એની જ મથામણ એ કરતો રહ્યો. જેમ જેમ એ વધુ વિચારતો ગયો તેમ તેમ એ વધુ ગૂંચવાતો ગયો. વચમાં

આડા બેચાર મહિનાનો વખત હોત તો એની પાસે હજાર ઉપાય હતા પણ આજે તો લગન પણ થઈ ગયાં હતાં. હરખા હવે મુખીનીય રહી ન હતી. એ તો હવે ગેંદાલની બની ગઈ હતી.

છેવટે કોઈ ઉપાય ન જડતાં એણે કબાટમાં લૂગડાંની પાછળ છુપાવેલો શીશો બહાર કાઢ્યો. ને પ્યાલી શોધવા જવાનો વિચાર પડતો મૂકીને એણે સીધો શીશો જ મોંએ માંડ્યો. પછી જ્યાં શીશો જ મોંએ વળગાડ્યો હોય ત્યાં પ્યાલી બે પ્યાલીનું માપ રહે ખરુ? શીશો જે ગળા સુધી ભરેલો હતો તે આવી ગયો તળિયા સુધી ને લક્ષ્મણ આવી ગયો ગળા સુધી.

પછી તો એને વિચારો બહુ ઝડપથી આવવા લાગ્યા. એને જેટલી ઝડપથી વિચારો આવતા હતા એટલી જ ઝડપથી એનું મન પાછું ખાલી પણ થઈ જતું હતું. જેને અમલમાં મૂકી શકાય એવો કોઈ વિચાર એને આવતો ન હતો. અને એવું બધું વિચારી શકે એવી સ્થિતિમાં લક્ષ્મણ અત્યારે હતો પણ ક્યાં? પાણી પણ ઉમેર્યા વગર એકલો જ દારૂ પીધો હતો એટલે એના પેટમાં લાહ્ય ઊઠી. એ પાણિયારા તરફ ચાલ્યો.

એણે પાણીનો લોટો ભરીને મોંએ લગાવ્યો. જેટલું પાણી એના પેટમાં ગયું એનાથી વધારે તો એનાં કપડાં પર રેલાયું. લોટો પાણિયારા પર મૂકતાં એ લથડ્યો. એણે પડતાં બચવા જે હાથમાં આવ્યું તે પકડી લીધું. પાણી ભરેલી માટલીનો કાંઠો એના હાથમાં આવી ગયો પણ તોય તેનાથી સ્થિર ઊભા રહેવાયું નહીં. એક બીજું લથડિયું આવ્યું ને એ માટલી સાથે પડ્યો. માટલી ફૂટી ગઈ ને એના હાથમાં માંટલીનો પેલો કાંઠો જ પકડાઈ રહ્યો. માટલીનું પાણી લક્ષ્મણના ધોતિયાને ભીંજવતું ચો તરફ ઢોળાઈ ગયું.

હવે લક્ષ્મણ બરાબરનો ગભરાયો. તેને થયું કે માટલી ફૂટવાના અવાજથી ચમકીને અદા જો પાણિયારા તરફ આવી ચઢે ને પોતે ગળા સુધી પીધેલો હતો એવી હાલતમાં એ પોતાને જુએ તો _?

ને ગભરાઈને અવાજ નથાય એની સાવચેતી રાખતો એ ખભે લાકડી મૂકીને ઘરની બહાર નીકળી ગયો. નદીએ પહોંચી એ કલાકેક બેઠો. એનો નશો થોડો ઊતર્યો. થોડો માગશર મહિનાની ઠંડીના ચમકારે ઓસર્યો ને એ ઘર તરફ પાછો ફર્યો.

એ હજુ તો ગામની ભાગોળે પહોંચ્યો હતો ત્યાં એને કાન ચમક્યા. કોઈ છોકરી કોકને કહી રહી હતી : 'લ્યો, તમે વાડની પેલી પા' કળશિયે જતાં આવો ત્યાં હુધીમાં હું માશીને ત્યાં જતી આવું.' ને બે પગલાં ચાલીને જરા અટકીને એણે ઉમેર્યું : 'પાછાં બહું મોડું ના કરતાં નહીં તો મારો ભૈ તમને હોધવા નેંકળશે.'

વાડનું છીંડું ઊઘડ્યું ને એક ઓળો ઝાંઝર ઝમકાવતો એ તરફ આવ્યો. લક્ષ્મણ એક ઝાડના થડિયા પાછળ લપાયો. એનો શ્વાસ જાણે અધ્ધર ચઢી ગયો હોય એ ઘડીભર તો શૂનમૂન જેવો થઈ ગયો. એના મનમાં એક સામટા કેટલાય વિચારો આવી ગયા. એને સમજતાં વાર ન લાગી કે વાડની આ તરફ આવેલી હરખા હતી અને તેની હાર્યે આવેલી છોડી એ ગોકળની બેન જીતાની ભાણી મંછી જ હતી.

અદાનાં કટાક્ષબાણો, ગેંદાલની હસતી સૂરત, મુખીની ઉપેક્ષાભર્યું વલણ, બે જ દા'ડાથી મનમાં વસેલી હરખાની મોહમયી કાયા, શરાબથી ભ્રમિત થઈ ગયેલા માનસની લોલુપતા અને ઠંડીઠંડી ચાંદની રાત.

ને મનમાં યોજનાનું કાચુંપાકુંય માળખું તૈયાર કર્યા સિવાય જ એણે કદમ ઉપાડ્યા. એ જો ભાનમાં હોત કે અદાએ એના હવસને હરખાને વરવાનો મદ ન ચઢાવ્યો હોત તો એ આવું પગલું ભરતાં સાત વાર વિચાર કરત. પણ રાત, એકાંત, નશાથી પરવશ થઈ ગયેલું મન ને અદાનાં પેલાં કટાક્ષબાણોની યાદ.

કળશિયે જઈ ઊભી થઈ કપડાં સરખાં કરતી હરખાને એણે બાથ ભરી લીધી. હજુ તો હરખા કાંઈ સમજે કે સામનો કરે તે પહેલાં તો લક્ષ્મણે તેના મોંમાં ફાળિયાના છેડાનો ડૂચો દઈ દીધો

હતો. હરખાની હિંમત તૂટી ગઈ. એના મોઢામાંનો ડૂચો એને ગૂંગળાવતો હતો. લક્ષ્મણની પકડમાં એના બેય હાથ પકડાઈ ગયા હતા. નહીં તો એણે મોઢામાંથી પેલો ડાટો કાઢી નખીને રાડો પાડી હોત કે પેલાને ખભે બચકું ભરીને છૂટવા પ્રયત્ન કર્યો હોત કે પછી પેલાને માથે લોઠકા હાથનાં દળદાર બેલૈયાંના ઘા ઝીંકી એને અડધો કરી નાખ્યો હોત.

પણ અજવાળી તોય રાત અને અજાણી જગા. તેની કાયા પેલા બે લોલુપ હાથ વચ્ચે ભીંસાઈ રહી. એણે મરણિયાં થઈ પગ ઉછાળી પેલાની પીઠ પર મારવા માંડ્યા. પણ એ તો જાણે કાંઈ વિસાતમાં ન હોય એમ લક્ષ્મણે એને હાથની પકડ ઢીલી કર્યા વગર કાંધ પર નાંખીને અડફેટે રસ્તે ચાલવા માંડ્યું.

એક તો એણે કશીય પૂર્વયોજના વગર હાથ માર્યો હતો- મથુર મુખીની આબરૂ પર હાથ માર્યો હતો એટલે એના મનમાં હવે ફફડાટ થવા માંડ્યો હતો. એની હાલત તો પેલી સાપે છછુંદર ગળ્યા જેવી થઈ હતી. શરાબનું એનું ઊતરી રહેલું ઘેન હવે એને ડરાવી રહ્યું હતું પણ આટલેથી પાછા ફરી જવાથીય એમાંથી બચી જવાય એવું ન હતું એની એને ખાતરી થઈ ગઈ હતી.

છેવટે એણે મનથી માની લીધું કે હવે આગળ જવા કરતાં પાછા હઠવામાં જોખમ વધારે હતું. છેવટે નદીના ભાઠામાંના ઘઉંના એક ખેતરમાં જઈ એ થોભ્યો અને જાણે પોટલું ફેંકતો હોય એમ હરખાને નીચે નાખી. એક તો મોઢામાંના દાટાને કારણે હરખાનો શ્વાસ ક્યારનોય રૂંધાતો હતો એમાં આ પછડાટ લાગી. એને કળ ચઢી ગઈ. તેને લાગ્યું કે એનું ભાન જતું રહેશે. ત્યાં લક્ષ્મણે ફાળિયાના બીજા છેડાથી એના બેય હાથ બાંધી દીધા.

લક્ષ્મણની નજરો હવે હરખાના દેહ પર સરકી રહી. એ અણબોટ્યા દેહ પર સાતતાળી રમતી ચાંદની, માગશર મહિનાની ચમચમતી ઠંડી ને ભયંકર- ભયંકર એકાંત.

લક્ષ્મણનો ઊતરી રહેલો નશો પાછો ચઢી ગયો. એના દેહમાં વાસનાનો દૈત્ય જાગી ઊઠ્યો. વાડ પરથી જાણે વેલા ખેંચતો હોય એમ એને હરખાના શરીર પરથી કપડાં ખેંચી કાઢ્યાં. હરખાએ ઘણા ધમપછાડા માર્ય પણ પેલાની પાશવતા આગળ એની કોઈ કારી ફાવી નહીં. માઝમ રાતનાં માણવા ધારેલાં સપનાંના આ વિકૃત રૂપને એ કેમે કર્યું ટાળી શકી નહીં.

એના મોમાં કપડાનો ડૂચો ન હોત તો એણે જીભ કરડીને જીવ કાઢી નાખ્યો હોત. એના હાથ બંધાયેલા ન હોત તો એના દોઢશેરિયા ચૂડલાએ એનું પેલાનું કપાળ રંગી નાખ્યા વગર ના મેલ્યું હોત. પણ એ લાચાર હતી એટલે —

પેલું ગંધાતું વિષયી મોં એના કાનમાં કહી રહ્યું હતું : 'હમજુ હો તો મૂંગી રહેજે. કોઈ પૂછે તો કહેજે કે રસ્તો ભૂલી ગઈ હતી.' કહેતાં લક્ષ્મણે હરખાના હાથ છોડી નાખ્યાને એક હાથમાં લાકડી અને બીજે હાથે હરખાના મોઢામાંનો ડૂચો ખેંચતોક ને એ બાજુનાં કોતરોમાં ભાગ્યો.

હરખા–એક પ્રેતશી હરખા ઊભી થઈ. એણે આંસુ લૂછયાં ને લૂલા થઈ ગયેલા હાથે કપડાં પહેરી લીધાં. પણ એના પગ ગામ તરફ જતાં ઊપડતા જ ન હતા. 'હવે ઘેર શું જવું? આ અભડાયેલું ખોળિયું લઈ ગેંદાલની સામે કયે મોંએ ઊભાં રહેવાય?' એણે કાંઈક વિચારી લીધું ને એનાં પગલાં નદી તરફ વળ્યાં, ત્યાં જ એને કાને અનેક અવાજો પડ્યા. કોઈક એનું નામ દઈને એને સાદ પાડતું હતું. હરખાએ નદી તરફ ઉતાવળાં પગલાં ભરવા માંડ્યાં. પણ એ પહેલાં તો પેલાં માણસો એની સાવ પાસે આવી પહોંચ્યાં હતાં.

ત્યાં કોઈકનો અવાજ આવ્યો : 'નદીના ભાઠામાં કોઈક જણાય છે.' ને કેટલાય લોકો સામટા એના તરફ દોડતા આવી લાગ્યા. 'અરે, આ રહી હરખાભાભી.' કોઈકનો અવાજ તેના કાને પડ્યો. હવે તે છટકી શકે તેમ ન હતી.

'બધાંને કેટલાં ગભરાવી મેલ્યાં?' બીજું કોઈક બોલ્યું.

'લ્યો હેંડો હવે ઘેર.' કોઈક ત્રીજું બોલ્યું. ને હરખાને કમનેય તેમની સાથે ચેતનહીન પગલે

ચાલવું પડ્યું.

કોઈક બીજાના કાનમાં મોં ઘાલી કહેતું હતું : 'દાળમાં કાંઈક કાળું છે.'

'કહે છે કળશિયે જવા નીકળી છે પણ એના હાથમાં લોટો તો છે નહીં!' કોઈક પાછળથી ગણગણતું હતું.

'લાગે છે કે એને પિયરનો વળગાડ હશે. જોયું નહીં, કેવી સૂનમૂન થઈ ગઈ છે?'

'પિયરનો વળગાડ ન્હીં પણ પિયરનો કોઈક પેધેલો હશે. લૂગડાં પર કેટલી માટી ચોંટી છે, જોયું નહીં? કોકના ઘઉં ના ગોલ્યા હોય તો કહો એ હારી જાઉં.'

'મુખીએ કાંઈ ઘડિયાં લગન અમથાં નહીં લીધાં હોય. ભૈ, મોટા લોકની મોટી વાતો.'

'એ તો પેલી કહેતી છે ને કે કોહ્યલું ઘી ઉકૈડે, હમ્જી જાવ ને મારા ભૈ.'

બધા અંદરોઅંદર કાનફૂસિયાં કરતા હતા પણ એમાંનો કોઈ શબ્દ હરખાને કાને પડતો હોય એમ લાગ્યું નહીં. કદાચ કોઈએ એને કશું પૂછ્યું હોત તોય હરખાએ એ ભાગ્યે જ સાંભળ્યું હોત. એ તો જાણે કોઈ બીજી જ દુનિયામાં પહોંચી ગઈ હતી. અભડાયેલી પોતાની કાયા પરથી એનું જાણે મન જ ઊઠી ગયું હોય એમ એ પગલે પગલે ઠોકરો ખાઈ રહી હતી.

'હવે ગેંદાલને શું મોં બતાવવું?' એવો સવાલ એના મનમાં ઊઠ્યો ન ઊઠ્યો ને શમી ગયો. 'એને મોં બતાવવા મારાથી જીવતાં જ શેં રહેવાય?' એણે મનમાં વિચાર્યું ને એ વિચારની સાથે જ જાણે કશોક નિર્ણય લઈ લીધો હોય એમ ફળિયાના નાકા પરના કૂવા પાસે આવતાં જ એ કૂવાના થાળામાં ચઢીને બેસી ગઈ. કેટલાક તો એને કૂવાના થાળા પર ચઢતી જોતાં ગભરાઈને એને વાળવા દોડ્યા પણ જ્યારે એ થાળામાં બેસી ગઈ ત્યારે બધાનો જીવ હેઠો બેઠો.

ને બીજી જ પળે રાતનાં અંધારાંને ચીરતી ધ્રૂસકાંની આંધી હરખાના ગળામાંથી ઊઠી. એનું એ રૂદન સાંભળીને સીમમાંથી એને લઈને આવેલાં તો ઠીક પણ આસપાસનાં ઘરોમાંથીય બહાર આવતા લોકોય જાણે થીજી ગયાં. કોઈ બીજી તરફ તપાસ કરવા ગયેલા ટોળાને ખબર કરવા દોડ્યું તો કોઈક ગેંદાલને શોધવા ઊપડ્યું. ગેંદાલ હરખાની ભાળ કાઢવા ગયો હતો એ હજુ પાછો ફર્યો ન હતો.

બાજુમાંથી બેબાકળો થતો ગોકળ દોડી આવ્યો. પણ ભેગા થયેલા ટોળાને જોયું ને એમાંથી ગળાઈને આવતો હરકાના રોવાનો અવાજ સાંભળીને એના પગ થંભી ગયા. બોરબોર જેવડાં આંસુડાં પાડતી હરખાએ સસરાને જોયા ને એની વેદના બમણી થઈ બહાર આવી ગઈ.

ને હરખાના આક્રંદ વચ્ચે ગળાઈને આવતો અવાજ બધાંને થીજવી રહ્યો : 'એનું નખ્ખોદ જજો ને એને ઘેર દીકરીએય દીવો ના રહેજો જેણે મારી પીઠીભરી કાયાને અભડાવી એ કૂતરાને મોતે મરજો. જેણે મારી આંતેડી કકળાઈ છે એનું ધનોત પનોત નીકળી જજો ને એના ઘરની આબરૂ મલક માથે વેચાજો. __'

'ભૂંડા, તને જરાય લાજ ના આઈ? હજૂ તો મારા હાથના રોટલાનાં બટકાં તારા મોંમાં છે ને તને આ શી કમરા હૂઝી? અલ્યા, રાત કે દા'ડો જોયા વગર જેણે તારૂં કામ કાઢી આલ્યું છે એવા મચ્યુર મુખીની છોડી પર તેં નજર બગાડી?' ને રૂદનમાં ગળાઈને આંસુરંગ્યો અવાજ આવ્યો : 'અમે એક જ થાળીમાં ખાતાં 'તાં ને એક જ પવાળે પાણી પીતાં 'તાં. એકને વગતુ 'તું તો બીજાને કળતર થતું 'તું. ભલા ભગવાન, તનેય અમારી દયા ના આઈ? અમે ભવોભવનાં વચન આલ્યાં 'તાં ને તેં અમને અડધે રસ્તે અટવાયાં?'

પણ જ્યાં એણે ગેંદાલને આંસુની પડળી વચ્ચેથી આવતો જોયો તો એ ચીસ પાડી ઊઠી : 'મારી પાંહે ના આવતો મારા ધણી, હવે હું તારે લાયક રઈ નથી. આપડો આગલા ભવનો વેરી પાકયો એ લખમણિયો કે એણે મારી મેંઢળબંધી કાયા અભડાઈ. મારી પીઠીભરી દેહ જેણે

અભડાઈ એના ઘરમાં કોઈનેય પીઠી ના ચઢજો ને ચઢે તો કાચી ઘડીય ના ટકજો.' કહેતાં એણે થાળાની પાળ પર માથું પટક્યું, એક વાર, બે વાર ત્રણ વાર; ધડૂસ, ધડૂસ, ધડૂસ.

ગેંદાલ દોડ્યો. ટોળામાંથી બીજા પણ પાંચસાત માણસો દોડ્યા. પણ બધાય મોડા પડ્યા હતા. લોંઠકા એ દેહની સમગ્ર તાકાત એ ત્રણ પ્રહારમાં હરખાએ ધરબી દીધી હતી. એના કપાળમાંથી લોહીનો ફુવારો વછૂટ્યો. લોહીની ઊલટી થઈ, એની આંખો ફાટી ગઈ ને બીજી જ પળે એનો દેહ શિથીલ થઈને ઢળી પડ્યો.

કારમી ચીસો પાડતો ગેંદાલ લોહીથી લથપથ હરખાના એ નિર્જીવ દેહને વળગી પડ્યો. લોહીના દડદડતા રેલાએ એને નવરાવી નાખ્યો. એક જ ક્ષણ. બીજી જ ક્ષણે એને મન સાથે જાણે કશુંક નકકી કરી લીધું હોય એમ એ ઊભો થઈ ગયો. માથેથી સાફો ઉતારીને એણે હરખાના દેહ પર ઓઢાડી દીધો ને એક કાળઝાળ નજર અદાની હવેલી ભણી નાખી.

હજુ ઘડી પહેલાં તો જેનાં લગનનાં ગીતો ગવાતાં હતાં એની જ લોથ્ય ઢળી ગઈ હતી. ને મોત પણ કેવું? ટોળું આખું જાણે તેલમાં માંખ બૂડી હોય એમ ગમગીન અને ઓશિયાળું થઈને થીજી ગયું હતું. બધાને જાણે પોતે જ આ માટે જવાબદાર હોય એવો અહેસાસ થઈ રહ્યો હતો. હા, એ વખતે વખત છે ને લક્ષ્મણ ત્યાં હાજર હોત તો એનું હાડકુંય શોધ્યું ન જડે એવી એની વલે બધાએ કરી હોત. કસચ અદાય ત્યાં આવી ચઢયા હોત તો ગેંદાલના ટોળાનો કોઈ જુવાનિયો એમનું માન રાખ્યા વગર ધારિયાવાળી કરી બેસત.

'ગેંદાલ, જે થવાનું હતું એ થૈ ગયું. હવે સમો જાળવી લઈએ ને કશુંક લફરું થાય એ પહેલાં બધું વગે કરી દઈએ.' કોઈકે ગોકળને ગેંદાલ પાસે લઈ આવતાં કહ્યું. રડતા ને કકળતા ગોકળેય એમાં માથું હલાવી હા ભણી.

ગેંદાલ જાણે કોઈને ઓળખતો જ ન હોય એની સામે તાકી રહ્યો ને બોલ્યો પણ એવું જ : 'તમારે જે કરવું હોય એ કરો પણ એક વાત કહી દઉં છું કે આનું વેર લીધા વના હું રહેવાનો નથી. ને એ વેર લેવામાં જે મારી આડ્યે આવચે એની હારેય મારે વેર થશે. એને મારું એક માણસ માર્યું છે એના બદલામાં હું એના ઘરનાં બધાંને વેતરી નાખ્યા વગર હું રહેવાનો નથી.' કહેતાં એ થાળામાંથી ઊતરી એકબાજુ જઈને ઊભો રહી ગયો.

બેચાર જણાએ નનામી તૈયાર કરવા માંડી તો બીજા બેચાર જણાએ થાળામાંથી લોહી સાફ કરવા માંડ્યું. સ્મશાને લાકડાં ભરીને ગાડું મોકલવાય બેચાર જણા કામે વળગ્યા. કોઈ કાંઈ બોલતું ન હતું. પ્રસંગની ગંભીરતા અને ગેંદાલનો ઉજડેલો ચહેરો બધાંને વધારે ગમગીન બનાવી રહ્યાં હતાં. સ્ત્રીઓના ટોળામાંથી પણ કોઈ બોલતું ન હતું. જીતાની મંછી તો કેમે કરી છાની રહેતી ન હતી. એણે જો હરખાને એકલી મૂકી ન હોત તો આમાંનું કાંઈ ન થયું હોત એમ માની એ ધ્રૂસકે ચઢી ગઈ હતી.

બધી તૈયારી થઈ જતાં બેચાર વૃધ્ધો ગેંદાલને પરાણે સમજાવી ઘસડીને ઘરની રવેસીમાં લઈ ગયા ને એને પાટ પર બેસાડ્યો. ત્યાં મથુર મુખીની ઘોડીના દાબલા સંભળાયા. મથુર મુખી અને અમના બેચાર સાથીદારો આવી પહોંચ્યા.

એમણે જેવી તેવી વાત તો પેલા બોલાવવા ગયેલા માણસ પાસેથી જાણી હતી, પણ જ્યારે ગોકળના બારણામાં જ નનામી જોઈ ને પાટ પર ઉજ્જડ અને આંસુ ભરેલી આંખે બેઠેલા ગેંદાલને જોયો ને બૈરાંને કૂટતાં જોયાં ત્યારે ભડ જેવા મુખીય જાણે ફાટી પડ્યા હોય એમ થાંભલીને ટેકે ફસડાઈ પડ્યા.

એમણે ગેંદાલને પૂછવા કર્યું પણ ગેંદાલ રડવામાંથી ઊંચો આવે તો જવાબ આપે ને? મુખીએ ગામના બીજા એકબે ડોસાઓને પૂછીને બધી વાત જાણી એ બોલી ઊઠ્યા : 'અત્તારે પાંચ માણસ સંભળે છે ને કહું છું કે આ કાળા કામનો બદલો _'

પણ એમને આગળ બોલ્તા અટકાવી વચમાં જ ગેંદાલ બોલી ઊઠ્યો ; 'ના, ના, તમારે એવું કશું કરવાનું નથી. માંણહ મારૂં મર્યું છે ને એનો બદલોય હું જ લઈશ. એણે મારૂં એક માંણહ માર્યું છે તો હું એના ઘરનાં બધાંયને વેતરી નાખીશ. હું વેર લીધા વગર રહેવાનો નથી.'

મુખી ગેંદાલના અવાજમાં રહેલી મક્કમતાને ઓળખી ગયા. એને શિખામણ આપવાનો ને બધું પોતાના પર છોડી દેવાનું કહેવાનો વિચાર એમને આવ્યો પણ શોક અને દ્વેષથી ઘેરાયેલું ગેંદાલનું મન અત્યારે એમની વાત નહીં સમજી શકે એમ ધારી એમણે કહ્યું : 'એ તમે જાણો પણ જે કંઈ કરો એ હમજી-વિચારીને કરજો. જરૂર પડે તો મને હંદેહો કરજો, મને ના કહેવડાવવું હોય તો મારૂં નામ દઈ મકના ઘાવેડુને વાત કરજો. તમે કહેશો એવું કામ એ તમને ઉકેલી આલશે.' કહી મુખી પાછા વળી ગયા.

અનુક્રમ ➔

પુસ્તકાલય.કોમ

## ૭. હરખાએ બદલો લીધો?

હરખાના મોતનો ફટકો ગેંદાલને એવો તો કારમો લાગ્યો હતો કે એક જ અઠવાડિયામાં એનો દેહ જાણે પચાસ વરસે પહોંચી ગયેલા આધેડનો હોય એવો બની રહ્યો હતો. સવારમાં ઊઠીને તે નહોતો ઢોરાંની ગમાણ તરફ નજર નાખતો કે નહોતો દાતણનો કૂચડો મોઢામાં ઘાલતો. પછી ચા પીવાની તો વાત જ ક્યાં રહી? કળશિયો લઈ તે નદી તરફ ઊપડતો. દાતણપાણી પણ એ નદીએ જ પતાવી દેતો પછી ઓઘરાળિયાને માળે બેસી એ ચલમ ફૂંક્યા કરતો. એ વારેઘડીએ પરમેસરિયાની કેડી પર નજરો નોંધ્યા કરતો, જાણે હરખા ઢોરાં લઈને આવવાની ના હોય!

તો કદીક એ નદીના ભાઠામાં કે રોગિયા ધરા પર સૂનમૂન બેસી રહેતો અને વીતી ગયેલા કારમા કાળને મનમાં જ કોસતો રહેતો ને વેર લેવાના પણને પાકું કર્યા કરતો. જેટલી વાર એ આ બધું યાદ કર્યા કરતો એટલી વાર એની વેદના બેવડાયા કરતી. રોગિયો ધરો, નદીનું આ ભાઠું ને ઓઘરાળિયું; એ બધામાં હરખાની સાથે કરેલી ગોઠડીની યાદ એના હૈયામાં છવાઈ જતી. એની આંખો આંસુઓથી ઊભરાઈ જતી અને એને હૈયે ડૂમો ભરાઈ જતો.

એનું રૂંવેરૂંવું વેરના પોકાર પાડી ઊઠતું. પણ એ વેર લેવું કેવી રીતે એ હજુ એને સમજાતું ન હતું. એમ ન હતું કે એ અદા કે લક્ષ્મણથી ડરતો હતો પણ એ વેર એવું લેવા માગતો હતો કે અદા, લક્ષ્મણ, ગામલોકો ને મરનારીના આત્માનેય થાય કે વેર બરાબરનું લેવાયું છે. વળી ગોકળે એની પાસે સોગંદ લેવડાવ્યા હતા કે એવું કોઈ કામ ના કરવું કે જેનાથી કોર્ટ-કચેરીએ ચઢવું પડે. ને ગેંદાલને એના ઘરડા બાપ સિવાય હવે બીજું કોણ હતું તે એમના એ બોલ ઉથાપી શકે?

હા, એક વાતનો એના મનમાં સંતોષ હતો કે ગોકળે એને વેર ન લેવાની વાત કરી ન હતી. ગોકળનું મુખીપણું અદાના પછીના વારામાં આવતું હતું પણ અદાએ અમલદારોનાં ગજવાં ભરીને એ પોતાને નામે કરાવી લીધું હતું. ગોકળે એ વખતે માથું ઊંચક્યું હતું ને એની સામે કોરટનાં બારણાં ખખડાવ્યાં હતાં. ત્યાં પણ અદાએ પૈસાને જોરે ગોકળને ફાવવા દીધો ન હતો.

એ માથું ઊંચકવાની સજા ગણો કે જે ગણો તે પણ એ સાલ ગોકળનો સવાસો મણ બાજરીનો સાકણસાયો ઓઘો કોઈકે સળગાવી દીધો હતો. કહેનારે તો ત્યાં સુધી કહ્યું હતું કે અદાને એ ઓઘો સળગાવતાં એણે નજરે જોયા હતા, પણ ગોકળે કજિયાનું મોં કાળું ગણીને એ ઘા મૂંગે મોંએ ખમી લીધો હતો.

પછી વરસો જતાં એમની વચ્ચે પાછો મેળ પણ સધાયો હતો એમ ગોકળ માનતો હતો. પણ લક્ષ્મણાએ જે ઘા કર્યો હતો એ પછી ગોકળને લાગ્યું હતું કે એની એ માન્યતા સાવ ખોટી હતી. હવે ગેંદાલ વેર લેવાની વાત કરે તો ગોકળ એમાંથી એને પાછો વાળવા માગતો ન હતો.

લક્ષ્મણે એના ઘરની આબરૂ પર હાથ નાખ્યો હતો એનો ફટકો ગોકળને મરણતોલ લાગ્યો હતો. એ દિવસ પછી ન તો એ ઘરની બહાર નીકળ્યો હતો કે ન તો કોઈને પોતાને ત્યાં બેસવાય બોલાવ્યા હતા. વેદના, ક્રોધ અને ગેંદાલની ચિંતાએ કરીને છેલ્લા અઠવાડિયાથી તો એ પથારીએ પડ્યો હતો.

તો મુખી જેવા આબરૂદાર માણસને તો આ ફટકો ન જીરવાય એવો લાગ્યો હતો. એમણે તો હરખાની ચેહ ટાઢી પડે એ પહેલાં જ લક્ષ્મણાની લોથ ઢાળી દીધી હોત પણ ગેંદાલે એમના હાથ બાંધી દીધા હતા. એણે એમને કહ્યું હતું : 'માણસ મારું મરાયું છે તે વેર પણ હું જ લઈશ.' છતાં આ એક જ અઠવાડિયામાં એમણે પોતાને મળી જવા, ગેંદાલને ત્રીજી વાર સંદેશો મોકલ્યો હતો. પણ ગેંદાલ હજુ એમને મળવા ગયો ન હતો. એ તો પોતાના ગમમાંથી પરવારે તો મળવા જાય ને!

ત્રણ ત્રણ સંદેશા મોકલીને થાકેલા મુખીથી ન રહેવાયું તે આજે તો એમણે ગેંદાલને ઓઘરાળિયાની છાપરીએ જ પકડ્યો. મુખીને જોતાં ગેંદાલ ગળગળો થઈ ગયો. પણ એને બીજી વાતે વાળતાં પૂછ્યું : 'ગોકળજીને હવે ચ્યમ(કેમ) છે?'

'બહુ લથડી ગયા છે. દવા પીવાનીય ના પાડે છે. એમનું દિલ જ જાણે બધામાંથી ઊઠી ગયું છે.'

'પણ એમ તે કાંઈ ચાલતું હશે? એમ કરતાં કયાંક_? તમારે એમને હમજાવવા જોઈએ.'

'બહુ હમજાવું છું પણ એ માનતા નથી. મને લાગે છે કે એ હવે નહીં બચે.'

'એમ એમને જીવ દીધે કાંઈ ધોવાય નહીં. ને ધોવાતું હોય તોય હું માનું નહીં. આપડી તો સીધી ને સાદી એક જ વાત છે, વેર. એ વગર મારા જીવને ટાઢક નહીં વળે. આ તો તમે મારા હાથ બાંધી દીધા છે નહીં તો અત્યારે તો એનું હાડકુંય કોઈને હાથ ના આવ્યું હોત.'

'વેર તો ખરું જ. વેર લેવાની તો જાણે એય ના નથી પાડતા. પણ કહે છે કે વેર લેતાં કોરટ-કચેરીએ ચઢવું પડે એવું ના કરીશ, એટલે મારાય હાથ બંધાઈ જાય છે.'

'કોરટ ને કચેરીઓ તો બહુ આઘી પડી છે. ને વખત છે ને જવું પડે તોય તમારે તો નહીં જ જવું પડે. અમે હજુ મરી ગયા નથી.' મુખીએ કહ્યું ને ગેંદાલ ગૂંચવાતાં એમની સામે તાકી રહ્યો. ત્યાં મુખીએ આગળ કહ્યું : 'મેં તમને મલવા એટલા હારું બોલાવ્યા હતા. મેં બધું પાકું કરી મેલ્યું છે. જેટલા કાઢ્યા એટલા એ હવે નહીં કાઢે.'

'ચ્યમ?' સમજી ન શકતા_ સમજવા મથતા ગેંદાલથી બસ એટલું જ બોલાયું.

'ઘીના ઠામમાં ઘી પડી રહેશે. તમે ચૌદશની રાતે ઘરની બહાર ના નીકળતા. બને તો બેચાર દોસ્તોને પણ ઘેર બોલાવી લેજો. નહીં તો ગોકળજીની તબિયતનું બહાનું કાઢીને કોઈકને તમારે ઘેર હુવા બોલાવી લેજો એટલે પત્યું.'

'ચ્યમ?'

'તમે હજુ આવી વાતોથી અજાણ્યા છો. તમને આવી વાતોમાં હમજણ નહીં પડે. તમે પાંચ માંણહની વચ્ચે બેઠા હો ને પેલાને કશુંક ના થવાનું થઈ જાય તો કોઈ તમને ભેગા ના સંડોવી શકે. બાકી જે થવાનું છે એ તો થઈને જ રહેવાનું છે.'

ગેંદાલની સમજમાં મુખીનો પેંતરો આવી ગયો. ચૌદશની રાતે મુખીએ લક્ષ્મણનું કાટલું કાઢી નાખવાનું ગોઠવ્યું છે એ એને સમજાઈ ગયું. તેનાથી બોલી જવાયું : 'એટલે તમે જોખમ ખેડો ને હું_'

'એમાં જોખમ શાનું? મથુર મુખીને માથે વળી જોખમ કેવું? કાંમો કરનારો કરી જશે ને પ્હો ફાટતાં હુધીમાં તો ધડ ને માથા વચ્ચે પંદર ગાઉનું છેટું પડી ગયું હશે. તમે મારા કહ્યા પ્રમાણે કરજો ને એટલે થયું.'

ઘડીભર તો ગેંદાલ ચૂપ જ થઈ ગયો. એને ખાતરી જ હતી કે મુખી જ્યારે યોજના કરે ત્યારે એમાં કોઈ કડી ઢીલી ન જ હોય. પણ એ બરાબર નહોતું. જો કોઈએ વેર લેવું જ હોય તો એ ગેંદાલે પોતે જ લેવું જોઈએ. મુખીની યોજના એમાં બંધબેસતી થતી નહોતી. એણે કહ્યું : 'મેં તમને પહેલાંય કહ્યું હતું ને આજે ફરીથીય કહું છું કે માંણહ મારું મરાયું છે ને વેર પણ હું જ લેવાનો છું અને એય હું મારી રીતે લઈશ. તમારે એમાં કશું જોખમ લેવાનું નથી.'

'પણ એમાં મારે પંડ્યે કયાં કશું જોખમ લેવાનું છે? મારે તો કોઈકને હાથે _'

'ના, તોય ના, ના ને ના.' ગેંદાલે નન્નો ભણ્યો. મુખીને આ જમાઈ ઘેલો લાગ્યો.

'મરનારી તમારી એકલાની જ? મારી દીકરી નહીં?' એમ પૂછવાનું મુખીને મન થયું પણ

એમના મનમાંથી જાણે એનો જવાબ મળી ગયો : 'કુંવારી હતી ત્યાં સુધી તમારી ખરી પણ પરણ્યા કેડે તો એ એનાં સાસરિયાંની જ ને.'

અને એટલે તો મુખીને કહેવું પડ્યું : 'પણ ભલા માંણહ, બધું એકનું એક જ છે ને! હું વેર લઉં કે તમે વેર લો. આપડે તો મમ્મમ્થી કામ છે કે ટપટપથી?'

'ના તોય નહીં. તમે વધારે નહીં પણ દહ દા'ડા વાટ જુઓ. ત્યાં હુધીમાં કામ પતી ના ગયું હોય તો પછી તમે તમને ફાવે એમ કરજો, બસ?'

'તમારી બધી વાત હાચી પણ મારું કહેવુંય ખોટું નથી. તમે હજૂ નાના છો ને તમને આવાં કામનો અનુભવ નથી. વખત છે ને વાત કથોલી થઈ જાય ને તમને જેલ થાય તો આખો જન્મારો કથળી જાય. પણ મારે તો બધું પારકે હાથ કરાવવાનું એટલે કશું આડુંઅવળું થાય તો હજાર બે હજાર ખરચો વધારે થાય એટલું જ.' મુખીએ કહ્યું.

'તોય નહીં. પારકે હાથ કાંમ કરાવીને મારે મરનારીને શું મોઢું બતાડવું? મને તમે દહ દા'ડાની મહોલત આલો. આજથી દહમે દા'ડે તમેય છૂટા ને હુંય છૂટો. પછી તમારે જેમ કરવું હોય એમ કરજો.' ગેંદાલે કહ્યું. અલબત્ત દસ દિવસમાં એ શું કરવાનો હતો એનો આછોપાતળો ખ્યાલેય એને ન હતો. અને એટલે તો એનું મન પાછું વેરની તરકીબો શોધવામાં ડૂબી ગયું.

આ તરફ મુખીનેય એની આ મરદાનગીભરી વાતથી મનમાં પોરસ ચઢ્યું. એમને થયું કે હરખાએ જેની હાર્યે પ્રીતની ગાંઠ વાળી હતી એ એને લાયક હતો જ. પણ વિધિને એ મંજૂર ન હતું એટલે શું થાય? ને એમની આંખોય ભીની થઈ ગઈ.

'ઠીક, તમે કહો છો તો દહ દા'ડાની મુદત આલું છું. પણ તમે કોઈ પગલું ભરો એ પહેલાં મને ખબર કરજો. ને મને ખબર ના કરવી હોય તો મારા વતી મકના ઘાવેડુને વાત કરજો. પણ જે કાંઈ કરો એ પૂરતો વિચાર કરીને કરજો.'

'ઠીક, તમે કહો છો એમ કરીશ પણ દહ દા'ડા પહેલાં તમે કશું ના કરતા.' ને મુખી ગેંદાલની સામે આંખો ઝીણી કરીને તાકી રહ્યા. જાણે કહેતા ન હોય : 'ભલા માણહ, તને હજુય મારો વિશ્વાસ કેમ નથી પડતો!'

⬥

એ રાતે ગેંદાલની ઊંઘ વેરણ થઈ ગઈ. એનું રોમરોમ વેરવેર પોકારી રહ્યું હતું, પણ એ વેર કેમનું લેવું એની કોઈ ચોક્કસ યોજના એના મનમાં ગોઠવાતી ન હતી. એની ઉજાગરે ભરેલી આંખો સામેથી અનેક યોજનાઓ પસાર થઈ ગઈ પણ કોઈ એના મનમાં ઠસી નહીં.

અચાનક એને લાગ્યું કે જાણે હરખા બારણામાં ઊભી છે. એણે એની ખાતરી કરવા પોતાની નજરો સ્થિર કરવા પ્રયત્ન કર્યો, પણ ઉજાગરે ભરેલી એની આંખો વધુ સ્થિર થતી ન હતી. અધખૂલી આંખોએ એણે હરખા સામે તાકયા જ કર્યું, તાકયા જ કર્યું.

ત્યાં જાણે કોઈ તેના કાનમાં કહી રહ્યું : 'બાપાને તેં ખરું કહી દીધું : 'માંણહ મારું મર્યું છે તે બદલોય હું જ લઈશ.' મરદનાં તો એવાં જ વચન હોય. પણ હું તને એક વાત કહી દઉં છું. વેર તારેય નથી લેવાનું. વેર તો હું જ મારી મેળ્યે લઈ લઈશ. તું તારે જોયા કર.' ને ગેંદાલની આંખોમાંથી જાણે ઉજાગરાનો ભાર જતો રહ્યો. એણે બારણા સામે પાછી નજરો નોંધી. ત્યાં કોઈ ન હતું.

એ ઊભો થઈ ગયો ને બારણા તરફ ધસ્યો. એના કપાળમાં બંધ બારણું અથડાયું ત્યારે જ એની સુસ્તી ઊડી. એને લાગ્યું કે એણે ઘડી પહેલાં હરખાને બારણામાં ઊભેલી જોઈ હતી એ શમણું હતું કે શું? પણ શમણાં તો કોઈ સુખીઆને ઊંઘમાં આવે. પોતે તો એવો સુખીઓય નથી કે એવી ઊંઘમાંય ન હતો. તો— ભ્રમણા જ હશે. હરખાને જોયાની વાતને ભ્રમણા માન્યા છતાં

એનાથી રોઈ જ પડાયું.

ઘડી પહેલાં બારણામાં જેને ઊભેલી જોઈ હતી એ હરખા જાણે હમણાં જ મરી ગઈ હોય એમ એ ચોધાર આંસુએ રડી ઊઠ્યો. રડતાં રડતાં એની આંખો બારીમાંથી દેખાતા પેલા ગોઝારા કૂવા પર પડી. એ કૂવા તરફ અપલક નજરે તાકી રહ્યો. કૂવો અને એનું પેલું થાળું _ થાળું ને થાળા પર _

--ને ગેંદાલની આંખો ઝીણી થઈ. એને લાગ્યું કે લાલ ચૂંદડી ઓઢીને કોઈ ઓળો બેઠેલો હતો. પોતે જે જોતો હતો એ સાચું હતું કે સપનું એ ચકાસવા એને આંખો ચોળી. પણ પેલો ઓળો સ્વપ્ન સાબિત થવાને બદલે વધુ સ્પષ્ટ થયો. ગેંદાલ અવાક થઈ ગયો.

એક વખત તો દોડીને કૂવા પર પહોંચીને ખાતરી કરી જોવાનું તેને મન થઈ ગયું. પણ ત્યાં તો અદાની હવેલી તરફથી આવતા એક ઓળાને જોતાં તે ખચકાઈ ગયો. ઓળો થોડો આગળ આવતાં તેણે ઓળખ્યો, એ લક્ષ્મણ હતો. એને જોતાં જ ગેંદાલના હૈયામાંથી જાણે અગનઝાળ નીકળી. કણ તેના પગ જાણે બંધાઈ ગયા હોય એમ એનાથી બારીએથી દૂર ખસાતું જ ન હતું તો કૂવા તરફ જવાની તો વાત જ શી?

શું થાય છે એ જોવા એ અધ્ધર શ્વાસે બારીએથી બહાર તાકી રહ્યો. લક્ષ્મણ જાણે ચાવી દીધેલું પૂતળું હોય એમ કૂવાનાં પગથિયાં ચઢ્યો ને આમ તેમ જોવા લાગ્યોઃ જાણે કશુંક શોધતો ન હોય! અચાનક નજીકના ઝાડના થડિયા પાસે લાલ ચૂંદડી ફરકતી જણાઈ અને ઝાડના એ થડિયા તરફથી નજરો હઠાવ્યા વગર જ લક્ષ્મણ એ તરફ ધસ્યો. વચમાં કૂવો હતો એની જાણે એને શુધ જ નહોતી.

ને બીજી જ પળે લથડીને એ કૂવામાં પડ્યો. એક ધબાકો એના કૂવાને તળિયે પછડાટનો રાતના સૂમસામ અંધકારને ચીરીને ગામની બેય શેરીઓમાં સોપો પાડી રહ્યો. આ અજુગતા અવાજથી કેટલાક કાગનિંદરિયા જાગી ગયા ને શું થયું એ જાણવા બહાર શેરીમાં ધસી આવ્યા. ગેંદાલ પણ હાથમાં લાકડી લઈને દોડ્યો. ઘડીકમાં તો કૂવા પાસે દશપંદર માણસો ભેગા થઈ ગયા.

કોઈ દોરડું લઈ આવ્યા તો કોઈ ફાનસ સળગાવી લાવ્યા. એક જણે દોરડે બાંધીને ફાનસ કૂવામાં ઉતાર્યું તો બીજે દોરડેથી બેચાર જુવાનિયા કૂવામાં ઉતરી પડ્યા. એકબે જણે તો લક્ષ્મણને કૂવા તરફ જતો જોયાનું પણ જણાવ્યું. થોડી વારે કૂવામાંથી એક અચેતન માનવ દેહ બહાર કાઢ્યો. બધા એની ચારે તરફ ફરી વળ્યા. બધાએ એને ઓળખ્યો. એ લક્ષ્મણ જ હતો.

શોબકોર સાંભળી અદા પણ આવી પહોંચ્યા. ત્યાં કોઈ જાણકારને લક્ષ્મણની નાડી જોઈ નકારમાં માથું હલાવતો જોયો ને થાળામાં પડેલા અચેતન લક્ષ્મણનેય જોયો. ને સાત ભડના ભડ એવા અદાય જાણે ફાટી પડ્યા. ને લક્ષ્મણના નિર્જીવ દેહ પાસે ફસડાઈ પડ્યા.

અનુક્રમ ?

# ૮. અવગતિયો જીવ

બીજા કોઈને મોએ વાત સાંભળી હોત તો ગેંદાલ એને સાચી માનત જ નહીં, પણ આ તો એણે નજરોનજર જોયેલી વાત હતી, પછી ન માનવાનો સવાલ જ ઊભો થતો ન હતો. હરખાનો જીવ અવગતે ગયો હોવાની વાતમાં હવે તેને શંકા ન રહી. હા, એ જાણી એનું કાળજું વેદનાથી જાણે મૂઢ થઈ ગયું હતું.

છેલ્લા કેટલાય દિવસની આવી મૂક વેદના ને શરીર પ્રત્યેની એની બેકાળજીએ ગેંદાલના સાવઝ સરખા શરીર પરથી ઘણો માવો ઊતરડી લીધો હતો. એ બોલતો હતો ઓછું ને જે કાંઈ એ બોલતો હતો એમાંનું મોટાભાગનું તો અર્થ વગરનું જ હોતું. એ ખાતો હતો એય જાણે કોઈને માટે ખાતો હોય એમ કશીય દિલચસ્પી વગર જ. એ હરતોફરતો તેય લઘરવઘર અને કદીક હસતો હતો તેય જાણે પ્રેત હસ્યું. હસવાનું, આનંદમાં રહેવાનું કે વરણાગી કરવાનું એ જાણે સાવ જ વિસરી ગયો હતો. અરે, જીવતરનેય એ વિસરી ગયો હોત જો એણે પેલી વેર લેવાની પ્રતિજ્ઞા ન લીધી હોત તો.

લક્ષ્મણના મોતને ત્રણ દિવસ થઈ ગયા હતા. એ ત્રણેય દિવસ એ ઘરની બહાર નીકળ્યો જ નહોતો. રાત ને દિવસ એ પોતાના ઓરડામાં જ પુરાઈ રહ્યો હતો એમ કહીએ તોય ખોટું નહોતું. એની બારીમાંથી એ પેલા કૂવાના થાળા પર અને એની પાછળના પેલા પીપળાના ઝાડ તરફ મીંટ માંડીને તાકયા કરતો હતો.

હરખાનો જીવ અવગતે ગયો છે એ જાણી તેને અપાર વેદના થતી હતી. ત્રણ ત્રણ રાતના ઉજાગરા અને હાલકડોલક થતા વિચારો પછી તેની આ વેદનાએ હવે વિકૃત રૂપ ધારણ કર્યું હતું. એ હવે હરખાના અવગતિયા જીવને રૂબરૂ મળવા માગતો હતો. પણ લક્ષ્મણના મોતથી હરખાના જીવને જાણે તાઢક વળી હોય અને એની સદ્‌ગતિ થઈ હોય એમ, તે દા'ડા પછી  એ જણાયો નહોતો.

ગામ આખું તો કહેતું હતું કે હરખાએ બરાબરનું વેર લીધું હતું. મથુર મુખીને પણ આનાથી જાણે સંતોષ થઈ ગયો હોય એમ એ ગોકળની તબિયત જોવા આવી ગયા હતા ને લક્ષ્મણનું જે કાંઈ થયું એ ઠીક જ થયું એવી હૈયાવરાળ કાઢી ગયા હતા. જો કે એ હૈયાવરાળથી ન તો ગોકળને હામ આવી હતી કે ન તો એની વેદના ઘટી હતી. એણે તો જાણે મનથી જ મરણપથારી કરી લીધી હોય એમ એનું શરીર દિવસે દિવસે વધુ ને વધુ કથળતું જતું હતું.

તેણે ગેંદાલને પાસે બોલાવીને કહ્યુંઃ 'જો હું તો હવે ખર્યું પાન છું. પણ તું આમ કર છ એ કેમ ચાલે! લખમણાને તો એનાં પાપ ભરખી ગયાં. હવે શું છે તારે?'

'મારું વેર બાકી છે. હું એ ડોહલાનેય નહીં છોડું.'

'અમાં એ ડોહાનો કશો વાંક નહીં. ઊલટું લખમણાને પાપે ભૂંજાઈને એમણે તો આ દહ દા'ડાથી ગાંમમાં કોઈને મોંય બતાયું નહીં.'

'અમાં શું થયું?'

'અમને બાપડાનેય આ વાતનું દુઃખ તો બહુ છે પણ એય શું કરે? ભૂંડું કરનારો કરી ગયો ને એનાં ફળ પણ ભોગવી ગયો. આવે (હવે) એ ડોહાને શું છે?'

'એ બધું હું ના જાણું. હું મારું વેર લીધા વના રહેવાનો નથી એ વાત નકકી. હું મારું વેર લઈશ; એ ડોહા હાર્યે ને એના આખા ઘર હાર્યે.' ગેંદાલે મકકમતાથી કહ્યું.

'ગાંડો થયો છે કે શું? એમાં એના આખા ઘરને શું છે? અને હવે એના ઘરમાં રહ્યું છેય કોણ? એ ડોહા અને લખમણાની છોડી.' કહી ગોકળે ગેંદાલના બોલવાની રાહ જોઈ, પણ ગેંદાલ કાંઈ ન બોલ્યો એટલે એણે કહ્યું: 'દીકરા, એ વાતનું દુઃખ તારા કરતાંય મને વધારે છે. ભાઈ, મનખા અવતાર છે. એવાં તો કંઈક દુઃખ આવે ને જાય પણ એમ હારી જવાય કાંઈ? અને ભાઈલા, વેરની વાતમાં તો એવું છે કે એને ભૂલી જનાર જ જીતે. જો બધાય તારી જેમ આવાં વેર યાદ રાખીને જીવવા માંડે તો માંણહ માંણહ વચ્ચે બોલવાનોય વહેવાર ન રહે.'

'એ બધુંય હું હમજું છું પણ આ વાતમાંથી તો હું પાછો નહીં જ વળું.' ગેંદાલ નજરો ઉઠાવી બાપ સામે જોઈ ન શકયો એટલે નજરો નીચી રાખીને જ તેણે કહ્યું.

'ભલા માણહ, તારે જો આ વાતમાં ના હમજવું હોય તો પછી તારી એ હમજણનો શો અરથ? મારી એક વાત માનજે. વખત છે ને કાલે હવારે હું ના હોઉં તો તું એ બધી વેરઝેરની વાતો ભૂલી જજે અને આપણા જોગું કોઈક લાયક ઠેકાણું જોઈને પૈણી પણ જજે.'

ત્યાં ગેંદાલ બોલી ઊઠ્યો : 'એ વાત—'

'પહેલાં મારું કહેવું તો પૂરું હાંભળ, મારે તો તું એકનો એક છો, એટલે વંશનો વેલો ચાલુ રાખવાનો ભારેય તારે જ માથે છે. મુખીને મેં વાત કરી છે. તું જક નહીં ઝાલે તો એ કંઈક તારું ઠેકાણું પાડી આલશે. પછી પેલાં વેરબેરનાં લફરાં ભૂલી જઈને શાંતિનો રોટલો રળી ખાજે. કાલે હવારે હું ન હોઉં તો — પણ તું મને વચન આલ્ય કે તું મેં કહ્યું એમ કરીશ.' ગોકળે દાળદારે સાદે કહ્યું.

ગેંદાલ ચમકી ગયો. બાપના બોલવા પાછળ જે ભાવાર્થ હતો એ એને ડરાવી ગયો. ગોકળનું દિલ પણ હવે મોત ઝંખતું હતું એ એના બોલવા પરથી વર્તાઈ આવતું હતું. હસવાનો લૂખો પ્રયત્ન કરતાં ગેંદાલે કહ્યું : 'તમને શું થવાનું છે? છતાં તમને સંતોષ થતો હોય તો જાવ હું એ બધું ભૂલી જઈશ.' ને સ્હેજ અટકીને એણે બાપાને આશ બંધાવી : 'અને વરહવંટોળમાં પૈણીય જઈશ, બસ?'

ગોકળના દેહમાં એના આવા જવાબે જાણે જીવ આવ્યો. એ ઉપરાઉપરી રોટલાનાં બટકાં આંમળવા માંડ્યો.

ગેંદાલ ઊઠ્યો ને અંદરના ઓરડામાં સૂવા ગયો. પણ અંદર પેસતાં જ એના પગ થંભી ગયા. અંદર ખાટલી પર હરખા પગ ઝુલાવતી બેઠી હતી. એ જ લાલ ચટક ચૂંદડી, ભર્યાભર્યા ગુલાબી ગાલ, એ જ હસતી આંખો અને એ જ અલ્લડ ઠસ્સો. બેઠીબેઠી એ પગ ઝુલાવી રહી હતી ને એના પગનાં પોયણા જેવાં ચાપ્પા પર ચણિયાની ઝૂલ ઊછળતી હતી અને એનાં ઝાંઝરની ઘૂઘરીઓ રણકતી હતી.

ગેંદાલની નજરો એ પગ પર જ અટકી ગઈ હતી. લોકો કહેતા હતા કે ભૂતના પગનાં ચપ્પાં અવળાં હોય પણ આનાં તો એવાં ન હતાં! તો શું હરખા ભૂત નહોતી થઈ કે પછી મરી જ ન હતી? ગેંદાલ વિચારતો હતો. પણ એના મનમાં ઊઠતા એ સવાલનો એની પાસે જવાબ કયાં હતો? એ ચૂંચવાઈ રહ્યો હતો. એના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં.

'એય, ગમાર, ત્યાં મારા ટાંટિયા હાંમે શું તાકી ર'યો છે, મારી હાંમે જો ને!' હરખાએ આંખો નચાવતાં કહ્યું.

ને ગેંદાલ વધુ ચમક્યો. તેણે હરખાની આંખોમાં આંખો પરોવવા પ્રયત્ન કર્યો. હસતી હરખાની આંખોમાં જાણે સાપલિયાં રમતાં હતાં. ગેદાલથી બોલી જવાયું : 'હરખા, તું?'

'લે, કર વાત. તું તો જાણે બાઘો થઈ ગયો હોય એવી વાત કર છ ને!'

'પણ તું તો મરી ગઈ હતી ને ...' બોલતાં થોથવાતાં ગેંદાલે જીભ કચરી.

'દુનિયાંની નજરે હું મરી ગઈ પણ તારી હાંમે તો આ બેઠી, હાજીહમી (સાજીસમી).'

ગેંદાલ ઘડીભર તો એ નાચતી આંખો અને પેલી કામણગારી કાયા સામે તકતો જ રહી ગયો. પછી બોલ્યો : 'તારો જીવ અવગતિયે ગયો છે એની તો જાણ છે. મેં મારી સગી આખે તને પેંપળાના થડિયા પાંહે ફરકતીય જોઈ છે ને લખમણાને કૂવામાં પડતોય જોયો છે. પણ હવે તો તું તરો જીવ ગત્યે કર. આપણું વેર તો તેં એકલીએ વાળી લીધું છે.'

'વેર તો મેં એમ વાળી લીધું; મને થયું કે તું ઉતાવળમાં ક્યાંક ના કરવાનું કરી બેસીશ તો —' હરખાએ એનું બોલવું અડધેથી અટકાવ્યું.

'તે તેં ચ્યમ માન્યું કે હજુય હું વેર લીધા વના રહીશ?'

'મને એવો વહેમ હતો એટલે તો ચોવીસે કલાક તારી ચોકી કરતી'તી પણ આજે બાપાની હાર્યે તારે ચોખવટ થઈ ગઈ એટલે મારા દિલમાં તાઢક થઈ ગઈ.'

'મેં બાપાની વાત કબૂલ રાખી એ તને ભલું ગમ્યું?'

'ચ્યમ ના ગમે? મારું મન તો તે દા'ડે જ તારા પર વારી ગ્યું'તું; જે દા'ડે તેં બાપાને મોઢામોઢ કહી દીધું હતું કે માંણહ મારું મર્યું છે ને એનું વેર પણ હું જ લઈશ. પછી તારા હાથ કોઈના લોહીથી રંગાય એના કરતાં મેં જ મારી રીતે એનો ઘડો લાડવો કરી નાખ્યો.'

'તો હવે તારો જીવ ગત્યે કર.'

'ના.'

'ચ્યમ? કંઈ બાકી છે? મને કહે, હું પૂરું કરીશ, બોલ.'

'બાકી તો કશું નહીં એમ કહું તોય ઠીક છે ને બધુંય બાકી છે એમ કહું તોય ખોટું નહીં.' કહેતાં હરખાએ આંખો નચાવી. સપના જેવું, સરી ગયેલું રઢિયાળું આયખું ગેંદાલની નજર સામે અલપઝલપ થઈ રહ્યું. એના હયામાં જાણે નવા નવા ઓરતાઓ જાગી ઊઠ્યા. ગેંદાલ ઘડીભર તો જાણે ભાન ભૂલી ગયા જેવો થઈ ગયો. એ ખાટલીની નજીક સરતાં બોલ્યો : 'બાકી ર'યું હોય તો આવે (હવે) પૂરું કરીએ, આવ.'

ત્યાં તો હરખા આક્રંદ કરી ઊઠી : 'ના ના, આઘો રહે મારા ધણી, હવે હું તારે લાયક નથી રહી.' કહેતાં હરખા ખાટલી પરથી ઊઠીને ખૂણામાં ભરાઈ ગઈ.

'મારાથી એ કંઈ અજાણ્યું છે? પણ ભગવાનના સમ મારા દિલમા તારો જરાય દોષ વસ્યો હોય તો. જેનો ગનો હતો એને તો જમડા નરકમાં લઈ ગયા. હવે તો તું જેવી હો એવી મારાં આંખમાથા પર.' કહેતાં ગેંદાલે ઠોકડો મારી હરખાની પાસે જઈ એને બાથમાં લેવા કર્યું પણ ત્યાં કોઈ હોય તો બાથમાં આવે ને! બારીમાં કશોક ફડફડાટ થયો ને બીજી જ પળે કૂવાના થાળામાં લાલ ચૂંદડી ફરકતી દેખાઈ. ને કાચી ઘડીમાં તો પેલા પીપળાના થડ પાસે અંધારામાં ક્યાંક ઓગળી ગઈ.

ને ગેંદાલની આંખોમાંથી ખરખર કરતાં આંસુ ખરી પડ્યાં. એના હૈયામાં જાણે વેદનાની આંધી ઊઠી. ઘડીભર તો એને પીપળાના થડિયા પાસે જઈ હરખાને સાદ પાડવાનું મનેય થઈ ગયું ને સાદ સાંભળીને હરખા પ્રગટ ન થાય તો કૂવામાં કૂદી પડવાનુંય મન થઈ ગયું. પણ આવા બાલિશ વિચારો ઉપર એણે તરત કાબૂ મેળવી લીધો. એ પથારીમાં પટકાઈ પડ્યો ને ચોધાર આંસુ સારી રહ્યો. પાછલી અડધી રાત અધવારી તોય એની આંખો ન તો કોરી થઈ કે ન તો મીંચાઈ.

અનુક્રમ ?

## ૯. ગોકળે જાણ્યું

આગલી આખી રાતનો ઉજાગરો હતો એટલે ગેંદાલ બીજે દિવસે સવારે મોડો ઊઠ્યો. ઘેરાતી આંખે એ જ્યાં સુધી એ પથારીમાં પડ્યો રહ્યો ત્યાં સુધી એને સમયનું જાણે ભાન જ ન હતું પણ જ્યાં એની નજર બારીમાંથી બહાર ગઈ કે તે સફાળો બેઠો થઈ ગયો. એ પાણિયારેથી દાતણ લઈ સીધો રસોડામાં પેઠો. ચૂલા સામે નજર કરતાં જ તે થંભી ગયો. ચૂલામાં લાકડાં ભડભડ બળતાં હતાં. બાજુમાં જ નીચે ઉતારી મૂકેલી તપેલીમાં બેત્રણ પ્યાલા ગરમ ગરમ ચા જાણે હમણાં જ કોઈએ ચૂલેથી ઉતારીને મૂકી હોય એમ તૈયાર પડી હતી.

બહાર રવેશીમાં જઈ તે ગોકળની પથારીમાં નજર કરી આવ્યો. બીમાર અને હમણાંના અશક્ત બની ગયેલા ગોકળે તો ઊઠીને ચૂલો સળગાવ્યો હોય કે ચા મૂકી હોય એવી તો તેને કલ્પનાય ન હતી છતાં એણે ખાતરી કરી. ગોકળ હજુ પથારીમાંથી ઊઠ્યો જ નહોતો.

તોય ગેંદાલે મોઘમ પૂછ્યું : 'બાપા, તમે ઊઠ્યા હતા?'

'ના ભૈ, હું ચ્યારનો જાગતો'તો ખરો પણ મીકું (મેં કહ્યું) તારી આંખ મીચાઈ હોય તો તને વહેલો જ્ગાડવો નથી એટલે હું પડ્યો રયો'તો (રહ્યો હતો).' ગોકળે કહ્યું.

ગેંદાલે બાપાને દાતણ આપ્યું ને વિચારોને વંટોળે ચઢી જવા મથતા પોતાના મનને પરાણે વાળતાં એણેય દાતણ પતાવી દીધું. પછી એ રસોડામાં પેઠો ત્યારે તો ચા પ્યાલામાં ગાળેલી હતી ને એઠાં વાસણ પણ ઘસાઈને છાજલી પર વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં હતાં. ગેંદાલ બહાવરો બની ગયો. એની ઉદાસ આંખોમાં ગઈ રાતના જેવી ચમક આવી ગઈ. એણે ઝાપટ મારી અગાસિયા તરફનું બારણું ઉઘાડ્યું. અગાસિયામાં કોઈ ન હતું.

બહારથી ગોકળનો કોગળા કરવાનો અવાજ આવ્યો અને ગેંદાલ વિચારોની દુનિયામાંથી નક્કર વાસ્તવિકતામાં આવી ગયો. ચૂઈ પડવા મથતી આંખોને એણે પરાણે કાબૂમાં રાખી ને ચાનો પ્યાલો ઉઠાવ્યો.

બહાર જઈ ગોકળને ચા આપતાં એણે સહજ પૂછ્યું : 'રોટલો આલું, બાપા?' ગોકળ કાંઈ બોલ્યો નહીં. ગામડાંમાં બધાને હોય છે એમ સવારમાં ચાની સાથે રોટલો ખાવાની ગોકળનેય ટેવ હતી. અલબત્ત, છેલ્લા દસેક દિવસથી કોઈ સવારે ગેંદાલે એને રોટલાનું પૂછ્યુંય નહોતું કે ગોકળે રોટલો માગ્યોય નહોતો. પણ આજે જ્યારે ગેંદાલ પૂછી બેઠો ત્યારે એનાથી ના ન કહેવાઈ.

ગેંદાલે શીંકામાં ગઈ રાતના ઢાંકી મૂકેલા રોટલા લેવા હાથ લંબાવ્યો તો એને રોટલાની થાળી ગરમ લાગી. નીચે ઉતારીને જુએ તો તાજા જ કૂણાકૂણા ગરમગરમ રોટલા. ગેંદાલ વિચારવાના વિચારને પડતો મેલી ગોકળને ઢાંકણામાં બે રોટલા અને ડુંગળીનું ડચકું મૂકી બહાર આપી આવ્યો.

ગોકળે રોટલાનું બટકું મોંમાં મૂક્યું. રૂના પોમલા જેવું કૂણું એ બટકું ગોકળને કોઈ અજાણ્યા હાથના કામણગારા કસબનો ખ્યાલ આપી ગયું. એણે ઢાંકણામાંથી ઉઠાવી રોટલાને આમતેમ જોવા માંડ્યો. નકશીદાર ચઢણિયાંથી ઓપતો એ રોટલો જાણે એની ઘડનારીની ચાડી ખાતો હતો.

ગોકળ ઘડીક તો એ રોટલાની સામે તાકતો જ રહી ગયો. પછી દૂર્બળ કાયાને ન ગણકારતાં એ એક હાથમાં રોટલાનું ઢાંકણું ને બીજા હાથમાં ચાનો પ્યાલો લઈ રસોડામાં જઈ ગેંદાલની સામે ગોઠવાયો.

'આજે તું બહુ વહેલો ઊઠ્યો હતો કે શું? મેં તો માંન્યું કે તું ઊંઘ છ એટલે તને હાંકેય ન'તી (ન હતી) મારી.'

— ને ગેંદાલની વિચારોની ગલ્લી ઉલ્લી ગઈ. વર્તમાન પાછો એની સામે આવીને ખડો થઈ ગયો. 'વહેલું તો ઊઠવું જ પડે ને!' કહેતાં એ પોતાનાં ખાલી ઢાંકણું ને પ્યાલો બહાર અગાસિયામાં મૂકી આવ્યો. એ મનમાં વિચારી રહ્યો : આ વખતે તો એને પકડી જ પાડવી છે. એ ઓરડામાં પાછો આવ્યો ત્યારે ગોકળ પણ એનાં રોટલોને ચા પતાવીને બહાર ચાલ્યો ગયો હતો.

ઓરડામાં આવી ગેંદાલ એવી જગ્યાએ ઊભો રહ્યો કે જ્યાંથી પેલાં એંઠાં વાસણ પર નજર રાખી શકાય. પણ ત્યાં તો અચાનક ઓરડા ને અગાસિયાની વચમાંનું બારણું બંધ થઈ ગયું. બંધ થતા એ બારણાની વચ્ચે લાલ ચૂંદડીનો છેડો ભરાઈ ગયો હતો. ગેંદાલે એ જોયું ને એ છેડો પકડી લેવા તરાપ મારી. પણ છેડો એના હાથમાં આવે એ પહેલાં તો પેલો છેડો અંદર ખેંચાઈ ગયો હતો અને —

— અને ગેંદાલના કાનમાં કોઈએ કહ્યું : 'આવા ચાળા નહીં કરવાના, હોં કે.' ને રડી પડવા માગતા હૈયાનો પેલો ગમગીન ખૂણોય હરખાના આ લહેકાથી હસી ઊઠ્યો.

પછી તો દિવસના ભાગમાં એવા ચાળા કરવાનું ગેંદાલે છોડી પણ દીધું. કોઈ હોંશવાળી અને કાબેલ ગૃહિણીની કાળજીભરી માવજત આખા ઘરને — મળવા માંડી હતી. દરેક કામ સમયસર અને સારી રીતે થવા માંડ્યાં. ગેંદાલ પણ વધારે વિચારવું પડતું મૂકીને સંતોષથી જીવતો હોય એમ લાગવા માંડ્યું. પણ —

— પણ રાત એની કેમેય જતી ન હતી. હા, રાતે હરખા આવી જતી હતી અને ગેંદાલ લાખ પ્રયત્ન કરવા છતાં આવા ચાળા કર્યા સિવાય રહી શકતો ન હતો. ઘણી વખત તો એ ખાટલીને બદલે જમીન પર જ લંબાવી દેતો હતો અને અધમીંચી આંખે ખાટલીની પાથરનારીની વાટ જોયા કરતો હતો. એમ કરતાં એ કદીક હરખાને પકડી પણ પાડતો. હરખા વળી પાછો ઠપકો આપતી, પણ એનો એ ઠપકો પૂરો થાય એ પહેલાં તો ગેંદાલના ચાળા પાછા શરૂ થઈ જતા.

હરખા — અતૃપ્ત હરખાય અવશ બની જતી. અંધારી હોય તોય એ રાત પછી ચાંદનીના રંગે રંગાઈ જતી. બેય જુવાન હયાંની મોસમ મહોરી ઊઠતી. એમના અંતરનો આનંદ વાતાવરનનેય જાણે તાજગીથી તરબતર કરી દેતો. થોડી વારની રસમસ્તી પછી ગેંદાલની આંખો બિડાતી અને એ બિડાયેલી આંખોમાંય એ હરખાની હસતી આંખોનાં પ્રતિબિંબ ઝીલ્યા કરતો. ઊંઘમાંય હરખાની વહાલભરી આંગળિયો, વાળમાં ફરતી એ અનુભવી રહેતો. પણ વહેલી પરોઢે એની આંખ જ્યારે ઉઘડી જતી ત્યારે ખાલી પડખું, ચોળાયેલી હૂંફાળી ચાદર અને વેરવિખેર થઈ જતી સ્મૃતિને ઢંઢોળતાં એની આંખમાં આંસુય ખૂટી પડતાં.

દશબાર દા'ડા તો ગોકળને કશો વહેમ ન આવ્યો પણ રોજ ને રોજ મળતું અવનવું ખાવાનું, ઘરની પલટાતી જતી સૂરત અને ગેંદાલના બદલાતા જતા રંગઢંગ, એબધાએ એના મનમાં કશાક અજુગતાની શંકા તો જગાવી જ. એણે પોતાની તબિયતની પરવા કર્યા વગર ગેંદાલ પર નજર રાખવા માંડી. ને એમ કરતાં એક રાતે એણે ગેંદાલના ઓરડામાંથી હસવાના, વાતોના ને ધમાચકડીના અવાજો સાંભળ્યા. આમન્યા અને મલાજાના ખ્યાલને કોરે મૂકીને એણે બારણાની ફાટમાંથી અંદર નજર કરી.

ઓરડાની વચમાં ખાટલીની આડ કરી હોય એમ એને આડી કરી દીધેલી પડી હતી. ગેંદાલ એ ખાટલીની એકપા' ઊભડક બેઠો હતો. એના હાતમાં ચૂંદડીનો એક છેડો પકડાયેલો હતો ને બીજો છેડો ખાટલીની પાછળથી કોઈ ખેંચી રહ્યું હતું. ઘડીક છેડો ગેંદાલની તરફ ખેંચાઈ આવતો હતો તો ઘડીક બીજી તરફ. ગોકળ જોઈ જ રહ્યો.

ત્યાં ખાટલીની પાછળથી અવાજ આવ્યો : 'ભલો થઈને તું મને આજે જવા દે, નહીં તો કાલથી મારે આવવાનું જ બધ કરી દેવું પડશે.' અવાજ હરખાનો જ હતો એ તો હરખાના અવાજથી ખાસ પરિચિત ન હોવા છતાં ગોકળને સમજાઈ ગયું.

‘કાલ્યની વાત કાલ્યે ને આજની વાત આજે.’ ગેંદાલનો બેફિકરાઈભર્યો અવાજ.

‘રોજ આવી ધમાચકડી કર છ તે કો’ક જાણી જશે તો?’ પેલો દબાતો અવાજ.

‘કો’ક જાણશે તોય શું? ચ્યાં કોઈની ચોરી કરીએ છીએ! ગાંમ આખાની હાંમે પૈણ્યાં છીએ. પછી વાંધો શાનો?’ પેલો બેફિકરાઈભર્યો પુરુષકંઠ.

‘આપણે પૈણ્યાં’તાં એ તો પતી ગયું. હું મરી ગઈ ને તું —’

‘તે હું ય મરી જઈશ. હું મરી જઉં પછી તો કશો વાંધો નહીં આવે ને કોઈને?’

‘એવું શું બોલતો હોઈશ? મરે નહીં તારા દશ્મન. જો, મારી હાંમે જો, તું કહીશ તો હું રોજ આઈશ પણ તારે આવું નહીં બોલવાનું, હોં.’ કહેતાં ખાટલીની પાછળથી હરખા બહાર આવી. અડધાંપડધાં પહેરાયેલાં-પહેરેલાં રહેલાં કપડાં એટલાં તો અસ્તવ્યસ્ત હતાં કે ગોકળ શરમાઈ ગયો.

એ પોતાની પથારીમાં જઈ માથે માથે ઓઢીને સૂઈ ગયો. પેલા ઓરડામાંથી પરોઢ સુધી જાતજાતના અવાજના ભણકારા એના કાનમાં વાગતા જ રહ્યા. ને ગોકળે મનોમન નક્કી કરી લીધું મેલાજી ભૂવાને બોલાવવાનું ને ગેંદાલના ભૂતને કઢાવવાનું.

અનુક્રમ?

પુસ્તકાલય.કોમ

## ૧૦. સવલી

ગેંદાલને આખી રાતનો ઉજાગરો થયો હતો એટલે બીજે દિવસે સવારમાં ઊઠવામાં એને ઘણું મોડું થઈ ગયું. એ ગોકળને દાતણ આપવા ગયો ત્યારે ગોકળ દાતણ પતાવીને બેઠો હતો.

'તમે આજ બહુ વહેલા ઊઠ્યા હતા બાપા!' કહેતા જવાબની રાહ જોયા સિવાય એ રસોડામાં ચાનો પ્યાલો લેવા ગયો. ગોકળ પણ એને જવાબ આલ્યા વગર એની પાછળ રસોડામાં ગયો.

ચૂલામાં લાકડાં ભડભડ બળતાં હતાં ને ગળાયેલી ચાના પ્યાલા તૈયાર પડ્યા હતા. એ તૈયાર પ્યાલા તરફ જોતાં ગોકળે પૂછ્યું : 'તું તો હજુ અવડે (હમણાં) જ ઊઠ્યો તારે આ ચા કોણે મેલી ને કોણે ગાળી ને રોટલાય કોણે ઘડ્યા?'

ગેંદાલ મૂંઝાયો. સાચો જવાબ એને હોઠે હતો પણ એ તો એનાથી દેવાય એમ ન હતો ને જૂઠો જવાબ દેતાં એનું દિલ પાછું પડતું હતું. એટલે કોઈ પણ જવાબ દીધા સિવાય એણે અગાસિયામાં જઈ દાતણ ચાવવા માંડ્યું. ગોકળ એની પેલી પ્રશ્નાર્થ મુદ્રા સાથે એમ ને એમ જ બેસી રહ્યો. દાતણ પતાવી રસોડામાં પાછા ફરતા ગેંદાલને ગોકળની ઉદાસ આંખોએ એનો એ જ સવાલ જાણે ફરીથી પૂછ્યો. હવે ગેંદાલથી જવાબ ગળી જઈ શકાય એમ ન હતો.

એણે કહ્યું : 'એની મેળે તો ચા તૈયાર નહીં જ થઈ હોય ને! તમ તમારે પીવા માંડો ને!' કહેતાં એણે ગોકળને ઢાંકણામાં બે રોટલા ને અથાણું આપ્યાં ને પોતે પણ બીજા ઢાંકણામાં રોટલા લઈ આંમળવા માંડ્યો.

એને મન તો એ રોજના રોટલા ને રોજની જ ચા હતાં પણ આજે ગોકળની નજરે એમનાં કલેવર બદલાઈ ગયાં હતાં. રૂપાળાં ચઢણિયાંથી ઓપતા કૂણા કૂણા રોટલા ગોકળને ગળે આસાનીથી ઊતરી જતા હતા પણ આજે એ જ રોટલા એને જાણે અળખામણા થઈ પડ્યા હોય એમ એનાથી રોટલાનું બટકુંય જાણે ભગાતું નહોતું. બાપાને રોટલાના ઢાંકણા સામે તાકી રહેલા જોતાં ગેંદાલે પૂછ્યું : 'કેમ ખાતા નથી, બાપા? શરીરે ઠીક નથી કે શું? કે પછી મેં કહ્યું તેનું માઠું લાગ્યું?'

ગોકળે કશો જવાબ દીધા વગર રોટલાનું ઢાંકણું હડસેલી મેલ્યું ને ચાય પીધા વગર ઊભો થઈ ગયો. ગેંદાલને ગોકળનું આ વલણ પૂરું તો ન સમજાયું પણ એમના મનમાં કાંઈક છે એટલું તો એને સમજાઈ જ ગયું. બહાર જવા ફરતા ગોકળની આડો ફરી વળતાં એ બોલ્યો : 'બાપા, તમને મારા હમ છે જો તમે ખાધા વના બહાર જાવ તો.'

ગોકળે ગેંદાલ સામે જોયું. ઉજાગરે ભરેલી એની આંખોમાં પાણી તગતગી રહ્યાં હતાં. ગોકળ પાછો બેઠો. રોટલાનું ઠાંકણું હાથમાં લેતાં એણે કહ્યું : 'રોજ ખાઉં જ છું ને! પણ આજે આ રોટલા ખાતાં મારું મન પાછું પડે છે. દીકરા મારું મન કહે છે કે આ રોટલા તારા હાથે ઘડાયેલા નથી કે આ ચા પણ તેં મૂકેલી નથી કે આ ચૂલોય તેં પેટાવેલો નથી.'

ગેંદાલ ગમ ખાઈ ગયો. પોતે પકડાઈ ગયો એ વાતનું એને દુઃખ નહોતું પણ સાચી વાતનો અણસાર આવી ગયા પછી ગોકળના દિલ પર શી વીતતી હશે એની કલ્પના જ એને ગમગીન બનાવી રહી. પાંપણ પાસે આવી ગયેલાં આંસુને એણે ત્યાંથી જ પાછાં વાળી લીધાં. એણે કહ્યું : 'બાપા, ચૂલો બીજું કોણ સળગાવે ને ચાય મારા વના બીજું કોણ મેલે આ ઘરમાં?'

ગોકળના હાથમાંથી રોટલાનું ઢાંકણું પડતું રહી ગયું. એની આંખોય સજળ બની રહી. એણે ખેદભર્યા અવાજે કહ્યું : 'દીકરા, મારી આગળેય જૂઠું બોલીશ? હું કશું નથી જાણતો એમ ના માનીશ. મને બધીય ખબર છે.'

'ખબર છે તો પછી મારે મોઢે જૂઠું શું કામ બોલાવો છો?'

'દીકરા, માંણહ ને માંણહ વચ્ચે માયા હોય, માંણહ અને પ્રેત વચ્ચે માયા ન હોય. મારે તને એટલું જ હમજાવવાનું છે. હજુ વખત વહી નથી ગયો.હજુ પાછો વળી જા તો હઉ હારાં વાનાં થઈ જશે.'

'કંઈથી પાછો વળું? બાપા, દનિયાંની નજરે એ ભલે મરી ગઈ પણ મારી હાંમે તો હાવ હાજીહમી છે. એ મારોય રાજીપો હાચવે છે ને ઘરનું બધું વૈતરુંય કૂટે છે. એ વારે છે ઝૂડે છે, ઠોબરાં ઊટકે છે, ચા મેલે છે ને રોટલાય ટીપે છે. તમે જ કહો એના કાંમમાં તમને રતિભારેય કચાશ વર્તાઈ છે કદી? પછી એનામાં ને જીવતા માંણહમાં તમને ફેર ચ્યાં લાગ્યો?'

'તારી એ બધીય વાત હાચી પણ એ મનેખમાં નથી એ એનામાં મોટામાં મોટી ખામી. એ જેને વહાલ કરે એને જ ભરખી જાય. તારા જ દેદાર જો ને. એક વેળા ભરેલો કોહ (કોસ) ઝાલી રાખવા જેટલી હામ હતી તરાં બાવડાંમાં પણ અત્તારે તું જ કહે _' ને પછીનું કહેવું એણે હેતુપૂર્વક જ બાકી મૂકી દીધું.

'બાપા, એવું કશુંય નથી ને કદાચ હોય તોય શું? બે વરસ વહેલા કે મોડા બધાયને મરવાનું તો છે જ ને! બે વરસ વહેલો ઊકલી જઈશ તો કઈ ગાદી ખાલી પડી જવાની છે? મારે લીધે એ જીવ અવગતિયે ગયો. હવે એ મારે જ બારણે આવીને ઊભો રહે ને એવે વખતે હું આંગળીને વેઢે અંગૂઠો મેલીને તમે કહો છો એવી ગણતરીઓ માંડવા બેહું એ કંઈનો ન્યા (ન્યાય)?'

'તારી એ ન્યાય અને અન્યાયની વાતો તો ગગા, મને સમજાતી નથી. હું તો એટલું જ જાણું છું કે હેત ને પ્રીતની વાતો મોત પછી ભૂલી જવી જોઈએ. અભેમાંન (અભિમાન્યુ ) મરી ગયો પછી એ પોપટ થઈને અવતર્યો હતો. અર્જુને એને બેટા કહીને બોલાયો તારે એણે શો જવાબ આલેલો તને ખબર્ય છે?'

'મને એવી કશી ખબર્ય નહીં ને મારે એવી ખબર્ય રાખવીય નહીં. મારું માંણહ હતું ને મારું બાંયણું ઠોકતું આયું છે એ મારા આંખમાંથા પર છે; જ્યાં હુધી એનો જીવ સદ્ગતિયે ના જાય ત્યાં હુધી.' કહેતાં ગેંદાલ ખભે ધારિયું મેલીને ઓઘરાળિયા ભણી હીંડતો થયો. બાપની સામે આવી જીભાજોડી કરવી એને પસંદ ન હતી ને સામે પક્ષે હરખા પ્રેત હોય કે ડાકણ હોય તોય એને છોડવાય એ રાજી નહોતો.

જે વાત એણે આજ સુધી ગોકળથી છૂપાવી રાખી હતી એ આમ છતી થઈ ગઈ એટલે એક વખત તો એ છપાઈ ગયો હતો પણ ઘરની બહાર નીકળ્યો એટલે એનું મન સ્હેજ હળવું થયું. એને લાગ્યું કે જે થયું એ ઠીક જ થયું હતું. આજે બાપાને ખબર પડી ગઈ એટલે એને કંઈ છૂપાવવુંય નહીં પડે ને છપાવુંય નહીં પડે. હવે ઓરડાના બંધ બારણાની અંદર હરખાના હાસ્યને દબાવવા એણે હરખાના મોં આડે હાથ પણ દાબી દેવો નહીં પડે.

ઓઘરાળિયે પહોંચી એ છાપરીએ બેઠો. એની નજરો પરમેસરિયાની કેડી પર મંડાઈ જાણે હરખા ઢોરાંને લઈને આવવાની ન હોય! થોડીવાર એમ જ તાકી રહ્યા પછી એને સાચી સ્થિતિનું ભાન થયું હોય એમ એ પોતાની બાલિશ કલ્પના પર ખેદભર્યું હસ્યો. એણે છાપરી પરથી ઊતરી તાપણીમાં સંકોરી દેવતા પાડવા લાકડાં ગોઠવ્યાં. તાપણી સળગી એટલે એની નજરો વળી પાછી પેલી પગદંડી પર મંડાઈ. એ નજરમાં હવે પેલી ગામડાની અલ્લડ કન્યા નહીં પણ લાલ ચૂંદડીમાં ઓપતી શરમાળ અને ઘરરખ્ખુ ગૃહિણીની પ્રતીક્ષા હતી; પણ તેને મનમાં જે વાતની ખાતરી હતી એ વાત જ સાચી હતી. એની એ પ્રતીક્ષા પણ વાંઝણી જ નીકળવાની હતી.

થાકીને એ ઊઠ્યો ને રોગિયા ધરા તરફ ચાલ્યો. એ ઉજ્જડ ધરાને કિનારે બેસીને એ પાછો તરંગે ચઢ્યો. એણે હરખાને સાદ દીધો પણ એ ન આવી. એને મનમાં ખાતરી જ હતી કે હરખા આટલામાં જ હશે પણ જ્યાં સુધી એ સામે ન આવે ત્યાં સુધી એને સાદ દેવા કે વાટ્ય

જોવા સિવાય બીજું એ શું કરી શકે તેમ હતો?

આજે તો એને હરખા સાથે ઘણી બધી વાતો કરવાની હતી. બાપા સાથે જે વાતો થઈ એય કહેવાની હતી અને પોતે બાપાને શું કહ્યું એય કહેવાનું હતું. બાપાની વાતનું હરખા ખોટું ન લગાડે એમ પણ એને ભાર દઈને કહેવાનું હતું. પણ આજે તો તેના સૂના હૈયાની જેમ રોગિયો ધરો પણ સાવ સૂનો હતો.

પણ ના, સ્હેજ આઘી નજર કરતાં જ ગેંદાલ ચમકી ગયો. હરખા ડૂબતી હતી. ધરામાં તણાતી હતી. ખભા પરની પછેડીને ફગોળતો એ ધરામાં કૂદી પડ્યો. ને પળ એકમાં ડૂબતી હરખાની પાસે પહોંચી જતાં એને પહેલાં બાવડેથી પકડી ને પછી છાતી સાથે ભીડી દીધી. હૈયું એનું હાથ રહેતું નહોતું. શું થયું એના કરતાં શું થઈ ગયું હોત એની કલ્પનાથી જ એ બેબાકળું બની ગયું હતું. એ રડી રહ્યો હતો. એની આંખોનાં પાણી નદીનાં પાણીમાં ભળી જતાં હતાં છતાં એનું રુદન છૂપું રહેતું ન હતું.

કાંઠે આવી એણે હરખાને પછેડીમાં ઢાંકી દીધી. એ પેલીના ભીના થઈ ગયેલા વાળને પછેડીના છેડાથી કોરા કરવા લાગ્યો ત્યાં તો એ ઝડપથી બેઠી થઈ જતાં બોલી ઃ ‘તમે મને બચાઈ!!’ ગેંદાલ ચમક્યો. અજાણ્યો અવાજ ને એનો અજાણ્યો લ્હેકો. આંસુ અને નદીનાં પાણીથી ભીની આંખો આડે એણે ઝડપથી હાથ ફેરવ્યો ને અડધી પડધી કોરી થયેલી આંખે પેલી સામે જોયું ને —

— ને ઘડીકમાં તો એ હરખામાંથી સવલી બની ગઈ, લખમણની સવલી! હતાશ થઈ ગયેલા ગેંદાલની હતાશા ગુસ્સામાં ફેરવાઈ ગઈ. એક હાથે પછેડી ખેંચતાં એણે બીજે હાથે સવલીને નીચે હડસેલી મેલી. સવલી ઊંધે મોંએ રેતીમાં પડી. તેને એક લાત મારતાં ગેંદાલ બબડ્યો ઃ ‘રાંડ, મરવું’તું તો હું અહીં બેઠો’તો ત્યારે જ શું કા’ ધરામાં પડી? તને બીજી કોઈ વેળા ના મલી? નકાંમો મને આ ટાઢ્યમાં પલાળી નાંખ્યો.’

‘માર, હજુ બીજી લાત માર, તારો જીવ તોય ના ધરાતો હોય તો મને પાછી ધરામાં નાંખી દે. મારા બાપે તને બહુ દુભવ્યો સે (છે) ને!’ એ બોલી.

‘મારે તને શું કા’ (કામ) ધરામાં નાંખવી પડે? તમે બધાંય તમારા પાપે જ મરવાનાં છો. ને આજેય મારી તને ઓળખવામાં ભૂલ થઈ, નહીં તો અહીં કિયો ભૈ તને બચાવવા મંઈ ધરામાં કૂદી પડવાનો હતો?’

‘મારી ઉપરેય તને આટલો બધો ખાર છે! ભલા, મેં તારું શું બગાડ્યું છે?’

‘તેં નઈ ને તારા બાપે. બધુય એકનુ એક જ ને! તરો બાપ તો ગયો ભગવાંન પાંહે એનો હિસાબ કરાવવા, હવે તારો દાદો જશે ને પછી તુંય —’

‘જો તારા મનમાં મરી પર પણ આટલો અભાવો છે તો પછી મને બચાઈ જ શું કા’? મને બૂડી જ જવા દેવી ’તી ને?’

‘તે બૂડવા જ દીધી હોત, પણ મારી ઓળખવામાં લગાર ભૂલ થઈ ગઈ ને. મરા મનથી એમ કે — મારા મનમાં કે —’

‘— તારા મનમાં એમ કે હરખા બૂડે સે (છે) એટલે જ તું પાછળ કૂદી પડ્યો એમ ને? મને ધરા વચ્ચે છાતીએ વળગાડી ને દબાઈ દીધી એ બધું હરખા હમજીને —?’

‘એ બધું ના હંભાર્ય, કહું છું એ બધુ ના હંભાર્ય. મારો કરોધ(ક્રોધ) બહુ ભૂંડો સે ને મારે અસ્ત્રી હત્યાનું પાપ વહોરવું નહીં. પણ હવે છેલ્લી વારનું કહી દઉં સું(છું) કે આવે(હવે) તેં તારી જીભે એનું નાંમ દીધું સે તો તને જીવતી નઈ મેલું.’

‘હંભારવાની, હાતવાર હંભારવાની. પણ તારે માંથે મારે અસ્ત્રી હત્યાનું પાપ નહીં

ચઢાવવું. તું તારે હેંડતો થા. હું મારી મેર્યે ધરામાં કૂદી પડીશ.' સવલી બોલી. એના ભીંજાયેલા દેહ પર પોષ મહિનાની આખરનો વાયરો અડપલાં કરી રહ્યો હતો. એને ઠંડીનું એક લખલખું આવી ગયું. ગેંદાલે ઠંડીથી ઠુંઠવાતી એની કાયા તરફ જોયું. એના મોં પર રેતી વળગી હતી, ભીનાં કપડાં જાણે પારદર્શક બની ગયાં હોય એમ એમાંથી એનાં ગોરી ચામડી અને માસલ અંગ ડોકિયાં કરતાં હતાં.

ને શરમાઈ જતાં ગેંદાલથી બોલી જવાયું : 'બૂડી મરવું હોય તારે(ત્યારે) બૂડી મરજે પણ તાં હુધી જરા હરખી બેસ.' કહેતાં સવલી પર પછેડીનો ઘા કરતો એ ઓઘરાળિયા ભણી ચાલતો થયો. સવલીએ પછેડી લીધી, ઓઢી ને ડૂબી મરવાનો વિચાર પડતો મેલીને એ ગામ તરફ ચાલવા માંડી. ઉપરવાસમાં કિનારે, ધોયેલાં કપડાંનું તગારું પડ્યું હતું એ યાદ આવતાં પાછી વળી ને તગારું માથે લઈને એ ગામ તરફ ચાલી.

પાછાં જતાં ને તગારું લઈને ગામ તરફ જતાં એણે આંખને ખૂણેથી ઓઘરાળિયાની પેલી છાપરી તરફ જોઈ લીધું. આજે ગેંદાલે ન બચાવી હોત તો પોતાનાં સોએ વરસ એ ધરામાં જ પૂરાં થઈ ગયાં હોત એ વિચારે એને ઠંડીનું એક લખલખું આવી ગયું. સાથે જ ધરાની મધ્યમાં માણેલાં પેલા બે જોરાવર હાથની ભીંસ અને પેલી હૂંફાળી છાતીની — એના પરસેવાની મહેંક એને યાદ આવી ગયાં. એના હોઠને ખૂણે હાસ્ય આવીને સ્થિર થઈ ગયું. કોઈ જોતું તો નથી ને! એવા ભાવ સાથે એણે ચારે પાસ જોયું. કોઈ જોતું ન હતું એ જાણી સંતોષનો શ્વાસ લીધો ને ઉતાવળે પગલે ગામ ભણી ચાલવા લાગી.

એટલું સારું હતું કે ગેંદાલે એ મરકતા હોઠ અને એની પાછળની મરકતી ભાવનાને જોયાં નહોતાં નહીં તો — પણ ગેંદાલ અત્યારે એ બધું જોવા નવરોય કયાં હતો? એ તો છાપરી પર હરખાની સાથે કાનફૂસિયાં કરી રહ્યો હતો.

'એ સવલી કેવીક લાગી?' હરખા પૂછતી હતી.

'કેવીક એટલે?'

'એટલે એમ કે મારા કરતાં રૂપાળી, હૂંફાળી ને— ને —'

પણ એને આગળ બોલવા દીધા વગર જ ગેંદાલ વચમાં બોલી ઊઠ્યો : 'ભલી, બધું જાણ છ તોય મારા પર અદેખાઈ કર છ? તારાથી અદકું હોય તોય મારે આ ભવ કશું નથી જોઈતું, બસ?'

હરખા સ્હેજ ચૂપ રહી. પણ થોડી વાર પછી આંખો નચાવતાં બોલી : 'અદેખાઈ કરે છે મારી બલારાત! પણ આ તો તને ધરાની વચ્ચે સવલીને છાતીએ વળગાડીને તરતો જોયો એટલે મીંકું( મેં કહ્યું) ખાતરી કરી લઉં. બાચી(બાકી) તારી હાંમે નજર માંડે તો એની આંખ્યો જ ના ફોડી નાંખું?'

ગેંદાલે પણ હસી પડતાં એનો એ હક માન્ય રાખ્યો અને કહ્યું : ' એ તો હુંય ચ્યાં નહીં જાંણતો! આ તો થયું એવું કે મારા મનથી એમ કે તું બૂડ છ એટલે હું પાછળ કૂદી પડ્યો અને તું જાણીને જ તો એને છાતીએ ભીડી દીધી નહીં તો—'

'લે પાછો મને ઊઠાં ભણાવવાની વાત ના કરતો. તને ખબર તો છે જ કે હું તારા કરતાં વધારે ભણેલી છું. તેં એને એવી ચપસીને છાતીએ ભીડી'તી, એવી તો કોઈ દિ' મનેય—'

ગેદાલ પેલી આંખોમાં ઉછળતા મજાકના ભાવને નહોતો સમજ્યો એમ નહીં છતાં એક જ ઠેકડે માળા પરથી નીચે કૂદી પડતાં એણે હરખાને માળા પરથી ખેંચી પાડતાં છાતી સાથે ભીડી—

પણ એ પહેલાં તો હરખા પવનની પાંખે ચઢીને દૂર સરી ગઈ હતી.

અનુક્રમ ?

# ૧૧. મેલાજી ભૂવો

એ સાંજે ગેંદાલ ઘેર આવ્યો ત્યારે ઓસરીમાં મેલાજી ભૂવો, ગોકળ અને બીજા પાંચસાત માણસો બેઠા હતા. બધાને આમ ભેગા થયેલા જોઈ તેને કાંઈક કૌતુક થયાની ગંધ આવી પણ એને કશી ખબર પડી નહીં. એટલું સારું હતું કે પોતાનો વળગાડ કાઢવાનું ધતિંગ કરવા બધા ભેગા થયા હતા એની ગંધ એને આવી નહોતી નહીં તો એ ફળિયાને નાકેથી જ પાછો વળી ગયો હોત.

'આ આવ્યો ગેંદાલ. એને જ પૂછો.' એને આવેલો જોતાં કોઈક બોલી ઊઠ્યું.

'આવે(હવે) એને શું પૂછવાનું છે? એવા તો કંઈક વળગાડ કાઢી નાંખ્યા આ મેલાજીએ.' એના બીજા મળતિયાએ મેલાજીનાં વખાણ કરતાં કહ્યું.

ને ભૂવો મેલાજીય એમાં પોતાની સંમતિ દર્શાવતાં હસી પડ્યો : 'એ વગર કંઈ લોકો મેલાજીને માંનતા હશે? ગોતાની મંછીના ભાંણાને હાત વરહનો વળગાડ હતો પણ એક પા'(પાસ) મને બોલાયો કે બીજી પા' વળગાડ ગાયબ. મેલાજીની થાપટ પડે એને તો પેંપળો(પીપળો)ય ના હંઘરે.' ભૂવાએ આપવડાઈ આદરી ને એના મળતિયાઓએ હકારમાં માથાં ધુણાવ્યાં.

આ અંધશ્રધ્ધાળુ સમુદાયને એમાં શંકા આવે તેમ નહોતી. ને કદાચ શંકા આવી હોય તોય કોઈ એ રજૂ કરવાની હિંમત કરી શકે તેમ ન હતું. આજે એ બધાંને મેલાજીની ગરજ હતી. ગેંદાલને હરખાનો વળગાડ હતો અને મેલાજી વગર કોઈ એને એમાંથી બચાવી શકે એમ નહોતું એમ બધા માનીને બેઠેલા હતા.

છેવટે ગેંદાલને આ બધાના ભેગા થવાનું કારણ સમજાયું પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું. ગેંદાલ ગમે તેવો સ્વતંત્ર મિજાજી માણસ હોય તોય એ ઘેર આવેલા મહેમાનોની હાજરીમાં આમન્યા તોડી શકે તેમ નહોતો.

કાંઈ કામ નહોતું તોય એ રસોડામાં પેઠો, ત્યાંથી પોતાના ઓરડામાં પેઠો અને થોડા ઢાકાઢૂમા કરી વળી પાછો રસોડામાં પેઠો. બધા મહેમાનો માટે ચાના પ્યાલા તૈયાર હતા. એણે બધાને ચા આપી અને એમની સામે બેઠો.

વગર બોલ્યેચાલ્યે, આવતાંની સાથે જ ચા તૈયાર કરી લાવનાર આ જુવાનિયાને કેવો વળગાડ હશે એના વિચારમાં ખુદ મેલાજીય પડી ગયો. એના મળતિયા અને ગામના બીજા લોકોય એના મોં પર ઘેલછાનાં લક્ષણ જોવાની ગણતી ખોટી પડવાથી મનમાં ગૂંચવાઈ તો ગયા જ હતા.

કેટલાક ગેંદાલને ઓળખતા હતા ને જે નહોતા ઓળખતા એય મનથી તો ઓળખી જ ગયા હતા છતાં ગોકળે વાતચીત શરૂ કરવાને ઈરાદે કહ્યું : 'આ મારો ગેંદાલો. એને આ સાલ મથુર મુખીને ત્યાં પૈણાયો હતો પણ આવનારી અકાળે પાછી થઈ તાર (ત્યાર)નું એનું ચિત્ત ઠેકણે રહેતું નહીં(નથી).'

મેલાજી ભૂવાએ પોતાના સાથીદારો તરફ જોયું એટલે એમાંના એકે ઈશારો સમજી જતાં કહેવા માંડ્યું : 'એ તો તમે એમ જ કહો ને, ગોકળજી, પણ મલક આખું જાણે છે કે મરનારું માંણહ અવગતિયે ગયું સે(છે). એણે જ લખમણ મોટાનો જીવ લીધો અને આવે(હવે) ગેંદાલને ઝપટમાં લીધો છે.'

ત્યાં બીજાએ એની વાતમાં સૂર પુરાવતાં કહેવા માંડ્યું ; 'અને ભગવાંન જેવો ભગવાંન માંથે સે(છે)ને જૂઠું નહીં બોલું પણ લોક કહે છે કે તમારા ઘરમાં હજુય ચરિતર થાય છે. ગેંદાલના ઓરડામાં આખી રાત ધમાચકડી કરે છે ને હવારે ચૂલો હળગાવે છે અને __'

પણ એને અધવચ્ચેથી બોલતો અટકાવી દેતાં ગેંદાલ બોલી ઊઠ્યો : 'જુઓ, તમને બધાને એક વાત કહી દઉં; મારા ઘરમાં જે ચાલતું હોય એમાં તમારે કોઈએ માંથું મારવાની જરૂર નહીં. હું મારી મેર્યે મારું ફોડી લઈશ. હું એ બધાને પહોંચી વળું એવો કાબો છું.'

'તું ભલા માંણહ મારૂં કહેવાનું હમજ્યો નહીં. આમાં પહોંચી વળવાની કે ના પહોંચી વળવાની વાત નહીં. એક વાત તો આખી દનિયાં જાણે છે કે જીવતું માંણહ જેટલું વહાલ કર એટલું જ મરેલું માંણહ દશમની કરે. આપણને લાગે કે એ વહાલ કરે છે પણ એ ફૂંકી ફૂંકીને ફોલી ખાય. દેહમાં લોઈ(લોહી)નું ટીપુંય હોય ત્યાં હુધી છાલ ના છોડે.'

'તોય એ મારા આંખમાથા ઉપર. મારે આવે(હવે) લાંબું જીવવુંય ચ્યાં છે? તમતમારે નિરાંત રાખો. મારું તો હું મારી મેર્યે ફોડી લઈશ. હા, મરું માંણહ ગાંમમાં બીજા કોઈને કનડે તો મને કહેજો. હું એનો જવાબદાર.'

બધા એકબીજા સામે તાકી રહ્યા. ગોકળ પણ લાચારીભરી આંખે મેલાજી સામે તાકી રહ્યો.મેલાજીય ગેંદાલને ભૂત વળગ્યું છે એવું જાણીને એનો વળગાડ કાઢવા અહીં આવ્યો હતો પણ અહીં તો વાત જ ઊલટી હતી. ગેંદાલને ભૂત વળગ્યું નહોતું પણ ગેંદાલ જ ભૂતને વળગ્યો હતો. આવો વળગાડ કાઢવાની આવડત તો મેલાજીનામાં ન હતી. પણ તોય પેટિયું રળવાની હાથમાં આવેલી આવી તક એ જવા દે એવો કાચેય કયાં હતો? ગેંદાલનું ભૂત નીકળે કે ન નીકળે પણ મેલાજીની તો એક મહિનાની ખરચી એમાંથી નીકળવાની હતી જ. પછી મેલાજી આવી તક જાવા દે ખરો?

તેણે કહ્યું : 'તને આવું બધું કોણ બોલાવે છે એની મને બધી ખબર્ય છે. હું મેલાજી ભૂવો, જેની એક ત્રાડથી પંદર ગામનાં મહાંણાં(સ્મશાન)નાં ભૂતડાંય ધરુજી ઊઠે છે એ મેલાજી. કહું છું મારી હાંમે આંમ દાંતિયાં કરવામાં તું સાર નહીં કાઢૂ.' કહેતાં મેલાજીએ ગજવામાંથી ગૂગળનું પડીકું કાઢ્યું ને એમાંથી થોડોક ગૂગળ ચલમમાં નાખ્યો. ચલમમાંથી ધૂમાડા નીકળવા માંડ્યા. મેલાજીએ હાથની ઝાપોટો મારી એ ધીમાડી ગેંદાલ તરફ વાળી. શ્વાસમાં ધમાડી જતાં ગેંદાલને ઉધરસ આવી ગઈ ને ખાંસતાં ખાંસતાં એની આંખોમાંથી પાણી નીકળી ગયાં.

મેલાજીએ આ તક ઝડપી લીધી : 'હવે એમ ત્રાગાં કર્યે આ મેલાજી ભોળવાય એવો નહીં. હોંડતી થા આ ઘર છોડીને, આ ગાંમ છોડીને ને મેલાજીનો આખો પંથક છોડીને.'

ગેંદાલે એનો જવાબ આલવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ એનાથી બોલાતું જ ન હતું. એક તો ગળું બળતું હતું, આંખમાંથી પાણી નીકળતાં હતાં ને વારેવારે ઉધરસ આવતી હતી. ને કોણ જાણે કેમ પણ બોલવા જાય તો ગળામાંથી અવાજ જ નીકળતો ન હતો. મેલાજીએ ગૂગળમાં કોણ જાણે શુંય ભેળવ્યું હશે.

જો બોલાતું હોત તો એણે મેલાજીના મોં પર જ કહી દીધું હોત કે પોતે એનાં આવાં ધતિંગમાં માનતો ન હતો કે એનાથી ડરતો પણ ન હતો.

ત્યાં મેલાજીનો એક સાગરીત લીમડાની બેચાર ડાળખીઓ ભાગી લાવ્યો. બીજો એક જણ ઘરમાંથી કલાડામાં દેવતા ભરી લાવ્યો. એક જણાએ થેલીમાંથી દારૂની શીશી કાઢીને મેલાજીના હાથમાં આપી. બળતી આંખોને કારણે આ બધું પૂરૂં ન જોઈ શકતો અને જે થોડુંઘણું દેખાતું હતું એ ન સમજી શકતો ગેંદાલ ઘરની અંદર ચાલ્યો જવા માંડ્યો; ત્યા મેલાજીની ત્રાડ સંભળાઈ : 'પકડો એને !'

ને બે માણસોએ દોડીને ગેંદાલને બાવડેથી પકડીને મેલાજીની સામે બળજબરીથી બેસાડી દીધો. વિરોધ કરવા મથતા છતાં એમના હાથમાંથી છૂટી ન શકતા ગેંદાલે મન સાથે જાણે કશુંક નક્કી કરી લીધું હોય એમ એણે છૂટવાનાં તરફડિયાં મારવાં બંધ કર્યાં. એણે વિચાર્યું 'એ શું કરી લેવાનો છે? બહુ લાંબીટૂંકી કરવા જશે તો ઊભો થઈને છાતીમાં એક એવી લાત મારીશ તો એ

રસ્તામાં જઈને પડશે.'

મેલાજીએ પહેલાં તો દેવતા જમાડ્યા. દારૂની બાટલીમાંથી ખોબો ભરીને દારૂ એણે દેવતા પર છાંટ્યો. સ્હેજ ભડકો થયો. એ ભડકા પર એણે પાછો ગૂગળ નાખ્યો. ધમાડો થયો. મેલાજીએ માથેથી ફાળિયું છોડી કેડ બાંધી. લીમડાનાં ડાળખાં ને પાંદડાંનો ઝૂડો વીંઝતો ને એનાથી ધમાડીના ગોટા ગેંદાલ તરફ હડસેલતો એ બિહામણું રૂપ ધારણ કરી રહ્યો.

'હું મેલાજી ભૂવો - તારો ભૂવો તને સાદ કરૂં છું મા મારા, મારા પંડમાં આવો ને આ દુઃખિયાનું દુઃખ હરો, મા. હે ચોસઠ જોગણીનીય મા શકિત મારા પંડમાં આવો.' કહેતાં એ ધ્રૂજી ઊઠ્યો. ગેંદાલને તો હસવું ને હાણ બેય ભેગાં થઈ ગયાં હતાં. એને એક તરફ ભૂવાના આ ધતિંગથી હસવું આવતું હતું તો બીજી તરફ એની આંખોમાં અસહ્ય વેદના થતી હતી. એના ગળામાં શોષ પડતો હતો. પેલા બે માણસોએ એને પકડીને અસહાય બનાવી દીધો હતો એટલે એને હવે મેલાજીની બીક પણ લાગવા માંડી હતી.

એક જણાએ ડાકલું ટીપવા માંડ્યું અને ભૂવાએ બમણા જોરથી ધૂણવા માંડ્યું. 'બોલ, બોલ, મને કેમ બોલાઈ? મારો શો ખપ પડ્યો તારે?' માતાએ ધ્રૂજતા ભૂવાને પૂછ્યું.

'એક દુઃખિયો સે મા, એને વળગાડ સે, મા.'

'વળગાડને ભગાડી મેલું, પછે?'

'પછે કશુંય નહીં, તમારી દયા, મા.' ભૂવાએ કહ્યું. ને ગોઠણ પર ઊભો થઈ જતાં મેલાજી બરાડી ઊઠ્યો : 'બોલ્ય, તું કોણ સો(છો)?

ગેદાલે બોલવા પ્રયત્ન કર્યો. ધમાડો સહેજ ઓછો થયો હતો અને ગળામાં પણ થોડી રાહત થઈ હતી એટલે એનાથી બાંગ્યું તૂટ્યું બોલાયું : 'કોને મને પૂછ્યું? હું ગેંદાલ.'

'બેસ, બેસ, હવે ગેંદાલવાળી. મારાથી કશુંય અજાંણ્યું નથી. સીધી સીધી જબાપ આલ્ય નહીં તો __'

ગેંદાલને કહેવાનું મન થયું : 'નહીં તો તું શું કરી લેવાની હતી?' ને એણે કહેવા મોં પણ ખોલ્યું પણ પતે જે બોલવા માગતો હતો એવું નહીં પણ બીજું ભળતું જ એનાથી–ના એને મોંએથી હરખા બોલી ઊઠી. હરખા? ગેંદાલ ચમકી ગયો.

'હા, હું હરખા છું. બોલ, શું કહેવું છે તારે?'

'આ ઘર છોડી દે. આ ગાંમેય છોડી દે.'

'નહીં છોડું. તારાથી થાય એ કરી લે.'

'હું કહું છું કે છોડી દે. હું ચોસઠ જોગણીયોનીય જોગણી તને કહું છું કે તું અહીંથી હોંડતી થા, નહીં તો સાર નહીં કાઢું.'

'મારું ઘર છે. તું મને અહીથી શું કાઢતી'તી. તારા જેવીને તો હું ખાહડે મારું છું. જો હાચી જોગણી હો તો પરચો બતાય.'

'તો તારે પરચો જોવો છે, એમ ને? પરચા બરચા જોવાના અભરખા માંડી વાળ્ય અને સીધે સીધી હોંડતી થા. મારા પરચા જેણે જોયા છે એમને પૂછી આય.'

'પૂછવા જાય છે મારી બલારાત, તું હાચી જોગણી હો તો પરચો બતાય નહીં તો છાંનીમાંની હેંડતી થા. ધૂમાડાના ગોટા કરીને ને ગૂંગળાવીને ડોળા કાઢીને બિવડાવ છ કોને?' ગેંદાલના મોંમાંથી હરખાનો અવાજ આવતો હતો. ગોકળ અને બીજા બધા તો અચરજથી આભા જ બની ગયા હતા.

પરચાની માગણીથી મેલાજી અને એના મળતિયાઓ ચમકી ગયા હતા. મેલાજીના પંડમાં

આવેલી માતાય, જો આવી હોય તો ચમકી ગઈ હતી.

મેલાજીનો દાવો હતો કે એણે કેટલાયના વળગાડ દૂર કર્યા હતા પણ એના જીવનમાં આવો વળગાડ આ પહેલો જ હતો. એણે આજ પહેલાં જે વળગાડ કાઢ્યા હતા એમાં ધૂમાડાથી ગૂંગળાવીને બળતા ગળામાંથી જે ખોખળો ને જુદો અવાજ નીકળે એને વળગાડનો અવાજ કહી એ એનું ધતિંગ ચલાવ્યા કરતો હતો. પણ આજે હરખાએ પંડમાં આવીને સામો પડકાર કર્યો ત્યારે મેલાજીય મનમાં તો ધાક ખાઈ ગયો હતો. ને એ તો પાછી પરચોય માગતી હતી.

— ને પરચો તો કદી મેલાજીએ જોયો હોય તો એને બતાવે ને? મેલાજી પાસે તો એક જ પરચો હતો, લોકોને લાગે કે વળગાડ પંડમાં આવ્યો છે એવું તરકટ કરવાનું ને પછી ચૌદમા રતનથી વળગાડવાળાને ધીબીને વળગાડ તરીકે બીજે બેસી જવાનું કબૂલ કરાવવાનું.

એટલે આજેય એણે ગેંદાલ પર એ જ દાવ અજમાવવા માંડ્યો. હાથમાંનો લીમડાનાં પાંદડાં ડાળખાંનો ઝૂડો એણે ગેંદાલના મોં પર આડેધડ ઝાપટવા માંડ્યો ને બોલવા માંડ્યું : ‘પરચો જોવો સે ને તારે? લે, તને પરચો બતાવું. કહું છું સીધેસીધી હેંડતી થા. તેં હજુ મારો પરચો જોયો નહીં (નથી). બોલ્ય જા છ કે નઈ?’

‘ એટલે જ કહું છું કે પે’લી પરચો બતાય એટલે જઉં.’ હરખા બોલી. ભૂવાએ વળી પાછી લીમડાની ઝૂડી ગેંદાલના મોં પર ઝાપટી. આવા બીજા પ્રસંગોમાં તો વળગાડવાળાના જ બદલાઈ ગયેલા અવાજને વળગાડનો અવાજ ગણાવીને ધતિંગ કરનાર મેલાજીને આજે સાચેસાચો વળગાડ મળ્યો હતો. મેલાજી જો કે મનમાં તો આ વાતથી ગભરાઈ ગયો હતો પણ પોતાની આબરૂ બચાવવા એ આંધળિયાં કરી રહ્યો હતો. એના મારથી ગેંદાલના મોં પર સોળ પડી ગયાં હતાં.

‘બોલ્ય, હજુ વધારે પરચો જોવો છે?’ કહેતાં એ દારૂની બાટલી ઉઠાવીને એકીશ્વાસે અડધી ગટગટાવી ગયો. ગેંદાલને પડતો માર ગોકળથી જોવાતો નહોતો એટલે એ તો ક્યારનોય મોં ફેરવીને બેસી ગયો હતો.

‘આંમ ઝાપટઝૂપટ કર્યા વગર સીધેસીધી પરચો બતાવતી હો તો બતાડ્ય નહીં તો હેંડતી થા, નહીં તો પછી મારે તને મારો પરચો બતાડવો પડશે.’ કહેતાં એણે એક લાત દેવતાના કલાડાને મારી. કલાડામાંના લાળા મેલાજીના પહેરણ અને ધોતિયા પર પડ્યા.

મેલાજી વધારે છંછેડાયો અને દેવતા ખંખેરી નાંખતાં કૂદીને ગેંદાલના મોં પર આડેધડ ઝૂડો ઝાપટવા માંડ્યો. એ ગાતો હોય એવા અવાજમાં બોલવા લાગ્યો : ‘મારી હાંમે થા છ? જોઈ લે હવે મારો ઝપાટો. હવે હું તને મારો પરચો બતાડું છું. લેતી જા, તનેય યાદ રહેશે કે કોઈ માંથાનો મલ્યો ’તો.’ કહેતાં થાકથી હાંફી જઈ એણે પાછી દારૂની બાટલી ઉપાડી અને પૂરેપૂરી ગટગટાવી ગયો. પછી એણે પૂછ્યું : ‘ બોલ્ય હવે જવું છે કે નહીં?’

‘કંઈ જઉં?’ હરખાનો અવાજ આવ્યો.

હવે મેલાજી તાનમાં આવી ગયો. ‘તને ફાવે ત્યાં જા, પણ આ ફરતાં પંદર ગાંમમાંથી હેંડતી થા. નહીં તો મારે તને ફરીથી પરચો બતાડવો પડશે.’

‘જઈશ, પણ કાલ્યે જઈશ.’

‘ચ્યમ આજે મુરત હારું નહીં?’

‘એકવાર કહ્યું ને કે કાલ્યે જઈશ.’

‘ઠીક કાલ્યે જજે. પણ જો કાલ્યે હવારે ગઈ નહીં હો તો યાદ રાખજે મારા જેવો કોઈ ભૂંડો નહીં(નથી).’

‘તું ધરપત્ય રાખજે કાલ્યે હાંજ પહેલાં જતી રહીશ, જા.’ ને —

— ને છેલ્લું વાક્ય જ ગેંદાલને કાને પડ્યું. કોઈ કહેતું હતું : 'કાલ્યે જતી રહીશ.' કોણ બોલતું હતું એ એને પહેલાં તો ના સમજાયું. એ જાણે લાંબી મૂર્છામાંથી જાગતો હોય એમ એને લાગ્યું. સામે બેઠેલા બધાને ને મેલાજીને જોતાં જ એને વાતની થોડીઘણી ગેડ પડી ગઈ. એણે મેલાજી સામે જોઈને પૂછ્યું ; 'શું થયું હતું મને?'

મેલાજીને બદલે એના એક મળતિયાએ જવાબ આપ્યો : 'તમને વળગાડ હતો તે મેલાજીએ કાઢ્યો. એને મોઢે કબૂલ કરાવી દીધું કે એ કાલ્યે હવારે જતી રે'શે.'

પોતે સ્વસ્થતા ગુમાવી એ પહેલાં સાંભળેલા પેલા શબ્દો : 'હા હું હરખા છું.' તો હમણાં ભાનમાં આવતાં સાંભળેલા : 'કાલ્યે હાંજ પહેલાં જતી રહીશ.' વચ્ચે શું બની ગયું હશે એનો તાગ એને આવી ગયો. કાળઝાળ નજરે એણે મેલાજી સામે જોયું.

એ બોલતો હતો ; 'હવે ભોગ લાવ્ય.'

'હા, મા, તમે કહો એ હાજર કરીએ.' પેલા ખાંધિયામાંનો એક બોલી ઊઠ્યો. એમનેય હરખાના જવાબથી સંતોષ થઈ ગયો હતો એટલે એમણે ગેંદાલને છોડી દીધો હતો.

ગોકળ પણ હરખાના કાલ્યે જતાં રહેવાના વાયદાથી આનંદમાં આવી ગયો હતો એટલે એય મેલાજી સામે હાથ જોડીને બેઠો હતો. પેલા ખાંધિયાની વાત સાંભળી ગોકળેય માથું હલાવી પોતાની સંમતિ બતાવી.

'મારો ભોગ એક બોકડો.'

'હા, મા.' પેલા બેમાંનો એક બોલી ઊઠ્યો.

'દારૂની બે શેંશી.'

'હા, મા, દારૂની શેંશી ને ઉપર અગિયાર રૂપિયા રોકડા. તમારે પગલે અમારું આંગણું પાવન થયું અને ગેંદાલનો વળગાડ ગયો. તમે કહો એ બધું હાજર, મારી મા.' એક જણ ગોકળ વતી બોલ્યો ને બીજાએ ગોકળ સામે જોતાં માથું હલાવી એમાં ટેકો પુરાવ્યો.

દારૂની બે બાટલી અને એક બોકડાની વાતથી જ એ બેય મળતિયાનાં મોંમાં પાણી આવી ગયાં. ને મેલાજીનેય માતા આવ્યાં હતાં એટલી જ ઝડપે જતાં રહ્યાં.

પણ બોકડાની ને દારૂની શીશીની વાત સાંભળતાં જ ગેંદાલની રહીસહી સુસ્તીય ઊડી ગઈ. બાપાએ એ બધું કબૂલી લીધું, હરખાએ જતાં રહેવાનું કબૂલી લીધું ને માતાને નામે બોકડો ને દારૂની બે શીશીઓની લાલચે મેલાજીએ આ કામો કરાવી આલ્યો. હવે હરખા તો હાથથી ગઈ જ, એ વાતની ગેંદાલને ખાતરી થઈ ગઈ. 'આ મેલાજી ના હોત તો —' એને વિચાર આવ્યો : 'જો એ ના હોત તો ક્શુંય ના થયું હોત.'

એને મેલાજી ઉપર પાર વગરનો ગુસ્સો ચઢ્યો. દુ:ખતા શરીરની કે વડીલોની આમન્યાની પરવાહ કર્યા સિવાય એ કૂદ્યો અને હજુ ગોઠણભેર બેઠેલા મેલાજીની છાતીમાં એણે એવી તો લાત મારી કે મેલાજી ગોટમડું ખાઈને નીચે રસ્તામાં જઈ પડ્યો. પેલા બેય ગેંદાલને પકડવા ગયા પણ ગેંદાલે એમનેય આડા હાથની એકેક એવી તો દઈ દીધી કે બેય જણા ઠેકડા મારી બહાર ભાગ્યા. ભાગવા જતાંય એક જણ તો લથડીને મેલાજી ઉપર જ પડ્યો.

'મારાં હાહરાં દારૂડિયાં. અલ્યા તમારે દારૂની શેંશી જ જોઈતી 'તી તો મારી પાંહે માગી લેવી 'તી, પણ તમારા સવારથ હાતર થઈને એક બચારા જીવને —' કહેતાં એને ગળે ડૂમો ભરાઈ ગયો. ને કોઈ એને કાંઈ કહે કે વાળે એ પહેલાં તો એણે ઓરડામાં પેસી બરણું બંધ કરી દીધું. પથારીમાં પડી એ રડવા માંડ્યો.

ગોકળ ગેંદાલના આવા વર્તનથી છોભિલો પડી ગયો હતો. મેલાજી પણ કપડાં ખંખેરતો કાંઈક વિચારી પાછો પગથિયાં ચઢીને રવેસીમાં આવ્યો.

'મેલાજી, ગેદાલો હજુ છોકરું છે. એનો ગનો મનમાં ના લાવશો.' ભયથી ફફડતાં ગોકળે મેલાજી સામે હાથ જોડ્યા.

'એ છોકરું છે એમ જાણીને તો હું ગમ ખઈ ગયો, નહીં તો —' નહીં તો એ શું કરત એની તો એનેય ક્યાં ખબર હતી કે આગળ બોલે? એટલે તો એણે આગળ બોલવાનું અધ્ધર રાખ્યું ને.

'આ તો છોકરું છે જાણીને એ ગમ ખાઈ ગયા, બાકી હું તો કહું છું કે ભગવાનનો કરોધ હારો પણ આ મેલાજીનો કરોધ બહુ ભૂંડો.' એક ખાંધિયાએ કહ્યું.

'એમાં ગેંદાલનોય શો વાંક? પેલીએ જ એને એવો ભોળવી દીધેલો ને એને નેંકળવું પડ્યું એટલે એણે ગેંદાલને ચઢાયો. એ તો ભૈ બધાને પાંચ પંદર દા'ડા એવું લાગે.' કહી પોતાના-માતાના ભોગનું પાકું કરીને મેલાજી ગયો. સાથે પેલા બે ખાંધિયા પણ બે દિવસમાં આવીને ભોગની ચીજો લઈ જવાનો વાયદો કરી તેની પાછળ વિદાય થયા.

ગોકળે પણ બધું હેમખેમ પતી ગયું માની નિરાંતનો શ્વાસ લીધો. પણ ગેંદાલનો જીવ તો છેક ગળે આવીને અટક્યો હતો. હરખાએ કાલે સાંજ સુધીમાં જતાં રહેવાનું કબૂલ્યું હતું ને મેલાજી ભૂવા જેવો કાચું કામ તો કરે જ નહીં એવી ગેંદાલનીય માન્યતા હતી. એના મનમાં તો એમ જ થઈ ગયું કે હરખા તો આ જનમમાં મળવાની જ નહોતી પાછી.

હરખાએ બીજે દિવસે જવાનું કબૂલ્યું એની પાછળ પણ ગેંદાલને પોતાનું જ કારણ લાગ્યું હતું. એ વિચારી રહ્યો હતો : આજે રાતે હરખા પોતાને મળશે, રડશે, રડાવશે અને કાલ્યથી —

'પણ એને જવા જ નહીં દેવી. પણ એ કેમ બને? મેલાજી જેવા ભૂવાને કેમનો વશ કરવો એ જ એને સમજાતું ન હતું. બહુ વિચારને અંતે એને લાગ્યું કે બીજો કોઈ ભૂવો મલી જાય કે જે મેલાજીનેય દબાવી દઈ શકે તો કામ થઈ જાય ખરું. પણ એવો ભૂવો ક્યાંથી મળે કે જે મેલાજીનીય ચોટલી કાપી જાય?

ને ખભે ધારિયું નાખતોક ને એ ઓઘરાળિયા ભણી ચાલી નીકળ્યો.

અનુક્રમ ?

## ૧૨. હરખા પાછી આવી

એ ઓઘરાળિયે પહોંચ્યો તો ખરો પણ એની ગૂંચવણ હજુ મટી નહોતી. મેલાજી જેવા ભૂવાનેય પાણી પાઈ દે એવો ભૂવો એની તો જાણમાં નહોતો. ભૂતભૂવામાં એને પહેલેથી જ આસ્થા નહોતી એટલે એવા કોઈ જણની એને કશી ખબર ન હતી. એક શ્રીધર મહારાજ હતા. એ લોકોના દાણા જોઈ આલતા હતા. કદાચ એ મેલાજીને પોતાની રીતે દબાવી દઈ શકે. પણ એમને મળવા જાય તો વાત જ ફૂટી જાય ને ગોકળને પણ ખબર પડી જાય.

ઘણા વિચારને અંતે એને લાગ્યું કે એવો જણ જાતે શોધવો એ પોતાના ગજા બહારની વાત હતી. ત્યાં અચાનક જ એને મકના ધાવેડુંનું નામ યાદ આવ્યું. આમ તો એ કાંઈ ભૂવો નહોતો કે નહોતો જાગરિયો કે નહોતો ભૂત. પણ આમ જોવા જઈએ તો એ ભૂતનોય ભૂત હતો ને ભૂવાનોય ભૂવો હતો. એ કોઈકનું નામ આપી શકે કે જે મેલાજીનેય વશમાં કરી શકે. ને જરૂર પડશે તો એ કોઈકને પોતાને માટે વાતેય કરશે એવી ગેંદાલને શ્રધ્ધા હતી.

મકનાનું નામ આવતાં જ ગેંદાલને લાગ્યું જાણે એનું કામ થઈ ગયું હતું. એના મનમાં આનંદ આનંદ થઈ ગયો. ખભે ધારિયું નાંખતોકને એ મકનાના છાપરા ભણી ઊપડ્યો. હજુ તો એણે છીંડામાંથી પગ બહારેય કાઢ્યો ન હતો ત્યાં સવલી એની સામે આવીને ઊભી રહી ગઈ.

'લે, આ તારી ચાદર.' કહેતાં એણે ધોઈને ગડી વાળેલી ચાદર એની સામે ધરી. ગેંદાલે કાંઈ બોલ્યા વગર એ લઈ લીધી ને એને ખભા પર નાંખી આગળ ચાલવા માંડ્યો. ઉતાવળે પગલે ચાલી એની સાથે થઈ જતાં સવલીએ કહ્યું : 'તે એવી તે ચઈ(કઈ) પલ વહી જાય સે કે અમારી હંગાતે બે વાત કરવાનોત તને સમો નહીં?'

'સમો મલે તોય અહીં કયા ભૂમતાભૈને તારી હાર્યે વાત કરવી સે?'

'ચ્યમ (કેમ)?'

'ચ્યમ તે એમ. હું કંઈ તારો બંધાયેલો છું? લે, હવે વચમાંથી આઘી ખસ ને મારો કેડો મેલ્ય.'

'વળી પાછો આડું બોલ્યો. રસ્તો કંઈ તારા એકલાનો સે?' આંખો નચાવતાં સવલી બોલી. ને ગેંદાલની આગળ ચાલવા લાગી. એ જાણીબુઝીને ધીમી ચાલતી હતી અને ઘડીક આમ તો ઘડીક તેમ ચાલતી એ ગેંદાલની આગળ અટવાયા કરતી હતી.

ગેંદાલે એની આગળ નીકળી જવા બેચારવાર પ્રયત્ન કર્યા પણ કાયમ એ આડી આવી જતી હતી. આખરે ગેંદાલ થાક્યો ને અકળાઈને સવલીને હડસેલો મારી આગળ નીકળી ગયો. પણ એનો હડસેલો જોરમાં વાગ્યો હોય કે પછી ગમે તેમ પણ સવલી ઊંધે મોંએ વાડમાં જઈ પડી. એના મોંમાંથી વેદનાભરી ધીમી ચીસ નીકળી ગઈ.

ગેંદાલ ચમક્યો. એણે પાછું જોયું. સવલીને વાડમાં પડેલી જોઈ એને એક વખત તો કહેવાનું મનેય થઈ ગયું : 'તું એ જ દાવની છું પણ હું ચ્યારનોય ગમ ખાતો હતો.' પણ બોલ્યો ત્યારે જુદું જ : 'લે, ઊઠ્ય હવે કાલાં કાઢ્યા વના. તું ચ્યારનીય અડબડિયાં ખાતી'તી ત્યારથી જ મને લાગતું હતું કે તું વાડ્યમાં જ પડવાની છું.' કહેતાં એણે સવલીને બાવડેથી પકડી વાડમાંથી ઊભી કરી.

સવલીના મોં તથા હાથ પર કાંટાના ઉઝરડા થયા હતા. ક્યાંક તો એ ઉઝરડામાંથી લોહીના

ટસિયા પણ ફૂટ્યા હતા. લોહી જોતાં જ ગેંદાલ નરમ પડી ગયો. પોતાનાથી ખોટું થઈ ગયું હોય એમ એને લાગ્યું. પોતે લક્ષ્મણના પાપે સવલીની ઉપેક્ષા કરે એ તો ઠીક પણ આમ—

ને એણે સવલીના મોં પરથી અને માથામાંથી કાંટા વીણી કાઢ્યા. પેલી ધોયેલી પછેડીથી લોહીના ટશિયા પણ લૂછી નાખ્યા પછી એણે કહ્યું : 'તું શું કા(કામ) મારી પાછળ આમ આદુ ખાઈને પડી છું?'

'પાછળ તે ભલા માણહ હું પડું કે તું? મરદની પાછળ કદી બૈરાં પડતાં હશે? મારી પાછળ તો તું જ પડ્યો હતો ને વાડ્યમાં ધક્કોય તેં જ માર્યો 'તો ને મને!' સવલી આંખો નચાવતાં બોલી.

ગેંદાલ નીચું જોઈ ગયો. એને થયું : આવીયેય હરખાની પેઠે આંખો નચાવે છે ને પાછી બોલે છેય એવું જ. પણ બોલ્યો ત્યારે બીજું જ : 'તો હવેથી ખાતરી રાખજે કે હું તારી પાછળ પડ્યોય નહીં કે પડવાનોય નહીં. હા, તું મારા મારગમાં આડી આવીશ તો સાર નહીં કાઢું.'

'તે સાર અહીં કાઢવોય કોને છે? પણ ભલા માંણહ, કોઈક વાત કરે તો હાંમે હસીને બોલતાં તો શીખ. મેં તો જાંણ્યું હતું કે આજે તારાં ભૂત કાઢ્યાં પણ લાગે છે કે હજૂ નીકળ્યાં નથી. તું કહેતો હો તો બીજા ભૂવાને બોલાવીએ.' કહેતાં સવલીએ આંખોનું પાછું પેલું ત્રાટક કર્યું. પણ આ વખતે ગેંદાલ નીચું ન ઘાલી ગયો.

સવલીની સામે નજરો નોંધી એ બોલ્યો : 'હાચું કહું છું? સવલી તારી જાંણમાં એવો કોઈ ભૂવો છે, મેલાજીથય વધારે પહોંચેલો?' ઘડીભર તો સવલી આ ઘેલા માણસ સામે તાકી જ રહી.

પછી સ્હેજ મલકાતાં બોલી : 'ભૂવો તો છે, મેલાજીનેય ભૂ કહેવડાવે એવો. પણ તારું ભૂત તો કે' છે નેકળી (નીકળી) ગયું છે?' વિચારમાં પડી જતાં સવલીએ પોતાનું બોલવું અધ્યાહાર રાખતાં કહ્યું.

'તોય તું મને એકવાર એ ભૂવાની હાર્યે મેળાપ તો કરાઈ આલ.'

'ચ્યમ?'

'એ જાંણીને તારે શું કાંમ છે? તું તારે હું કહું છું એટલું જ કર ને.' ગેંદાલે ચિઢાઈ જતાં કહ્યું.

'તારે અમારેય શી હાડીબાર છે? તારે ભૂવાનું નાંમ જાંણવું હોય તો પહેલાં તારે એનું શું કામ છે એ જણાવવું પડશે. નહીં તો તું તારે રસ્તે ને હું મારે રસ્તે.' કહેતાં સવલીએ જવા માંડ્યું.

એને આમ ચાલી જતી જોઈ ગેંદાલને એક વખત તો ગુસ્સો આવ્યો પણ આજે પોતાને ગરજ હતી એટલે એણે ગુસ્સાને નરમ પાડ્યો અને સવલીનો હાથ પકડીને એને પાછી વાળતાં બોલ્યો : 'એમાં આટલી અકળાઈ શાની જા છ? તને કહેવા જેવું હોય તો ના કહ્યું હોય? આ તને કહેવાય એવું નહીં, અમારું મરદોનું કાંમ છે.'

સવલી એક પળ વિચારમાં પડી ગઈ. પછી ગેંદાલ સામે જોયા વગર જ બોલી : 'પહેલાં મારો હાથ છોડી દે. એક તો રસ્તે જતાં હાથ પકડે છે ને વળી પાછો કે' છે કે હું પાછળ પડી છું.'

'લે હવે કહે.' એનો હાથ છોડી દેતાં ગેંદાલે કહ્યું.

'ભૂવાનું નાંમ તો મને ખબર નથી પણ તું મારા માંમાને મલ એટલે એ બધું ગોઠવી આલશે.'

'તારા માંમા?' ગેંદાલ ગૂંચવાતાં બોલી પડ્યો.

'તું મારા માંમાનેય નથી જાણતો? મારા માંમા મકનોજી ધાવેડુ. તારું કહેવું ના માંને તો મારું નાંમ દેજે એટલે તરત ભેટો કરાઈ આલશે. પણ ફરી પાછો મલું તારે મને આંમ વાડમાં ધક્કો ના મારતો હોં કે!' કહેતાં સવલીએ હસીને પાછી આંખો નચાવી.

ને જવાબ દીધા વગર ગેંદાલ મકનાના છાપરા તરફ ઊપડ્યો. મકનાનું રહેઠાણ છેલ્લાં પંદર વરસથી ખેતરમાં જ હતું. એના આમ ગામમાંથી બહાર નીકળી જવા પાછળ પણ એક ઈતિહાસ હતો.

આમ તો એમના ગામમાં છોકરા છોકરીઓ બહારના ગામમાં જ પરણાવવાનો ચાલ હતો. પણ કોઈને ગામમાં જ ગોઠી જાય તો ગામમાં જ છોકરો કે છોકરી પરણાવી શકાતાં હતાં.

વાત એમ હતી કે ગામ વસ્યું ત્યારે શરૂઆતમાં બે જુદાં જુદાં ગામમાંથી કેટલાંક કુટુંબો વસેલાં. એમાંના એક કુટુંબના વારસો એટલે અદાના એમની બે ભાગોળના લોકો. જ્યારે બીજા ગામથી આવેલા એટલે મકનો, ગોકળ અને એમની ત્રીજી ભાગોળના લોકો. આમ જોવા જઈએ તો આ બે ભાગ જુદા ગામ જેવા જ હતા.

ત્રણ ભાગ અને બે ભાગ વચ્ચે આમ સંબંધ શક્ય હતા. અને એ પ્રમાણે અદાનું ઘર જોઈને મકનાના બાપે ને મકનાના બાપનું વર્ચસ્વ જોઈને અદાએ એમના લક્ષ્મણનો વિવાહ એમની દીકરી લક્ષ્મી સાથે કર્યો હતો.

લગન પછી થોડાંક વરસ તો બધું બરાબર ચાલેલું. એ દરમિયાન સવલીનો જનમ થયેલો. પણ સવલી ત્રણેક વરસની થઈ હશે ને એક દિવસ લક્ષ્મણ દારૂમાં ચકચૂર થઈને ઘેર આવેલો. લક્ષ્મીથી એ સહન ન થયું ને એ પતિને ઠપકો આપવા લાગેલી. એમાંથી વાત વધી પડી. ઘરની વાત બહાર જાય તો સારું નહીં એમ માની અદાએ પણ લક્ષ્મણનો પક્ષ લઈ લક્ષ્મીને કડવું લાગે એવું ઘણું કહ્યું. લક્ષ્મણને અદાનો ટેકો મળતાં એ છેલ્લે પાટલે જઈને બેઠો અને એ જ દિવસે લક્ષ્મીને પહેરેલે લૂગડે જ ઘરની બહાર હાંકી કાઢી.

મકનાના બાપ તો એ વખતે હયાત નહોતા પણ મકનો તો હતો ને! એણે વાત જાણી લક્ષ્મીને પાછી જવા ઘણી સમજાવી પણ લક્ષ્મી ના માની. કોઈની સામે લડી લેવાનું હોય તો મકનો પાછી પાની કરે એમ ન હતો પણ આ વાત જ એવી હતી કે એના હાથ બધાઈ જતા હતા. વળી પોતાની ભાણી સવલીનું હીત પણ જોવાનું હતું. એટલે મકનો ગમ ખાઈ ગયો.

વળી એક જ ગામમાં રહેવાનું, રોજ અદાને ને લક્ષ્મણને સામે મળવાનું. રોજ દેખવાનું ને દાઝવાનું. એમ કરતાં કદીક બોલાચાલી થઈ જાય તો પોતે રહ્યો તંતીલો. ન થવાનું થઈ જાય અને કાયમને માટે કપાળે કાળી ટીલી ચોટે. એટલે મકનાએ બીજા જ દિવસથી ગામમાં રહેવાનું ટાળ્યું. એણે જાણે પણ જ મૂક્યું કે ગામમાં પગ જ મૂકવો નહીં.

ગામલોકોએ આ વાત જાણી અદાને ઘણા સમજાવ્યા. મકનાનેય એમણે સમજાવવા પ્રયત્ન કર્યા પણ મમતમાં ચઢી ગયેલા બેમાંથી એકેય નમતું જોખવા તૈયાર થયા નહીં. એ ઘડી ને આજનો દા'ડો, મકનો કોઈ અવસર વગર ગામમાં ગયો જ નહોતો. ને કોઈના અવસરમાં જવાનું થાય તોય પોતાના દોસ્તો સાથે આગવો ડાયરો જમાવીને બેસતો ને પોતાની ભૂલ સમજી ગયેલા અદા કે લક્ષ્મણ એનાથી આઘા જ રહેતા હતા.

લક્ષ્મી તો મકનાને ઘેર આવ્યા પછી બીજે જ વરસે ગુજરી ગયેલી તોય મકનાએ ગામમાં અવસર વગર ન જવાનો પોતાનો નિર્ધાર કાયમ જ રાખેલો.

ગેંદાલ એને ત્યાં પહોંચ્યો ત્યારે મકનો બહાર ચોકમાં ખાટલીમાં બેઠો હોકો પી રહ્યો હતો. ગેંદાલને જોતાં જ એ મલકી ઊઠ્યો. મથુર મુખીનો સંદેશો તો મકનાને ક્યારનોય મળી ગયો હતો પણ ગેંદાલ સામે ચાલીને મદદ માગતો આવે એની જ રાહ મકનો જોઈ રહ્યો હતો. ને મુખીનો સંદેશો એને ના પહોંચ્યો હોય તોય પોતાના જોગું કામ લઈને આવે તો મકનો રસ્તે જતાનેય ના પાટે એવો ન હતો.

'રામ રામ ગેંદાલ, કહે ચ્યમ આવવું થયું? પહેલાં માંટલીમાંથી પાંણી પી ને પછી બેસ મારી હાર્યે.' કહેતાં એણે ખાટલીમાં એક તરફ ખસતાં ગેંદાલને બેસવા જગ્યા કરી આપી.

એના આવા સીધા સવાલથી એક વખત તો ગેંદાલ ગૂંચવાયો. એણે વિચારવાનો વખત કાઢતો હોય એમ તરસ નહોતી તોય માંટલીમાંથી કૂલડી ભરીને પાણી પીધું. પછી વેહરાના છેડાથી મોં લૂછતો મકનાની સાથે ખાટલી પર બેઠો.

'કાકા, તમારા જેવું કાંમ પડ્યું છે. મારે એક ભૂવાનું કાંમ છે.'

'ચ્યમ? હરખા માટે?'

'હા.'

'મેલાજીને કહીયે.'

ગેંદાલ વળી પાછો ગૂંચવાયો. મકનાને કેમ કરીને કહેવાય કે એ મેલાજીનેય શીશામાં ઉતારે એવો ભૂવો જોઈએ છીએ. સ્હેજ અચકાતાં કહ્યું : 'એ મેલાજીને તો મારા બાપાએ આજે હવારે બોલાયો 'તો.'

'તે એનાથી કાંમ ના થયું?'

'થયું તો ખરું પણ મારે એવું નહીં કરાવવું.'

'એવું એટલે ચેવું (કેવું)?'

'બાપાએ એને બોલાયો 'તો. એણે મરનારીને મારા પંડ્યમાં બોલાઈને કબૂલ કરાઈ લીધું સે કે કાલ્યે હાંજ હુધીમાં એ જતી રહેશે.'

'તારે ભયો ભયો, મેલાજી કાંઈ કાચો નહીં. એણે કબૂલ કરાયું હશે તો એમાં મીનમેખ નહીં થાય. તું નક્કી માંનજે કે હવે એના ભાર નહીં કે કાલ્યે હાંજ કેડ્યે એક ઘડીય તારા ઘરમાં ટકે.' ગેંદાલ વળી પાછો ચૂંચવાયો. વાત અવળે પાટે ચઢી ગઈ હતી.

'પણ મારે એવું થવા દેવું નહીં.'

મકનો અચરજ પામી ગયો. એણે ગેંદાલની સામે આશ્ચર્યથી તાકતાં પૂછ્યું : 'શું કહ્યું?'

'મારે એને ઘર છોડાવવું નહીં ને મારે એને ગાંમેય છોડાવવું નહીં. એ જેવી હોય એવી મારા આંખ્ય માથા ઉપર.' શરમાયા છતાં ગેંદાલે ચોખ્ખું સંભળાવી દીધું.

'અલ્યા, તું ભાંનમાં છું કે પીને આયો (આવ્યો) છું?'

'કાકા પૂરેપૂરો ભાંનમાં છું. મારું માંણહ હતું ને મારું ઘર પૂછતું આયું છે. મારે એને જાકારો દેવો નહીં.'

'જો ભૈ, મને એવો ભૂતપ્રેતનો અનુભવ નહીં ને હું એમાં માંનતોય નહીં, પણ લોકો કે' છે કે એ જેને વહાલ કરે એને જ ફોલી ખાય. તારું શરીરેય છેલ્લા એક મહિનામાં કેટલું ઉતરી ગયું છે? આવું ને આવું ચાલશે તો એ તને પૂરાં પાંચ વરહેય નહીં કાઢવા દે.'

'મારે લાંબું જીવવુંય ચ્યાં છે? કાકા, મારું આટલું કાંમ કરી આલો. તમારો પા'ડ જિંદગીભર નહીં ભૂલું.' કહેતાં ગેંદાલ ગળગળો થઈ ગયો. મકનાને ગેંદાલના મનની વાત સમજાઈ પણ એની છોકરમતમાં એમ વગર વિચાર્યે જોડાઈ જાય એવો એ ન હતો.

એણે કહ્યું : 'હારું, વિચાર કરીને તને કહીશ. ભૂવા તો જાંણે ઘણાય છે પણ મેલાજીનેય ચઢે એવો હોવો જોઈએ ને! પણ તને મારી પાંહે કોણે મોકલ્યો?'

'મારા મનથી જ આવતો 'તો પણ વચમાં સવિ મલી. એણે કહ્યું કે માંમા ધારે તો એવો ભૂવો ચપટી વગાડતાંમાં હોધી આલશે એટલે _'

મકનાએ પછી ગેંદાલને ચા પાઈને ને ધરપત બંધાવીને વિદાય કર્યો. ગેંદાલ ગયો એટલે

મકનાએ પણ ઘોડે ચઢીને મુખીને મળવા પરમેસરિયાનો મારગ પકડ્યો. ગેંદાલની આ મમત જાણ્યા પછી મકનાને આ અલ્લડ છોકરા માટે માન થયું હતું. પણ પોતે એના જેવો ઘેલો કે અલ્લડ નહોતો. પોતે એને આમાં સાથ દઈ શકે એમ ન હતો. એ તો દબાવીને, સમજાવીને કે છેવટે ધમકાવીનેય એને એ મારગેથી પાછો પાડવાના માતનો હતો.પણ ગમે તે પગલું ભરતા પહેલાં મુખીને પૂછી જોયેલું સારું એમ માનીને એ મુખીને મળવા ચાલ્યો હતો ને!

◆ ◆ ◆

એ મોડી સાંજે મકનો મુખીને ત્યાંથી પાછો ફર્યો ત્યારે એના મન પરથી જાણે એક મોટો બોજો ઊતરી ગયો હતો. બીજે દિવસે ગેંદાલને પોતાને છાપરે બોલાવવાનો હતો ને મુખી જાતે આવીને એને સમજાવવાના હતા.

પણ રાતે ગેંદાલની ખાટલી પર જુદી જ રંગત જામી પડી હતી. હરખા રોજની જેમ પગ ઝુલાવતી ખાટલીની ધાર પર બેઠી હતી. પણ ગેંદાલ જાણે રિસાઈ ગયો હોય એમ આડું જોઈને બેસી રહ્યો હતો.

'એય રાજકુંવર, જરા આંમ તો જુઓ. મને કહો તો ખરા કે તમને કઈ વાતનું ખોટું લાગ્યું છે?' હરખાએ કહ્યું.

ને ગેંદાલની ઉજ્જડ નજરો હરખા ભણી વળી. 'તેં પેલા મેલાજી ભૂવાને કોલ આલ્યો કે તું કાલ્યે હાંજ પહેલાં મને ને આ ઘરને છોડીને જતી રહીશ?'

'આલ્યો, પણ એનું શું છે?'

'ચ્યમ આલ્યો?'

'મારી મરજી, ચ્યમ તે!'

'તને ભૂંડી, મારોય વચાર ના આયો? તારા વના _' કહેતાં ગેંદાલની આંખમાં આંસું આવી ગયાં. હરખા ખાટલી પરથી ઊઠી એની પાસે ગઈ અને પાલવ વડે એનાં આંસુ લૂછતાં બોલી : 'તારો વચાર આયો 'તો એટલે તો કોલ આલ્યો. મેં જાણ્યું કે જો હું કોલ નહીં આલું તો એવોએ તને મારીમારીને અડધો કરી નાંખશે, એટલે મેં એને જતાં રહેવાનો કોલ આલ્યો.

'મારાથી એનો માર વેઠાત પણ તું અહીંથી જતી રહીશ એ નહીં વેઠાય.' બોલતાં ગેંદાલની આંખો વળી પાછી ચૂઈ પડી.

'પણ મારો જીવ ગત્યે જાય એવું તો તારેય કરવું જ છે ને! કે પછી એય નહીં કરવું?' ને ગેંદાલ એના આવા સવાલથી જાણે ગૂંગળાઈ ગયો.

'મને એમાં કશી હમજણ પડતી નહીં. મને તો લાગવા માંડ્યું છે કે તમે બધાં આવી ઊંધીછતી વાતો કરીને મને ગૂંચવીને મારી નાંખશો. તને એક વાત કહી દઉં છું કે હું તંગ આવી જઈશ તો કૂવે પડીશ, હોં!' એ બોલ્યો. એના અવાજમાં જે રણકો હતો એનાથી હરખા અપરિચિત નહોતી, એટલે _

_એટલે તો એણે આંખો નચાવીને કહ્યું : 'એ બધું તો થતાં થશે પણ ત્યાં હુધી તો હું ને તું _' પણ એ પૂરું બોલી રહે એ પહેલાં તો ગેંદાલના હાથ એને ભરડો લઈ રહ્યા હતા. ને એ રાતે ખાટલી પાથરેલી હતી તોય એ બેય જણાં નીચે લીંપણ પર પડ્યાં રંગમસ્તીમાં ડૂબકાં લગાવી રહ્યાં હતાં. એમની એ રંગમસ્તીની સાક્ષી દીવાની જ્યોત પણ નાની ને નાની થઈ છેવટે આંખ મીંચી ગઈ.

[અનુક્રમ ?](#)

## ૧૩. મુખીએ જાણ્યું

આજે ગેંદાલ આનંદમાં હતો. કાલ્યે રાતે હરખાએ કેટલીય ઉંધીછતી વાતો કરી હતી પણ છેવટે તો એણે પોતાની પાસે નમતું જોખ્યું હતું એ વાતનો એને સંતોષ હતો. એ રાતે જેમ માની ગઈ હતી એમ કાયમ માટે રહેવા માની જાય એમ એ ઈચ્છતો હતો. હા, એક વાતનું એને દુઃખ જરૂર હતું કે એમ કરતાં હરખાનો જીવ ગત્યે કરવાનું એક પા' રહી જતું હતું. જો હરખાનો જીવ ગત્યે જાય તો એનું સામિપ્ય છિનવાઈ જાય તેમ હતું. આ વાતનો ઊકેલ એની પાસે ન હતો.

મકના ધાવેડૂએ એને આજે પોતાને ત્યા બોલાવ્યો હતો પણ હવે એને મળવા જવાની જરૂર ગેંદાલને જણાતી ન હતી. બીજા ભૂવાને સાધ્યા વગર જ હરખા એને પાછી મળી ગઈ હતી. અરે, એ તો ગઈ જ કયાં હતી?

એટલે સવારનો નાસ્તો પતાવીને એ ખભે ધારિયું નાંખતોક ને ઓઘરાળિયે પહોંચ્યો. વિચારમાં ને વિચારમાં એણે દેવતા પાડ્યો અને હોકલી ભરી. ને હોકલીના ધૂમાડાની સાથે એની વિચારગાલ્લી પણ દોડવા લાગી.

'હરખા ભલે હસતી દેખાવા પ્રયત્ન કરતી હોય, ભલે એ રોજ પોતાને મળતી હોય કે મસ્તી કરતી હોય પણ એ જીવ હતો તો અવગતિયો ને! ને આવો અવગતિયો અવતાર કયા જીવને વેંઢાળવાનું મન થાય? ફકત ગેંદાલના આનંદ માટે થઈને એ જીવ અવગતિના કાળને લંબાવી રહ્યો હતો. શું એને સદ્‌ગતિયે પહોંચાડવાની પોતાની ફરજ નહોતી?' ગેંદાલ વિચારી રહ્યો.

ને ફરજનો ખ્યાલ આવતાં જ એનું હૈયું કકળી ઊઠ્યું. પણ આજ સુધી પોતે ફકત પોતાનો, પોતાના મોહનો જ વિચાર કર્યો હતો. હરખા રોજ આવતી હતી, ચા મૂકતી હતી,ઠોબરાં ઊટકતી હતી, હેત કરતી હતી એ બધું પોતાને ગમતું હતું. પોતે એવું ઈચ્છતો હતો. પણ હરખાનું શું કે એના અવગતિયા જીવનું શું? એવો સવાલ એણે આજ સુધી પોતાના મનને પૂછ્યો ન હતો.

કાલ્યે જયારે હરખાએ સામેથી જ એવો સવાલ કર્યો ત્યારે એને સાચી વાતનો અણસાર આવ્યો. એટલે જ એ આજે પોતાના મનને એ સવાલ પૂછી રહ્યો હતો. એનો જવાબ પણ એને હૈયે હતો પણ હોઠે આવતાં એને ઘણી વાર લાગી. 'એના જીવની સદ્‌ગતિ થાય એવું હું કરીશ; પછી મારૂં ભલે જે થવાનું હોય એ થાય.' એ બબડ્યો ત્યાં જ કોઇએ પાછળથી આવી એની આંખો પર નાજુક હથેળીઓ દાબી દીધી. ને એ નાજુક હાથ અને હૂંફાળી હથેળીઓ બીજા કોની હોય?

'હું તને ઓળખી ગયો છું. બોલ, તારૂં નામ બતવું તો શું આલીશ?' એણે પોતાની હથેળીઓ પેલીના હાથ પર દાબતાં પૂછ્યું. આંખો દાબનાર હાથ એના આવા બોલવાથી ચમક્યા. એ ચમક એની ને સાથે ગેંદાલની હથેળીઓ પર પણ વર્તાઈ. ગેંદાલે પોતાની હથેળીઓ વધારે જોરથી પેલા હાથ પર દબાવી. આંખો દાબનારના હોઠ મલક્યા. મોઢેથી કાંઈ ન બોલતાં એણે પોતાનો અંગૂઠો ગેંદાલને કપાળે અડકાડી હલાવ્યો. ગેંદાલ એ નિશાની સમજ્યો.

'તું અંગૂઠો બતાડીશ, એમ જ ને! તે નહીં તોય તું મને અંગૂઠો જ બતાડવાની છું એની મને ખબર્ય છે. પણ આજે તો તને નહીં છોડું. કહેતાં ગેંદાલે પેલીના હાથ પરથી પોતાના હાથ હઠાવી એની કાયા ફરતા વીંટાળી એને પોતાની છાતી સરસી ચાંપી દીધી. પેલીના હાથ આંખો પરથી હઠી ગયા હતા છતાં આંખો બંધ જ રાખી ગેંદાલે વળી પાછું પૂછ્યું : 'બોલ, તારું નાંમ બતાડી દઉં તો શું આલીશ?'

'તું જે માગીશ એ આલીશ, જા.' પેલીએ કહ્યું ને સામે પોતાના હાથની મજબુત પકડ ગેંદાલ ફરતી ભીડી દીધી. પણ એ અવાજ સાંભળતાં જ ગેંદાલ ચમક્યો. એ અવાજ હરખાનો નહીં પણ

સવલીનો હતો. પોતે હરખા જાણીને __

'મર, તું જ્યાં હોય ત્યાં આગળની આગળ.' કહેતાં એણે પોતાના હાથની પકડ છોડી દેતાં પેલીને એવો હડસેલો માર્યો કે એ માળા પરથી નીચે પટકાઈ પડી. એના ગળામાંથી હળવી ચીસ નીકળી ગઈ.

પણ નીચેથી ઊભી થવાને બદલે એ બોલી : 'કાલ્યે મેં તને કહ્યું 'તું તોય તેં પાછો મને ધક્કો માર્યો ને! તારા જેવા ગરજ-મતલબી માંણહ આજ હુધી નહોતો જોયો.' ગેંદાલે સવલીની સામે જોયું. નીચે પડતાં એને કોણીમાં વાગ્યુંય હતું ને છોલાયુંય હતું છતાં એની આંખોમાં તો વેદનાને બદલે સાપોલિયાં સળવળતાં હતાં.

ગેંદાલ માળા પરથી નીચે ઊતર્યો ને સવલીને પકડીને ઊભી કરતાં બોલ્યો : 'તું પહેલેથી જ જાંણ છ કે હું નકામો માંણહ છું તોય શું કા' મારી પાછળ આદુ ખાઈને પડી છું?'

'અહીં કોણ તારી પાછળ પડ્યું છે? એક તો કાલ્યે તારું કાંમ કાઢી આલ્યું એનું કશું નહીં ને પાછો ઉપરથી અપજશ આલ છ? માંમાએ તારું કાંમ ના કર્યું?'

'એમણે ના તો નથી પાડી. આજનો વાયદો કર્યો છે, પણ મારે હવે જરૂર નહીં.'

'ચ્યમ?'

'મારું કાંમ થઈ ગયું એટલે.'

'કોણે કરી આલ્યું? મેલાજીએ?'

'એ શું કરી આલતો હતો? આ તો એ કરવાનો હતો એ ના થયું એટલે બસ.'

'એટલે? બળ્યું કશું હમજાય એવું બોલ્ય ને.'

'અ મારા પંડ્યમાંથી હરખાનો વળગાડ કાઢવાનો હતો.'

'ને તારે એ વળગાડ કાઢવા દેવો નહોતો એમ જ ને?'

'હોવ.'

'તે ચ્યમ જાંણ્યું કે વળગાડ નહીં નેકળે? તું હજુ એ મેલાજીને ઓળખતો નહીં. ભલભલાના વળગાડ એણે કાઢી નાંખ્યા છે.'

'પણ તું હરખાને ઓળખતી નહીં. એવા હાત મેલાજીને ભાંગીને ભગવાને એને બનાઈ છે.' કહેતાં ગેંદાલ ઠેકડો મારીને છાપરી પર ચઢીને બેઠો ને હરખાની કલ્પનાથી આનંદમાં આવી ગયેલા હૈયાને ઈશારે હોય તેમ પગ ઝુલાવવા માંડ્યો.

'લે, હાથ લાંબો કર્ય હવે.' સવલી બોલી ને સામે પોતાનો હાથ લંબાવ્યો.

'ચ્યમ?'

'ચ્યમ તે મારે ઉપર આવવું સે.'

'ચ્યમ?'

'તારી હાર્યે બેહવા ને તારા ભલાની વાત કરવા.'

'મારે તારી હાર્યે બેહવુંય નહીં કે મારા ભલાની વાત હાંભળવીય નહીં. તું તારે રસ્તે પડ્ય.'

'કાલ્યે ગરજ હતી ત્યારે કેવો નરમ થઈ ગયો હતો? ને આજે તો જાંણે મોટો ગવંડર!' સવલીએ એને ચિઢવવા માંડ્યો.

'તું તો એવી પાછળ પડી છું કે જાણે તારે બીજું કશું કાંમ જ ના હોય! પણ કોઈક જોઈ જશે તો?' કહેતા ગેંદાલે હાથ લંબાવ્યો. એ હાથ પકડી ઠેકડો મારી છાપરી પર ચઢી જતાં સવલી જાણીજોઈને લથડીને ગેંદાલ પર પડી.

ગેંદાલ સંકોચાઈને એક તરફ ખસીને બેઠો. સવલી એની અડોઅડ બેસતાં બોલી : 'તું તો ખરો શરમૈ(શરમાઈ) જા છ, છોકરીની પેઠે!'

'લે હવે વેવલી થયા વગર તારે જે કહેવું હોય એ કહેવા માંડ ને પછી હેંડતી થા.' ગેંદાલે કહ્યું. એ સારાનરસાનો વિચાર કરી શકે એટલો નવરો સવલી એને રહેવા જ ક્યાં દેતી હતી?

'જો તું સીધી રીતે હાંભળવાનો હોઉં તો કહું નહીં તો પછી _'

'તારે ના કહેવી હોય તો તારી મરજી.'

'તે કહેવા હાતર તો આઈ છું.'

'તો વાતમાં નકાંમું મોણ નાંખ્યા વગર કહેવા જ માંડ્ય ને.'

'મારા દાદાએ મારો હાથ ગોરબાપાને બતાડ્યો હતો. ગોરબાપાએ કહ્યું છે કે _ કહ્યું છે કે_'

'લે, હવે તારે જે કહેવું હોય એ કાલી થયા વગર કહી દે ને ઝટ પાર મેલ્ય.' ગોરબાપાએ સવલીનો હાથ જોઈને શું કહ્યું હતું એ જાણવાની ગેંદાલને જરાય ઈન્તેજારી નહોતી. એને તો જેમ બને એમ વાત પતી જાય અને સવલીથી જાન છૂટે એ જ ઈચ્છા હતી.

ગોરબાપાએ કહ્યું છે કે મને ઘર હારું મલવાનું છે ને લગન પણ આ જ વરસે થવાનાં છે પણ વર હારો મલવાનો નહીં.' આંખો નચાવતાં સવલીએ કહ્યું.

'એ તો હોય એવું જ કહે ને! તું એ જ દાવની છું. કોઈક કોબાડને પનારે પડીશ તારે જ તું સીધી થઈશ.'

'ગોરબાપાએ એટલું જ કહ્યું છે કે એ બીજવર હશે પણ હવે મને લાગવા માંડ્યું છે કે એ કોબાડ પણ છે. તું બીજવરેય છું ને કોબાડેય છું ને મારી નજર તારા પર છે. તું જોવો હોય એવો પણ મારે મન હાવ હોનાનો, બસ?' કહેતાં સવલીએ ગેંદાલને ગળે હાથ ભેરવ્યા.

એ હાથને તરછોડી નાંખતો ગેંદાલ બરાડી ઊઠ્યો : 'હત્ તારી જાત્યની મારું, પાછી ગળે પડવા આયી?' કહેતા એણે સવલીને ધક્કો મારવા પ્રયત્ન કર્યો.

પણ એના હાથને એક તરફ ખેસવી દેતાં સવલી બોલી : 'જો, હવે ધક્કો મારવાની ટેવ મેલી દે. હવે પછી જો ધક્કો મર્યો છે તો હું તને બથમાં લઈને જ પડીશ. પછી વાડમાં પડાય કે ધરામાં, કશો વાંધો નહીં.' કહેતાં સવલી માળા પરથી કૂદીને દોડી ગઈ. ગેદાલ કશાય ભાવ વગર એ દોડી જતી કાયા પાછળ તાકી રહ્યો.

'આવીય ચ્યમ હમજતી નહીં હોય કે હું એના કાંમનો નહીં?' એ વિચારી રહ્યો. પણ એ પહેલાં તો કોઈકે પાછળથી આવીને એની આંખો દબાવી દીધી. એ કાંઈ ન બોલ્યો. હરખા ત્યાં જ હતી. બધું જોતી-સાંભળતી હતી તોય _ ને એને ગળે ડૂમો ભરાઈ ગયો.

'લે, કહે જોઈએ હું કોણ છું? ઓળખી કાઢ મને જોઈએ.' એ બોલી. ગેંદાલે કોઈ જવાબ ન આપ્યો કે ન તો પેલા હાથ ખસેડી નાખી પાછળ જોવાનો પ્રયત્ન પણ કર્યો કે ન તો એને પોતાની છાતી સરસી ચાંપી કે દબાવી; એટલે તો હરખાને ટોણો મારવો પડ્યો ને : 'હમણાં પેલીએ આંખો દબાવી ત્યારે કેવો ઓળખી ગયો 'તો ને એને કેવી બાથ ભરીને _?'

પણ એ આગળ કાંઈ ન બોલી શકી. દબાયેલી પેલી આંખોમાંથી વહી રહેલાં ઊનાં ઊનાં આંસુ એની આંગળિઓને દઝાડી ગયાં. ને આંખો પરથી હાથ હઠાવી લેતાં ઓશિયાળી થઈ જતાં એ બોલી : 'એમાં રડવા શું બેઠો? હું તો મશ્કરી કરતી હતી. તેં સવલીને ઓળખી જ નહોતી. ને

જ્યારે ઓળખી ત્યારે તેં એને કેવો ધક્કો માર્યો 'તો એય મેં ચ્યાં નહોતું જોયું?'

'તારે શું કા' મને રિબાવ છ? શું કા' મારી ઠેકડી ઉડાડ છ?' આંસુભરી આંખો એની સામે માંડતાં ગેંદાલે પૂછ્યું.

'લે, કર વાત. આ તો મિયાંની ભેંસને ડોબુય ના કહેવાય. હું તારી મશ્કરી ના કરું તો બીજું કરેય કોણ? જેને ને તેને તો તું કૈડવા તડ છ.'

'હા હું બહુ બગડી ગયો છું પણ મારે હવે સુધરવું નહીં. મારે તનેય આ અવગતિયા ટોળામાં રહેવા દેવી નહીં ને મારે હવે જીવવુંય નહીં.'

'જો, એમ ઊંધુંછતું નહીં બોલવાનું. તારે એવા મરવાના વિચાર કરવાના નહીં. હું તો તારી મશ્કરી એટલા હાતર કરું છું કે તું કયાંક ગોઠવાઈ જાય તો મારા દિલમાં તાઢક વળે. તને એમ લટકતો મેલીને મારે સદ્ગતિયે નહીં જવું.' ગેંદાલ કાંઈ ન બોલ્યો એટલે એ આગળ બોલી : 'જો, સવલી હારી છોડી છે. એ તને હાચવી શકશે. એના બાપે તારું ઘર ભાગ્યું તે આ છોડી માંડી આલશે એમાં કશું ખોટુંય નહીં.'

'તારી બધીય વાત હાચી. તું સદ્ગતિયે જાય એટલે મારેય કાળજે તાઢક વળશે પણ તું જો એમ માંનતી હો કે હું એ સવલી હાર્યે પૈણી જઈશ તો એ તારી ભૂલ છે. દનિયાંમાં કેટલાંય માંણહ હાથે રોટલો બાળી ખાય છે એમ હુંય _' કહરતાં ગેંદાલની આંખો ફરીથી ચૂઈ પડી.

ત્યાં હરખાએ કહ્યું : 'જો, બાપા આવે છે. એમની આગળ કશું ઊંધુંછતું ના બાફતો પાછો. હું હાંજે મલીશ ત્યારે તને નધી વાત સમજાવીશ. મારે તારી હાર્યે ઘણીબધી વાતો કરવાની છે.' કહેતાં એ હવામાં ઓગળી ગઈ.

ને મુખી કઈ તરફથી આવે છે એ જોવા મોં ફેરવતાં જ ગેંદાલે મુખીને સાવ નજીક આવી ગયેલા જોયા. ઝડપથી આંસુ લૂછતાં એ ઠેકડો મારીને છાપરી પરથી નીચે કૂદી પડ્યો. મુખીએ ગેંદાલના ગાલ પર આંસુના ઓઘરાળા જોતાં પૂછ્યું : 'તે હજુ તમારું રડવાનું પૂરું થયું નથી કે શું?' ને જવાબ વાળવાની ગડમથલમાં પડેલા ગેંદાલને બોલવાની તક આપ્યા વગર આગળ કહ્યું : 'ભલા માંણહ, રડવાનું તો પાંચ પંદર દા'ડા હોય કે બાવા જેવા થઈને રખડવાનું મહિનો માસ હોય. આખી જિંદગી કાંઈ રડવાનું ના હોય.'

'હું એટલે રડતો ન હતો.'

'તો ચ્યમ રડતા 'તા?' મુખીએ પૂછ્યું. ઓઘરાળિયે આવતાં એમણે દૂરથી કોઈ સ્ત્રીનો ઓળો છેંડામાંથી બહાર નીકળતો જોયો હતો. એટલે દૂરથી એ તેને ઓળખી શક્યા નહોતા પણ એ કોઈ છોકરી જ હતી એટલું જ તેમને માટે પૂરતું હતું. ને બે ને બે ચાર કરી નાખવા માગતા એમના દિલને ગેંદાલના આ આંસુરંગ્યા મોંએ ખોટું પાડ્યું હતું. છતાં એમણે મોઘમ જ પૂછ્યું : 'કોણ હતી એ છોડી?'

હરખાનું નામ તો હૈયે જ હતું અરે, હોઠને છેડે આવીને અટકી ગયું હતું પણ મુખીની સામે તો ગેંદાલથી એ દેવાય એવું કયાં હતું? ત્યાં મુખીનો હાથ છેંડા તરફ લંબાયેલો જોઈ એ કોની બાબતમાં પૂછતા હતા એ ગેંદાલને ખ્યાલ આવી ગયો. હરખાની અહીંની હાજરીની ગંધ મુખીને આવી નહોતી એ જાણી એએએણે નિરાંતનો શ્વાસ લીધો ને કહ્યું : 'એ તો સવલી હતી, અદાની.'

'એ છોડી તમને રડાવી ગઈ?'

'ના.' કહેતાં ગેંદાલે માથું ધુણાવ્યું.

'એ છોડી હારી છે. એના દાદા કે બાપ જેવી નથી. એ એના મોહાળ પર પડી છે. એ અહીં શું કરવા આયી 'તી?'

પણ મુખીના પાછલા શબ્દો સાંભળ્યા પહેલાં જ ગેંદાલથી બોલી જવાયું : 'બધાંય કહે છે કે એ

છોડી હારી છે, એ છોડી હારી છે પણ —'

મુખી ચમકયા. 'બધાંય એટલે કોણ? બીજું કોણ કહે છે?' તેમણે પૂછ્યું.

ને ગેંદાલ ચમકી ગયો. વાતને રોળીટોળી નાંખવા પ્રયત્ન કરતાં એ બોલ્યો : 'કોઈ નહીં હમણાંનું મારાથી એવું અરથ વગરનું બોલાઈ જાય છે.'

સ્હેજવાર શાંત રહ્યા પછી મુખીએ વળી પાછું પૂછ્યું : 'બીજું કોણ કહેતું હતું?'

આ વખતેય ગેંદાલ જવાબ ગળી ગયો હોત પણ એનાથી મુખી સામે જોવાઈ ગયું. ને એક વખત મુખીની સાથે નજર મલ્યા પછી ગેંદાલના શા ભાર કે જવાબ દેવાનું ટાળી શકે?

છપાઈ જતાં એનાથી બોલાઈ ગયું : 'મરનારી.'

'એ બીજું શું કહેતી 'તી?'

'એ કહેતી 'તી કે હું સવલી હાર્યે પૈણીશ તો સુખી થઈશ ને મરનારીને જીવ પણ સદ્‌ગતિયે જશે.'

'પછી?'

'પછી કશુંય નહીં. મને કશી હમજણ પડતી નથી કે મારે શું કરવું ને શું ના કરવું. બધાં મારી પાછળ પડ્યાં છે. બાપાને વળગાડ કાઢવો છે. મરનારીને સવલી હાર્યે પૈણાઈને એનો જીવ ગત્યે કરવો છે. સવલીય આદુ ખૈને પાછળ પડી છે. મને કશું હમજાતું નહીં.' ગૂંચવાતો ગેંદાલ બોલી ગયો.

'એ બધાંની વાતો જવા દો. તમારું મન શું કહે છે? તમારું મન કહે એ કરો.'

'એની જ હમજણ પડતી નહીં ને. એક પા' મારું મન કહે છે કે મરનારીની ગત્ય થાય એમ કર તો બીજી પા' એ એની માયાને વળગી રહેવાય માગે છે ને સવલી હાર્યે જોડાવાય રાજી થતું નહીં. મને કશી હમજણ પડતી નહીં.

'હું એક અનુભવની વાત કહું? જ્યારે કશી હમજણ ના પડે ત્યારે જેને હમજણ પડતી હોય એવા માંણહનું કહ્યું કરવું.'

'તો તમે જ કહો કે મારે શું કરવું?'

'જો મારું વેણ પાછું ના ઠેલવું હોય તો હું મારગ બતાડું.' મુખીએ કહ્યું. પણ વખત છે ને ગેંદાલ ના પાડી દે એ ભયે તરત જ ઉમેર્યું : 'મારું કહેવું તમારા ને ગોકળજીના હિતમાં છે. તમે સવલી હાર્યે પૈણવાની હા પાડો. પછીનું બધું અમે અમારી મેર્યે ફોડી લઈશું.'

'પણ એ —' ગેંદાલ બોલવા ગયો.

'એ અદાના લખમણની દીકરી છે એમ ને! પણ લખમણની છોડી ગણીને નહીં પણ મકનાની ને ભેગી મારીય ભાંણી ગણીને એની હાર્યે પૈણવાની હા પાડો.'

'મુખીની સામે તો ના પડાય એમ નહોતી એટલે ગેંદાલ ભળતું જ બોલ્યો : 'પણ એના દાદા હા નહીં પાડે.'

'તો એમને હા કહેવડાવવા જવાનુંય કોણ છે? તમ તમારે એક વાર ખોંખારીને હા કહી દો એટલે થયું.' કહેતાં મુખીએ હોકલી ઉઠાવી અને ગેંદાલના મૌનને હકાર સમજીને એમણે ઉપરાઉપરી કસ ખેંચવા માંડ્યા.

અનુક્રમ ?

# ૧૪. ગેંદાલ ફરી પરણ્યો

એ પછી તો એક જ અઠવાડિયાના ગાળામાં ઘણું બધું બની ગયું. ગોકળની તબિયત જોવાને બહાને મુખી ઠીકરિયા આવી ગયા હતા ને ગોકળના કાનમાં કોણ જાણે શોય મંત્ર ફૂંકી ગયા હતા કે ચારચાર મહિનાથી ખાટલે પડેલો ગોકળ એક પળમાં તો જાણે ઘોડા જેવો થઈ ગયો હતો. અરે, છેલ્લા બે દિવસથી તો એ ઓઘરાળિયે આંટો મારવાય જતો હતો ને!

બે દિવસ પહેલાં સવલી ખેતરમાં મલી ગઈ ત્યારે ગેંદાલને એ કેટલી બધી બદલાઈ ગયેલી લાગતી હતી? ને સવલીને ગેંદાલ પણ બદલાઈ ગયેલો કયાં લાગ્યો ન હતો?

આજેય ગેંદાલ એ પ્રસંગને વાગોળી રહ્યો હતો ત્યાં સવલી આવી પહોંચી. ‘શા વિચારમાં બૂડી ગયો છું પાછો?’ આવતાંની સાથે જ સવલીએ પૂછ્યું.

‘અમારે વળી શાંના વિચાર કરવાના વિચાર તો તારે કરવાના હોય.’

‘ને તારે ચ્યમ નહીં? પૈણવાનો તો તુંય છું ને!’

‘મારે કંઈ પહેલી વખત પૈણવાનું છે તે વિચાર કરવા પડે?’

‘પહેલી વખત પૈણ્યો તારે બહુ ઊંડા વિચાર કરેલા કે શું?’

‘તારે શું કાંમ છે એ બધું પૂછીને?’

‘જો પાછો ફરી ગયો ને! આપડે શું નક્કી કર્યું છે? કશી વાત પેટમાં ના રાખવી.’

‘પણ તને એમાં કશું કહેવા જેવું હોય તો કહું ને! તું જ કહે કે કાલ્યે તેં ચેવા વિચાર કર્યા હતા?’

‘મેં તો આપડા લગનના વિચાર કર્યા હતા.’

‘ચેવા?’

‘એવું બધું તો ચ્યમ કહેવાય?’

‘ચ્યમ?’

‘બર્યું શરમ આવે એવા વિચાર આઈ જાય છે મનમાં. તને નહીં આવતા?’

‘મને આવે કે ના આવે પણ તને તો આવે છે ને? તારે તો તારા મનનું ધાર્યું થાય છે, પછી તને તો વધારે વિચાર આવે.’

‘ને તારા મનનું ધાર્યું નહીં થતું એમ ને! જો, હું તને અત્તારથી જણાઈ દઉં. તારા મનમાં કશી વાતનો ખોટકો હોય તો મને અત્તારે જ જણાવી દે. પાછળથી ના કહેવાય કે ના સહેવાય એવું ના થાય.’

‘મારા મનમાં બીજી કશી વાતનો ખોટકો નહીં પણ મારાથી હજુ મરનારીને ભુલાતી નહીં એ વાત હાચી.’

‘પણ પૈણ્યા પછી તો ભુલાશે ને? અને કદાચ ના ભુલાય તો?’

‘ભુલાશે તો નહીં. સવલી તને નહીં સમજાય પણ એ ભૂલવા જેવું માંણહ ન હતી. એવું માંણહ કોઈક નસીબદારને જ મલે છે. મને મલ્યું પણ હું નસીબનો ટૂંકો કે મારાથી એ ના સચવાયું. પણ આજે સૂરજદાદો માંથે છે ને કહું છું કે પૈણીને તને કોઈ વાતે દુઃખી નહીં થવા દઉં.

જ્યારે તને લાગે કે મારું હેત ઓછું થયું છે ત્યારે મને આ વચનની યાદ દેવડાવજે.' ગેંદાલે કહ્યું.

મુખી અને મકના ધાવેડુએ મળીને સવલીને અને ગેંદાલને પરણાવી દેવાનો પાકો પેંતરો રચ્યો હતો. અદાને એની ગંધ સરખી આવવા દેવાની ન હતી. ગોકળના કાનમાં મુખીએ આ વાતની જ ફૂંક મારી હતી અને એટલે તો એ પથારીમાંથી બેઠો થઈ ગયો હતો ને!

મકનાએ પોતાની રીતે બધી તૈયારીઓ કરી લીધી હતી. કપડાં ઘરેણાંની વ્યવસ્થા મુખીએ માથે લીધી હતી. બધું વાજતે ગાજતે પતી જાય એ માટે લગન વખતે કોને કોને બોલાવવા એ મુખી અને મકનાએ મળીને નક્કી કરી લીધું હતું. વખત છે ને વાત છેલ્લી ઘડીએ ફૂટી જાય અને અદા કંઈક ધમાલ કરવા જાય તો એમને દબાવી શકે એવા લોંઠકા માણસોનેય એમણે વીણીવીણીને નક્કી કરી લીધા હતા અને એમનેય મોઘમ આમંત્રણ આપવાની વેતરણ પણ તેમણે કરી લીધી હતી.

મકનાએ સૌ પહેલાં પોતાની ભાણી સવલીને મળી લીધું હતું ને એના મનનો તાગ મેળવી લીધો હતો. એને પણ અદાને કોઈ વાતની ગંધ ન આવે એમ વર્તવાની એણે ખાસ તાકીદ કરી હતી. લગનને નક્કી કરેલે દા'ડે સવલીએ ગોરજ ટાણે કોઈક કામનું બહાનું કાઢીને ઘેરથી નીકળી જવાનું હતું ને મકનાના રહેઠાણ પર આવી જવાનું હતું.

સવલી જિંદગીમાં આવી રહેલા અણકલ્પ્યા વળાંકની વાટ જોતી દા'ડા ગણતી હતી. એ લગનની ઘડીઓ ગણતી હતી ને આખો વખત લગનના જ વિચાર કર્યા કરતી હતી. એ લગન પછીનાં સોણલાંનાં દીવાસ્વપ્નોય જોતી હતી. ગેંદાલ હરખાના અવગતિયા જીવને સદ્‌ગતિયે પહોંચાડવાની તકને વધાવી લેવા તૈયાર થઈને બેઠો હતો.

ગેંદાલની આંખો હરખાની યાદમાં ભીની થઈ જતી જોઈ સવલીથી કહેવાઈ ગયું : 'જો, તારે એમ ઓછું નહીં લાવવાનું. હું એમ નહીં કહેતી કે તું એને ધરાર ભૂલી જા. પણ બર્યો જીવ એવો તે હમજ્યા વગરનું બોલાઈ જાય છે. તું મારી હાર્યે પૈણવા તૈયાર થયો એય મારે મન તો ઘણું છે.'

'પણ અત્તારે તું ચ્યમ આપા(આ પાસ) આઈ? કોઈ જાંણી જશે તો?'

'એમ કોઈ જાંણવા નવરૂં નહીં. ને હું આજે પહેલી વાર ખેતરમાં ઓછી આઈ છું? હું તો રોજ આવતી હોઉં છું.'

'ખેતરમાં તો ખરી પણ કોઈક તને મારી હાર્યે ઊભેલી જુએ તો?'

'તોય શું? વચમાં બપોર ટાંણું જ છે ને! પણ આ તરફ આઈ 'તી એટલે તને મલ્યા વગર ના રહેવાયું એટલે આઈ.'

'ઠીક, હવે જા. મનમાં ધરપત રાખજે કે હું નાહી (નાસી) નહીં જવાનો. આજે હાંજનીય બહુ બનીઠનીને ના નેકળતી નહીં તો કોઈકને વહેમ પડશે.' કહેતાં ગેંદાલ હસી પડ્યો. સવલી મનમાં શાય લાડવા વાળતી હશે એ એનાથી અજાણ્યું નહોતું. પોતે એના કોડ કેટલા પ્રમાણમાં પૂરી શકશે એનું કશું માપ એની પાસે નહોતું. હરખાને ભૂલી નહીં શકાય એ તો પોતે કબૂલ કરતો જ હતો અને સવલીએ એ સ્વીકારી લીધું હતું એટલે એક વાતની તો એને નિરાંત થઈ હતી.

⬥ ⬥ ⬥

એ સાંજે મકના ધાવેડુને છાપરે મેળો જામ્યો હતો. મથુર મુખીય પંદરેક માણસોનું ધાડું લઈને આવી પહોંચ્યા હતા. ગોકળ અને મકનાએ પણ બોલાવવા જેવા કેટલાક માણસોને સજોડે બોલાવી લીધા હતા.

સાચી વાતના જાણનાર એમાં આંગળીને વેઢે ગણાય એટલા જ હતા. મકનો, એની ઘરવાળી રેવતી, સવલી, ગેંદાલ, ગોકળ, મુખી અને ગોવિંદ ભગતનો રઘલો. રઘલાએ આ વાત જાણી ત્યારથી જ એ પોતે ઊઘલવાનો હોય એવા ઉત્સાહમા આવી ગયો હતો.

બધા આવી ગયા હતા. કથા સાંભળવાવાળા કથા સાંભળવા, છાંટો-પાણી પીવાવાળા એની લાલચે તો ઊંધિયા પાર્ટીવાળા ઊંધિયું ખાવા આવી પહોંચ્યા હતા. અર, ખુદ શ્રીધર મહારાજેય કથા કરવાનું જાણીને જ આવ્યા હતા ને!

શ્રીધર મહારાજ આવ્યા એટલે મકનાએ અને મુખીએ એમને ઘરની અંદર બોલાવી કાનમાં ફૂંક મારી દીધી કે કથા નહીં પણ લગન કરાવી આલવાનાં હતાં ને દક્ષિણાના રોકડા રૂપિયા સવા પાંચ એમના હાથમાં અગાઉથી જ સરકાવી દીધા. અદાની ધાકે મહારાજનું મન સ્હેજ ઢચુપચુ થતું હતું એય મુખીની આંખની શરમ આગળ ઝૂકી ગયું.

તોય એમને ધરપત દેતાં મુખીએ કહ્યું : 'કાંઈ થવાનું નથી. ને થાય તોય કહેજો કે મુખીએ ધારિયું બતાડીને મારી પાસે પરાણે વિધિ કરાઈ છે, બસ?'

'એમ તો મને કાંઈ એદાની બીક લાગે છે? પણ એ રહ્યા છોડીના દાદા એટલે વખત છે ને કોરટ કચેરીનો મામલો થાય તો —'

'અરે, કોરટ ને કચેરી મારા ગજવામાં છે. તમ તમારે મનમાં એ વાતે ધરપત રાખજો કોઈ તમારું નાંમ દે તોય મારી જવાબદારી. અને તમે જ કહો મહારાજ, કે શાસ્ત્રમાં કન્યાનું દાન દેવાનો પહેલો હક કોનો? એના દાદાનો કે એના મામાનો?'

'હારું એ તો હું ભૂલી જ જતો હતો. મકનાજી એના મામા થાય એ યાદ જ ના આયું. હવે તમતમારે બેફિકર રહો. કાચી ઘડીમાં હાથ પીળા કરાવી દઉં.' કહેતાં શ્રીધર મહારાજ પોતાની રીતે કામે વળગ્યા.

પછી તો કાચી ઘડીમાં ચોરી ચિતરાઈ ગઈ. મોંયરું પણ ઉભું થઈ ગયું. ને કોઈને સાચી વાતની પૂરી સમજણ પડે એ પહેલાં તો ખુદ મકનાએ જ જાતે બધાની સમે આવીને અવસરની જાહેરાત કરી. માણસો બધા વીણીવીણીને જ નોંતરવામાં આવ્યા હતા એટલે કોઈના ઢીલા પડવાનો તો સવાલ જ નહોતો. ઊલટું લગનની વાત જાણી બધા પોતાને લાયક નાનાંમોટાં કામ શોધી કામમાં વળગી પડ્યા.

તો કોઈએ અદાની આવતીકાલની કલ્પના કરી વર્તારો બહાર મૂકવા માંડ્યો : 'અદા આ જાણશે એટલે પહેલાં તો રાતાપીળા થશે, પછી બે દા'ડા કોટરટ કચેરીએ જવાના ફૂંફાડાય મારશે.'

'કે' છે કોરટે ચઢીનેય એમનું કશું વળે એમ નહીં. મકનોજી છોડીના માંમા થાય છે અને કન્યાદાન કરવાનો હક દાદા કરતાંય પહેલો તો માંમાનો પહોંચે છે.' કોઈક જાણકારે કહ્યું.

'અને છોડીય ઉંમરલાયક છે, એને ફાવે તાં પૈણે. ઓછી કોઈએ બાંધીરુંધીને પૈણાઈ છે?' કોઈ બીજાએ કહ્યું.

કન્યા પધરાવાઈ હશે એટલામાં કોઈકે બહાર નળીમાં જોતાં કહ્યું : 'આ અદા આયા.'

ઘોડે ચઢીને જતા અદાએ પોતાનું નામ બોલાતું સાંભળ્યું અને મકનાને ત્યાં આટલી મોટી મેદનીને ભેગી થયેલી જોઈ એટલે સાત ભવના વેરીનું ઘર હોય તોય અદાથી તારવીને તો ન જ જવાય ને! એટલે અદા આંગણામાં આવી ઘોડેથી ઊતર્યા.

'અદા, તમે બરાબર મોકાસર જ અવી ગયા.' કહેતો રઘલો સૌ પહેલો અદા સામે ગયો. કેટલાક આ અવસરની વાતથી મનથી રાજી થયેલા હોવા છતાં અદાની પ્રત્યક્ષ હાજરીથી થોડા છપાઈ ગયા. એમને બે આંખોની શરમ આડે આવતી હતી.

અદાને કશી સમજણ પડતી ન હતી. મેદનીમાં જાણે સોપો પડી ગયો હોય એમ થઈ રહ્યું હતું. કોઈ કાંઈ બોલતું નહોતું. એક રઘલાએ મોકાની વાત કરી હતી ખરી પણ એ કયા મોકાની વાત કરતો હતો એની હજુ અદાને કશી ખબર પડતી ન હતી.

એ આગળ વધ્યા. મકનાના આંગણામા એમણે ચોરી ચિતરાયેલી જોઈ. શ્રીધર મહારાજને

મંત્ર ભણતા જોયા. એમણે માથે સાફો બાંધીને બેઠેલા ગેંદાલને અને એની હાર્યે બેઠેલી સવલીને જોયાં. ક્રોધથી કાળઝાળ થતા એ મોયરા તરફ આગળ વધવા ગયા ત્યાં એક તરફથી ધસી આવતાં મુખીએ કહ્યું : 'અદા, આ તરફ આવો. હજુ આશરવાદ આલવાની વાર છે. ત્યાં હુધી આપડે કહુંબો-પાણી કરીએ.'

મુખીનેય આ ટોળામાં જોઈ અદા છપાઈ ગયા. એમને મનમાં તો એવી તો કળ ચઢી ગઈ કે બોલવું હોય તોય મોં ના ખૂલે.

'મારા બાપાએ મારી ફોઈને વચન આલ્યું 'તું કે એ સવિબુનને પૈણાઈ આલશે, એટલે __' મકનાનો દીકરો ઓઘડ એક પિતરાઈ જુવાનને કહેતો હતો.

'આાનું નામ તે કુદરતનો ન્યાય. લખમણ મોટાએ ગેંદાલનું ઘર ભાંગ્યું 'તું તે અદાએ વસાવી આલ્યું.' કોઈ માથાભારે મહેમાને અદા સાંભળે તેમ બીજાને કહ્યું.

અદા આા બધું સાંભળતા હતા, બધું જોતા હતા પણ જે સાંભળતા હતા એ જાણે સમજાતું નહોતું અને જે જોતા હતા એ માન્યામાં આવતું નહોતું. જે કાંઈ બની રહ્યું હતું એ એટલું આકસ્મિક અને અણકલ્પ્યું હતું કે અદા મુઢ બની ગયા હોય એમ એમને ખુદનેય લાગી રહ્યું હતું.

છતાં એમણે ચારેબાજુ નજર નખીને મનમાં તો તારવી જ લીધું કે આ આખી મંડળીમાં પોતાનો એકેય જણ નથી. એટલે તો એ મોયરા તરફ જતાં છપાઈને મુખીની પાછળ ડાયરા તરફ ચાલ્યા ને!

મુખીએ એમને માટે જ્યા કરીને એમને ગેકળની હાર્યે બેસાડ્યા. આસપાસનાં માણસોમાંથી કોઈક બોલ્યું : 'હૌ હૌનો ભગવાન છે ને! છોડીના નસીબમાં દાદાના આશરવાદ લખાયેલા હશે તે અદા હેંડીચાલીને આઈ પહોંચ્યા ને!'

આ સાંભળીને અદા સમસમીને રહી ગયા. મુત્સદ્દીનેય મુત્સદ્દી શિખવાડે એવા અદા આ વખતે મોઢા પર લાખ પ્રયત્નેય હાસ્ય ન લાવી શક્યા.

પણી ઊઠીને જોડું પગે લાગવા આવ્યું ત્યારે કાંઈ બોલાયુંય નહીં કે ન અલાયા કોઈ આશીર્વાદ. એમનાથી બોલી જવાયું : 'આ છોડી મારા લખમણાની?'

જેણે એમનું આવું બોલવું સાંભળ્યું એ બધા અદા પર ફિટકાર વરસાવી રહ્યા. પણ ક્રોધથી રાતોપીળો થતાં મકનો બોલી ઊઠ્યો ; 'ડોહા, મોં હંભાળીને બોલજે. એ લખમણ તારો દીકરો હતો કે નહીં એ તું જાંણે કે જાંણે એને જણનારી પણ આ છોડી તો તારા લખમણની જ છે અને __'

પણ એ આગળ બોલે એ પહેલાં મુખી અને બીજા બેચાર જણ વચમાં પડી મકનાને એક તરફ ખેંચી ગયા. તોય વરસોથી એણે સંઘરી રાખેલો ગુસ્સો તો બહાર આવી જ ગયો : 'આજે મેં એને બોલાયો નહોતો તોય મારે બાયણે એ આયો. આજે હારો અવસર છે એટલે વધારે નહીં કહેતો પણ પંચ હાંભળે છે ને કહું છું કે હવે પછી એ મારી વાડીમાં પગ મેલશે તો એના ખભા પર માંથું નહીં રહે.' કહેતાં એ એક બાજુ સરી ગયો.

અદાએ એક નજર ટોળા તરફ નાખી. પછી વગર બોલ્યે બહાર જવા વળ્યા. મુખીની પાસેથી પસાર થતાં એમણે કહ્યું : 'મુખી, આ બરાબર નહીં થતું હોં. હજુ મોડું નહીં થયું. જતાં પહેલાં મને મલતા જજો.'

ને શાંત દેખાવા પ્રયત્ન કરતા મુખીય ઊકળી ઉઠ્યા : 'મારે તમારી કશી ગરજ નહીં કે હું તમારે તાં આવું. તમારે હાતવાર ગરજ હોય તો મારે તાં આવજો. તમારા જેવાને તાં હું કદી ગરજનો માર્યો ગયો નહીં. તમારા જેવા ગરજ પડે તારે મારે તાં આંટા ખાય છે. નકામા હાથે કરીને ધોળામાં ધૂળ શા હાટુ ભરો છો?'

અનુક્રમ ?

## ૧૫. ભટકતો જીવ

ગેંદાલનાં લગન થયે આજે પંદર દા'ડા વીતી ગયા હતા. સવિતાના આવ્યાથી ગોકળનું ઘર વળી પાછું હસતું થઈ ગયું હતું. હવે ગેંદાલ દોસ્તોના ટોળામાં ભળતો હતો ને દોસ્તોને ઘેર પણ બોલાવતો હતો. એ જાણે પહેલાં હતો એવો જ પાછો બની ગયો હતો.

ગોકળને પાછા રોજ સવારમાં ચાની સાથે કૂણાકૂણા રોટલા મળવા લાગ્યા હતા. બપોરે અને સાંજેય એને ભાવતાં ભોજન મળતાં હતાં. અદાના છૂટવાળા ઘરની કેળવણીથી સવિતાએ આખા ઘરની જાણે સિકલ જ બદલી નાખી હતી. ગોકળને તો આ સિવાય પણ અનેક પ્રકારે આનંદ થઈ ગયો હતો. ઘરમાં વહુ આવી હતી, ગેંદાલ પણ ઠેકાણે આવી ગયો હતો, ભૂતની માયા સંકેલાઈ ગઈ હતી અને અદાની જ છોડી હાર્યે ગેંદાલને પૈણાવી અદા હાર્યે વેર વાર્યાનો સંતોષ પણ એને થઈ ગયો હતો.

ગોકળ આમ તો નરમ સ્વભાવનો માણસ હતો, પણ હરખાના મોત પછી અદા અને લખમણ માટે એના દિલમાં હાડોહાડ દ્વેષ ભરાઈ ગયો હતો.

લગનને દિવસે અદા ગુસ્સો કરીને ગયા હતા એ વાતે બધાંના મનમાં એક ચિંતા તો જગાવી જ હતી કે એ બદલો લીધા વગર તો નહીં જ રહે. એટલે બધા પોતાની રીતે સતેજ રહેતા હતા. મકનાએ ગેંદાલને પોતાને ત્યાં બોલાવીને આ બાબતમાં ખાસ સૂચના આપી હતી ને મુખી પણ દા'ડે આંતરે કંઈ ને કંઈ કામનું બહાનું કાઢી બરોબાર ઓઘરાળિયે અથવા ઘેર આવીને બધાંની ખબર કાઢી જતા હતા. તો મકનાએ પણ દૂરથી જ ગેંદાલની ખબર રાખવા માંડી હતી.

આજે ગેંદાલ બપોરે ચા પીને ઓઘરાળિયે આંટો મારવા ગયો ત્યારે છીંડામાં પેસતાં જ એ ચમક્યો. માળા પર કોઈ બેઠું હોય એમ એને લાગ્યું. ઉતાવળે પગલે માળા પાસે પહોંચી એણે જોયું તો માળૌ ખાલી હતો પણ ઘડી પહેલાં એના પર કોઈ બેઠું હોય એવાં સોળ માળા પર પાથરેલા તાપડા પર પડેલાં હતાં. એ વિચારમાં પડી ગયો. એણે ચારે તરફ નજર કરી પણ ક્યાંય કોઈનો અણસાર જણાતો નહોતો.

વિચારમાં ને વિચારમાં એણે ચલમ ભરી ને મળા પરની ધાગડી અને એની પરનું તાપડું વ્યવસ્થિત કરી એ માળા પર બેઠો અને હોકલી ગગડાવવા માંડ્યો. છેલ્લા પંદર દા'ડાથી એનો વખત કેમનો જતો રહેતો હતો એનીય એને સમજણ પડતી ન હતી. એને એક તરફ હરખાના અવગતિયા જીવની સદ્‌ગતિ થયાનો આનંદ હતો તો બીજી તરફ સવિનો વહાલભર્યો વહેવાર એને આનંદમાં નવડાવી રહ્યાં હતાં.

એક અદાની એને ચિંતા હતી. એ માણસ ક્યારે ઘા કરી જાય એનું કશું ઠેકાણું નહીં માની એ સદાય સાવચેત રહેતો હતો.

આજે માળા પર કોઈ બેઠું હોવાની શંકા આવતાં એટલે જ એ સચેત થઈ ગયો હતો. માળા પર કોઈને ન જોતાં આમ તો એની એ શંકા નિર્મૂળ થઈ જવી જોઈતી હતી પણ એની ચતુર આંખોએ માળા પરની સ્થિતિ જોઈને કોઈ એના પર બેઠું જ હતું એ મનથી નક્કી કરી લીધું હતું. એટલે એની ચિંતા ઓર વધી ગઈ હતી. સામે મોંએ આવે તો ગમે તેવા દુશ્મનનોય મુકાબલો કરી લેવાની એનામાં હામ હતી પણ પીઠ પાછળ કોઈ ઘા ન કરી જાય એની સાવચેતીમાં એ કાયમ રહેતો હતો.

માળા પર બેસી હોકલી પીતાંય એની નજરો ચોતરફ ઘૂમી રહી હતી. દૂર ત્રણ ત્રણ ખેતર સુધી તો કોઈ માણસ એની નજરે પડતું નહોતું. તો પછી માળા પર બેઠું કોણ હતું એના વિચારમાં

એ હોકલીના ઘૂંટ પર ઘૂંટ ખેંચી રહ્યો હતો.

ત્યાં અચાનક કશોક સરવળાટ થયો હોય એમ એને લાગ્યું ને એ એક જ ઠેકડે માળા પરથી નીચે કૂદી પડ્યો ને ધારિયું લઈને હરેરાના ધૂંગા ભણી દોડ્યો. ત્યાં જઈને જુએ તો મોઢે બુકાની બાંધેલો એક માણસ ધૂંગામાં સૂનમૂન થઈને પડ્યો હતો. એના ડોળા ફાટી ગયા હતા ને એને મોંએ ફીણ વળતાં હતાં. એ કોઈ સિંધી હોય એવો લાગતો હતો.

એક સાવ અજાણ્યા માણસને પોતાના ખેતરમાં જોતાં ગેંદાલનો વહેમ પાકો થયો. એણે પેલા માણસને એક જોરદાર લાત મારતાં ખેતરમાં ચારે તરફ નજર ફેરવવા માંડી. એનો કોઈ બીજો સાથીદાર આજુબાજુમાં છુપાયો ન હતો એની ખાતરી થતાં એણે પેલા માણસના પગ પકડી એને ધૂંગામાંથી બહાર ખેંચી કાઢ્યો. માટલીમાંથી પાણી લઈ એના મોં પર છાંટ્યું અને એને સ્હેજ હચમચાવ્યો.

થોડીવારે એ માણસ ભાનમાં આવ્યો હોય એમ લાગ્યું. એને ભાનમાં આવતાં જ પહેલાં માળા તરફ નજર કરી પછી ગેંદાલ સામે જોયું પછી મહા પ્રયત્ને બોલતો હોય એમ એના ગળામાંથી અવાજ નીકળ્યો : 'ભૂત _ ભૂત _!'

'અહીં તો તું જ એક ભૂત જેવો છું. સીધેસીધું કહે દે કે તું મારા ખેતરમાં શું કરતો હતો નહીં તો અવડે તારું ભૂત અવળું કાઢી નાંખીશ.' ગેંદાલે કહ્યું.

'મેં મહેમદાવાદ જાતા થા. બીચમે ઈધર માલે પર બેઠા તો મેને ભૂત દેખા. ફિર માલુમ નહીં હમારા ક્યા હુઆ!' પેલાએ લોચા મારતાં કહ્યું.

'માળા પર ભૂત? ચેવા ભૂત? શાંના ભૂત??' ચમકી જતાં ગેંદાલે પૂછ્યું.

'હા, ઉધર માલે પર ભૂત, એક ઓરત કા ભૂત. લાલ સાડી પહની થી. મુજે દેખતે હિ હવા મેં મિલ ગઈ. ડર કે મારે મેરી તો જાન જ નીકલ ગઈ.' પેલાએ કહ્યું હજુ એના ડોળા ચારે તરફ ચકરવકર ફરતા જ હતા. પણ એના એ ઘૂમતા ડોળાય સ્થિર થઈ ગયા જ્યારે એણે ગેંદાલના ડોળાય એમ જ ફરતા જોયા ત્યારે. ને _ એ પરદેશી ઊભી પૂંછડીએ એવો તો નાઠો કે આવ મહેમદાવાદ વહેલું.

એ પરદેશીની વાત પરથી ગેંદાલ એટલું તો સમજી જ ગયો હતો કે એ જે ભૂત જોયાની વાત કરતો હતો એ ભૂત હરખાનું જ હોવું જોઈએ. બીજું કોઈ નહીં. અને આ વાત એવી તો અણધારી હતી કે હજુ હમણાં જ થાળે પડેલું હૈયું વળી પાછું રમણે ચઢી ગયું.

એણે ખભે ધારિયું નાખ્યું ને ખેતર ફરતો આંટો માર્યો. શું કરવું એ એને સૂજતું નહોતું એટલે એનાં ગુસ્સો અને હતાશા વધતાં જતાં હતાં. છેવટે કંટાળીને એણે હાંક મારી : 'હરખા.'

જવાબ ન મળ્યો એટલે એણે ફરીથી હાંક મારી. તોય જવાબ ન મળ્યો. છેવટે થાકીને એણે કહ્યું : 'હરખા, જો તું આટલામાં જ હોઉ ને મારો બોલ હાંભળતી હોઉ ને તું છતી ના થાય તો તને મારા ગળાના સેદાંદ છે.'

'એવા સોગંદ નહીં આલવાના વળી.' માળા પરથી હરખાનો અવાજ આવ્યો. એ એની હંમેશની ટેવ મુજબ માળા પર પગ ઝુલાવતી બેઠી હતી.

ગેંદાલે એ તરફ જોયું. એ જ લાલ ચૂંદડી અને એ જ હસતું મો, એ જ મારકણી આંખો અને એ જ અલ્લડ ઠસ્સો.

ધારિયું ફેંકતો ગેંદાલ માળા તરફ દોડ્યો અને એક જ ઠેકડે માળા પર કૂદી પડ્યો. આખો માળો ધ્રૂજી ઊઠ્યો. હરખા ચમકી ગઈ હોય એમ બોલી ઊઠી : 'તું હજુય એવો ને એવો જ રહ્યો. પૈણ્યો તોય ના સુધર્યો.'

'તું પાછી ચ્યમ આઈ?' ગેંદાલના મોંમાંથી પરાણે એક પ્રશ્ન નીકળ્યો.

'હું ગઈ 'તી જ ચ્યારે?'

'તું ગઈ જ નહોતી?'

'તને શી ખબર? તું તો તારે સવલીની હાર્યે પેમલા પેમલીમાં પડી ગયો 'તો. પછી આ વાડીની દેખરેખ કોઈકે તો રાખવી જોયે ને?'

'પણ તું તો કે'તી 'તી કે હું લગન કરી લઉં એટલે તારો જીવ ગત્યે જશે!'

'કહ્યું 'તું તો ખરું.'

'તારે(ત્યારે) હજુ હુધી કેમ ભટક છ?'

'તારી હાતર.'

'મારી હાતર? અરે ભૂંડી તારી હાતર થઈને તો મેં અની હાર્યે લગન કર્યાં. અને _'

'મારા મનથી એમ હતું કે તું લગન કરી લઈશ એટલે મારી વાસના છૂટી જશે ને મારી મુક્તિ થઈ જશે. પણ હવે એ મારા હાથની વાત નહીં રહી.'

'ચ્યમ?'

'મેં બહુ કર્યું પણ વાસના છૂટતી નહીં. મેં બહુ વલખાં માર્યાં પણ _ કહું છું ને કે હવે મારા હાથની વાત રહી નહીં.'

'પણ એનો કશોક તો ઉપાય હશે ને? એ માટે તું કહે એ કરવા તેયાર છું. મારો જીવ આલ્યે જો પતતું હશે તો એમ કરતાંય હું પાછો નહીં પડું.' ગેંદાલે કહ્યું.

હરખાને કહેવાનું મન થયું : 'તારો જીવ નહીં લેવો એની તો આ બધી રાંમાયાણ છે ને! બાકી છેટું તો આખા અવતારનું પડી ગયું છે. જ્યાં હુધી તું ગેંદાલ રહીશ ત્યાં હુધી હું હરખા જ રહેવાની છું. સવલીને વળાવી એ તો તને સુખી કરવા અને બાપાને મરણપથારીએથી ઉઠાડવા અને થોડું વેર વાળવાય ખરું સ્તો.' પણ બોલી ત્યારે બીજું જ : 'તારો જીવ લીધે જો પતતું હોત તો મેં કે દા'ડાનો માગી ના લીધો હોત? તારો જીવ મારે કાંઈ પારકો છે? પણ પછીય એનું છેવટ શું?'

'એ સવાલ હું તને કરું છું. બોલ, એનું છેવટ શું? તારો છુટકારો ચ્યમ કરીને થાય? જો તું જાંણતી હોય ને ના કહે તો તને તારા ગેંદાલના ગળાના સોગંદ.' કહેતા ગેંદાલની આંખોમાં પાણી તગતગી રહ્યાં.

'હરખા એનો ઉત્તર જાણતી હતી પણ એ અને ગેંદાલના સમ એ બેય સરખાં જ હતાં એટલે જ એણે સાચાથીય પવિત્ર એવું જૂઠું બોલવું પડ્યું ને! 'એનો એક જ ઉપાય છે અને એ છે વાટ્ય જોવાનો.'

ગેંદાલ ઘડીભર વિચારમાં પડી ગયો, પછી બોલ્યો : 'ઠીક, ભગવાનની એવી જ ઈચ્છા હશે તો વાટ્ય જોઈશું, પણ તું મને મલીશ તો ખરી ને!'

'હું તને મલું કે ના મલું બધું હરખું જ છે ને! હવે તારે સવિમાં મન પરોવવું જોયે. એ બચારીનો શો વાંક?'

'મેં એને આજ હુધી કોઈવાતે ઓછપ જણાવા દીધી નહીં પણ આજે તને જોઈ એટલે _'

'એટલે કશું નહીં. હું મારે મારી રીતે સુખે દુઃખે દા'ડા ખેંચી કાઢીશ. મારી કશી ચિંતા કર્યા વગર તું સવલીને સુખી કરજે. જેટલી એ સુખી થશે એટલી જ હુંય સુખી થઈશ એ વાત નક્કી માંનજે.' કહેતાં હરખા છાપરી પરથી નીચે કૂદી પડી. રઘવાયો થતો ગેંદાલ પણ એની પાછળ કૂદી પડ્યો પણ એ મોડો પડ્યો હતો. હરખા ત્યાં નહોતી. એટલામાં ક્યાંય નહોતી.

ખભે ધારિયું નાંખીને એ નદી તરફ ચાલ્યો. છેલ્લા પંદર દા'ડાથી એનાં પગલાંમાં જે

થનગનાટ ને તરવરાટ હતા એ આજે રહ્યાં નહોતાં. આજે એના પગમાં જાણે લોખંડની બેડીઓ પડી ગઈ હોય એમ એ મહાપ્રયાસે ડગલાં ભરી રહ્યો હોય એમ લાગતું હતું. નદીએ પહોંચતાંય એને જાણે યુગો વીતી ગયા. એટલું સારું હતું કે કોઈએ એને આમ નંખાઈ ગયેલો અને પગ ઢસડતો જોયો નહોતો, નહીં તો એ કાંઈનું કાંઈ ધારી બેસત.

નદીએ પહોંચી એ ધરાની નજીક એક પથરા પર બેઠો. કેટલીય વાર સુધી એ ધરાનાં જળ સામે તાકી રહ્યો. આસપાસની વનરાઈમાં પણ તેણે નજર નાંખ્યા કરી. હરખા કયાંયે નહોતી. એને એક વખત તો ધરામાં કૂદી પડવાનોય વિચાર આવી ગયો, પણ એને સવિતાની યાદ આવી ગઈ. હરખાએ ઘડી પહેલાં ને માટે કરેલી ભલામણ સાંભરી આવી અને પોતે હરખાને વાટ જોવાનો આપેલો કોલ યાદ આવી ગયો.

ધરામાં કૂદી પડવાનો વિચાર પડતો મૂકીને એ ગામ તરફ ચાલવા માંડ્યો. પાંપણ આડે આવી ગયેલાં અંસુને એણે ત્યાંથી જ પાછાં વાળી દીધાં. હરખા જેવી સ્ત્રી જ્યારે આટલી હિંમત દાખવતી હોય ત્યારે પોતાના જેવો મરદ રડતાં જન્મારો ખેંચ્યા કરે એ કેમ ચાલે?

એણે કાળજું કઠણ કરી લીધું. જમણે ખભેથી હેલાળો મારીને ધારિયાને ડાબે ખભે નાંખ્યું ને ધરતી ધ્રુજાવતે પગલે ગામમાં પેઠો. એનાં પગલાંમાં પેલો થનગનાટ નહોતો પણ મક્કમ નિર્ધાર તો હતો જ. હવે એ કોઈ માંદલી લાગણીને વશ થવાનો નહોતો. એ કોઈનું કાંઈ સાંભળવાનો ન હતો કે કોઈથી બીવાનો ન હતો. હવે એ પોતાને મન ફાવે એમ જ કરવાનો હતો.

પણ એનો એ નિર્ધાર લાંબો ચાલ્યો નહીં. સાંજે કામથી પરવારીને સવિતા એની પાસે આવી ત્યારે પોતાનો રોજ જેવો ઉમળકો એ બતાવી શક્યો નહીં. એના રોજિંદા વ્યવહારમાંનો એ ભેદ સવિતાથી અજાણ્યો રહ્યો નહીં. એણે કહ્યું : ‘આજે ઠીક નથી કે શું? કેમ આવા સૂનમૂન થઈ ગયા છો?’

‘મને શું થવાનું હતું? આજે જરા રખડ્યો વધારે તે થોડો થાક લાગ્યો છે, બસ. અવડે(હમણાં)નું હેંડવાનું ઓછું થઈ ગયું છે એટલે તને એમ લાગ્યું હશે.’ ગેંદાલે વેવલું હસતાં જૂઠાણું ઓક્યું.

‘લાવો હું પગ દાબઈ આલું.’ કહેતાં સવિતા ખાટલાની પાંગતે બેસી ગઈ. ગેંદાલને પોતાના પોચા હૈયા પર દાઝ ચઢી. સવિતાના હેતાળ શબ્દો સાંભળતાં એણે એ પોચા હૈયાને જાણે લાત મારતો હોય એમ મનમાં કહ્યું : ‘હવેથી જો પોચું પડ્યું છે તો તો તારી ખેર નહીં.’ ને __.

__ ને પાંગતે બેઠેલી સવિતાને પોતાના પર ખેંચી પાડતાં એ બોલ્યો : ‘એય પગ દબાવવાવાળી, હું ચ્યારનોય તારી વાટ્ય જોઉં છું ને તું પગ દબાવવાની વાત કર છ.’ ને એણે પોતાના પર ખેચાઈને લથડી પડેલી સવિતાને બાથ ભરી લીધી. ને બેયની ધમાચકડીથી એક પળ તોખાટલોય ધ્રૂજી ઊઠ્યો.

‘જરા ધીરો પડ, ગમાર, નહીં તો ખાટલાનો એકાદ પાયો મૈડાઈ જશે તો તારે તો ઠીક પણ પણ બાપાની હાંમે મારે શરમાવાનું થશે!’

‘એમાં શરમાવાનું ચેવું? ક્યારેક એય પૈણ્યા હશે ને!’

‘પૈણ્યા તો હશે પણ તારી પેઠે આમ વાંદરવેડા નહીં કરતા હોય.’

‘તું એ જોવા ગયેલી ખરી ને!’ કહેતાં ગેંદાલે પેલીના ગાલ પર એક હળવું બચકું જ ભરી લીધું.

ધીમી દબાઈ જતી ચીસ જેવા મીઠા આવાજે સવિતા બોલી ; ‘પીટ્યા મારો ગાલ કૈડી ખાધો, તે ચકામું પડીને રહેશે. મારે તો હાલ્લામાં ઢંકઈ જશે પણ હું તારે ગાલે એવું બચકું ભરી લઈશ ને તો કાલ્યે આખું ગામ જાણશે. તને તો પછી ખેતરમાં જતાંય શરમ આવશે.’

— ને નહોતું યાદ કરવું તોય ખેતર યાદ આવ્યું. ખેતર યાદ આવતાં માળો યાદ આવ્યો અને એમાંથી યાદ આવી હરખા. હરખાની યાદ આવતાં જ એની સવિતા પરની પકડ શિથિલ થઈ ગઈ. આનંદાનુભવ કરી રહેલી સવિતાય આ ફેરફાર જાણી ગઈ, એને રખડપટ્ટીનો થાક ગણીને એણે મન મનાવી લીધું.

ને ઊંઘ નહોતી આવતી તોય એણે આંખો બીડી, ઊંઘવાનો ડોળ કર્યો ને એમ કરતાં ઊંઘીય ગઈ. હા, ગેંદાલને કેમેય ઊંઘ આવતી ન હતી. એક તરફ એ પોતાના ઢીલા પડી જતા મન પર ચિઢાતો હતો તો બીજી તરફ હરખાની સતત યાદમાં ખેંચાઈ પણ જતો હતો. હરખા પોતાને ખેતરને માળે જેમ મળી હતી એમ કદાચ ઓરડાની બારીએથીય ડોકિયું કરી રહી હશે એમ માન્યા સિવાય એ રહી શકતો ન હતો. એટલે હરખા ઈચ્છતી હોય કે એની એમાં સંમતિ હોય તોય એની નજરો સામે એ સવિતા સાથે પ્રેમ કરી શકતો ન હતો.

એણે કેટલીય વાર બારી તરફ જોયું. કેટલીય વાર બારીમાંથી દેખાતા પેલા કૂવાના થાળા પર નજર ફેરવી, અરે, એની પાસેના પીપળાના થડિયા પાસેય એણે હરખાને શોધવા નજરો નોંધી હતી ને! એની થાકેલી આંખો બિડાવા મથતી હતી ને હરખાને જોવા અધિરું બનેલું એનું હૈયું એ આંખોને બિડાવા દેતું ન હતું. એ સવિતાની સાથે સૂતેલો હતો એટલે હરખાને આવવું હોય તોય આવી શકતી નહીં હોય એમ માની ગેંદાલ, ખાટલી પરથી નીચે ઊયરી લીંપણ પર લંબાવી ગયો.

વહેલી સવારે જાગી ઊઠેલી સવિતાએ પડખું ખાલી જોયું, ભોંય પર સૂતેલા ગેંદાલને જોયો ને હૈયું એનું આક્રંદ કરી ઊઠ્યું. છેલ્લા પંદર દિવસથી પોતે જે આનંદાનુભવ કરી રહી હતી એમાં તેને આજે એને વિચિત્ર ફેરફાર જણાયો. ગેંદાલમાં ગઈકાલ સાંજથી જ એણે એ ફેરફારની નોંધ લીધી હતી પણ એને થાકનું કારણ સમજીને એણે એના પર ખાસ લક્ષ આપ્યું ન હતું. અત્યારે એને આ બધા ફેરફાર આંખ સામે તગી રહ્યા. એણે ગેંદાલને ચાદર ઓઢાડી ને બારણું આડું કરીને એ બહાર આવી ને પોતાના ઘરકામમાં વળગી.

થોડી વાર પછી ગેંદાલ ઊઠ્યો હોય તો ચા મૂકવાનો વિચાર કરતી એ ઓરડામાં જોવા ગઈ તો એના પગ અંદરનું દૃશ્ય જોઈ બારણામાં જ અટકી ગયા. અંદર ગેંદાલ એકલો જ ન હતો. ને નહોતું જોવું તોય, બારણાની તડમાંથી એનાથી અંદર જોવાઈ જ ગયું.

અંદર હરખા બારી તરફ જવા કરતી હતી તો ગેંદાલ એને પોતાના તરફ ખેંચી રહ્યો હતો. હરખા બોલી : 'તું હમજતો નહીં. મને છોડી દે. કોક જોશે તો?'

'કોઈ જોવા નવરુંય નહીં ને મને કોઈની હાડીબારેય નહીં.' ગેંદાલે કહ્યું.

'પણ પેલી સવિતા જોશે તો?'

'એય અત્તારે જોવા નવરી નહીં. એ તો બાપડી ઢોરાંનું વાસીદું વાળતી હશે. ને તોય તને ભરોંસો ના પડતો હોય તો આમ આય.' કહેતાં ગેંદાલે એનો હાથ છોડ્યા સિવાય જ અધખુલા બારણાને ધકકો મારી પૂરું બંધ કરીને આદરથી સાંકળ મારી દીધી.

ને જાણે એ બંધ થતું બારણું પોતાના કપાળ પર જ ભટકાયું હોય એમ સવલીને તમ્મર આવી ગયાં. એ પછીનો દેખાવ જોવા જેવો ન હતો અને કદાચ હોય તોય એ જોવા જેટલી હામ હવે સવિતામાં રહી ન હતી. એ રસોડામાં પેસીને રડવા માંડી. ઘરમાં સાસુય ન હતી કે પિયરમાં મા પણ ન હતી કે કોઈની આગળ પોતાનું આ દુઃખ વહેંચી શકે.

રામ જાણે એનું રડવાનું કેટલુંય ચાલ્યું હોત પણ થોડી વાર પછી ગેંદાલ આંખો ચોળતો રસોડામાં આવ્યો અને તેને આંસુ છુપાવી દેવાં પડ્યાં.

'શું થયું? તું રડી?' એણે પૂછ્યું.

'હું શું કરવા રડું? આ તો ધુમાડી લાગી આંખોમાં એટલે —' કહેતાં એણે આંખો લૂછી અને

કહ્યું : 'તમે દાતણ કરી લો, ત્યાં હધીમાં હું ચા મેલું, બાપાનેય દાતણ આલતા આવો.'

ગેંદાલ સવિતાના આંસરંગ્યા મોં સામે તાકી રહ્યો. એને ખબર પડી ગઈ હતી કે હરખા જૂઠું બોલતી હતી. એને એનીય ખબર પડી ગઈ હતી કે એના રડવાનું કારણ પણ પોતે જ હતો. પણ પોતે લાચાર હતો. એને પોતાને જ નહોતું સમજાતું કે આટલા મક્કમ થવા છતાંય પોતાનાથી સવારમાં એવું કેમ થઈ ગયું? એને થયું કે પોતે સવિતાની માફી માગી લઈ એને મનાવી લેવી જોઈએ.

હજુય ધુમાડીના ઓઠા નીચે રડી રહેલી સવિતાની પાસે જઈ એ બેસી ગયો. પછી ધીમેથી બોલ્યો : 'સવિ, મને માફ કર. હું બહુ ખરાબ થઈ ગયો છું. હું શું કરું એ જ મને હમજાતું નહીં. સવિ, આજ હુધી હું એમ જાંણતો હતો કે એનો જીવ સદ્‌ગતિયે ગયો છે પણ કાલ્યે એ મને ખેતરમાં મલી. મારો તો જાંણે જીવ જ નીકળી ગયો એને જોઈને. આજે હવારમાં એ પાછી આઈ. એ તો બચારી મને નચે હુઈ ગયેલો જોઈને કહેવા જ આઇ 'તી કે કોઈક મને આંમ હુતેલો જુએ તો હારું ના કહેવાય. પણ મારું મન એને જોઈને બગડી બેઠું ને મેં એને પરાણે રોકી રાખી.'

પણ સવિએ કોઈ જવાબ ન આલ્યો એટલે એ બોલ્યો : 'હવે હું તારો ગનેગાર છું તને ફાવે એ સજા કર પણ આંમ રડીશ નહીં.'

'હું રડતી નહીં. તમે જાવ ને બાપાને દાતણ આલી આવો નહીં તો એ દાતણ લેવા અહીં આવશે તો —' સવિતાએ કહ્યું.

દાતણ લઈ ગોકળને આપવા જતા પહેલાં ગેંદાલે સવિતાને ફરીથી પૂછ્યું : 'પણ તું મને માફ કર છ કે નહીં એ કહે પહેલાં?'

ને એના આ ભોળપણ અને આવી નિખાલસતા પર હસી પડતાં સવિતાએ એને ગાલે ટપલી મારતાં કહ્યું : 'આટલી વખત તો માફ કરી દઉં છું પણ ફરીથી આવું નહીં કરવાનું, હોં. નહીં તો પછી મારા જેવી કોઈ ભૂંડી નહીં.'

અનુક્રમ ?

પુસ્તકાલય

# ૧૬. અદાની અદાવત

સવિતાએ ભલે હસી લીધું હતું પણ હરખાનો જીવ હજુ ભટકતો હતો એ જાણી એનું મન કુશંકાઓના પહાડ નીચે જાણે ચગદાઈ રહ્યું હોય એમ એ અનુભવી રહી હતી. આજે એણે પોતાની નજરે જે દેખાવ જોયો હતો એ કદાચ બીજા કોઈએ જોયો હોત અને એને આ વાત કરી હોત તો એણે એની વાત સાચી જ ન માની હોત. પણ આજે તો એને જૂઠી માનવાનું કોઈ કારણ જ ક્યાં હતું?

શું કરવું એ એને સમજાતું ન હતું. ઘરમાં તો કોઈને પુછાય એવું જ ક્યાં હતું? ઘરમાં તો ગેંદાલ સિવાય એક ગોકળ જ હતો. ગોકળની આગળ જો ફરિયાદ કેવા જાય તો અ બાપડો જીવ પાછો દુઃખી થઈ જાય. છેવટે એને મામા સાંભર્યા. એકબે દિવસ વાટ્ય જોવી, તમાસો જોવો, જો એની મર્યે બધું બરાબર થઈ જતું હોય તો વાંધો નહીં. નહીં તો છેવટે મામાની મદદ લેવી એમ એણે નક્કી કર્યું.

એને ગેંદાલ માટે કશું કહેવાપણું ન હતું. પરણ્યા પછીના પંદર દા'ડામાં એણે જે સુખ પોતાને આપ્યું હતું એની તો કોઈને કલ્પનાય આવવી મુશ્કેલ હતી. અને હરખા માટેય તેને કશું કહેવાપણું ક્યાં હતું, જો એ માણસમાં હોત તો? અરે, એ જો માણસમાં હોત ને એની ને ગેંદાલની માયાની જાણ પોતાને થઈ હોત તો એણે સામે ચાલીને શોક્યનું સાલ વધાવી લીધું હોત. પણ એ માણસમાં ન હતી અ જ તો મોટામાં મોટું દુઃખ હતું ને!

સાંજે ગેંદાલ આવ્યો ત્યારે એ રોજના કરતાંય વધારે આનંદમાં જણાતો હતો. સીધાં રસોડામાં જઈ પોતાનું ફાળિયું સવિતાને માથે મૂકી દેતાં એણે કહ્યું : 'લાય, હું બે રોટલા ટીપી નાંખું છું. તાં હુધીમાં તું વાછડાંને પાંણી પાતી આય.' પછી પોતાની લાયકાતનું પ્રમાણપત્ર આપતાં એણે ઉમેર્યું : 'તું એમ ના માનતી કે મને રોટલા ટીપતાં નહીં આવડતું હોય. આજ હુધી હું જાતે જ રોટલા ટીપતો હતો.'

ને સવિતા મોટેથી હસી પડી હતી : 'જો, ભૂખ્યો થયો હોય તો બે બટકાં રોટલાનાં ને ઉપર ગોળનું ઢેફું આંબળી લે ને વાછડાંને પાંણી પાતો આય. તાં હુધીમાં હું શાક વઘારી નાંખું છું.' એ બોલી. ગેંદાલનો આ સ્વભાવ એને ગમતો હતો. એ ગયો એટલે એ પાછી એના પેલા વિચારોમાં ગૂંથાઈ ગઈ.

એ આજે આનંદમાં લાગે છે. એણે પોતાની વાતને ધ્યાનમાં લીધી જણાય છે. જો એને પેલીનો સાથ છૂટી જાય તો — એ વિચારી રહી.

વાછડાંને છોડીને એ પાવા ચાલ્યો ત્યાં ભાગોળે અદા સામા મળ્યા. ગેંદાલનું મોં મલકાઈ ગયું. અદાએ એ જોયું ન જોયું કર્યું. પણ ગેંદાલની નજરે એમનું એ વર્તન ન પડ્યું. એણે કહ્યું : 'ચ્યમ અદા, ચ્યાં જઈ આયા?' અદા કાંઈ બોલ્યા નહીં પણ જે કરડો ચહેરો એમણે કર્યો એ જો ગેંદાલે જોયો હોત તો એ વઢ્યા વગર રહી ગયો ના હોત. પણ વાછડાં તરસ્યાં થયાં હતાં ને ખેંચતાણ કરતાં હતાં એટલે ગેંદાલ એ પહેલાં થોડો દૂર નીકળી ગયો હતો.

હા, રસ્તે જતા બેચાર માણસોએ ગેંદાલનું બોલવું સાંભળ્યું હતું અને અદાનું મચકોડાતું મોં પણ જોયું હતું. અદાને મોંએ તો કોઈએ કાંઈ ન કહ્યું પણ એમની પીઠ પાછળ કોઈક આખાબોલાએ કહ્યું : 'જમઈ બાપડો ખબર્ય પૂછે છે તોય મોં મચકોડે છે. હવે કેટલું જીવવાનું બાકી રયું છે તે ડોહા હજુય ભૂંડાશ મેલતા નહીં?'

ને નહોતું સાંભળવું તોય અદાને એ સાંભળવું પડ્યું. પણ એવું સાંભળીને સુધરી જાય એ

માટીના અદા ઘડાયા જ ક્યાં હતા? એ માણસને જાણનારા બધા જાણતા હતા એ કરતાંય વધારે ગહન અને વધારે મીંઢા એ માણસ હતા. એ પોતાનું જ ધાર્યું કરવા ટેવાયેલા હતા. પોતાના ધ્યેયની આડે જે કોઈ આવે તેને કોઈ પણ ઉપાયે દૂર કરીને પોતાનું લક્ષ સિધ્ધ કરવામાં એ કોઈની શેહ કે શરમ રાખે તેવા ન હતા. ને એ માટે કોઈ પણ હથિયાર અજમાવવું પડે તો તેમ કરતાં એ અચકાતા ન હતા.

ગેંદાલ તેમના માર્ગમાં આવી ગયો હતો. મકનો ધાવેડુ અને મથુર મુખીય તેમના માર્ગમાં આવી ગયા હતા. અત્યારે અદા એકલા હતા, ઘડપણને કારણે થોડા અશક્ત પણ હતા. આટલા બધા વૈભવ અને ઠાઠની વચ્ચેય એ સાવ એકલા પડી ગયા હતા, છતાં હજુ તેમણે સાવ હારી ખાધું ન હતું.

હા, એમનો પહેલો પાસો અવળો પડ્યો હતો ખરો. ગેંદાલને પતાવી દેવા એમણે એક સિંધીને બોલાવ્યો હતો પણ કોણ જાણે એ સિંધીને શુંય થયું કે તે કાંઈ કહ્યાકારવ્યા વગર કામ પડતું મૂકીને ભાગી ગયો હતો.

પણ અદાના ગજવામાં એવા તો કંઈક સિંધીઓ હતા. એમણે મુંબઈથી બે માણસોને તેડાવ્યા હતા. આજે કદાચ આવી પણ ગયા હશે. પણ અદાએ એમને હવેલી પર ન આવવાની ખાસ તાકીદ કરી હતી. મહેમદાવાદ સ્ટેશન સામેની હોટેલમાં રોકાઈને એમણે અદાને આવી ગયાની ખબર કરવાની હતી.

ને રાહ જોતા એ માણસોની યાદ આવતાં જ એ ઘેર પહોંચી, કપડાં બદલીને ઘડે ચઢીને મહેમદાવાદ જવા ઊપડ્યા. એ માણસો તરફથી સંદેશો આવ્યો હતો પણ સવારના બીજાં કામમાં ડૂબેલા અદાને હજુ હમણાં ઘેર ગયા ત્યારે જ સંદેશો મળ્યો. એટલે તો એ તરત રવાના થયા.

એ હોટેલ પર પહોંચ્યા ત્યારે પેલા બે જણા રાહ જોઈને કંટાળી ગયા હતા. 'બહુત દેર લગાદી અદા આને મેં.' બેમાં જે મોટો હતો એણે કહ્યું.

બેઉ સિંધી હતા પણ મુંબઈની રહેણીકરણીને કારણે થોડા પોલિશ્ડ લાગતા હતા. એમનામાં જે મોટો હતો એ લગભગ સાઠની ઊંમરે પહોંચવા આવ્યો હોય એવો લાગતો હતો. એનો ચહેરો કરડો હતો ને દાઢી વ્યવસ્થિત કાપેલી હતી. માવજત અને કાળજીને કારણે એનું શરીર એવું સચવાયેલું હતું કે જોનારને એની ઊંમરનો અંદાજ આવવો મુશ્કેલ હતો. એનું નામ ગુલામસિંગ હતું.

એની સાથે એનો દીકરો અર્જુનસિંગ હતો. એ લગભગ વીસ બાવીસનો હશે એમ લાગતું હતું. એ દેખાવે બરાબર એના બાપ જેવો જ હતો.

ગુલામનું કહેવું સાંભળી હસી પડતાં અદાએ કહ્યું : 'તારી જેમ ફક્કડ ગિરધારી નથી એટલે શું થાય? હાથે કરીને ઉપાધિઓ વહોરિયે છીએ એટલે વહેલું મોડું તો ભાઈ, થયા જ કરે.'

'અચ્છા, કામ બોલો.'

'દેખો, કામ મારૂં પોતાનું છે. એક માણસ ભગાડવાનું છે. અહીંથી ઉપાડવાનું છે ને જાળવવાનુંય છે. હું એની જાળવણીનો ખરચ આલીશ.'

'સબ હો જાયગા. મગર આદમી હૈ કોન?'

'આદમી નહીં, ઓરત હૈ. લડકી હૈ. મેરી, મેરે લક્ષ્મણ કી લડકી હૈ.' પેલો સિંધી તો અદાની સામે તાકી જ રહ્યો. એણે આખી જિંદગી આવાં કાંબાંકબીલાં કરીને પૂરી કરી હતી એવો એ પરદેશી પણ આ પથ્થરદિલ અદા સામે વિસ્મયથી તાકી રહ્યો.

'અક્કલતો ખરાબ નહીં હો ગઈ હૈ તેરી, અદા? અપની હિ બચ્ચી કો ભગાના ચાહતા હૈ?' તેણે પૂછ્યું.

'કુછ મતલબ તો જરૂર હોગા. તે વગર હું કાંઈ આમ કરતો હોઈશ? તમે તમારે હું કહું એટલું કરો ને! તમને તમારું મહેનતાણુંય મલશે ને જ્યાં સુધી એ છોડી તમારે ત્યાં રહેશે ત્યાં સુધી એના રહેવા ખાવાનો ખર્ચોય મલશે, બસ? પણ મારી છોકરી છે એમ ગણીને અને આપડા આટલા વરસના સંબંધને યાદ રાખીને એને જાળવજો. એને કોઈ વાતે ઓછું ના આવે કે એને કશી ઊણપ ના વર્તાય એ જોજો.' અદાએ ભાળવણી કરી.

'અરે, યે કયા કહા? આપ કી બચ્ચી સો મેરી ભી બચ્ચી. જરા ભી ફિકર મત કરના. નિશાની બતાઓ.'

'જુઓ એનું નામ સવિતા. એ આપણા ગેકળ અમરસંગના ગેંદાલ હાર્યે પૈણી છે અને ગામમાં ગોકળને ત્યાં જ રહે છે. રોજ હવારે વાસીદું નાખવા ને લોટે જવા ગામની ભાગોળે જાય છે ને બપોરે નદીએ લૂગડાં ધોવા જાય છે.'

'ઠીક, કામ કલ યા પરસુ કો હો જાયગા. ખરચી કે પેસે દો.'

'કેટલા આપું?'

'કામ કોઈ દૂસરે કા હોતા તો અલગ બાત થી. આપ કા હૈ તો સિર્ફ ખરચી કે સો રૂપિયે દે દો.' ડોસાએ કહ્યું. પેલા જુવાનિયાને આ વાત બહુ પસંદ ન આવી હોય એના મોં પરથી લાગ્યું. અદાએ એની આંખોમાં આ ભાવ વાંચી લીધો હોય એમ ખિસ્સામાંથી સો સોની બે નોટો કાઢી ડોસાના હાથમાં સરકાવી.

'આમાં ક્યાંય મારું નામ ના આવે એનું ધ્યાન રાખજો.'

'અરે, યે કયા કહા? જાન જાય ફિર ભી આપ કા નામ કોઈ જાને કૈસે?' પેલાએ કહ્યું. બે નોટો જોઈને પેલા જુવાનિયાનામાંય ગરમી આવી ગઈ હતી એની અદાએ મનોમન નોંધ લીધી.

એ પછી કેટલીક આડવાતો કરી અદા ઘર ભણી રવાના થયા.

અનુક્રમ ?

## ૧૭. મુખી હરુભરુ થયા

આજે ગોવિંદ ભગતને ત્યાં પાઘડી આવવાની હતી. ગેંદાલના દોસ્ત રઘલાના વિવાહ પરમેસરિયાના ગોકળજી રણઘેડજીની દીકરી ઝમકુડી સાથે ગોઠવાયા હતા. તે દા'ડે ગેંદાલની જાનમાં આવેલા રઘલાને બળદોનો પરસેવો લૂછતો જોયો અને કસ્તૂરચંદ શેઠનું પડી ગયેલું મોં જોયું ત્યારથી ગોકળજીના મનમાં રઘલો વસી ગયો હતો.

એમણે એ જ વખતે રઘલા હાર્યે ઝમકુડીનું ગોઠવી આપવાની વાત મુખીને કરીય હતી જો વચમાં હરખાના અકાળ મોતનો ફટકો ન પડ્યો હોત તો મુખીને સોંપાયેલું એ કામ આજ પહેલાં ક્યારનુંય પતી ગયું હોત. પણ હરખાના મોતથી મુખીને હાડોહાડ લાગી ગયું હતું. ઠીંકરિયા આવવા એમનો પગ જ ઊપડતો ન હતો એટલે એ કામ આટલું લંબાઈ ગયું હતું.

મુખી અને મકનાએ ઉપર રહીને ગેંદાલનાં લગન સવિતા હાર્યે કરાવી આપ્યાં એ પછી મુખીને સ્હેજ કરાર વળી હતી. પછીના એક જ અઠવાડિયામાં મુખી ત્રણેક વાર ઠીંકરિયા આવ્યા હતા એ દરમિયાન આ વિવાહની વાત પાટે ચઢી ગઈ હતી.

રઘલો ગેંદાલનો દોસ્ત હતો એટલે એની પાઘડીને ટાણે ગેંદાલે જવું જોઈએ એટલું જ નહીં પણ આગલે અઢે રહીને બધી જવાબદારી એણે માથે લઈ લેવીય જોઈએ. પણ આજે ત્યાં જવા ગેંદાલનો જાણે પગ જ ઊપડતો ન હતો. પરમેસરિયાના એ મોભીઓ સામે પોતે શું મોં લઈને ઊભો રહે એ વિચારે જ એ હતાશ થઈ જતો હતો.

'આજે તમારે ભગતને ત્યાં જવાનો વિચાર નહીં કે શું?' એને આમ સૂનમૂન બેઠેલો જોઈ સવિતાએ ટોક્યો.

'નહીં જાઉં તો નહીં ચાલે? મારું ત્યાં કાંમેય શું છે?'

'એમ હોય તો તમારે બદલે હું જઈશ. કોઈ પૂછશે તો કહીશ કે અમે ઊંધો રિવાજ રાખ્યો છે. બહારનાં કાંમ હું કરૂં છું ને ઘરનાં કાંમ છોગાળો કરે છે.' હસતાં સવિતાએ કહ્યું અને માથે ફળિયું મૂકવાનો ચાળો કર્યો.

એનો આ ટોણો સમજી જતાં ગેંદાલ બોલ્યો : 'મારો પગ જ નહીં ઊપડતો તાં(ત્યાં) જવા.'

'હવે શું છે? જૂનું ભૂલશો નહીં તો જીવશો કેમ? આખી જિંદગી આંમ મોઢું હંતાડીને ઘરમાં બેસી રહેશો? એના કરતાં કોઈ વાત કરે એ પહેલાં જ કહેવા માંડો કે જેણે તમારું ઘર ભાંગ્યું હતું એની છોડીએ તમારું ઘર માંડી આલ્યું છે. પછી એમાં તમારે શરમાવા જેવું કંઈ રહ્યું?' સવિતાએ કહ્યું. ગેંદાલ ઘડીક તો સવિતા સામે તાકી જ રહ્યો. એની વાત આમ તો ખોટી ન હતી.

થોડી વાર પછી એ તૈયાર થઈ રઘલાને ત્યા જવા નીકળ્યો પણ ખરો. ત્યાં પાછળથી સવિતાનો અવાજ આવ્યો : 'પછી મહેમાનોને આપડે(આપણે) ઘેર ચા પીવા બોલાઈ લાવજો. તાં(ત્યાં) હુધીમાં હું લૂગડાં ઝબકોરતી આવું.'

ગેંદાલ એની આવી સમજદારી પર ખુશ થયો. પોતાને આવું કેમ ના સાંભર્યું એમ વિચારતો એ બોલ્યો : 'ઠીક, બધાને બોલાવતો આઈશ. તું ચાપાંણીની તૈયારી કરી રાખજે.' કહેતાં એ રઘલાના ઘર ભણી ઉતાવળે ચાલ્યો.

હવે એનાં પગલાંમાં પેલાં નિરાશા કે શરમનો જરાય ભાર ન હતો. સવિતાનો ગુરુમંત્ર એના હૈયામાં ઊતરી ગયો હતો. લક્ષ્મણે પોતાનું ઘર ભાંગ્યું હતું તો એની છોડી સવિતાએ એ માંડી આલ્યું હતું. ને એ ઘર માંડનારી સવિતાને બતાડવા એ પરમેસરિયાના પટેલિયાઓને ઘેર લઈ

આવવાનો હતો.

એ ભગતને ત્યા પહોંચ્યો ત્યારે એને લાગ્યા સિવાય ના રહ્યું કે પોતે ઘણો મોડો પડ્યો હતો. પોતાના બધાય ગોઠિયા તો ક્યારનાય ત્યાં પહોંચીને કામમાં વળગી પડેલા હતા.

'લ્યો, આ ગેંદાલ મોટા આયા.' એને જોતાં જ એક જણે હોઠને ખૂણેથી વહેતું મૂક્યું.

'સ્હેજ મોડો આયો એમાં બાપડાને ઉડાડ છ શું? એ તો ઘેર પૂછવા ર'યો હશે કે જઉ કે નહીં!' બીજાએ પણ એવા જ સૂરમાં ગેંદાલનો પક્ષ લીધો.

'તે તારી પેઠે ઓછું છે? પૂછવું તો પડે જ ને. બીજી વારનાં બૈરાં હોય એમને જ એનો તાપ હમજાય. પણ ગેંદાલ હાચું કહેજે તેં શું પૂછ્યું હતું?' કોઈ ત્રીજાએ એમાં જોડાઈ જતાં પૂછ્યું.

ગેંદાલ પોતાના જુવાનિયા ટોળા સામે તાકી રહ્યો. એને થયું કે આજે પોતે એમના હાથમાં આવી ગયો હતો. ઠાવકે મોંએ એણે કહ્યું : 'હું આ તરફ આવવા ચ્યારનોય તૈયાર બેઠો હતો પણ એને પૂછ્યું તો કહે કે —'

ગેંદાલે બૈરીને પૂછવાનું કબૂલી લીધું એટલે કેટલાક હસી પડ્યા તો કેટલાક વાક્યનો આગળનો ભાગ સાંભળવા અધિરા થઈ ઊઠ્યા. ચારે બાજુથી સામટા અવાજ આવ્યા : 'કે?'

ને ગેંદાલે પોતાનું બોલવું પૂરું કર્યું : 'એણે કહ્યું કે અક્કલ વગરના અને આખા ગામની કૂથલી કરનારા ટોળામા બેહવા કરતા બેઘડી મારી હાંમે જ બેહો ને! એટલે ઘડીક મોડું થઈ ગયું.'

ને એના આવા જવાબથી આખી મંડળી હસી પડી. પેલો ટોળ કરનારો સ્હેજ ઠીલો પડી ગયો. એણે કંઈક કહેવા પ્રયત્ન કર્યો પણ બધાના હસવા વચ્ચે કોઈને એનું બોલવું સંભળાયું હોય તો માફ.

ગેંદાલે ગોવિંદ ભગતને પોતાને લાયક કોઈ કામ હોય તો તે માટે પૂછી લીધું. કામ તો જાણે કાંઈ ન હતું પણ પાઘડી ટાણે જેમ ગામના મોભીઓની હાજરી જરૂરી ગણાતી હતી તેમ પરણનારના ગોઠિયાની હાજરી પણ જરૂરી ગણાતી હતી.

આવનારા મહેમાનોની સરભરાની જવાબદારી જુવાનિયાઓને માથે રહેતી હતી. ગામના મોટેરા તો આવનાર મહેમાનોને સત્કારી તેમની સાથે ખાટલે કે પાટ પર ગોઠવાઈ જતા. પછી હોકાપાણી, પાણી, ચા ને નાસ્તાની વહેંચણી આ જુવાનિયઓએ કરવાની રહેતી હતી.

કસ્તૂરચંદ શેઠ આવ્યા અને ગોવિંદ ભગતને કંઈ કામકાજ હોય તો પૂછીને બે ઘડી આઘાપાછા થઈ દુકાન તરફ વહેતા થયા. એ ગયા એટલે એક જુવાનિયો બોલ્યો : 'શેઠને રઘાએ ચારસો રૂપિયાની ખોટ ખવડાવી હતી એ વસૂલ કરવાની વેતરણમાં જ એ હશે. એમના મનમાં એમ કે ભગતનો અંગૂઠો એમના ચોપડામાં આજે નહીં તો લગન ટાણે તો પડાવી જ લેવાશે.'

'રઘાએ ખોટ ખવડાવી એમ તો કેમ કહેવાય?'

'કેમ? ગેંદાલની જાનમાં એમની ઘૂઘરમાળને મીણ કહેવડાવી ત્યારથી જ શેઠનું મન એ જોડ્ય પરથી ઊઠી ગયું હતું. એટલે તો એમણે પદરસોની જોડ્ય અગિયારસોમાં આલી દીધી ને!'

'પણ એની પાછળ બીજુંય કારણ હતું. કહે છે કે શેઠને હમણાં તલના ધંધામાં જબરી ખોટ ગઈ અને એમના ચાકર રતનાનો પગ ભાંગ્યો તે શેઠને વહેમ પેસી ગયો એટલે એમણે જોડ્ય કાઢી નાંખી.' બીજા કોઈ જાણકારે કહ્યું.

'મારા બાપાએ તો એમને પહેલેથી જ કહ્યું 'તું કે એ જોડ્યના બેય બળદ વાળણિયા હતા એટલે એમને એ જોડ્ય નહીં સદે. પણ તોય ના માંન્યા તે છેવટે હારીને તો માંનવું જ પડ્યું.' મકનાના દીકરા ઓઘટે કહ્યું.

ગમે તે વાત હોય પણ પંદરસોની એ જોડ્ય શેઠે ચારસોની ખોટ ખાઈને વેચી નાખી હતી

એ તો સાચી જ વાત હતી. એ ખોટના ચારસોમાંથી વધારે નહીં તો અડધા તો રઘલાના લગન ટાણે ગોવિંદ ભગતનો અંગૂઠો પડાવીને, ખાતું ચિતરાવીને વસૂલ કરી લેવાની ગણતરીમાં તો શેઠ હતા જ.

લગભગ દસેક વાગ્યે પાઘડી આવી. ગોવિંદ ભગત અને ગામના આગેવાનોએ બધાને સત્કાર્યા. બધા બેઠા. હોકાપાણી થયાં. ચાનાં તપેલાં ચૂલે ચઢી ગયાં. જુવાનિયાઓ પાણી લઈને હૈડાફૈડ કરવા માંડ્યા. કોકે જૂની ઓળખાણો તાજી કરી તો કોઈકે નવી ઓળખાણો ઊભી કરી. પછી ચાનાસ્તો પત્યાં. જમવાની વાર હતી અને શ્રીધર મહારાજે વિધિનું મૂરત બપોર પછીનું કાઢી આપ્યું હતું એટલે વચમાંના ગાળામાં શું કરવું એની વિમાસણમાં પડેલા ગોવિંદ ભગતના કાનમાં ગોકળે ફૂંક મારી અને ભગતે હકારમા માથું હલાવ્યું.

ગોકળે ગેંદાલને બોલાવી કાનમાં કહ્યું : ‘ઘેર જઈ ખાટલા પથરાવ અને દેવતા પાડી હૂકા ભરાવ ને ચાનું પાણી પણ ચૂલે મુકાવજે. હું આ બધાને બોલાઈને આવું છું.’

ગેંદાલ એના બે ગોઠિયાને લઈને ઘેર પહોંચ્યો. સવિતા ઘેર ન હતી. ઘડીમાં આવી જશે એમ માની એણે દોસ્તોની મદદથી ખાટલા ઢાળ્યા ને ઉપર ગોદડાં ને ચાદરો પાથરી. હોકામાં પાણી બદલી તૈયાર કર્યા ને દોસ્તોને ભગતને ઘેર પાછા મોકલી દીધા. આમ કરવામાં દસેક મિનિટ વીતી હશે પણ હજુ સવિતા આવી ન હતી એટલે ગેંદાલ ઊંચોનીચો થવા માંડ્યો. એણે પાડોશમાં પૂછ્યું તો ખબર પડી કે સવિતા કલાક પહેલાં લૂગડાં લઈને નદી તરફ ગઈ હતી. એણે પાડોશીના છોકરાને સવિતાને બોલાવવા દોડાવ્યો. એને થયું કે અંદર જઈ ચૂલો ચેતાવે તો દેવતા તો પડે, એટલે એ રસોડામાં પેઠો. ચૂલામાં લાળા તગતગતા હતા ને મોટા તપેલામાં ચાનું પાણી ઉકળતું હતું. ગેંદાલને આની કોઈ નવાઈ ન હતી. એણે ચલમોમાં ગડાકુ મૂકીને ઉપર દેવતા ભરી હોકા તૈયાર કર્યા. પછી બહાર નીકળતાં બોલ્યો : ‘દૂધ બધું વાપરી ના નાખતી. કોઈક ચા નહીં પીતું હોય તો ઊકાળો કરવો પડશે.’

એ બહાર નીકળ્યો અને અંદર કપ રકાબી ખખડ્યાં. ચૂલામાં લાકડાં સંકોરવાના ને ફૂંકવાના અવાજેય આવ્યા. સવિતાને આવવામાં મોડું થાય તોય હવે ગેંદાલને ચિંતા ન હતી. એ બહારનાં કામકાજ પતાવી નિરાંતે મહેમાનોની રાહ જોતો ઊભો.

થોડી જ વારમાં મહેમાનો આવ્યા. બધા બેઠા એટલે ગેંદાલે એમને બધાને પાણી આપ્યું. પછી હોકાના કસ ખેંચતાં બધા વાતોએ વળગ્યા. ‘તમે તો ગોતાજી, આ ઘેર પહેલી જ વાર આયા હશો.’ મુખીએ પોતાની સાથેના એક માણસને કહ્યું.

‘પહેલી વાર સ્તો. હરખાનાં લગન પછી બે વાર ઠેંકરિયે આવવાનું થયું પણ અહીં આવતાં પગ જ ના ઊપડ્યો.’ ગોતાજીએ કહ્યું.

‘હવે તમારો પગ ઊપડશે. આપડી હરખાના નસીબમાં આ ઘરનું સુખ ના સમાયું પણ ગયે મહિને અદાના લખમણની છોડી આ ઘેર પૈણાઈ. મકનાજીની ભાંણી એટલે આપણીય ભાંણી જ ને!’ મુખીએ કહ્યું.

‘આજ હુધી મુખીને દીકરીનું ઘર હતું ને હવે તો ભાંણીનુંય થયું.’ કોઈકે મમરો મૂક્યો.

ત્યાં ગેંદાલે બધાને ચા આપવા માંડી. જે ચા નહોતા પીતા એમને ઊકાળોય આપ્યો. બધા ચા પાણી કરી રહ્યા એટલે ગેંદાલે એમને ધણાની દાળનો મુખવાસ પણ આપ્યો. ને થોડી વાર પછી બધા ઊઠ્યા. મુખીએ ગેંદાલને એકબાજુ બોલાવી કહ્યું : ‘સવિને કહેજો કે હું હમણાં બધું પત્યા પછી એને મળવા આવીશ.’ ને ગેંદાલને માથેથી જાણે હજાર મણનો બોજો ઊતરી ગયો.

ગેંદાલ ફળિયાના નાકા સુધી બધાને વળાવી આવ્યો. એને રસોડામાં પહોંચવાની ઉતાવળ હતી.

પેલા બધા ફળિયાની બહાર માંડ પહોંચ્યા હશે ને માથે લૂગડાંનું તગારું મેલીને આવતી

સવિતા એમને સામી મળી. એણે બધાને પોતાના ફળિયામાંથી બહાર નીકળતા જોયા એટલે એ ગૂંચવાઈને એક તરફ ઊભી રહી. ગોકળ ચમક્યો. ગેંદાલ એ વખતે હાજર ન હતો પણ એ હોત તો એ તો સૌથી વધારે ચમકી ગયો હોત. જે વાત ગોકળના મનમાં આવી એ મુખીના મનમાં ન આવી હોય તો સારું એમ ગોકળ મનમાં ઈચ્છી રહ્યો.

આધું ઓઢીને જતી સવિતાને મુખીએ ઓળખી નહોતી એ જાણી ગોકળ મનમાં ભગવાનનો આભાર માની રહ્યો હતો ત્યા જ મુખી થોડા ફંટાઈને સવિતાની સામે જઈને ઊભા રહી ગયા. સવિતાએ પૂછ્યું : 'કેમ મામા, તરત જ પાછા વળ્યા?'

'કોણ સવિ, તું?'

'તમે અમારે ત્યા ચા પાણી કર્યા વગર ઊઠ્યા? મને ખબર પડી કે તમે બધા અમારે ત્યાં ચાપાણી કરવા આવો છો એટલે હું ઉતાવળી ઘેર આવી.'

'ચા પીને આવ્યા ને તારે ઘેર! મને એમ કે તું રસોડામાં કામમાં હોઈશ એટલે ગેંદાલજીને કહીને નીકળી ગયો કે પછી બેસવા આવું છું.' મુખીએ કહ્યું. પણ બોલતાં બોલતાં જ એમના મનમાં ઝબકારો થયો ને એય ચમકી ગયા.

'પણ ચા કોણે મેલી?' અભાનપણે સવિતાથી બોલાઈ ગયું. મુખી પણ એ વિચારે તો ચમક્યા હતા. એટલું સારૂં હતું કે બીજા બધા થોડા આગળ નીકળી ગયા હતા એટલે કોઈએ એમની આ ચમક જોઈ નહોતી. ગોકળ પાસે આનો જવાબ હતો, સવિતા પાસે તો એનો ચોક્કસ જવાબ હતો ને હવે તો મુખી પાસેય એનો જવાબ ક્યાં ન હતો! એમનેય સાચી વાતની શંકા તો આવી જ ગઈ હતી. એમણે આગળ નીકળી ગયેલા એક મેળાપીને હાંક મારીને કહ્યું : 'તમે હેંડતા થાવ, હું ગોકળજીને તાં જઈને પાછળ જ આવું છું.'

બધા ચાલતા થયા એટલે મુખી ને ગોકળ પાછા ઘર તરફ વળ્યા. સવિતા તો ક્યારનીય ઉતાવળે પગલે ચાલીને ઘેર પહોંચી ગઈ હતી. ઘેર પહોંચી એણે રસોડામાં નજર કરી તો ચાનાં વાસણ અજવાળાઈને છાજલી પર ગોઠવાઈ ગયાં હતાં ને ગેંદાલ હોકલી ગડગડાવતો બેઠો હતો. સવિતાને લાગ્યું કે પોતાના મનમાં જે શંકા ઊઠી હતી એ સાચી જ હતી. હરખાએ હજુ એમનો કેડો મેલ્યો ન હતો. તેનું મન રડી ઊઠ્યું પણ એ પ્રગટ રડી શકે એમ ન હતી. બહાર મુખીમામા આવી પહોંચ્યા હતા.

મુખીએ બહાર રવેસીમાં પાથરેલા ખાટલા પર બેસવાને બદલે રસોડામાં જઈ આમતેમ જોવા માંડ્યું. ધોવાઈ ગયેલાં ચાનાં વાસણ એમની નજરે પડ્યા સિવાય ન રહ્યાં.

'ચા કોણે મેલી 'તી?' બહાર નીકળી એમણે ગેંદાલને પૂછ્યું. ગેંદાલ ચૂપ જ રહ્યો. જવાબ એની જીભને ટેરવે હતો પણ મુખીનું દિલ એ જીરવી શકે તેમ ન હતું. એને એ વાતની ખબર ન હતી કે મુખી સાચી વાતની કલ્પના કરીને તો પાછા આવ્યા હતા!

સ્હેજ રહી મુખીએ પાછી જવાબની ઉઘરાણી કરી : 'તમે મને જવાબ ના આલ્યો.'

'શું જવાબ આલું? જવાબ આલવા જેવો હોય તો આલું ને!' ગેંદાલે કહ્યું.

'તો મારું એક કામ કરો. મારે એને મલવું છે. મને ને એને ભેગાં કરી આલો.'

'કોને? કોને મલવું છે?'

'જેણે અવડે(હમણાં) ચા મેલી 'તી એને ને ઘડીક પહેલાં જેણે ચાનાં વાસણ ઊટકીને પાછાં ગોઠવી દીધાં છે એને, હરખાને.'

'એ ક્યાંથી હોય? મરી ગયેલાં માંણહ તે વળી ચા મેલતાં હશે? કે ઠોબરાં ઊટકતાં હશે?'

'તારે મને એ કહો કે ચા કોણે મેલી 'તી?'

ગેંદાલે જવાબ ના આપ્યો. ગોકળ તો જાણે તેલમાં માંખ ડૂબી ગઈ હોય એમ મૂંગો જ થઈ ગયો હતો.

મુખીએ બેય સામે બેચાર વાર નજરો ફેરવી પણ બેમાંથી કોઈ જવાબ આપે તો ને! ને આપેય શો?

'મારે એને મલવું છે. તમે અમારો ભેટો કરાઈ આલો.' મુખીએ ગેંદાલને જાણે હુકમ જ કર્યો.

'મલીનેય કશો ફાયદો નહીં. એનું દુઃખ મારા કે તમારાથી દૂર થઈ શકે એમ નહીં. જો જીવ દેતાય એ મારાથી દૂર થઈ શકતું હોત તો હું પાછો ના પડત પણ શું થાય? એણે મને બધી વાત કરી છે.' કહેતા ગેંદાલ આંસુ છુપાવવા આવળો ફરી ગયો.

'તોય મારે અને એક વખત તો મલવું જ છે.' કહેતાં મુખી અંદર રસોડામાં ગયા. રસોડામાં સવિતા ખૂણામાં બેસીને આંસુ સારી રહી હતી. મુખીએ અગાસિયામાં નજર નાખી. અગાસિયું પણ ખાલી જ હતું. હરખાને-હરખાના પ્રેતને જોવા ભમતી એમની આંખો નિરાશ થઈ ગઈ. મુખીએ અચાનક કાંઈક નક્કી કરી લીધું હોય એમ એમણે કહ્યું : 'છોડી, તું જ્યા હોય ત્યા મારો આટલો નિશ્ચય હાંભળી લે. જો તું મને કાલ્યે હાંજ પહેલાં રૂબરૂ મલી નહીં હોય તો મને તું જીવતો નહીં દેખે.'

હજુ તો મુખી પૂરું બોલીય રહ્યા નહોતા ત્યાં અગાસિયાને છેડેથી હરખાનું ડૂસકું સંભળાયું. એ રડતે સાદે બોલી ઊઠી ; 'એવું ના બોલશો, બાપા.'

જે ખૂણામાંથી અવાજ આવ્યો હતો એ ખૂણામાં મુખીએ નજર કરી. ને મુખી જેવો ભડ મરદ પણ ફાટી પડ્યો હોય એમ છૂટે મોંએ રોઈ પડ્યો. 'તારો જીવ શેંમાં રઈ ગયો છે એ મને કહે. મારો જીવ દેતાય થાય એવું હશે તોય એ કાંમ હું પૂરું કરીશ, પણ તું તારો જીવ ગત્યે કર.'

'બાપા, એવું કશુંય નહીં. આંમ લાગે છે કે મારા બદાય ઓરતા પૂરા થયા છે. માબાપની ને સસરાની સેવાય કરી છે ને સંસાર પણ ભોગવ્યો છે પણ મારે જીવતેજીવ એ બધું ના થઈ શક્યું અનો મને અફસોસ રહી ગયો છે. એક દા'ડોય મને એ સુખ જીવતાં મલ્યું હોત તો —' કહેતાં હરખા પાછી ધ્રૂસકે ચઢી.

'તું મથુર મુખીની છોડી ઊઠીને આવું બોલ છ?' બોલતાં મુખી ગળગળા થઈ ગયા.

'પણ તમે જ કહો, હું શું કરું, બાપા?'

'મારું કહ્યું માનીશ?'

'બાપા, આજ હુધી તમારો એકેય બોલ ઉથાપ્યો નહીં. આજે તમે એવો બોલ ના કાઢશો કે જે મારે ઉથાપવો પડે.'

'પણ ઉથાપવો જ કેમ પડે? હું તારો બાપ મટી ગયો? હવે શું તારા પર મારો હક ના રયો?'

'એવું નહીં, બાપા. આ વસ્તુ મારા હાથમાં નહીં. હું ધારું તોય એમાંથી છૂટી ના શકું.'

'તું ના છૂટી શકું પણ મારાથી થાય એટલું હું તો કરી શકું ને?'

'તમારાથી થાય એવું હોત તો મેં તમને કહ્યું ના હોત? બાપા, હું કોઈની આડ્યે નહીં આવતી. હું કોઈને બિવડાવતી નહીં કે પજવતી નહીં. મને મારી રીતે આ યોની —'

'તું મારું કહેવું માની શકે એમ ન હોય તો હું તને દબાણ નહીં કરું પણ મથુર મુખીની આબરૂ બગડે એવું કશું ના કરીશ.' કહેતાં મુખીએ આંખો લૂછી.

અનુક્રમ ?

# ૧૮. અપહરણ

થોડા દિવસ પછી એક સાંજે ગેંદાલ ખેતરમાંથી ઘેર આવ્યો ત્યારે સવિતા ઘેર ન હતી. ખીલે ઢોર ન હતાં ને બારણે તાળું મારેલું હતું. સવિતા ઢોરાં પાવા નદીએ ગઈ હતી એમ લાગતું હતું. ગેંદાલ સવિતાના આવવાની રાહ જોતાં બહાર રવેસીમાં ખાટલી ઢાળીને બેઠો. એણે ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી ધુમાડા કાઢવા માંડ્યા ને ધુમાડાના એ ગોટામાં એણે હરખાની છબીઓ ઉપસાવવા માંડી. કદીક એમાં હરખા અને સવિતાની ભેરસેર થઈ જતી પણ એ નિહાળી રહ્યો.

ત્યાં પાડોશીનો દીકરો ફકીરો હાંફતો આવી પહોંચ્યો. એણે હાંફતાં હાંફતાં કહ્યું : ‘કોકે આતમાના મંગાને ધરિયાનો ઝટકો માર્યો છે. એ નદીના ભાઠામાં બેભાન પડ્યો હતો ત્યાંથી હમણાં જ ઝોળીમાં ઘાલીને ઘેર લાયા.’

આ સાંભળતાં જ ગેંદાલ પોતાની દીવાસ્વપ્નની દુનિયામાંથી પાછો ફરે, કાંઈક સમજે એ પહેલાં બીજો એક જણ દોડતો આવ્યો ને બોલ્યો : ‘ગેંદાલકાકા, મંગો કહે છે કે સવિતાકાકીને સિંધી ઊઠાવી ગયા છે ને એમણે જ એને ધારિયું માર્યું છે.’

આ બીજા સમાચાર ગેંદાલને મન આઘાત સમા હતા. એની સ્વપ્નભૂમિ એક ઝાટકે જ સમેટાઈ ગઈ. એ ઊભો થઈ ગયો ને કાભે ધારિયું નાંખતોકને મંગાના ઘર તરફ ઊપડ્યો. બહાર નીકળતાં, ફળિયાને નાકે ગોકળ સામો મળ્યો. ખભે ધારિયા સાથે જતા ગેંદાલને એણે કહ્યું ; ‘મેં મકનાને ને મુખીને ખબર કરવા માણહ રવાના કરી દીધાં છે. એ ચોરટા મેમદાવાદથી જ ગાડીમાં બેઠા હશે.’

પણ ગેંદાલે આમાંનું કાઈ સાંભળ્યું હોય એમ લાગ્યું નહીં. એણે કદાચ એ સાંભળ્યું હોય તોય એના મોઢા પરથી એવું જણાતું ન હતું. એ સીધો મંગાને ત્યા પહોંચ્યો. મંગાને ખભા પર ઘા પડ્યો હતો. ઘા જો કે ભયજનક ન હતો પણ ગભરાટનો માર્યો મંગો પહેલાં બેભાન જેવો થઈ ગયો હશે એમ લાગતું હતું. મંગાની વાત પરથી અને ગામના અન્ય લોકોની વાતો પરથી ગેંદાલને જાણવા મળ્યું કે બે સિંધીઓ સવિતાને ઉપાડીને મહેમદાવાદ તરફ ભાગ્યા હતા. પણ બધાંનું કહેવું એવું હતું કે એ લોકો મહેમદાવાદથી ગાડીમાં બેઠા નહીં હોય. કારણ કે કોઈ બાઈ માણસને પરાણે ભગાડી જવું હોય તો ટેકસીમાં જ ફાવે, એટલે એ લોકો મહેમદાવાદથી ટેકસીમાં જ ભાગ્યા હશે.

પણ આ તો બધાં ફક્ત અનુમાનો જ હતાં. ગેંદાલના મનમાં જે વાત આવી ગઈ હતી એ એના કરતાં વધારે સાચી હતી. એને લાગી રહ્યું હતું કે સવિતાને ગમે એ ઉપાડી ગયા હોય કે ગમે એ જ્યાએ લઈ ગયા હોય પણ એ આખા કાવતરાનો કરનાર અદા વગર બીજો કોઈ ન હોય. ને એટલે તો એ સીધો અદાની ડેલીએ જ ઉપડ્યો ને!

અદા કોરટના કામે મહેમદાવાદ ગયા હતા એટલા નસીબદાર, બાકી એ જો ત્યાં હાજર હોત તો શુંનું શુંય થઈ ગયું હોત.

અદા ઘેર ન હતા એટલે કાળઝાળ થઈ ઊઠેલો ગેંદાલ મકનાના રહેઠાણ ભણી ઊપડ્યો. મકનો ઘેર જ હતો. હજુ હમણાં જ એને સવિતાના આ માઠા સમાચાર મળ્યા હતા, પણ શું કરવું એનો આખો તખ્તો એના મગજમાં ઘડાઈ ગયો હોય એમ એ પોતાની તૈયારી કરી રહ્યો હતો. એણે બહાર જવાનાં લૂગડાં પહેરી લીધાં હતાં. ધારિયાના પાના પર એણે વેહરું વીંટાળી લીધું હતું એટલે એમ લાગતું હતું કે એ રેલ્વેમાં બહાર જવાનો હતો. (જ્યારે રેલ્વેમાં બહાર જવાનું હોય ત્યારે ગામડાના લોકો ધારિયાના પાના પર કપડું વીંટાળી દેતા હોય છે.)

ગેંદાલને જોતાં એણે કહ્યું : 'જો, હું સવિની ભાળમાં જઉં છું. મુખીને મેં હંદેહો તો મોકલી દીધો છે છતાં તને મલે તો એમને એટલું કહેજે કે અદાને રેઢા ના મેલે. ને તું કશું અવિચારી પગલું ના ભરીશ. મુખી અદાની પાછળ કોઈને મેલી દેશે એટલે એ ચ્યાં જાય છે ને કોને મલે છે એની બધી બાતમી મલી જશે. અ ડોહો સવિને હંતાડી હશે ત્યા જશે તો ખરો જ ને! અથવા પેલા ચોરટાઓને મલવા કે એમને પૈસા આલવા જશે.'

ગેંદાલે મકનાનું કહેવાનું સાંભળી લીધું પછી સ્હેજ રહીને એણે કહ્યું : 'પણ હું ઘેર રહીશ તો એમને કહીશ ને! કાકા, હુંય મારી રીતે એની તપાસ કરવા ઉપડું છું. એને લીધા વગર તો હું શું મોઢું લઈને ગામમાં જઉં? હુંય અહીંથી બારોબાર ઊપડું છું.'

'લે, એમ ગાંડાં ના કાઢ. ખરી તપાસ તો અદા પર નજર રાખવાથી થશે. હું તો ગામમાં ખાસ આવતો નહીં નહીં તો હું મારી જાતે જ એ કામ કરત. હવે મારે બદલે તું એ ડોહાનું ધ્યાન રાખું તો સવિની ભાળ મળતાં વાર નહીં લાગે. વહેલો મોડોય એ ભૂલ કર્યા વગર રહેવાનો નહીં. એવોયે ભૂલ નહીં કરે તો એના મળતિયાઓ કરશે પણ સવિની ભાળ એની મારફતે જ મળશે.'

'તમે કહો છો પણ મારું મન માનતું નહીં. મને જે વખતે જેમ ઠીક લાગશે એમ કરીશ. હું કશું વચન નહીં આલતો. પણ એટલું કહી દઉં છું કે આ વખતે અદાના ખભા પર માંથું નહીં રહે.' ગેંદાલે કહ્યું.

એ મકનાની વાત ટાળી શકતો ન હતો તેમ પોતાના દિલની વાત એને ઉઘાડી કહી શકતોય ન હતો. એણે મનમાં એક વાતની ગાંઠ વાળી લીધી હતી કે બીજા કોઈ ગમે તેમ કહે પણ આ બધાના મૂળમાં અદા જ હતા ને આ વખતે એ બચવાના ન હતા. અને અદા સામે વેર લેતાં કોઈ એને ખાળવા પ્રયત્ન કરશે તો એ તેમનું માનવાનો નહોતો જ.

એની આંખમાંનો આ મક્કમ નિર્ધાર મકનાથી છૂપો રહ્યો ન હતો. વેર લેવાની વાતમાં તો મકનોય ગેંદાલને વાળવા પ્રયત્ન કરવાનો ન હતો પણ ગેંદાલ કોઈ ઉતાવળિયું પગલું ન ભરે એ માટે જ એને ઢીલો પાડવા પ્રયત્ન કરતો હતો. એણે કહ્યું : 'હમણાં તું એવું કશું ના કરીશ. આ વખતે તો હુંય એને છોડવાનો નહીં. એ ડોહો હવે જેટલું વધારે જીવશે એટલું ગામને વધારે પજવશે. પણ જો સવિની પાકી ભાળ મળ્યા પહેલાં એને કંઈ થઈ જાય તો પછી સવિને ને આપડે હો ગાઉનું છેટું પડી જાય એવું છે.'

'પણ એ ડોહો સવિની ભાળ એમ ને એમ ઓછો આલવાનો છે? મારું માંનો તો એને એક દા'ડો મોઢે ડૂચો મારીને ખેતરમાં ઢહૈડી લાઈએ ને આંબાને ડાળે ઊંધો લટકાઈને નીચે તાપણું કરીએ તો જ એ હાચી વાત જણાવશે. એ ભાળ આલશે તો ઠીક નહીં તો આપણે આપણી રીતે તપાસ તો કરવાની છે જ ને! એ ભાળ આલવા મોઢું નહીં ઉઘાડે ને તાપણું વધારે તેજ કરવું પડશે ને એમ કરતાં એ ઊકલી જશે તોય વાંધો નહીં, ગામને માંથેથી પનોતી ગઈ એમ માંનીશું.' ગેંદાલે કહ્યું.

એની આવી વાતો સાંભળતાં મકનાને એની વધારે ચિંતા થવા માંડી. મકનો ધારે તો એ યોજના અમલમાં મૂકી શકે. એ તો આના કરતાંય ખતરનાક ખેલ ખેલી ચૂકેલો હતો પણ ગેંદાલ એવું કરવા જાય તો ચોક્કસ ફસાઈ જાય એવું એને લાગતું હતું. આવાં કાબાં કરવાં એ ગેંદાલના અનુભવની બહારનું કામ હતું. એક વખત તો એને કહેવાનું મનોય થઈ ગયું કે અ ડોહો ગેંદાલ જેવા દસને ગજવામાં લઈને ફરે છે, પણ બોલ્યો ત્યારે બીજું જ ; 'એમ કરવાની જરૂર પડશે તો એમ કરીશું. એમાં કંઈ મોટી વાત નહીં. પણ સીધી રીતે સવિતાની ભાળ મળતી હોય ત્યાં હુધી આપડે એવાં ઊંડાં પાંણીમાં ઊતરવું નહીં.' એમ કહી મકનો મહેમદાવાદને રસ્તે ચાલી નીકળ્યો.

પછી શું કરવું ને શું ના કરવું એની વિમાસણમાં પડેલો ગેંદાલ ઓઘરાળિયા ભણી હીંડતો થયો. એ છેલ્લા બે મહિનાથી બેવડું જીવન જીવી રહ્યો હતો. ગમે તેટલા નિર્ણય કરવા છતાં પણ એ ઘેર સવિતાનો થઈને રહેતો હતો તો ખેતરમાં આવીને હરખાનો થઈ જતો હતો. હરખાએ પણ હવે

ગેંદાલ અને સવિતાની વચમાંથી ખસી જવાના નિષ્ફળ પ્રયત્ન કરવાના છોડી દઈને જેમ ચાલતું હતું એમ જ ચાલુ રાખવાનું મનથી નક્કી કરી લીધું હતું.

ગેંદાલ છાપરીએ આવતો અને આસપાસની લીલોતરીમાંથી પવનની એક માદક લહેર ઊઠતી. એ લહેર ધીમેધીમે ગાઢી થતી ને એમાંથી લાલ ચૂંદડીથી મઢાયેલી હરખા હસ્તી રમતી પ્રગટ થતી. ગેંદાલ સમયનું કે સારાનરસાનું ભાન ભૂલીને રંગતે ચઢતો. પેલો માળોય પછી આ બે જણાંની ધમાચકડીએ ડગમગી ઉઠતો. હરખા, અતૃપ્ત હરખા ગેંદાલના સમગ્ર ચિત્તતંત્રનો કબજો લઈ લેતી. પોતે હસતી ને ગેંદાલને હસાવતી, રડતી તો ગેંદાલનેય રડાવી દેતી ને પરણ્યા પહેલાં કરતાં હતાં એવી ટીખળ કરતા એ ગેંદાલને ગૂંચવી નાખતી.

આજે છાપરીએ જઈને ગેંદાલ ફસડાઈ પડ્યો. 'હવે શું થશે, હરખા?' કહેતાં એ રડી પડ્યો.

'તું મરદ થઈને આંમ રોદણાં રડ છ એ હારું લાગે છે?' હવામાંથી ઉપસી આવતી હરખા બોલી ઊઠી.

'હું રોદણાં નહીં રડતો. હું વેર લીધા વના રહેવાનો નહીં. એ અદાને ઊભો ને ઊભો ચીરી નાંખવો પડશે તો હું એમ કરતાંય પાછો નહીં પડું. મને કોરટ ને કચેરીનીય હવે બીક નહીં લાગતી. પણ દુઃખ બીજું જ છે. હરખા, આજે મને ઊંડું વિચારતાં એમ લાગે છે કે મારા નસીબમાં ઘરવાળીનું સુખ જ લખાયેલું નહીં એમાં વગર વાંકે તમે બે જણીઓ દુઃખી થઈ ગઈ. તારે કમોતે મરવું પડ્યું ને બીજી ભગવાન જાણે અત્યારે કેવી દશામાં હશે?'

એને બોલતો અટકાવીને હરખાને કહેવાનું મન થયું : 'લે, કાલો ના થા. બબ્બે બૈરાં ભોગવ છ ને પાછો કહો છ કે —' પણ બોલી ત્યારે બીજું જ : 'લે, હવે એનો શોક કર્યા વના મરદ થઈ જા. હઉ હઉનાં નસીબ, બીજું શું? અમારાં નસીબમાં જ દુઃખ લખાયેલું હશે તે કેમ મિથ્યા થાય? પણ હાચું કહું તો મને તો કશી વાતે દુઃખ લાગતું જ નહીં. મેં તને સવિ હાર્યે પૈણાયો ને તું પૈણ્યો. મેં એની હાર્યે ઘર માંડવાનું કહ્યું ને તેં ઘરેય માંડ્યું. તેં એનેય હાચવી અને મારોય ર'યો. મારા કમોતનું વેર લેવાની ધૂનમાં તું રાત દા'ડો વચાર્યા કર છ એય હું કંઈ નહીં જાંણતી! મારે મન તો તું ભગવાનથીય અદકો છું. પણ આ વખતે તો તારે મારું કહ્યું માનવું પડશે. સવિતાની ભાળ મેળવ્યા પહેલાં એ ડોહાને વધેરી નાંખીશ નહીં. વખત છે ને —'

પણ એને આગળ બોલવા દીધા વગર ગેંદાલ બોલી ઊઠ્યો : 'મને કશુંય હમજાતું નહીં પણ હું તને કહી દઉં છું કે આ વખતે હું એવા લાંબા વિચાર કરવા રહેવાનો નહીં. આપડે વિચાર કરવા રહીએ છીએ ને એ ડોહો ઘા કરી જાય છે. એના કરતાં એક ઘા ને બે કટકા —' ગેંદાલે એનું કહેવાનું આધુરું મૂક્યું અને ફળિયાના છેડાથી આંખો લૂછી નાખી. ફાળિયું છોડી નાખીને એણે ફરી બાંધ્યું. ને ઘડીકમાં એના ચહેરા પરથી ભાવનાશીલતાનો ઓળો ખસી ગયો. હવે એ ચહેરામાં નિર્ણયાત્મકતા વર્તાઈ રહી.

'એ અદો માણહ છે કે રાક્ષસ?' હરખા બબડી.

'રાક્ષસેય એના કરતા તો હારા હોય. પોતાની છોડીને તો રાક્ષસોય ના કનડે.'

'આ બધાં પાપ એ કયે ભવ ભોગવી રહેશે? પાછળ કોઈ પીડ દેનારુંય ર'યું નહીં તોય એમનો સ્વભાવ સુધરતો નહીં.'

'હરખા, લોકો કહે છે કે મરવા ટાણે માંણહમા સદ્‌બુધ્ધિ આવે છે. કે' છે માંણહ ગમે એટલો હલકટ હોય તોય મોતની ઘડીઓ ગણતો હોય ત્યારે એનાથી હાચું જ બોલાઈ જાય છે.' ગેંદાલે કહ્યું. એનું તત્ત્વજ્ઞાન એના અધૂરા ભણતર જેવું અધૂરું હતું પણ એ ખોટું તો ન જ હતું.

'હા, મેંય એવું હાંભળ્યું છે.' હરખાએ કહ્યું.

'આ વખતે તો મારે એને હાચું બોલાવવો જ છે. પહેલાં હું એના હાથ કાપી નાંખીશ. તોય જો એ હાચું નહીં બોલે તો હું એના પગ કાપી નાખીશ. અને તોય એ હાચું નહીં બોલે તો છેવટે હું એની આંખો ફોડી નાંખીશ પણ એને હાચું બોલાઈને જ ઝંપીશ.'

હરખા ગેંદાલની આ કમકમાટીભરી યોજનાની વાતથી જ કંપી ગઈ. અદાને માટે હરખાના દિલમાં કાંઈ પ્રેમ ઊભરાઈ જતો ન હતો. ઊલટું એ તો અદા આના કરતાંય ભયાનક મોતે મરે એમ ઈચ્છતી હતી પણ એ ગેંદાલને માથે આવી હત્યા ચોંટવા દેવા માગતી ન હતી. હત્યાનું તો જાણે સમજ્યા પણ ગેંદાલ ક્યાંક ન કરવાનું કરી બેસે ને એમ કરતાં જો પકડાઈ જાય તો એને જનમટીપની સજા થાય એવું એ થવા દેવા માગતી ન હતી.

'જો તારે એવું કશું કરવાનું નહીં, એ હું તને કહી દઉં છું, હા. અદાને માંથે કાળ ભમે છે અને એ કાળ જ એને ભરખી જશે. તારે એ પાપ માથે લેવાની જરૂર નહીં.'

ગેંદાલ હરખાને આમ બોલતી જોઈ એની સામે તાકી જ રહ્યો. 'હરખા, હમણાં તો તું જ કહેતી હતી કે પાપીને મારવામાંય પૂન્ય થાય. હવે જો અદા પાપી હોય તો એમને મારીને મારે પૂન્ય કમાવું છે અને એ મોટા પૂન્યશાળી હોય તો એમને મારીને મારે તારી સાથે અવગતિયા ટોળામાં આવવું છે.'

હરખા ગેંદાલના આવા વિચારોથી ગૂંચવાઈ ગઈ. એને કેમ સમજાવવો એ ન સમજાતાં એ બોલી : 'તું સમજતો નથી.'

'હા, હું સમજતો નહીં. આ આખી દૂનિયામાં હું જ એક એવો માંણહ છું ને મારે હવે એવું બધું હમજવુંય નહીં. હું મારે અબૂધ છો રયો(રહ્યો). મારા મનમાં આવશે એમ હું કરીશ. હવે હું તારું કહ્યુંય માનવાનો નહીં, થઈ રહ્યું?' કહેતાં ગેંદાલ છાપરી પરથી નીચે કૂદી પડ્યો. હરખાએ એનો ગુસ્સો પારખ્યો એટલે એને અટકાવ્યો નહીં. ખભે ધારિયું નાખીને એ ગામ ભણી ચાલતો થયો.

એ ગામમાં પહોંચ્યો ત્યારે કસ્તૂરચંદ શેઠ એમની દૂકાને પાન વાગોળતા બેઠા હતા. એમણે ગેંદાલને બોલાવ્યો ને એને બીડી ધરતાં બોલ્યા : 'લે, બીડી પી. તારે માથે તો દુઃખનાં ઝાડવાં ઊગવાં જ બાકી રહ્યાં છે. જે થયું એ બહુ જ ખોટું થયું છે.'

ગેંદાલે શેઠનું કહેવું સાંભળ્યું તો ખરું પણ એને બહુ સમજાયું નહીં શેઠના મોઢા પરથી કશું વરતાતું ન હતું કે જે થયું એનાથી એમને શોક થયો હતો કે આનંદ થયો હતો. ગેંદાલે શેઠે ધરેલી બીડી લીધી, સળગાવી પછી એ બોલ્યો : 'શેઠ, હજુ બહુ ખોટું થયું નહીં. ખોટું તો હવે થવાનું છે. કહી દેજો તમારા એ અદાને કે આવે(હવે) એને માંથે મોત ભમી રયું(રહ્યું) છે.'

કેટલુંક ગેંદાલનું બોલવું સાંભળીને ને કેટલુંક એની લાલ આંખ જોઈને સમજી ગયેલા શેઠ ગભરાઈ જતાં પોતાને મનમા જ ભાંડી રહ્યા : મનેય ક્યાં કમત સૂઝી કે મેં આ કાળઝાળ થયેલા માણસને સામેથી બોલાવ્યો? એ મનમાં પસ્તાવો કરી રહ્યા ત્યાં અદાની ઘોડીના દાબડા ગાજ્યા.

ગેંદાલે દૂર નજર કરી, અદાને આવતા જોઈ ખભે ધારિયું નાખી એ રસ્તા વચ્ચે જઈને ઊભો. છેક પાસે આવી જતાં અદાએ એને વચ્ચે ઊભેલો જોયો. એના મોં પર રમતા વેર અને બેફરમાનીના ભાવને એ મુત્સદ્દી એક નજરમાં જ પારખી ગયા. એને જોયો ન જોયો કરી એમણે ઘોડીને એક તરફ તારવી ચાલ્યા જવાનો પ્રયત્ન પણ કર્યો, પણ ગેંદાલે તરાપ મારી ઘોડીની લગામ પકડી લીધી. ઝડપથી જતી ઘોડી આંચકો ખાઈ ગઈ ને પાછલે પગે ઠોકર ખાતી ગોળ ફરી ગઈ. અદા ઊથલી પડતા રહી ગયા.

'અદા, સવિ ચ્યાં છે?' ગેંદાલે ગુસ્સો કાબૂમાં રાખવા પ્રયત્ન કર્યા છતાં તોરમાં પૂછ્યું.

'કોણ સવિ? હાળા ગમાર, કંઈ ભાનબાન છે કે નહીં? રસ્તા વચ્ચે આંમ _' મુત્સદ્દી છતાં અદા ઊકળીને બોલી ગયા. હસતાં હસતાં સામા માણસને વધેરી નાખે એવી એમની જીભ આજે

કોણ જાણે કેમ પણ કડવું બોલી ગઈ. કદાચ મનની ચિંતાઓને કારણે કે પછી ગેંદાલને પોતાનું પગેરું ક્યાંથી મળ્યું એ વિચારમાં અટવાવાને કારણે કે પછી મુખી અને મકનાની ચઢવણીએ ગેંદાલ સવિને ભોળવીને પરણી ગયો એ કારણેય હોય.

‘ડોહા, ભાંન તો ભગવાંને આલ્યું છે, એટલે જ તો મેં તને પૂછ્યું ને! જવાબ દે, સવિને કંઈ હંતાડી છે?’

‘અહીં કયા ભૂમતા ભૈને ખબર છે તારી ને તારી સવલીની?’

‘તને નહીં તો બીજા કોને ખબર? જો, હું આજે બજાર વચ્ચે કહી દઉં છું કે ચાર દા’ડામાં સવિ મારે ઘેર નહીં આવી ગઈ હોય તો તારા ખભા ઉપર માંથું નહીં રહે, ડોહા.’

અદા સમસમીને રહી ગયા. ઘડીભર તો એ પોતાના આવા અપમાનથી સડક જ થઈ ગયા. ગામમાંથી હજુ આજ સુધી એમની સામે કોઈ ઊંચે સાદે બોલ્યુંય ન હતું ત્યાં આ માથાના ફરેલ માણસે એમની સામે બજાર વચ્ચે તું-તાં કરી નાખી.

‘હાહરાં દારૂડિયાં! બોલવાના તો હોંશ નહીં ને અદાને બિવડાવવા નીકળ્યા છે. અલ્યા તારા જેવા તો મારા પેટમાં ચરમિયા રમે છે. આ તો ગોકળની શરમ રાખું છું નહીં તો અત્તારે જ તારું માંથું રસ્તાની ધૂળમાં રઝળી પડ્યું હોત. લે, મેલી દે લગામ, હાળા બોથડ.’ કહેતા અદાએ ગેંદાલના લગામ પકડેલા હાથ પર એક લાત ચોઢી દેતાં ઘોડીની લગામ તંગ કરી.

__ પણ ત્યાં જ અદાની ગણતરી ખોટી પડી. ગેંદાલની પકડ એમણે ધારી હતી એટલી ઢીલી ન હતી. એના હાથમાંથી લગામ છૂટી નહીં એટલે ઘોડી ઝાડ થઈ અને ઉપર બેઠા રહેવાના લાખ પ્રયત્ન છતાં અદા જમીન પર ઊંધે મોંએ પટકાઈ પડ્યા.

આસપાસથી લોકો દોડી આવ્યા. એમાંના કેટલાકે અદાને પકડીને ઊભા કર્યા તો કેટલાક ગેંદાલને ઠપકાનાં બે વેણ કહેવા એની તરફ ફર્યા પણ એની આંખોનો ફરી ગયેલો રંગ પારખી અડધેથી જ પાછા વળી ગયા.

ઊભા થયેલા અદાનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો. તેમણે ગેંદાલની સામે ધસી જતાં એને અડબોથ લગાવવા હાથ વીંઝ્યો પણ ગેંદાલના સામા પ્રહારે એના હાથમાં અથડાઈને અદાની અડબોથ પાછી પડી. ને એ કાંઈ બીજું વિચારે એ પહેલાં ગેંદાલે દાંત કચકચાવીને સામો પ્રહાર કર્યો, પણ બેચાર જણાએ ભેગા મળીને એને પકડી લીધો.

ગેંદાલનો ગુસ્સાથી ફાટી ગયેલો અવાજ જાણે ગામ આખામાં ફરી વળતો હોય એમ ગાજતો હતો : ‘કહી દેજો એ ડોહાને કે મારું માંણહ જ્યાં હોય ત્યાંથી જો તૈણ દા’ડામાં મારે ઘેર પાછું નહીં ફરે તો એના ખભા પર એનું દહ શેરિયું નહીં રહે.’ કહેતાં ગેંદાલે બધાંની પકડ સ્હેજમાં છોડાવી દીધી ને જાણે કાંઈ જ ન બન્યું હોય એમ ખભે ધારિયું નાંખીને એ પોતાના ઘર તરફ ચાલતો થયો.

ભેગા થયેલા લોકોએ અદાના થયેલા અપમાનને ઓછું કરવા માટે ગેંદાલના આવા વર્તનને વખોડી કાઢવું જોઈએ અને અદાને દિલાસો આપવો જોઈએ પણ કોઈએ એવું કર્યું નહીં. કોઈએ એમ કરવાની જાણે જરૂર જ જોઈ નહીં. તેલમાં માંખ બૂડી ગઈ હોય એમ હતપ્રાણ થયેલા અદાએ કસ્તૂરચંદ શેઠની દુકાન તરફ એક ઊડતી નજર નાખી ને કપડાં પરની ધૂળ ખંખેરતા ઘોડીએ ચઢીને એ જાણે ભાગી જ છૂટ્યા.

કસ્તૂરચંદ શેઠ જાણે આ બધું પોતાને કારણે જ થયું હોય એમ અનુભવી પશ્ચાત્તાપ કરી રહ્યા. એમને એક જ વાતે સંતોષ હતો કે પોતે ગેંદાલને દુકાન તરફ બોલાવીને બીડી ધરી હતી એ કોઈએ જોયું ન હતું.

અનુક્રમ ?

## ૧૯. રઘવાયો મકનો

સવિતાને ઉપાડી જનારા કોણ હશે એ બાબતમાં મકનાએ ઘણી અટકળો કરી હતી પણ તેને કશી ઘેડ બેસતી ન હતી. આ પંથકમાં આજ સુધીમાં આવો કોઈ પ્રસંગ બનયો ન હતો. એને લાગતું હતું કે કોઈ ઉઠાવી જાય તોય કોઈ છોકરીને ઉઠાવી જાય. પણ આમ કોઈની પરણેતરને ઉઠાવી જવા જેવું દુઃસાહસ તો ના જ કરે. પણ અદા પોતે જ આવો ત્રગડો રચે તો જ આવું બને.

મહેમદાવાદ પહોંચી એણે સ્ટેશન પર તપાસ કરવા માંડી. સિંધીને જોયા હોય એવું કોઈ એને ન મળ્યું. જે સમયની આ વાત છે એ સમયે મહેમદાવાદના સ્ટેશનેથી ચઢનાર કે ઊતરનાર આંગળીને વેઢે ગણાય એટલા હોતા એટલે સ્ટેશન પરના પોર્ટર પાસેથી એમની માહિતિ મળી જતી. વળી મકનાની છાપ આ વિસ્તારમાં સારી એટલે એને સાચો જવાબ આપવા સૌ કોઈ તૈયાર થઈ જાય.

સ્ટેશન પરથી કશી માહિતી ન મળી એટલે એ સ્ટેશની બહાર નીકળ્યો અને નજીકની હોટેલના થડા પર બેઠેલા માણસને પૂછ્યું : 'જમાલ, આજે બપોર પછી કોઈ સિંધી મુસાફર જોયા?'

'હા, એમને ખંભાત જવું હતું ને ટેક્સી જોઈતી હતી. મેં એમને ટેક્સી કરી આપી ને સવા રૂપિયો દલાલીય ખાધી.' જમાલે કહ્યું.

'ટેક્સી ક્યાંની હતી?'

'હતી તો નડીઆદની પણ કોઈને ઉતારવા આ બાજૂ આયો હશે તે આણંદ નડીઆદના પેસેંજર શોધતો હતો પણ મેં મોકલી દીધો ખંભાત ભણી. ઓ સિંધી કહેતો હતો કે સાથે બે બીજા માણસોય હતા. એકને મંદવાડ હતો એટલે ઉતાવળથી જવું હતું.'

જમાલ વરસોથી હોટેલના થડા પર બેસી ઘણી ઘડાઈ ગયો હતો. એ એની નજર ને કાન કાયમ ખૂલ્લા રાખ્તો હતો. પણ કોઈ પૂછે તો એ માણસ જોઈને જવાબ આપતો હતો. જો જવાબ આપવો પડે તો એમાંથીય કંઈક નફો મેળવી લેતો. પણ મકના ધાવેડુ જેવો માણસ જ્યારે પૂછે ત્યારે મોં બંધ રાખે કે નફો મેળવવા જાય એવો અબૂધ તો એ નહોતો જ.

'પછી કેટલા વાગ્યે એ લોકો નીકળ્યા હશે અહીંથી?'

'ચોક્કસ તો ખબર નથી પણ લગભગ છો તો વાગી જ ગયા હશે. પણ વાત શી છે, મકનાભાઈ?'

'એ લોકો મારી ભાણીને ઉપાડી ગયા છે.' હોઠ પીસતાં મકનાએ કહ્યું.

'મારી જરૂર હોય તો હું સાથે આવું. હોટલનું કામકાજ તો મારો ભાઈ કાદર સંભાળી લેશે.' જમાલે મકનાની સાથે જવાની તેયારી બતાવતાં કહ્યું.

'મારી હાર્યે તો કશી જરૂર નહીં પણ તું અહીં રહીને નજર રાખતો રહેજે. હું બેતૈણ દા'ડામાં પાછો આઈશ. અદા અહીં આવે તો એમની પર નજર રાખજે ને એ કંઈ જાય છે ને કોને મલે છે એની બાતમી મેળવી લેજે. વખત છે ને મથુર મુખી અહીં આવે તો એમને બધી વાત કરજે. ને વખત છે ને એ ના આવે ને કંઈક કહેવા જેવું બની ગયું હોય તો છેવટે એમને ઘેર પરમેસરિયે જઈનેય કહી આવજે. તને અદાની બીક તો નહીં લાગતી ને!'

'મકનાભાઈનું કામ હોય તો મને અદાના બાપનીય બીક નથી લાગતી. તમે કહેતા હોતો એમની ડેલીમાં જઈ એમને સામે મોંએ જ પૂછી આવું. પણ મકનાભાઈ તમારી ભાણી એટલે તો અદાના લખમણની જ છોડી નહીં?' જમાલે ગૂંચવાતાં પૂછ્યું.

'એ જ. મારે વળી ક્યાં બેચાર બહેનો હતી? પણ તું છેતરાતો નહીં. ભીંત પર લખી રાખજે કે મારી ભાણીને ઉપાડી જનારા અદાના મળતિયા જ હશે.' મકનાએ કહ્યું.

'તો પછી એ અદાને જ હચમચાવો ને!'

'જરૂર પડશે તો એમેય કરીશું.' કહી મકનો પાછો સ્ટેશનની અંદર ગયો. ગાડીના સમયની તપાસ કરી એણે નડીઆદની ટિકીટ લીધી. ગાડી નવ વાગ્યાની હતી.

ખંભાતનું નામ સાંભળતાં જ મકનાના હોઠ બિડાયા હતા. એને એક વખત તો એમેય લાગ્યું કે જો ખંભાત તરફ પગેરું નીકળે તો એમાં અદાનો હાથ ન હોય. અને જો આમાં અદાનો હાથ ન હોય તો —

— તો કેટલીક ટોળકીઓ છોકરીઓને ઉઠાવી જતી હતી ને એમને લોહીના ધંધામાં વેચી દેતી હતી. અલબત્ત એણે આવી ઊડતી વાતો જ સાંભળી હતી પણ આવું આ પંથકમાં ક્યારેય બન્યું હોવાનું તેને યાદ ન હતું.

◆ ◆ ◆

નડીઆદ પહોંચી એણે સૌ પહેલાં પેલી ટેક્સીની તપાસ કરવા માંડી. ઘણી મહેનતને અંતે એને રાતના લગભગ ત્રણેક વાગ્યે ટેક્સીવાળાનો પતો મળ્યો. એનું ઘર શોધી કાઢી મકનાએ એને ઊંઘમાંથી જગાડ્યો. ખંભાતથી ખેડાના પેસેંજર લઈને એ ખેડા ગયો હતો ને હજુ હમણાં જ ખેડાથી આવીને એ સૂતો હતો.

'શું કામ છે?' એણે આંખો ચોળતાં પૂછ્યું.

'કામમાં તો મારે ફક્ત એટલું જ જાણવું છે કે તું મહેમદાવાદને સ્ટેશનેથી જે સવારી લઈને ખંભાત ગયો હતો એમને ક્યાં ઉતાર્યા હતા?'

'ખંભાત જ.'

'કેટલા પેસેંજર હતા?'

'ત્રણ. કેમ કાંઈ કાળું-ધોળું છે કે શું?'

'હા, છે તો એવું જ. પણ મારે તને એમાં વગર વાંકે સંડોવવો નહીં. ખંભાતમાં એ લોકોને તેં ક્યાં ઉતાર્યા હતા એ કહે.'

'રેલ્વે ક્રોસિંગની પાસે.'

'પછી?'

'પછીની મને કશી ખબર નથી.'

તેના આ જવાબથી મકનાને સંતોષ થયો નહીં. એણે કહ્યું : 'જો, મારે તને આમાં મફતનો સંડોવવો નહીં પણ તું સીધા જવાબ નહીં આલું તો મારે ના છૂટકે પોલીસને વચમાં લાવવી પડશે.'

'પોલીસને શું કામ? ને પોલીસ આવે તોય મારે કોની બીક છે? મેં તો પેસેંજર લીધા હતા ને એમને જવું હતું ત્યાં ઉતાર્યા હતા. પેસેંજર લેવામાં કશો ગુનો છે?'

'એમાં કશો ગુનો નથી અને તારે પોલીસથી ડરવાની જરૂર પણ નથી એય હું જાણું છું. છતાં જો હું પોલીસમાં જાઉં તો તારે કોરટ-કચેરીના પાંચસાત ધક્કા તો ખાવા જ પડશે. આ મોંઘવારીમાં તને એટલા દા'ડા ભાગવા પરવડશે? એટલે મને સીધા જવાબ આલવામાં જ તારી ભલાઈ છે.'

'એ લોકો ચોક્કસ કયા મકાનમાં ગયા એની તો મને ખબર નથી પણ મને સ્હેજ વહેમ જેવું લાગ્યું એટલે મેં એમના પર અછડતી નજર રાખી હતી તો મને લાગ્યું હતું કે એ લોકો મીઠાના

અગર તરફ ગયા હતા.'

'એ વેરાનમાં?'

'ના એમાં છૂટાંછવાયાં દસ-પંદર મકાનો છે.'

'ઠીક છે, લે.' કહેતાં મકનાએ પેલાને એક રૂપિયાની નોટ ધરી.

'એ બધું તો ઠીક કાકા, પણ મને લફરામાં ના સંડોવશો. આવા વહેમ પડતા પેસેંજરોને તો હું લેતો જ નથી. પણ આ લોકો તો ખંભાત ઊતર્યા ત્યારે જ મને ખબર પડી કે એ પેલી સ્ત્રીને પરાણે લઈ જતા હતા.'

'એમાં તારો દોષ નથી પણ આવું હોય તો પોલીસને ખબર કરવી.' કહેતાં મકનો સ્ટેશન તરફ ઊપડ્યો.

એણે સ્ટેશન પર આવી ગાડીના સમયની તપાસ કરી. આ બધી પરોજણમાંથી એનું મન સ્હેજ નવરું થયું ત્યારે જ એને યાદ આવ્યું કે ગઈકાલની બપોર પછી કશું ખાધું જ નથી. એણે બહાર નીકળી સામેની હોટલના થડા પર બેઠેલા, અડધા ઊંઘતા ને અડધા જાગતા મેનેજરને ઉઠાડીને ગોટા મંગાવ્યા. ગોટા ખાઈને ઉપર બે પ્યાલા પાણી પીધું અને પાછો સ્ટેશનમાં આવ્યો.

ગાડી આવવાને હજુ ત્રણ કલાકની વાર હતી એટલે બાંકડા પર આડો પડ્યો.

◆◆◆

એ ખંભાતને સ્ટેશને ઊતર્યો ત્યારે બપોરના બે વાગ્યા હતા. દિવસના ભાગમાં ઓળખાઈ જવાનો ભય હતો એટલે રાત પડવાની રાહ જોતો એક લોજમાં ખોલી લઈને એ ઊંઘી ગયો.

રાતના લગભગ આઠ વાગ્યે બહારની અવરજવર નહીંવત્ થઈ ગઈ એટલે એને લાગ્યું કે હવે બહાર નીકળવામાં વાંધો ન હતો. એ બહાર નીકળ્યો. ધારિયું એણે લોજમાં જ પડતું મૂક્યું. કદાચ રાતને પહોર કોઈ પોતાને ધારિયા સાથે જુએ ને ઊંધું સમજી તકલીફ ઊભી કરે એવું એ ઈચ્છતો ન હતો. હા, ખિસ્સામાં રામપુરી ચાકુ હતું એની તેણે ખાતરી કરી લીધી.

જે સમયની આ વાત છે એ સમયે ખંભાતનો ખાસ વિકાસ થયેલો ન હતો. ચરોતરના સમૃધ્ધ પ્રદેશથી સાવ વિખૂટું પડી ગયેલું આ શહેર વિકાસના ધીમા શ્વાસ લેતું હતું. દરિયા કિનારા તરફ કેટલાક ઉત્સાહી ધનિકોએ ત્રણ ચાર હાઉસિંગ સોસાયટીનાં પાટિયાં મારી મૂક્યાં હતાં. એક સોસાયટીમાં તો છૂટા છવાયા પાંચ છ બંગલા બન્યા પણ હતા.

પણ એ બંગલા બાંધનાર લોકોની ગણતરી મુજબ બીજા લોકો એ વિસ્તાર તરફ આકર્ષાવા જોઈએ એમ બન્યું ન હતું. એટલે આ બંધાયેલાં મકાનો પણ સાવ ખાલી પડ્યાં હતાં. અરે, આજુબાજુના પ્લોટ તો લોકો ચોથા ભાગની કિંમતે કાઢી નાખવા તૈયાર હતા.

આવા ખાલી પડેલા બંગલાઓ તરફ મકનાએ ચાલવા માંડ્યું. મકનાએ ચકોર નજરે જોઈ લીધું કે કોઈમાં ચોકીદાર માત્ર હતો તો કેટલાક સાવ ખાલી પડેલા હતા. એક બંગલાના ઉપલા માળેથી અજવાળું આવતું જોઈ મકનાએ એક મકાનના ચોકીદારને પૂછ્યું તો જાણવા મળ્યું કે એમાં થોડા દિવસથી કોઈ સિંધી રહેવા આવ્યા હતા.

એ મકાન બે માળનું હતું અને બીજાં મકાનોને હિસાબે સાવ છેવાડેનું હતું એટલે એને એમાં રહેનાર અંગે આ સિવાય બીજી માહિતી મળી શકી નહીં. પણ જેટલી માહિતી મળી હતી એટલીય ઘણી હતી એમ મકનાને લાગ્યું.

મકનાએ ખિસ્સામાંના રામપુરી ચાકુ પર હાથ ફેરવ્યો અને સાવચેતીથી એ મકાન તરફ ચાલ્યો. થોડું ચાલ્યા પછી અટકીને એ ચોતરફ સાવચેતીભરી નજર નાખી લેતો હતો. ત્યાં અચાનક એની નજરે દૂરથી આવતી મોટરની લાઈટ પડી ને એ સજાગ થઈ ગયો. એણે આડશ

લેવા જેવી જગ્યા શોધવા પ્રયત્ન કર્યો પણ આ વેરાન જેવી જગ્યાએ એવો ઓથો કયાંથી હોય?

એ રસ્તો પડતો મૂકીને એક ખાલી પ્લોટમાં પેઠો અને ઝાંપો મૂકવા ચણેલા એક પીલર પાછળ સંતાયો. થોડી જ વારમાં પેલી મોટર આવી પેલા મકાન પાસે ઊભી રહી. શું કરવું ને કેમ કરવું એનો વિચાર એ કરી રહ્યો. આટલે દૂરથી મકનાને કશું સ્પષ્ટ દેખાતું ન હતું કે મોટરમાંથી કોઈ ઊતર્યું કે એમાં કોઈ બેઠું?

ત્યાં તો મોટર પાછી ફરતી હતી. મકનો એટલું ભણ્યો ન હતો કે મોટરનો નંબર વાંચી શકે ને કદાચ હોત તોય ત્યાં એવું અજવાળુંય કયાં હતું? મોટર દેખાતી બંધ થઈ એટલે એ પેલા મકાન તરફ ચાલ્યો. મકનાની ચકોર નજરે પારખી લીધું કે ઉપરની બારીની તડમાંથી અજવાળું આવતું હતું એય હવે બંધ થઈ ગયું હતું.

તેના મનમાં શંકા જાગી કે એ લોકો ભાગી તો નહીં ગયા હોય ને! પણ એની એ શંકાનું સમાધાન કોણ કરે? જેવું હશે તેવું એ બંગલામાં ગયા પછી ખબર પડશે, એ વિચારતો એ બંગલાની નજીક પહોંચી ગયો. એણે સરવે કાને કશો સંચાર હોય તો તે પારખવા પ્રયત્ન કર્યો પણ બંગલામાં કોઈ હોય એમ લાગ્યું નહીં.

એ સાવચેતી રાખતો એ મકાનના કંપાઉન્ડમાં પેઠો. આખું મકાન અંધકારમાં નાહી રહ્યું હતું. એણે મકાન ફરતો એક આંટો માર્યો. કોઈ બારી કે બારણું ખૂલ્લાં હતાં નહીં. એટલે એ આગળના વરંડામાં ચઢ્યો ને એણે મુખ્ય બારણાને સ્હેજ ધક્કો મારી જોયો પણ પછી એને પોતાની ભૂલ તરત જ સમજાઈ ગઈ. બારણું બહારથી બંધ કરેલું હતું ને ઉપર મજબૂત તાળું મારેલું હતું. એણે તાળું તોડવામાં રહેલા જોખમનો પળવારમાં જ વિચાર કરી લીધો. કોઈ આવશે ને તાળું તૂટેલું જોશે તો ચેતી જશે એમ માની તેણે તાળું તોડવાનો વિચાર પડતો મૂક્યો.

પછી એણે મકાનની અંદર પેસવાના બીજા રસ્તા અંગે નવેસરથી તપાસ કરવા માંડી. તેની નજરે સિમેન્ટની એક પાઈપ પડી. ધાબામાંથી વરસાદનું પાણી કાઢવા માટેની એ પાઈપ હતી. એણે એ પાઈપ પકડીને હચમચાવી જોઈ. એને લાગ્યું કે એની મારફતે ઉપર ચઢવામાં વાંધો નહીં આવે. પછી એક પળેય વેડફ્યા વગર એ પાઈપને સહારે ધાબા પર પહોંચી ગયો.

ધાબા પર દાદરની કેબીનમાંથી ધાબા પર આવવાનું બારણું મૂકેલું હતું. આ બારણું અંદરથી બંધ કરેલું હતું પણ બહુ મજબૂત લાગતું ન હતું. એક તો જ્યારે બન્યું હશે ત્યારે જ કરકસરથી બનાવ્યું હશે ને તેમાં પાંચસાત ચોમાસાનાં વરસાદનાં પાણીના મારથી તેનાં પાટિયાં ખવાઈ ગયાં હતાં. મકનાની એક લાતમાં જ એ ભોંય ભેગું થઈ ગયું.

કેબીનની અંદર પેસી મકનાએ દીવાસળી સળગાવી ને એના ઝાંખા અજવાળામાં એણે કેબીન અને દાદરાને જોઈ લીધાં. પછી ગજવામાંથી રામપુરી ચાકુ કાઢી તેને ઉઘાડી સાવચેતીથી એ દાદરાનાં પગથિયાં ઊતર્યો. બીજે માળે ઊતરી એણે બીજી એક દીવાસળી સળગાવી. દીવાસળીના અજવાળામાં તેણે આમતેમ નજર કરીને ખાતરી કરી લીધી કે ત્યાં કોઈ ન હતું. પછી તે જ મુજબ નીચે ઊતરી એણે ભોંય તળિયે પણ તપાસ કરી લીધી. આખા મકાનમાં કોઈ ન હતું એની ખાતરી કરી લઈ એણે ચાકુ બંધ કરી ગજવામાં મૂકી દીધું.

ફરીથી દીવાસળી સળગાવતાં એની નજરે એક ફાનસ પડ્યું. એણે ફાનસ સળગાવી, એની વાટ ઝીણી કરીને એક પછી એક ઓરડા જોવા માંડ્યા. મકાનમાં કોઈ હમણાં રહ્યું હોય એવી એંધાણી હતી ખરી, પણ સવિતા ત્યાં ન હતી એ જાણી મકનાની હામ તૂટી ગઈ. તે એક ખુરસીમાં ફસડાઈ પડ્યો. હવે તપાસ આગળ કેમ વધારવી એ જ તેને સમજાતું ન હતું.

ઘણા વિચારને અંતે એને લાગ્યું કે વહેલે મોડેય એ સિંધી આ મકાનમાં જરૂર પાછા આવવાના હતા. કયારે પાછો આવશે એ નક્કી ન હતું પણ અત્યારે તો એની વાટ જોવા સિવાય બીજો કોઈ રસ્તો મકનાને દેખાતો ન હતો.

ને તેની આ ગણતરી સાચી પણ પડી. હજુ તો પ્હો પણ ફાટી ન હતી ત્યાં બહાર તાળામાં ચાવી ફરવાનો અવાજ મકનાને કાને પડ્યો. એ સાવચેત થઈ ગયો. એણે રામપુરી સંભાળ્યું ને અંદરના ઓરડામાં જઈ બારણાની પાછળ લપાયો. બહારનું બારણું ખૂલ્યું ને એક ઓળો અંદર દાખલ થયો. અંદરના બારણાની આડશમાંથી મકનાએ એને જોયો ને ઓળખ્યો. અદાએ એક વખત જમીનનો મોટો લોટ ખરીદ્યો હતો ત્યારે એની ચોકીદારી માટે જે સિંધી રાખેલો તેનો આ દીકરો હતો. સિંધમાંથી કાળાં કામને લીધે તડીપાર કરાયેલો જ એક બદમાસ. જો તેની પાસેથી સવિતાની ભાળ મેળવવાની ન હોત તો મકનાના રામપુરીના એક જ ઘાથી એના રામ રમી ગયા હોત.

આવનારને તો ઘરમાં કોઈ હોવાની શંકા જ ન હતી એટલે એ તો બહારનું બારણું બંધ કરવા ફર્યો. મકનાએ આ તકનો લાભ લીધો. બારણાની ઓથેથી બહાર આવી એક જ કૂદકે એ પેલા માણસ પર પડ્યો. પેલાને કાંઈ ખબર પડે તે પહેલાં તો મકનાએ એને કમરેથી ઊંચકીને જોસભેર નીચે પછાડ્યો. એને પછડાટની કળ વળે તે પહેલાં તો મકનો એની પર ચઢી બેઠો ને તેના ગળા પર રામપુરીની અણી દબાવી દીધી.

આ આફત ક્યાંથી આવી તે જ પેલાને એક વખત તો સમજાયું નહીં. એ બચવાનો કોઈ પેંતરો અજમાવે એ પહેલાં તો મકનાએ એને આડા હાથની પાંચસાત અડબોથો એવી તો લગાવી દીધી કે એને છઠ્ઠીનું ધાવણ યાદ આવી ગયું હશે. એના દાંતમાંથી લોહી બહાર દદડી પડ્યું. જડ જવા લાગતા સિંધીની આંખમાંથી લાચારીનાં આંસુ નીકળી આવ્યાં. છતાં એણે મકનાને પોતાના દેહ પરથી ઉથલાવી પાડવાનો એક મરણિયો પ્રયાસ કર્યો. મકનો જો કે એના પરથી ઊથલી તો પડ્યો પણ એ આને માટે સાવધ હતો જ.

મકનો પડતાંની સાથે જ ઊભો થઈ ગયો ને ઊભા થવા જતા સિંધીના જડબમાં નાળ જડેલા જોડાની એક એવી તો લાત ઝીંકી દીધી કે પેલાના બેત્રણ દાંત બહાર નીકળી પડ્યા. પેલો દુઃખથી કણસતો મોં દબાવીને ટૂંટિયું વળી ગયો.

મકનો સમય ગુમાવે એવો ક્યાં હતો? એણે પેલાને લમણામાં ને પેટમાં ધનાધન દેવા માંડી. છેવટે જ્યારે એને ખાતરી થઈ ગઈ કે એવોએ સામનો કરી શકે એવી હાલતમાં રહ્યો ન હતો ત્યારે જ એણે તડી બંધ કરી. ઓરડામાં એક દોરડું પડ્યું હતું એનાથી એણે પેલાને કચકચાવીને બરાબર બાંધી દીધો.

આટલું થયા છતાં પેલાએ એક ચીસ પણ પાડી ન હતી કે કોઈને મદદે બોલાવવા સાદ પણ દીધો ન હતો એ વાતની મકનાએ નોંધ લીધી હતી. આનો અર્થ એ હતો કે એ કોઈને વચમાં નાખવા માગતો ન હતો અથવા તેની મદદે કોઈ આવી શકે એમ ન હતું એની એને ખબર હતી એય કારણ હોય.

થોડી વાર પછી પેલાને ભાન આવ્યું ત્યારે એણે મકનાને ઓળખ્યો ને એનાથી ચીસ પડાઈ ગઈ. એણે દયામણી આંખે મકના સામે જોયું. એમનાથી અજાણ્યે જ મકનાની બોડમાં હાથ નંખાઈ ગયો હતો. પણ હવે એ વાતનો પસ્તાવો કરવાનો કોઈ અર્થ ન હતો. રડતાં રડતાં એણે કહ્યું : 'મકનાભાઈ, મૈં તેરી ગાય. મેરા કોઈ કસૂર નહીં હૈ.'

મકનો ઘડીભર એની રોતી સૂરત તરફ તાકી રહ્યો. પછી ચાકુની અણી તેની છાતી પર દબાવતાં એણે કહ્યું : 'લે, હવે એમ પોચકાં નાંખ્યા વગર મરદ થઈ જા ને બતાવ કે સવિને ક્યાં છુપાવી છે?'

'કોણ સવિ?' પેલાએ નરો વા કુંજરો વા કરવા પ્રયત્ન કર્યો.

મકનાએ ચાકુ પર સ્હેજ વધારે દબાણ કર્યું કે એ ચીસ પાડી ઊઠ્યો. મકનાએ જરાય દયા રાખ્યા વગર એની છાતી પર લાંબો ઉઝરડો કર્યો. ઉઝરડામાંથી લોહીના ટશિયા ફૂટ્યા.

'હવે યાદ આવ્યું, બેટા?' એણે પૂછ્યું.

'મેં સચ કહેતા હું, મકનાભાઈ, મેરા કોઈ કસૂર નહીં. મેં કુછ નહીં જાનતા.'

'હા, બેટા, તેરા કોઈ કુસૂર નહીં હૈ. કુસૂર તો તેરી મા કા હૈ કી તેરે જૈસી ઓલાદ પીછે છોડ ગઈ. બતાવ સવિ કયાં છે? નહીં તો આજ તું મેરે હાથસે બચનેવાલા નહીં હું.'

'શહેરમાં. ડૉકટર પાલધીકરની હોસ્પિટલમાં.'

'કેમ? હોસ્પિટલમાં કેમ? યાદ રાખજે કે જો જરાય જૂઠ્ઠું બોલ્યો તો આ રામપુરી તારી શરમ નહીં રાખે.'

'તેરે સાથ બેઈમાની કરૂં તો મુજે ભગવાન પૂછે, મકનાભાઈ. સચ્ચી કહેતા હું. અદા કે કહને પર હમ ઉસે યહાં ઉઠા લાયે થે. મગર કલ રાત ઉસને ભાગને કી કોશીશ કી. પાઈપ કે રાસ્તે નીચે ઊતરતે ગીર પડી. હમ ઉસે ઈસ્પિતાલ લે ગયે.'

'કિધર હૈ યે ઈસ્પિતાલ?'

'સ્ટેશન વાલે સિનેમા કે સામને.'

'તેરે સાથ કૌન થા?'

'મેરા બાપ થા. યે ઈસ્પિતાલ મેં બૈઠા હૈ.'

'ઠીક હૈ. મૈં પહેલે સવિ કી તપાસ કરતા હું. બાદ મેં તુજે જોઈ લેતા હું. તેં હાથે કરીને મોત માગી લીધું છે.'

'મકનાભાઈ, મેરા કુસૂર નહીં હૈ. મેં જાનતા નહીં થા કિ _' પણ એ આગળ બોલે એ પહેલાં તો મકનાના ફાળિયાનો ડૂચો એના મોંમાં દેવાઈ ગયો હતો. પછી ફાળિયાના વધેલા કપડાના બે આંટા મકનાએ એની ફરતા કસકસાવીને દઈ દીધા હતા. છતાંય તેને સંતોષ ન થયો હોય એમ મકનાએ દોરડાથી એને પંખો મૂકવા રાખેલા હૂકમાં કેડ્યેથી ઊંધો અધ્ધર લટકાવી દીધો. એવોયે હજુ છૂટવાના ધમપછાડા મારતો હતો પણ મકનાએ એનો રણગોટિલો એવો તો જડબેસલાક કર્યો હતો કે એમાંથી કોઈની મદદ વગર તો એ છૂટી શકવાનો જ ન હતો. ને એને બીજાની મદદ તો આ વેરાન જ્ગ્યાએ _! એના ભગવાનને જો દયા આવે ને એને છોડાવે તો જ એ બચી શકે તેમ હતો.

પછી બહાર નીકળી, બારણે તાળું મારી મકનો દાક્તર પાલધીકરની હોસ્પિટલ શોધવા શહેર તરફ ચાલતો થયો.

અનુક્રમ ?

# ૨૦. સવિ ગઈ

દાક્તર પાલધીકરની હોસ્પિટલ શોધતાં મકાનાને ઝાઝી વાર ન લાગી. હોસ્પિટલમાં જઈ એ સીધો જ દાક્તર પાલધીકરની કેબીનમાં ઘૂસ્યો. વગર રજાએ અંદર ધસી આવેલા આ ગામડિયા સામે દાક્તર એકવાર તો તાકી જ રહ્યા. બે રાતોના સળંગ ઉજાગરા અને પેલા સિંધી સાથેના દંગલથી મકનાનો દેખાવ એવો થઈ ગયો હતો કે કદાચ ખુદ મકનાએ જ પોતાને અરિસામાં જોયો હોત તો એ પોતે જ શરમાઈ મર્યો હોત.

'મારે સવિતાને મળવું છે.' એણે કહ્યું.

એની આ વાતથી દાક્તર વધારે ગૂંચવાયા. સવિતા નામની કોઈ દર્દી હોસ્પિટલમાં હતી જ ક્યાં?

'કોણ સવિતા?' તેમણે સંયમ રાખતાં પૂછ્યું.

'પેલા સિંધી દાખલ કરી ગયા છે એ. મેડેથી પડી ગઈ છે એ.' મકનાએ કહ્યું.

હવે દાક્તરને કાંઈક સમજાયું હોય એમ લાગ્યું. એ બોલ્યા : 'હા, એવી એક દર્દી આવી છે ખરી. પગે ફ્રેક્ચર થયું છે અને એની હાલત— પણ એનું નામ તો બીજું છે.'

'એ ચોરટાઓ તમારી પાસે એનું સાચું નામ લખાવે ખરા? દાક્તર સાહેબ, ઝાઝી વાતે ગાડાં ભરાય, પણ મને પહેલાં એક વખત એનો ખાટલો બતાડો. તમને ખબર નથી પણ એ ચોરટાઓ એને ઉઠાઈ લાયા છે. પોલીસનું લફરું થાય તો તમારા જેવા સીધા માણસેય વચમાં નકામા સંડોવાઈ જાય એવું થયું છે.'

ડૉક્ટર ગભરાયા. એ ઝડપથી આગળ થયા અને મકનાને સવિતાવાળો ખાટલો બતાવ્યો. મકનાએ સવિતા સામે નજર કરી. એની આંખો બંધ હતી ને મોં કાળું પડી ગયું હતું. એના બાકીના શરીર પર કામળો ઢાંકેલો હતો.

'દાક્તર સાહેબ, એને કેમ છે? બચી તો જશે ને?' રઘવાયા થઈ જતાં મકનાએ પૂછ્યું.

એને જવાબ આપતાં દાક્તર અચકાયા. શો જવાબ આપવો એ જાણે એમને સમજાતું ન હતું. જો એને પેલા સિંધીઓ ઉપાડી લાવ્યા છે એ વાત સાચી માને તો મકનો પણ એમાંનો જ એક બદમાસ કેમ ન હોઈ શકે? એવો વિચાર એમના મનમાં આવી ગયો.

'એની દવા ચાલુ કરી દીધી છે. પણ પહેલાં તમે મને એ જણાવો કે તમે એના શા સગા થાવ છો?'

'હું એનો મામો થાઉં છું. જે લોકો એને અહીં દાખલ કરાવી ગયા એ એને ઉઠાઈ લાયા છે. એ લોકો કંઈ ગયા?'

'એ લોકોમાંનો એક જણ દર્દીના દાદાને બોલાવવા ગયો છે ને બીજો દવા લેવા ગયો છે.'

'દાદાને કેમ?'

'દર્દીની સ્થિતિ જરાય સારી નથી. મેં એમને સ્પષ્ટ જણાવી દીધું છે કે __'

'સારી નથી એટલે __? દાક્તર સાહેબ, મને દવા લખી આલો. એને લોહી આલવાનું હોય તો મારું લોહી આલો. દાક્તર, તમે કહેશો એ બધી દવાઓ હું લઈ આવીશ ને તમારી ફી પણ જેટલી કહેશો એટલી આલીશ પણ સવિને બચાઈ લો.' ગળગળા થઈ જતાં મકનાએ કહ્યું.

'મેં મારાથી બનતું બધું કર્યું છે પણ મને નથી લાગતું કે એ બચી શકે સિવાય ભગવાનને પ્રાર્થના.'

'દાક્તર સાહેબ, મારાં આ મેલાંઘેલાં લૂગડાં હાંમે ના જોશો. હું પાતાળ ફોડીનેય પૈસા લાઈશ. તમે કહેશો એ બધી દવાઓ હાજર કરીશ, ગમે તેમ કરો પણ આ છોડીને બચાઈ લો, સાહેબ. હું મકનો તમારી આગળ ફળિયું ઉતારૂં છું. તમે કહેશો એનાથી બમણી ગણીને ફી આલીશ, પણ એને બચાવો. હવે તમે જ મારા ભગવાન છો.' કહેતાં મકનાની આંખમાં પાણી આવી ગયાં.

'ફીનો સવાલ નથી, ભાઈ. તમારી લાગણી હું સમજું છું. પણ એને અહીં લાવતાં ઘણું મોડું થઈ ગયું હતું. જો પડી ગયા પછી તરત લઈ આવ્યા હોત તો કશોય વાંધો ન આવત. પણ હવે તો હું લાચાર છું. દર્દી ભાગ્યે જ સાંજ દેખે. મારું કહ્યું માનો તો હવે ભગવાનને પ્રાર્થના કરો. હવે તો એનો જ સહારો છે.'

'મેં કદી ભગવાનને ભજ્યા નહીં. કોઈ પાપેય કર્યાં નહીં. મેં કદી કોઈને ધારિયે દીધા હશે કે કોઈને કનડ્યા હશે તોય પાપીને જ કનડ્યા છે. મેં કોઈ ભગવાનના માણસને કદી તુંકારોય કર્યો નહીં. હું ભગવાનનો ગુનેગાર નહીં. એ મારું જરૂર હાંભળશે. પણ આજે તો તમે જ મારા ભગવાન છો. તમારૂં મન ના માનતું હોય તોય મારૂં કહેવું માનીને ફરી દવા ચાલું કરો. ઈંજેક્શન આલો. મને ખાતરી છે કે જો તમે મારી વાત હાંભળશો તો ઉપરવાળોય મારી વાત હાંભળશે.' મકનાની શ્રધ્ધા કાકાલુદી બનીને વહી રહી.

આ ભોળા માણસની શ્રધ્ધા ડૉક્ટરના મનમાંય તોફાન મચાવી ગઈ. એમને ગળા સુધી ખાતરી હતી કે સવિના કેસમાં હવે કોઈ દવા કે ઈંજેક્શન કામ લાગવાનાં ન હતાં છતાં એમણે નર્સની પાસે એક ઈંજેક્શન મંગાવ્યું ને સવિતાના બાવડામાં આપ્યું.

સ્હેજ વાર પછી સવિતાએ આંખ ખોલી. મકનાની આંખો હસી ઊઠી. એ બોલી ઊઠ્યો : 'સવિ, હું આયી પહોંચ્યો છું. હવે તારે કોઈથી બીવાની જરૂર નહીં. દાક્તર કહે છે કે તને હારું થઈ જશે.'

તેનું બોલવું સવિએ સાંભળ્યું હોય એમ લાગ્યું નહીં, પણ એણે મામાને ઓળખ્યા હોય એમ લાગ્યું. મહાપ્રયત્ને એનાથી એટલું જ બોલાયું : 'મામા, પેલા સિંધી —'

'હવે તારે કોઈથી બીવાની જરૂર નહીં. તારા આ મામાની હાજરીમાં એ સિંધીનો બાપેય તારૂં કશું બગાડી શકવાનો નહીં. તું કશી બીક રાખ્યા વગર આરામ કર. હું તારી હાંમે ચોકી કરતો બેઠો છું.'

'મામા, એ નહીં આયા?' સવિનો અવાજ થોડો વધારે સ્પષ્ટ થતો લાગ્યો. મકનો હસી ઊઠ્યો. એને થયું કે ભગવાને એની પ્રાર્થના સાંભળી હતી.

'કોણ, ગેંદાલ? એ આવતો જ હશે. અબઘડી આયો દેખાડું.'

પણ આ વખતેય એણે મકનાનું કહેવું સાંભળ્યું હોય એમ લાગ્યું નહીં. બિડાવા મથતી આંખોને પરાણે ઉઘાડી રાખવા એણે પ્રયત્ન કર્યો. કાળા પડી ગયેલા હોઠને પરાણે ખોલ્યા. એમાંથી આ વખતે ક્ષીણ અને ત્રૂટક ત્રૂટક અવાજ નીકળ્યો : 'મામા, એ આવે તો એમને કહેજો કે હું એને હંભારતી મરી —' એના એ પછીના બેચાર શબ્દો એટલા અસ્પષ્ટ હતા કે એ મકનાને સમજાયા નહીં. એ હોઠ ને એ આંખો પાછાં બિડાયાં જ નહીં.

ચીસ પાડતો મકનો સવિને વળગી પડ્યો. એ ફાટેલે સાદે ચીસ પાડી ઊઠ્યો : 'અરે, કોઈ દાક્તરને બોલાવો.' ને એ પાછો રડી ઊઠ્યો.

'હું અહીં જ છું, ભાઈ. હિંમત રાખો. છેવટે તો ભગવાનનું ધાર્યું જ થાય છે.' ડૉક્ટરે એને

આશ્વાસન દેવા માંડ્યું.

લગભગ અડધા કલાક પછી રૂદનનો ઉભરો શમતાં એણે ડૉક્ટર સામે જોયું. એને શાંત પડેલો જોઈ ડૉક્ટરે પૂછ્યું : 'કોઈને ખબર કરવી છે?'

'મારે કોઈને ખબર કરવી નહીં. મારે એને ગામમાં લઈ જવી છે. દાક્તર સાહેબ, એક મહેરબાની કરો. મને મોટા દવાખાનામાથી મોટર મંગાઈ આલો. જે ભાડું થશે એ હું આલીશ અને આ તમારી ફી.' કહેતાં મકનાએ દસદસની કેટલીક નોટો ગણ્યા વગર દાક્તરના હાથમાં મૂકી.

'ભાઈ, મારે ફી નથી લેવાની. હું એને બચાવી ના શક્યો એનું મને દુઃખ છે. એને લાવવામાં મોડું ના થયું હોત તો ચોક્કસ બચાવી શકાઈ હોત. તમે હાથમોં ધોઈ સ્વસ્થ થાવ, ત્યાં સુધીમાં હું એમ્બ્યુલન્સ મંગાવી દઉં છું.' કહી તે પોતાની ઓફિસ તરફ ચાલ્યા.

ને એકલો પડેલો મકનો પાછો ફાળિયામાં મોં દબાવી ધ્રૂસકે ચઢ્યો. પણ ક્રમે ક્રમે એનું રૂદન ઓછું થતું ગયું. રૂદન જેમ ઓછું થતું ગયું તેમ તેમ ગુસ્સો વધતો ગયો. એ જાણે સવિના કાનમાં કહેતો હોય એમ બબડ્યો ; 'તું સાંભળતી જા, સવિ, જેણે તારી આ દશા કરી છે ને જેણે એમાં સાથ આલ્યો છે એમને કોઈનેય હું જીવતાં નહીં છોડું. મેં બહુ દ'ડા ગમ ખાધી છે, સવિ. હવે તો હું એ ડોહાને જ હઉ પહેલો ઝટકાઈ નાંખીશ ને પછી બધાનો હિસાબ પતાવીશ.' કહેતાં આંસુ લૂછી એ ઊભો થઈ ગયો.

એણે મોં ધોયું એટલી વારમાં એમ્બ્યુલન્સ આવી ગઈ હતી. દાક્તરનો આભાર માની, સવિના શબ સાથે એ એમ્બ્યુલન્સમાં બેઠો. આખે રસ્તે એને વેરના જ વિચારો આવ્યા કર્યા. કોનો કેવી રીતે ઘાટ ઉતારવો એના જાતજાતના પ્લાન એના મનમાં ઘડાતા રહ્યા.

એ મહેમદાવાદ પહોંચ્યો ત્યારે ગેંદાલ બજાર વચ્ચે ઊભો હતો. એને જોઈ મકનાએ એમ્બ્યુલન્સ ઊભી રખાવી. એના મનમાં ગેંદાલની ત્યાંની હાજરી અંગે કેટલાય વિચારો આવી ગયા. એ બધા વિચારોમાં વધારે અટવાવાને બદલે એ ગેંદાલને પૂછવા નીચે ઊતર્યો. સવિના મોતની વાત ગેંદાલને કેવી રીતે કહેવી એય તેને નહોતું સમજાતું. વેરના ઓઠા નીચે દબાઈ રહેલી વેદનાએ ગેંદાલને સામે જોતાં જ પાછો ઉછાળો માર્યો. ધસી આવતાં આંસુને રોકવા મથતો મકનો ગેંદાલની પાસે જવા ફર્યો તો ખરો પણ એના જાણે પગ જ ઊપડતા ન હતા.

સામે દસ પંદર ડગલા જ દૂર ગેંદાલ પરસેવે નિતરતો ઊભો હતો. એને ખભે ધારિયું હતું ને એની આંખોમાં કાળ ડોકિયાં કરતો હતો. એ દોડતો આવ્યો હોય એમ લાગતું હતું. અદાની ઘોડી સામેના ખંચામાં ઊભી હતી. ગેંદાલ એ ઘોડીની પાછળ જ દોડતો આવ્યો હશે એમ લાગતું હતું.

દવાખાનાની મોટર આવીને એની સામે જ ઊભી રહી ગઈ એટલે ગેંદાલનું ધ્યાન એ તરફ ગયું જ હતું. ત્યા એણે મકનાને એમાંથી ઊતરતો જોયો, એનું પડી ગયેલું મોં જોયું ને ગેંદાલના મનમાં કુશંકાનાં વાદળ ઘેરાઈ ગયાં. એના પગમાંથી રહ્યુંસહ્યું જોમ પણ હણાઈ ગયું.

'શું થયું, કાકા? તમે બોલતા કેમ નહીં?' કહેતાં એ મકના ને દવાખાનાની મોટર સામે નજરો ફેરવી રહ્યો.

મકનાની જીભ કેમ કરીને ઉપડે? એનું પડી ગયેલું મોં ગેંદાલના આ સવાલથી વધું મ્લાન થઈ ગયું. એની આવી હાલત જોઈ ગેંદાલના મનમાંય શંકાકુશંકા એવાં તો મંડાળાઈ રહ્યાં હતાં કે એમ્બ્યુલન્સમાં નજર કરતાય એ ડરી રહ્યો હતો.

છેવટે કાળજું કઠણ કરી એણે મોટરમાં નજર કરી ને એનું દિલ જાણે ધબકારો ચૂકી ગયું. એની આંખોમાંથી આંસુનાં બે બુંદ સરી પડ્યાં. બસ, બે જ. પછી એણે કાળજું કઠણ કરી લીધું ને ખભા પરના ધારિયા પરની પકડ મજબૂત કરતાં એ સામેની હોટેલ તરફ ચાલ્યો.

મકનાની ચતુર નજરે એક જ પળમાં પરિસ્થિતિનો ક્યાસ કાઢી લીધો. અદાની ઘોડી

સામેની ગલીમાં જ ઊભી હતી ને ગેંદાલ પેલી હોટેલ તરફ ધસતો જઈ રહ્યો હતો. એના પરથી એક વાત નક્કી થઈ જતી હતી કે અદાની એ હોટેલમાં હાજરી હતી.

આડો ફરી વળતાં એ બોલ્યો : 'ગેંદાલ, સમો જાળવી લઈએ. અત્યારે એનો હિસાબ પતાવવાની વેળા નહીં.'

ગેંદાલે મકનાનો હાથ તરછોડી કાઢ્યો, જાણે એ એને ઓળખતો જ ન હોય એમ કરીને એ આગળ વધતો જ ગયો. હા, એ બબડ્યો તો ખરો જ ; 'કાકા, એનો હિસાબ પતાવવાની આ જ વેળા છે. તમનેય હું કહી દઉં છું કે પહેલાં એ ડોહાની ચેહ ખડકાશે પછી જ મરનારીની ઠાઠડી બંધાશે. આજે હું કોઈનુંય હાંભળવાનો નહીં.'

મકનો ગેંદાલને વારવા મથતો હતો ત્યાં જ મથુર મુખી જમાલની હોટલ તરફથી આવી પહોંચ્યા. જમાલ પાસેથી મુખીને અદાની અહીં હાજરીના સમાચાર મલ્યા હશે એટલે એ સીધા આ હોટલ હોટલ તરફ આવતા હતા. ગેંદાલ પણ મુખીને આવતા જોઈ સ્હેજ છપાયો જરૂર પણ તેના મોં પરથી લાગતું હતું કે એનો નિર્ધાર બદલાયો ન હતો.

મુખી મકના ને ગેંદાલની વચમાં ઊભા રહી ગયા. ગેંદાલે મુખી તરફ એક ઊડતી નજર નાંખી ન નાંખી ને ફેરવી લીધી. એની નજરને તાંતણે મુખીની નજર પણ હોટલ તરફ મંડાઈ. હોટલના દાદરા પરથી અદા ઊતરી રહ્યા હતા. પણ કેવા અદા? લોહીની તાજી ભિનાશથી ચકચક થતું ધારિયું લઈને જાણે કોઈ ચાવી દીધેલું પુતળું ચાલતું હોય એમ એ રસ્તા પર આવ્યા.

બધાએ એમની આ સ્થિતિ જોઈ. એક મકનાને જ આખી ઘટનાનો તાગ આવી ગયો. એણે ગેંદાલને બળપૂર્વક એમ્બ્યુલન્સ તરફ ધકેલ્યો. મુખીની નજર પણ હવે એમ્બ્યુલન્સ પર પડી. એમણે મકનાનું પડી ગયેલું મોં જોયું ને એમણે કશુંક અણછાજતું બની ગયાનું જાણી એમ્બ્યુલન્સની અંદર નજર કરી. એ નજર પાછી ફરી ત્યારે અદાનો આ બદલી ગયેલો દેખાવ નજર સમક્ષ ન હોત તો મુખી જેવો મુત્સદ્દીય ધારિયાવાળી કરી બેઠો હોત.

મુખીએ મકનાને કહ્યું : 'તમે બેય જણા મોટરમાં જાવ, હું તમારી પાછળ જ આવું છું.'

શું કરવું તે ન સમજી શકતો ગેંદાલ મને-કમને મોટરમાં બેઠો ને મોટર ગાડા મારગે ઠીંકરિયે જવા ઊપડી. મુખીએ પગદંડીએ ઘોડો દોડાવી મૂક્યો. આગળ જ અદાની ઘોડી જતી હતી.

ઘોડાની ગતિથીય વધારે ઝડપે મુખીનું મગજ દોડવા માંડ્યું હતું. ઘડી પહેલાં જ અદાને ગરદન મારવા એ ઊંચાનીચા થઈ રહ્યા હતા પણ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. અત્યારે એમના દિલમાં અદાને માટે તીરસ્કારને બદલે દિલાસા ને દયાની લાગણી જન્મી હતી. એમને જેલના શળિયા પાછળ જતા અટકાવવાની વેતરણમાં એમનું મન પડી ગયું હતું.

ઘોડાને એડી મારી એ અદાની લગોલગ પહોંચી ગયા. અદા એક વખત તો ચમકી ગયા. પણ પછી મુખીને ઓળખતાં એ શાંત થઈ ગયા. એમની નજરો શરમના ભારથી ને દુઃખની વેદનાથી ઝૂકી ગઈ. નજરો ઊંચકી એ ફરીથી મુખીની સામે જોઈ ન શક્યા.

'અદા, તમે સીધા ઘેર જાવ અને કપડાં બદલીને આ કપડાંને સગેવગે કરીને પરમેસરિયે મારે ત્યાં જતા રહો. સવિનું પતાવીને હું તમને મળું છું.'

'સવિનું પતાવી ને કેમ? એને __?'

'મને ખબર નથી કે શું થયું છે પણ સવિ મરી ગઈ છે. મકનો હમણાં જ એને દવાખાનાની મોટરમાં ઠીંકરિયે લઈ ગયો.'

'સવિ મરી ગઈ? મુખી સાચેસાચું __?' કહેતાં અદાએ ઘોડી ફેરવીને મુખીની સામે કરી. મુખીય એમના આવા વર્તનથી એક વખત તો ગૂંચવાઈ ગયા. એમને તો એમ હતું કે સવિના

મોતની વાત જાણીને અદાએ ધારિયાવાળી કરી હતી.

'તે તમને સવિના મોતની ખબર ન હતી?'

'ના, મને તો એણે એટલું જ કહ્યું હતું કે સવિ ભાગવા જતાં મેડેથી પડી ગઈ છે ને વધારે વાગ્યું છે. ને ખંભાતમાં દવાખાનામાં દાખલ કરી છે. ને મેં એને પતાવી દીધો. પેટની છોડી મેં એને સોંપી. મારો જીવ ચાલ્યો એને દોઝખમાં ધકેલી દેવા તો એ તો પારકો માણસ હતો. એને મન માણસની કિંમત શી? મારી સવિ —'

'જે થવાનું હતું એ થઈ ગયું. હવે મેં કહ્યું એમ કરો. ઘીના ઠામમાં ઘી પડી રહેશે.'

'મુખી મેં બચવાની આશા રાખી જ નથી. મારે હવે જીવીનેય શું કરવું છે? કોણ રહ્યું છે હવે મારી પાછળ કે મારે —' કહેતાં ગળગળા થઈ જતાં એમણે ઉમેર્યું : 'મુખી હવે પછી મારાથી સોંપણી થાય કે ના થાય પણ મારી બધી મિલકત અને રોકડ ગેંદાલને આપી જાઉં છું. મેં બધું લખીને સહી સિક્કા કરીને મારા કબાટમાં મૂક્યું છે. તમે એ કાગળ શોધી લેજો ને એનો અમલ કરજો.'

'અદા, એમ ઢીલા થઈ જવાની જરૂર નથી. જે તમારે હાથે બગડ્યું છે એને તમારે હાથે જ સુધારી લેવાની તક છે. તમે સીધા પરમેસરિયા જાવ. બધું —'

'મુખી હવે હું જીવું કે ના જીવું બેય સરખું છે. ને જીવું તોય કયે મોઢે જીવું? પોલીસના લફરામાંથી તો કદાચ પૈસા વેરીને છૂટી જાઉં પણ ઉપરવાળાનેય મારે જવાબ દેવાનો છે જ ને! મારા દા'ડા ભરાઈ ગયા છે. મુખી મારું તમારું ગોકળનું ને મકનાનું એ ચારેય ઘર આજે મારે કારણે ઉજ્જડ થઈ ગયા છે. હવે મારે ધરતીમાને મારે વધારે ભારે નથી મારવી. તમે ઘેર જઈ ઉતાવળ કરાવજો. હું મસાણિયે આરે બેઠો છું.' કહેતાં અદાએ ઘોડી મસાણિયા આરા તરફ ફેરવી. મુખીએ પણ અદાને સમજાવવામાં હાર સ્વિકારી ગામ તરફ ઘોડો વહેતો મૂક્યો.

ગામનું નાનુંમોટું સૌ કોઈ ગોકળના આંગણામાં એકઠું થઈ ગયું હતું. મુખીને જોતાં બધાએ એમને માર્ગ કરી આપ્યો. મુખીએ ગોકળને આશ્વાસન આપ્યું. મકનાના કાનમાં અદાની વાતની ફૂંક મારી. અદાની આ વાત બીજા કોઈને કંપાવી જાય એવી હતી પણ મકનાના મોંના ભાવમાં એનાથી જરાય ફેર ન પડ્યો.

'મુખી, એટલે જ મારો પગ ગામમાં આવતાં પાછો પડતો હતો. સવિના લગન વખતે એ અણઘટતું બોલી ગયા ત્યારે મેં મનમાં નક્કી કરી લીધું હતું કે જે દા'ડે હું ગાંમમાં પગ મેલીશ તે દા'ડે અદા જીવતા નહીં હોય. મેં મરતી સવિનેય વચન આલ્યું છે કે એના પહેલાં અદાની ચેહ ખડકાઈશ, પછી જ એની ચેહ ખડકીશ. અને આજે ગાંમમાં પેસતાં જ મેં એ વાત તાજી કરી લીધી છે.'

આસપાસ ઊભેલાં માણસોએ એનું બોલવું સાંભળ્યું કેટલાંક દૂર ઉભેલાંય સાંભળ્યા વગર જ સમજી ગયાં હતાં. જે કોઈએ આ સાંભળ્યું એમણે મકનાના બોલવાને ન્યાયને ત્રાજવે તોળવાનો પ્રયત્ન ન કર્યો. ભેગા થયેલા આખા ટોળાનાં મનથી અદા ઊતરી ગયા હતા.

મુખીએ માથું હલાવી મકનાને ઈશારાથી વાર્યો. કાચી ઘડીમાં નનામી તૈયાર કરાવી અને રડતા કકળતા ગેંદાલનું ધ્યાન રાખવાનું બે જણને સોંપી મુખીએ નનામી ઉપાડાવી.

મસાણિયે આરે પહોંચતાં બધા ડાઘુઓની નજર અદા પર પડી. એ થોડે દૂર નદીના કિનારા પર એક બાવળિયાના થડિયાને ટેકો દઈ, નીચી મૂડીએ બેઠા હતા.

એમનાં લોહીભીનાં લૂગડાં જોઈ કેટલાકના મનમા કુશંકા થઈ પણ ધારીને જોતાં લોહી સુકાઈ ગયેલું જોઈ એમને થયું કે એ લોહી અદાનું નહીં પણ કોઈ બીજાનું હતું. હા, એ લોહી કોનું હતું એની કોઈને ખબર ન હતી. અને જે ત્રણ જણાને એની ખબર હતી એમને તો અત્યારે કોઈ પૂછી

શકે એમ ન હતું.

ઘડીમાં ચેહ ખડકાઈ ગઈ. મકનાના દીકરા ઓઘડે કંપતે હાથે સવિતાના દેહને અગ્નિદાહ દીધો. મકનો આડું જોઈ રહ્યો હતો. ભેગા થયેલા બધા કદી ન અનુભવી હોય એવી ગમગીની અનુભવી રહ્યા હતા. સૌની ઉદાસ આંખોમાં અદા પ્રત્યેનો તિરસ્કાર ડોકિયાં કરી રહ્યો હતો.

ગોવિંદ ભગતનો રઘલો એ બધામાં જુદો તરી આવતો હતો. એની આંખમાં આંસુ ન હતાં. એની આંખો ઉજ્જડ બની જાણે કયાંક ખોવાઈ ગઈ હોય એમ લાગતું હતું. પોતે ગેંદાલનો ખાસ દોસ્ત હતો ને એના દુઃખમાં ભાગ પડાવી શકતો ન હતો એ વાતનું એને દુઃખ લાગતું હતું.

એને એક તરફ ગેંદાલની દયા આવતી હતી તો બીજી તરફ ગેંદાલના હિતેચ્છુ હોવાનો દાવો કરતા મુખી અને મકનાની અત્યારની ચૂપકીદી પ્રત્યે એને ખીજ ચઢતી હતી. એમણે જ ગેંદાલને કાયમ વાર્યા કર્યો હતો નહીં તો અદા આજે હયાત જ ન હોત. અને એ જો ન હોત તો સવિનું મોત પણ ન થયું હોત.

અચાનક જ એની આંખોના ભાવ બદલાઈ ગયા. એની ઉજ્જડ લાગતી આંખોમાં વેરની આગ ભભૂકી ઊઠી. ભડભડતી ચિતામાંથી એક સળગતો ફાચરો લઈને એ અદા બેઠા હતા એ તરફ દોડ્યો. કેટલાક એને વારવા એની પાછળ દોડ્યા. મકનો પણ એની પાછળ દોડ્યો. પણ ત્યાં તો રઘલાની દોડ અટકી ગઈ હતી. એના હાથમાંથી ફાચરો નીચે પડી ગયો. અદાની સામે તકાયેલા એના ડોળા જાણે હમણાં બહાર નીકળી આવશે એવા લાગતા ફાટી રહ્યા હતા.

બધાની નજરો પણ હવે અદા પર પડી. એમણે પોતાની છાતીમાં કટારી ભોંકી દીધી હતી. પેલા સુકાઈ ગયેલા લોહી પર થઈને અદાનું તાજું લોહી વહી રહ્યું હતું. હજુ તેમનો એક હાથ મૂઠ પર જ હતો. ભડ જેવા અદાએ આખરે આપઘાતનો સહારો લેવો પડ્યો હતો.

ચકળવકળ થતી અદાની આંખોએ મુખીનો અણસાર પારખ્યો અને એમના મોંમાંથી ત્રૂટક ત્રૂટક અવાજ નીકળ્યો : 'મુખી __ મેં કહ્યું એમ કરજો. મેં __ બધાંને બહુ __દુઃખી કર્યાં. માફીય શું માગું?' ને મુખી કશો જવાબ આપે કે કોઈ કાંઈ બોલે એ પહેલાં તો અદાની આંખો મીંચાઈ ગઈ હતી.

◆◆◆

એ વાતને આજે પચીસ વરસ થઈ ગયાં છે.

ઠીકરિયા સાવ ઉજ્જડ થઈ ગયું છે. એનાં મકાનોનાં કોટડાં આજે વાત્રકને કાંઠે દાંતિયાં કરતાં ઊભાં છે. મુખી, મકનો ને ગોકળ મરી પરવાર્યા છે. ને ઠીકરિયા ગામની વસ્તી આજુબાજુનાં ગામમાં વહેંચાઈ ગઈ છે. કસૂરચંદ શેઠ પણ ધંધો પડી ભાગતાં પોતાનું ધાબાવાળું મકાન અને બાર હાથ પહોળો કૂવો મૂકીને શહેર ભેગા થઈ ગયા છે. શ્રીધર મહારાજ જતાં મંદિર પણ ઉજ્જડ થઈ ગયું છે. ગામનાં બધાં મકાનો, શેરીઓ ને મંદિરને જાણે આ પચીસ વરસમાં સો વરસનો ઘસારો લાગ્યો હોય એમ એકેય મકાન રહેવા લાયક રહ્યું નથી.

આખા ઠીકરિયામાં અત્યારે એક જ માણસ વસે છે, ગેંદાલ. આમ તો ગેંદાલ એકલો જ રહે છે એમ બધા માને છે પણ એ કયારેય એકલો નથી હોતો. ભૂલ્યેભટક્યેય જો કોઈ વટેમાર્ગુ એ રસ્તે ભૂલો પડે તો ગેંદાલની સાથે કદીક હરખા તો કદીક સવિતા દેખાય જ છે.

મકનાનો દીકરો ઓઘડ અમદાવાદની એક મિલમાં કંતાતાં દર વરસે આયખાનાં બે વરસ ઓછાં કરી રહ્યો છે. ઓઘડ વરસમાં એકાદ બેવાર ઠીકરિયામાં ગેંદાલની ભાળ કાઢવા આવી જાય છે. એ આવે છે ત્યારે ગેંદાલ એને નદીને કિનારે લઈ જઈને પૂછે છે : 'ભાઈ ઓઘડ, મને હાચું કહેજે, સવિને ને એ ડોહાને એક જ ચેહમા બાળેલાં?'

ઓઘડ એને જવાબ આપે છે પણ એ સાંભળવા જેટલી કે સમજવા જેટલી સુધ ન રહી હોય

એમ ગેંદાલ એની સામે તાકી જ રહે છે. બસ તાકી જ રહે છે. ઓઘડ પણ એની ભાવશૂન્ય નજરો સામે તાકતો જ રહે છે.

અનુક્રમ ?

પુસ્તકાલય.કોમ